


દાદા ભગવાન પ્રરૂપિત

# આપ્તસૂત્ર

ભાગ ૬ થી ૧૦

દાદા ભગવાન પ્રરૂપિત

# આપ્તસૂત્ર



૬

દાદા ભગવાન પ્રરૂપિત

# આપ્તસૂત્ર

## (ભાગ ૬ - ક્રમાંક ૪૨૩૨ થી ૪૯૬૦)

સંકલન : દીપકભાઇ દેસાઇ

**પ્રકાશક : શ્રી અજિત સી. પટેલ**
**દાદા ભગવાન વિજ્ઞાન ફાઉન્ડેશન,**
૧, વરુણ એપાર્ટમેન્ટ, ૩૭, શ્રીમાળી સોસાયટી,
નવરંગપુરા પોલીસ સ્ટેશન સામે, નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦૦૦૯, ગુજરાત.
**ફોન :** +૯૧ ૭૯ ૩૫૦૦ ૨૧૦૦, +૯૧ ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭

**કોપીરાઈટ :** © Dada Bhagwan Foundation,
5, Mamta Park Society,
B/h. Navgujarat College, Usmanpura,
Ahmedabad - 380014, Gujarat, India.
Email : info@dadabhagwan.org
Tel. : +91 9328661166/77

**All Rights Reserved. No part of this publication may be shared, copied, translated or reproduced in any form (including electronic storage or audio recording) without written permission from the holder of the copyright. This publication is licensed for your personal use only.**

**પ્રથમ આવૃતિ :** ૬,૦૦૦ ડિસેમ્બર, ૨૦૨૫

**ભાવ મૂલ્ય : 'પરમ વિનય' અને**
**'હું કંઈ જ જાણતો નથી', એ ભાવ !**
**દ્રવ્ય મૂલ્ય : ૧૬૦ રૂપિયા (ભાગ ૬ થી ૧૦ - એક સેટના)**

**મુદ્રક :** અંબા મલ્ટિપ્રિન્ટ,
એચ.બી.કાપડીયા ન્યુ હાઈસ્કૂલની સામે, છત્રાલ - પ્રતાપપુરા રોડ,
છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯, ગુજરાત.
**ફોન :** +૯૧ ૭૯ ૩૫૦૦ ૨૧૪૨

**ISBN :** 978-81-992022-0-7

**Printed in India**

# આપ્તસૂત્ર
## (ભાગ ૬ - ક્રમાંક ૪૨૩૨ થી ૪૯૬૦)

૪૨૩૨ પોતાને એમ લાગ્યા કરે, કે મને આ બંધન જ છે, મારી સ્વતંત્રતા કોઈ જગ્યાએ લાગતી નથી, ત્યારે એ મુક્તિ ખોળે.

૪૨૩૩ હિન્દુસ્તાનનું મનુષ્યપણું મોક્ષ માટે જ છે. બીજા દેશોનું મનુષ્યપણું ભૌતિક સુખો માટે છે.

૪૨૩૪ ભૌતિક સુખો સહેજે મળતા હોય તેને બુદ્ધિ વિકાસ પામે નહીં.

૪૨૩૫ જગત બધું મુક્તિ ભણી જઈ રહ્યું જ છે, ડેવલપ થઈ રહ્યું છે. પણ મુક્તિ માટે અધિકારી કોણ ? ત્યારે કહે, હિન્દુસ્તાનમાં જન્મેલા.

૪૨૩૬ ગારવતા એટલે શું કે જ્યાં આખા મનુષ્યપણાનો બધો ટાઈમ જ નિરર્થક ખોઈ નાખવો.

૪૨૩૭ દેવગતિમાં સંયમ પાળી શકાતો નથી, માટે સંયમનું સ્થાન આ મનુષ્યપણું છે. તે મનુષ્યપણામાં સંયમ ધારણ કરે તો મોક્ષ છે.

૪૨૩૮ ચાર પ્રકારની જેલો છે. દેવલોકો એ નજરકેદમાં છે, મનુષ્યો સાદી કેદમાં છે, જાનવરો સખ્ત મજૂરીની કેદમાં અને ચોથા નર્કગતિના તે આજીવન સખ્ત મજૂરીની કેદમાં છે.

૪૨૩૯ દેવગતિમાં મજા છે જ નહીં, મોક્ષમાં જ મજા છે.

૪૨૪૦ સ્વસ્તિક એ તો ચાર ગતિ બતાડે છે, અને ચાર ગતિઓમાં ભટકીને સેન્ટરમાં આવી જાય, તો મોક્ષ થાય.

૪૨૪૧ આત્માને જ્યાં સુધી ભ્રાંતિ છે, ત્યાં સુધી ચાર ગતિઓ છે. ભ્રાંતિ જાય ત્યાર પછી ચાર ગતિ નથી.

૪૨૪૨ દેવ એટલે જે પોતાનું સુખ બીજાને આપી દે, એ લોકો અહીં પણ દેવ કહેવાય ને પછી ત્યાં દેવ થાય.

૪૨૪૩ બીજાને આપીને દેવગતિ ખરીદે છે. લોકોનું લઈ લઈને જાનવરગતિ ખરીદે છે.

૪૨૪૪ વૃત્તિઓ અહીં પશુ જેવી થાય એટલે પશુયોનિમાં જ જાય.

૪૨૪૫ માણસ ફરી થવું હોય તેણે વ્યવહાર સંપૂર્ણ ચોખ્ખો રાખવો પડે, પ્રમાણિકતા સંપૂર્ણ રાખવી પડે.

૪૨૪૬ આ ભવમાં સુખી થાય અને આવતા ભવે સુખી થાય એવા બધા રસ્તા કરે, એનું નામ હિતાહિતનું ભાન !

૪૨૪૭ જેને પરભવના હિતાહિતની વિચારણા જાગી નથી તે બધા જ ઘેટાં.

૪૨૪૮ પોતાના હિતાહિતનું ભાન નથી, એને ઉઘાડી આંખની ઊંઘ કહેવાય.

૪૨૪૯ ક્ષણે ક્ષણે જે વિચાર કરે છે એનું નામ વિચક્ષણ.

૪૨૫૦ જેટલા આપણા પર ક્રોધ કરે છે ને, એટલા આપણા હિતમાં જ હોય છે. કારણ કે એ નબળા થઈ અને આપણને જબરા બનાવે છે.

૪૨૫૧ ક્રોધ એ તો પ્રેમ છે, એવું જે ઓળખતા શીખ્યો એ માણસ કહેવાય.

૪૨૫૨ સમજવાની ને વિચારવાની શક્તિ એન્ડ થાય છે એટલે અથડામણ થાય છે.

૪૨૫૩ માણસને આગળ દેખાતું બંધ થઈ જાય એટલે બીજા માણસ જોડે અથડાઈ પડે છે, એનું નામ ક્રોધ.

૪૨૫૪ ક્રોધ પહેલા પોતાને બાળે અને સામાને પછી બાળે.

૪૨૫૫ ક્રોધ એ રૌદ્રધ્યાન છે. અને રૌદ્રધ્યાનનું ફળ નર્કગતિ છે.

૪૨૫૬ 'એકનું એક કર્મ' પણ પસ્તાવો કરે તો જાનવરમાં જાય ને રાજીખુશી થાય તો નર્કમાં જાય.

૪૨૫૭ કર્મ જો અહીં આગળ બંધાયું, તો એના અમુક ટાઈમિંગ સુધી તમે ફેરફાર કરી શકો, નહીં તો પછી ફેરફાર ના થાય.

૪૨૫૮ પસ્તાવો કરીએ તો ફરી એનું નવું બીજ ના પડે. પણ એ ગયા ભવના કર્મ તો ભોગવે જ છૂટકો થાય.

૪૨૫૯ આ તમે જે દેખો છો એનું નામ કર્મ નહોય. કર્મ આંખથી દેખાય નહીં, એનું નામ કર્મ કહેવાય. એ યોજનારૂપે હોય.

૪૨૬૦ જે દેખાતા કર્મો છે તે અહીં ભોગવાઈ જવાના છે

અને મનમાં કરેલા કર્મો તે આવતે ભવ ભોગવવાના છે. માટે મનના કર્મ ભૂંસી નાખવા જોઈએ.

૪૨૬૧ આજે તમે સારું વીંટ્યું (વાવ્યું) છે ને, તે આવતા ભવે લણવાનું. પણ આ ગયા અવતારે જે બાવળિયા વાવ્યા છે તેની શૂળો તમને વાગે.

૪૨૬૨ નિરંતર બે વસ્તુ રાખવી; જગતમાં કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ન હો એ નિરંતર ભાવ રાખવો અને દુઃખ દેવાઈ જાય, તો પ્રતિક્રમણ કરવું.

૪૨૬૩ દોષ થયો કે દોષને તરત શૂટ ઑન (ઠાર) કરી નાખો, એનું નામ પ્રતિક્રમણ.

૪૨૬૪ જ્યાં આલોચના નથી, પ્રતિક્રમણ નથી, પ્રત્યાખ્યાન નથી, ત્યાં મોક્ષમાર્ગનો એક અંશ નથી.

૪૨૬૫ અતિક્રમણથી સંસાર ઊભો થયો છે, પ્રતિક્રમણથી સંસાર બંધ થઈ જશે.

૪૨૬૬ સહેજેય કોઈને માટે જોક કરી હોય અને સામો જરા કાચો હોય અને ચલાવી લેતો હોય તો એ આપણે અતિક્રમણ કર્યું કહેવાય.

૪૨૬૭ આ દુનિયામાં મશ્કરી કોઈ પણ પ્રકારની ના કરશો. મશ્કરી કરવાથી જ આ બધા દવાખાના ઊભા છે.

૪૨૬૮ ધોલ મારી હોત તો જે જોખમ હતું, તેના કરતાં આ મશ્કરીમાં તો અનંતગણું જોખમ છે. એની બુદ્ધિ ના પહોંચી, એટલે તમે તમારા લાઈટથી એને કબજામાં લીધો.

૪૨૬૯ કપડાંને ડાઘ પડે ત્યાં સુધી ચલાવી લેવાનો, શરીરને ડાઘ પડે તો ચલાવી લેવાનો, આત્માને ડાઘ ન પડવો જોઈએ.

૪૨૭૦ ભૂલ થઈ જાય એ વાત જુદી છે પણ પસ્તાવો હોવો જોઈએ એની પર.

૪૨૭૧ વેરથી આ જગત ઊભું રહ્યું છે. માટે વેર ના બંધાય એ જોવું.

૪૨૭૨ આખું જગત વેર વાળવાનું કારખાનું છે. ધણીએય બૈરી જોડે વેર વાળ્યા કરે ને બૈરીએય ધણી જોડે વેર વાળ્યા કરે.

૪૨૭૩ એક અવતારમાં વેર બંધાયું હોય તે અનંત અવતાર

સુધી પરિણામ પામે. માટે વેરથી ચેતજો.

૪૨૭૪ જ્યાં વેર હોય ને, ત્યાંય પ્રેમ સ્વરૂપ કરી નાખો. વેરથી આ જગત બધું આવું રફ દેખાય છે.

૪૨૭૫ કોઈનેય કિંચિત્‌માત્ર દુઃખ આપીને કોઈનો મોક્ષ થયેલો નહીં.

૪૨૭૬ કોઈને દુઃખ ન અપાય, ત્યાં જાળવીને ચાલવું. સુખ મોટા મનથી આપવું.

૪૨૭૭ સુખિયો માણસ બીજાને સુખી બનાવે અને દુખિયો માણસ બીજાને દુઃખ જ વર્તાવે.

૪૨૭૮ તમે કોઈનું નામ ના દો, કોઈને દુઃખ ના આપો, એનું નામ પુણ્ય.

૪૨૭૯ આપણું જે નુકસાન કરતો હોય ને, એ મુશ્કેલીમાં હોય તે વખતે આપણે એને હેલ્પ કરીએ તો બહુ મોટું પુણ્ય બંધાય.

૪૨૮૦ અપકાર ઉપર ઉપકાર કરે એ સુપરહ્યુમન. એક વખત નહીં, ઘણા વખત થવો જોઈએ. એક વખત તો ઘણા માણસો કરી શકે છે.

૪૨૮૧ નુકસાન કરે તેને જ હેલ્પ કરવાની હોય, બીજા કોને હેલ્પ કરવાની હોય ? નુકસાન કરે છે, ત્યારે ના સમજીએ કે આ માણસ બહુ દુખિયો છે.

૪૨૮૨ બીજાને સુખ આપીએ એનું નામ ધર્મ કહેવાય અને પોતાને સુખ થાય છે એ ધર્મનું પરિણામ છે.

૪૨૮૩ વ્યવહાર છે આ તો. આપીને લ્યો. દુઃખ આપીને પછી સુખ ખોળો એ બનતું હશે ? દુનિયામાં એવું બને ખરું ?

૪૨૮૪ મનને શાંત કરવું હોય તો બીજા લોકોને સુખ આપવું જોઈએ.

૪૨૮૫ ભૌતિક સુખમાં એબોવ નૉર્મલ થયા તેની શી સ્થિતિ થાય ? પરવશ થઈ જાય.

૪૨૮૬ પૈસા વધારે પડતા આવે તો દુઃખદાયી, ના આવે તોય દુઃખદાયી. બન્નેય છેડે જે દુઃખદાયી વસ્તુ હોય, એને ગ્રહણ કેમ કરીને કરાય ?

૪૨૮૭ લક્ષ્મી જેને નૉર્મલી આવ્યા કરે ને, એ જ પુણ્યશાળી માણસો.

૪૨૮૮ પરિગ્રહ રાખે એ જીવાત્મા અને પરિગ્રહ છોડી દે એ પરમાત્મા.

૪૨૮૯ ભૌતિક સુખો માટે ગમે એટલી મહેનત કરે એવા છે, ત્યાં સુધી એ જીવાત્મા કહેવાય.

૪૨૯૦ આ ભૌતિક સુખ મારે જોઈતા જ નથી, સ્વાભાવિક સુખ એટલે કે આત્માનું સુખ જોઈએ છે, ત્યારે એ અંતરાત્મા થાય.

૪૨૯૧ હંમેશાં અંતરાત્મા એનું નામ કહેવાય કે પરમાત્માને જોઈ શકે. અને જોવાથી તે રૂપ પોતાનું થાય છે.

૪૨૯૨ આ તો બ્લન્ડર્સને લીધે જીવાત્મા, બ્લન્ડર્સ તૂટે એટલે અંતરાત્મા અને મિસ્ટેક સંપૂર્ણ ખલાસ થઈ જાય એટલે પરમાત્મા, બસ !

૪૨૯૩ આપણા ગુનાથી જ બંધાયેલા છીએ, કોઈએ આપણને બાંધ્યા નથી. આપણા જ બ્લન્ડર્સ અને આપણી જ મિસ્ટેક્સ !

૪૨૯૪ સ્વતંત્રને પરવશ બનાવે, જેલમાં ઘાલી દે, એનું નામ ભૂલ.

૪૨૯૫ આપણી ભૂલથી બૉસ ઊભા થયા છે આ બધા, નહીં તો બૉસ હોય જ કેવી રીતે ?

૪૨૯૬ બ્લન્ડર્સ જાય એટલે કોઈ ઉપરી જ નથી. ભગવાન તમારું પોતાનું સ્વરૂપ જ છે અને તમને એ વશ થઈ જશે.

૪૨૯૭ રોંગ બિલીફો એ જ બ્લન્ડર્સ છે.

૪૨૯૮ રોંગ બિલીફ એ જ મિથ્યાત્વ. રોંગ બિલીફ વધે તેને ગાઢ મિથ્યાત્વ કહ્યું અને એથી વધારે વધે તો અવગાઢ મિથ્યાત્વ થાય.

૪૨૯૯ રોંગ બિલીફો બેઠી હોય તો પોતાનું ઘર જડે નહીં. રાઈટ બિલીફથી પોતાનું ઘર જડે.

૪૩૦૦ જ્યાંથી પછી પાછું આવવું ન પડે એ પોતાનું ઘર. ભટકવું ના પડે એ પોતાનું ઘર. પોતાનો આત્મા એ પોતાનું ઘર.

૪૩૦૧ આત્મા પાસે હોવા છતાં આટલી બધી શી માથાફોડ ? એ તો અવળા ચાલ્યા છે એટલું પાછું ચાલવું પડે છે.

૪૩૦૨ જગત જે દિશામાં જઈ રહ્યું છે, એ દિશામાં આપણે જઈએ તો બંધનમાં આવીએ અને જ્ઞાનીઓ દેખાડે એ દિશામાં જાવ, ત્યારે મુક્તિ થાય.

૪૩૦૩ લોકોએ જેમાં સુખ માન્યું છે એમાં પોતે પણ સુખ માને છે. એ જ સંપૂર્ણ દુઃખનું કારણ છે.

૪૩૦૪ તું તારું પોતાનું અસલ કાઢ. લોકોની નકલ કરવાની હોતી હશે ?

૪૩૦૫ નકલ કરો ને, કે આ દાદા શું કરે છે ! એટલી જ નકલ આવડે તોય બહુ થઈ ગયું. તો હું જાણું કે અક્કલવાળા હતા !

૪૩૦૬ તમારું જે લઈને આવ્યા છો, એટલું ભોગવવા માટે આવ્યા છો કે સ્પર્ધા કરવા માટે આવ્યા છો ?

૪૩૦૭ ખાવા-પીવાનું મળે છે કે નથી મળતું ? પછી આ દુનિયામાં દુઃખ જ નથી, બીજા તો મોહ છે બધા.

૪૩૦૮ જે દુઃખ છે એ ખોટી બૂમો છે, ભ્રમણાઓ છે. પોતે પ્યાલો ફોડી નાખી અને પછી કહે છે, કે હવે ચા શેમાં પીઉં ?

૪૩૦૯ જેટલી આ મનુષ્ય દેહને જરૂરિયાતો છે, એટલી એની પાસે હોય તો એ રાજા જ છે.

૪૩૧૦ જે આવશ્યક વસ્તુઓ છે, એ તો કુદરત તમને આપે જ છે. એમાં માગવાની જરૂર નથી તમારે. આવશ્યક એટલે જેના વગર ન જીવાય તે.

૪૩૧૧ અધ્યાત્મ જાણવા જેવું છે, બાકી બીજું કશું જાણવા જેવું જ નથી. બીજું, કર્મના ઉદય છે ! અબજો રૂપિયા કમાવા તેય કર્મના ઉદય છે અને ખોવા તેય કર્મના ઉદય છે.

૪૩૧૨ એક-એક પૈસો સદુપયોગમાં જાય તેને કમાયો કહેવાય. આ તો આખા મુંબઈનું નાણું ગટરમાં જાય છે.

૪૩૧૩ ભૌતિક સુખો વધાર્યા એટલે અધ્યાત્મ ખલાસ થઈ ગયું. ભૌતિક સુખ નૉર્માલિટીમાં રાખવાનું છે.

૪૩૧૪ કાયાનું સુખ વધારે ત્યારે મન ખૂબ દુઃખી થઈ જાય, એટલે હેરાન કરી નાખે આપણને. કાયાનું સુખ, નૉર્માલિટીથી વધારે જવાનું જ નહીં, એનું નામ ડેવલપમેન્ટ કહેવાય.

૪૩૧૫ ભૌતિક ચીજોમાં આનંદ નથી આવતો. ભૌતિક ચીજોમાં આનંદનો આરોપ કરે છે એટલે આરોપિત આનંદ આવે છે, પણ આનંદ તો ભગવાનનો જ છે આ.

૪૩૧૬ દરેકને ખબર હોય કે આનંદ થયો, પણ એ ક્યાંથી આવ્યો ? ત્યારે કહે, ભગવાનમાંથી આવ્યો ! કારણ કે કોઈ ભૌતિક ચીજમાં આનંદ હોય જ નહીં.

૪૩૧૭ જલેબીમાં સુખ હોતું નથી. આપણે જો આપણું સુખ એની મહીં આરોપણ કરીએ, તો જ એ સુખ લાગે. મહીંથી આ ભગવાનનું જ સુખ વપરાય છે બધું.

૪૩૧૮ પાંચ ઈન્દ્રિયોમાં જે તલ્લીન છે એ જીવડાં કહેવાય.

૪૩૧૯ આત્માને વિકાર કરનારી પાંચ ઈન્દ્રિયો, તેમાં ચાર ઈન્દ્રિયોના વિકાર એ નિર્વિકાર વિકાર છે અને એક સ્પર્શેન્દ્રિયનો વિકાર એ વિકારી વિકાર છે.

૪૩૨૦ આપણો વિષય હપૂચો ઉડાડી મેલે, એનું નામ 'ભગવાન' !

૪૩૨૧ બ્રહ્મચર્ય સિવાય આત્મજ્ઞાન ટકે નહીં કોઈ દહાડોય.

૪૩૨૨ સ્વતંત્ર થવામાં, સર્વ દુ:ખોથી રહિત થવામાં, મોટામાં મોટું જોખમ હોય તો અબ્રહ્મચર્ય. એ ગયું એટલે પછી ઉકેલ આવે.

૪૩૨૩ અણસમજણથી વિષયનો તાર જોડાઈ ગયો, એનું આકર્ષણ થયા કરે.

૪૩૨૪ માંસ અને દેહમાં જો ફેરફાર દેખાતો હોય તો વૈરાગ કેમ આવે ?

૪૩૨૫ બધું વાસનાના પરિણામથી આ જગત થઈ ગયું છે ! પરમાત્મા અંતરાત્મા થયા ને અંતરાત્મા થઈને જીવાત્મા થઈ ગયા છે અત્યારે.

૪૩૨૬ કંઈ ડફોળ ઓછો હોય છે માણસ ? પણ પેલી વાસનાઓ એને ડફોળ બનાવડાવે.

૪૩૨૭ રસને વાસના કહે છે, વસ્તુને વાસના નથી કહેતા. મહીં રસ ના હોય તો વાસના ગણાતી જ નથી.

૪૩૨૮ અહંકાર છે એટલે વાસના છે અને વાસના છે એટલે ભટકે છે.

૪૩૨૯ અહંકાર કાઢવો અને અજ્ઞાન કાઢવું, બેય એક જ છે.

૪૩૩૦ ‘હું ચંદુભાઈ* છું’ એ જ મોટામાં મોટું અજ્ઞાન. અને તેના આધારે આ જગત ઊભું રહ્યું છે.

૪૩૩૧ રોંગ બિલીફથી જ આ જગત ઊભું થયું છે અને રાઈટ બિલીફથી જગત આથમી જાય.

૪૩૩૨ અનાદિથી આ જગત અજ્ઞાનનું જ પ્રદાન કરે છે. જન્મતા જ અજ્ઞાનનું પ્રદાન કરવામાં આવે છે.

૪૩૩૩ જ્ઞાનીઓ શું શિખવાડે, કે આ તારું ન્હોય કશુંય. ત્યારે મા-બાપ શું શિખવાડે, કે આ બધું તારું જ છે.

૪૩૩૪ જ્ઞાન એ આવતા ભવે જ્યાં જઈએ ત્યાં જોડે આવે. અને અજ્ઞાન જે ગ્રહણ કર્યું છે દુનિયા પાસેથી તે પણ છોડે નહીં, એય જોડે આવે.

૪૩૩૫ કોઈ ક્રિયા જ્ઞાન વગર થાય નહીં. પહેલું જ્ઞાન ને પછી ક્રિયા.

૪૩૩૬ જેટલું જ્ઞાન જાણ્યું હોય ને, તેના આધારે કર્મો થયા કરવાના.

---

*ચંદુભાઈની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું.

૪૩૩૭ ખરાબ બોલતા અટકી જવાય તે જ્ઞાનને લીધે અટકી જવાય છે, નહીં તો ખરાબ બોલી જ જવાય.

૪૩૩૮ હું જે છું એ જ બોલવું અને એ જ માનવું, એ છે તે રાઈટ બિલીફ, અને એનું નામ સમ્યક્ દર્શન.

૪૩૩૯ ભૌતિકમાં 'હું-મારું' વપરાય એ બધુંય મિથ્યાદર્શન અને પોતાના સ્વરૂપમાં જ 'હું-મારું' થાય એ સમ્યક્ દર્શન.

૪૩૪૦ આખી જે ભગવદ્ ગીતા છે એ સમ્યક્ દર્શન દેખાડવા માટે છે.

૪૩૪૧ શ્રી કૃષ્ણ આખી ગીતામાં શું કહેવા માગે છે ? એ બે જ અક્ષર કહેવા માગે છે, કે 'તું શુદ્ધાત્મા છું.'

૪૩૪૨ એક અક્ષરેય જો ગીતાનો આ હિન્દુસ્તાનમાં કોઈ માણસ સમજ્યો હોત, તો તે કૃષ્ણ થઈ જાત !

૪૩૪૩ आत्मा का धर्म, वस्तु का धर्म हाथ में आ गया तो फिर खुद खुदा हो गया।

૪૩૪૪ સ્વધર્મ 'હું હી, હું હી' બોલાવડાવે છે અને ધર્માધર્મ

છે તે 'તું હી, તું હી' બોલાવડાવે છે.

૪૩૪૫ સ્વધર્મ એટલે આત્માનો ધર્મ. આત્માનો ધર્મ એ પંથ ના કહેવાય. રિલેટિવ બધા પંથ કહેવાય અને રિયલને પંથ ના કહેવાય.

૪૩૪૬ પરધર્મ એટલે શું ? આ દેહના ધર્મને તું તારો ધર્મ માનું છું એ પરધર્મ છે.

૪૩૪૭ જે વખતે જે કૃષ્ણ પ્રત્યક્ષ હોય તે તારે. પ્રત્યક્ષ એનું નામ કૃષ્ણ. જે કોઈ પણ પ્રત્યક્ષ થાય, તે બુદ્ધિ વગરના હોવા જોઈએ.

૪૩૪૮ પ્રગટ ગયા પછી કશું કામ કરે નહીં, ફાંફાં મારવાના એટલું જ. દવાઓમાંથી કસ ઊડી ગયા પછી દવા પીયા કરીએ તેના જેવું.

૪૩૪૯ જેની વાણીથી આપણી મુક્તિ થાય, જેની વાણીથી આપણા સૉલ્યુશન થાય, એને પ્રગટ કહેવાય.

૪૩૫૦ ગીતા પ્રશ્નોત્તર રૂપે જ છે. મહાવીર ભગવાનનું જ્ઞાન પ્રશ્નોત્તર રૂપે છે. પ્રશ્નોત્તર રૂપે જ્ઞાન એ છેલ્લા સ્ટેશનની વાત !

૪૩૫૧ પ્રશ્નો બંધ થઈ જાય એટલે દુનિયા તમારી માલિકીની. પ્રશ્નો ઊભા થાય ત્યાં સુધી દુનિયાના તમે બંધાયેલા.

૪૩૫૨ જ્ઞાન વગર નથી અટક્યું, ખુલાસા વગર અટક્યું છે.

૪૩૫૩ ખરો સત્સંગ બધા ઝઘડા મટાડે, તમામ પ્રકારના દુઃખ મટાડે.

૪૩૫૪ જેમ છે તેમ સમજણ નહીં પડવાથી આ દુનિયામાં બધા ઝઘડા છે. જેમ છે એમ જાણે ત્યારે પછી ઝઘડો હોતો જ નથી.

૪૩૫૫ મતભેદ એટલે તો આંધળો. આંધળા માણસને મતભેદ પડે. દેખતા માણસને મતભેદ પડતો હશે ?

૪૩૫૬ મતભેદ પડવો એ તો બહુ જ નીચાપણાની નિશાની કહેવાય.

૪૩૫૭ બુદ્ધિશાળીઓને છતનો મતભેદ પડે છે. અછતમાં મતભેદ ના હોય.

૪૩૫૮ જેની સાથે જીવવાનું છે, જેની સાથે ખાવાનું છે, જેને

પોતાના માન્યા છે, ત્યાં પણ આ મતભેદ ? કેમ શોભે એ ?

૪૩૫૯ વાત વાતમાં ટકરાય એ માણસ જ કેમ કહેવાય ?

૪૩૬૦ આ તો રિલેટિવ સગાઈઓ છે. આને સુધારવાનું ના હોય. જેવો છે એવો માલ આપણે ચલાવી લેવાનો. ઍડજસ્ટ એવરીવ્હેર !

૪૩૬૧ સુધારવું એ એક જાતનો અહંકાર છે.

૪૩૬૨ ઍડજસ્ટ એવરીવ્હેર અહંકારને તોડે છે.

૪૩૬૩ આપણે ઍડજસ્ટ એવરીવ્હેર થવું. સામાને થવું હોય તો થાય, ના થવું હોય તો ના થાય.

૪૩૬૪ ઍડજસ્ટ એવરીવ્હેર ! આ કળિયુગના આવા ભયંકર કાળમાં ઍડજસ્ટ નહીં થાઓ, તો ખલાસ થઈ જશો.

૪૩૬૫ કાળ કંઈ આપણને નડતો નથી, આપણે કાળને નડ્યા છીએ.

૪૩૬૬ દુષમકાળ, દુઃખ મુખ્ય કાળ ! મુખ્યતાએ દુઃખ હોય, અંશે સુખ હોય જરા, તેય કલ્પિત પાછું.

૪૩૬૭ પાંચમો આરો એટલે ઓછો દંડ છે ? આ તો લોકોએ એમાંય જડતાનું સુખ ખોળી કાઢ્યું.

૪૩૬૮ જે સાધનો સ્પીડી કળિયુગ લાવે, એ સાધનો સ્પીડી કળિયુગને કાઢી પણ નાખે.

૪૩૬૯ ઝડપી સાધનોનો (રેડિયો, સિનેમા વિગેરેનો) નાશ કરવાની જરૂર નથી, એનો સવળો ઉપયોગ કરવાની જરૂર છે. સાધનો નુકસાનકારક નથી.

૪૩૭૦ વ્યામોહ એટલે મોહનો ગુણાકાર થાય, મોહ ગુણ્યા મોહ એ વ્યામોહ.

૪૩૭૧ નિરંતર ભયવાળો સંસાર. એ તો મોહને લઈને ભાન નથી રહેતું એટલે ચાલે છે.

૪૩૭૨ મોહ એટલે એક જાતનો દારૂ પીધેલો માણસ હોય એના જેવી સ્થિતિ છે. કંઈક નવું દીઠું કે એની ઉપર મોહ ઉત્પન્ન થાય.

૪૩૭૩ આર્ય કોણ ? જગતમાં જે બધા આશ્ચર્યો દેખાય છે, એ બધા જેને દેખાવાના ઓછા થયા છે.

૪૩૭૪ સૌંદર્ય જોવા માટે આપણું આ જીવન નથી, સૌંદર્ય

બનવા માટે છે.

૪૩૭૫ આ ખઈ-પીને મોજ કરવા માટે જીવવાનું નથી. ખઈ-પીને મોજ તો કૂતરાંય કરે છે. જીવન જીવવાનું છે, 'હું કોણ છું' એ જાણવા માટે.

૪૩૭૬ આ બધો સમશાનનો જ રસ્તો છે. આમાં મોજશોખ કરવા જેવા છે જ નહીં, છતાં કરવા હોય તો કરજે (!) બા.

૪૩૭૭ જન્મ્યો ત્યારથી જ ઉપર કરવતી ફર્યા કરે મરણની. આપણા લોકો બે લાકડા છૂટા થયા પછી કહે, વહેરાઈ ગયું. અલ્યા મૂઆ, વહેરાતું'તું જ !

૪૩૭૮ જેનું મરણ સુધર્યું હોય, એને ત્યાં જઈએ તો મરણ સુધરે.

૪૩૭૯ આ લોકોને તો મરવાનું યાદ નથી હોતું એટલે રોફ મારે છે. મરવાનું યાદ રહેતું હોય તો કોણ રોફ મારે ?

૪૩૮૦ નામ પાડ્યા વગર રહે જ નહીં અને નનામી કાઢ્યા વગરેય ના રહે. બેઉ જગ્યાએ મશ્કરી કરે છે આ લોકો.

૪૩૮૧ નામ આપ્યું'તું તે સંસાર ચલાવવા માટે, નહીં કે નામ પર મિલકત કરવા માટે.

૪૩૮૨ નામમાં જ બસ ભમી રહ્યો છે અને નામને શણગારે છે ઊલટો, ઑર્નામેન્ટલ કરે છે ! નામની કબરો રચાય ને ખાંભી મુકાય એવું કરે છે.

૪૩૮૩ નામ રહેતું હશે ? 'પોતે' ના રહ્યા તો વળી નામ શી રીતે રહે તે ?

૪૩૮૪ તમે છો અનામી પણ નામધારી થઈને બેઠા છો. નામમાં છો તો કષાય ઊભા થશે અને અનામીમાં જશો તો કષાય બંધ થઈ જશે.

૪૩૮૫ 'હું ચંદુભાઈ છું' એ પહેલી ભ્રાંતિ. આ 'મેં કર્યું' એ બીજી ભ્રાંતિ. 'આ મેં ભોગવ્યું' એ ત્રીજી ભ્રાંતિ. 'આ બાઈનો ધણી થઉં, આનો આમ થઉં, તેમ થઉં', એ બધી ભ્રાંતિ.

૪૩૮૬ ભ્રાંતિથી પાપ-પુણ્ય થાય છે અને ભ્રાંતિથી ભોગવે છે.

૪૩૮૭ પુણ્ય-પાપની જરૂરિયાત નથી એવું જેને લાગે છે, એ મોક્ષે જાય છે.

૪૩૮૮ પુણ્ય એટલે સોનાની બેડી ! એ પુણ્ય ખર્ચાઈ જાય, એટલે પાછા હતા તેના તે જ, ભિખારા ને ભિખારા !

૪૩૮૯ પુણ્યનું સુખ તો કડવું-મીઠું હોય.

૪૩૯૦ પુણ્ય જોઈતું હોય ત્યાં સુધી પાપ મળી આવશે. ક્રેડિટ કમાતા હો ને ડેબિટ મળી આવે છે.

૪૩૯૧ કુદરતનો નિયમ છે કે ગમે એટલી પુણ્યૈ કરો તોય એ રકમ પાપની મહીંથી બાદ કરવામાં આવે નહીં.

૪૩૯૨ પુણ્ય ને પાપ એ પુનર્જન્મ સૂચવે છે.

૪૩૯૩ જ્યાં સુધી પુનર્જન્મ સમજે નહીં, ત્યાં સુધી અધ્યાત્મની બિગિનિંગ નથી.

૪૩૯૪ પુનર્જન્મ વગર તો છે જ નહીં ને આ જગત ! પુનર્જન્મ છે તો સેલ્ફ રિયલાઈઝ છે.

૪૩૯૫ **पुनर्जन्म की जो शंका करता है ने, वो ही आत्मा है।**

૪૩૯૬ પુનર્જન્મને માન્યું એટલે પોતે પરમેનન્ટ ઠર્યો. અને પરમેનન્ટ એ જ ભગવાન છે.

૪૩૯૭ આત્માનો પુનર્જન્મ થતો નથી, અહંકારનો જ પુનર્જન્મ થયા કરે છે.

૪૩૯૮ સ્થૂળ, સૂક્ષ્મ ને કારણઃ આમ ત્રણ શરીર. જે મહીં નિર્બળતા લાવે છે, જે ખોરાક પચાવે છે, એ બધું સૂક્ષ્મ દેહ છે.

૪૩૯૯ સૂક્ષ્મ બૉડી એ કૉઝલ બૉડી નથી, એ ઈલેક્ટ્રિકલ બૉડી છે.

૪૪૦૦ કારણ શરીર એટલે પાપ અને પુણ્યનું પોટલું. એ હોય ત્યાં સુધી જ આ સંસાર ચાલે.

૪૪૦૧ કારણ શરીર એ કૉઝિઝ છે. સ્થૂળ શરીર એ ઈફેક્ટ છે.

૪૪૦૨ હિન્દુસ્તાનના લોકોને ભ્રાંતિ વધારે પડતી હોય. કારણ કે પુનર્જન્મને માનવાવાળા છે.

૪૪૦૩ ફૉરેનવાળા તો પુનર્જન્મને બહુ માનતા જ નથી એટલે એમને બહુ ભ્રાંતિ ના હોય. એમને તો કાયદેસરની જ ભ્રાંતિ હોય.

૪૪૦૪ ભ્રાંતિ એટલે શું ? જે પોતાનું નથી તેને પોતાનું

માનવામાં આવે છે.

૪૪૦૫ પોતે અવિનાશી, પોતાની માલિકીની ચીજોયે અવિનાશી, અને વિનાશી ચીજોને પોતાની માનવી એનું નામ ભ્રાંતિ.

૪૪૦૬ આઈ વિધાઉટ માય ઈઝ ગૉડ અને આઈ વિથ માય એ ભ્રાંતિ.

૪૪૦૭ જ્યાં સુધી ભ્રાંતિ છે ત્યાં સુધી સૃષ્ટિ છે. ભ્રાંતિ જાય તો સૃષ્ટિ છે જ નહીં. તો તમે જ પરમાત્મા છો. અને કશું દુઃખેય નથી.

૪૪૦૮ જ્યાં સુધી જીવાત્માનું ભાન વર્તે છે ત્યાં સુધી જીવાત્મા, પછી શુદ્ધાત્માનું ભાન વર્તે એટલે શુદ્ધાત્મા, અને પરમાત્માનું ભાન વર્તે તો પરમાત્મા. એનો એ જ આત્મા.

૪૪૦૯ બધા અને હું એક જ છું એવું લાગે ત્યારે 'પરમાત્મા' અને હું જુદો, તમે જુદા ત્યારે આત્મા.

૪૪૧૦ ભગવાન તમે પોતે જ છો. પણ જ્યાં સુધી તમને એનું ભાન નથી, ત્યાં સુધી જીવાત્મા છો.

૪૪૧૧ તમે ભગવાન છો એવી શ્રદ્ધા બેસી જાય, એટલે છુટકારો આવ્યો.

૪૪૧૨ ભગવાનથીયે ડરવાની જરૂર નથી, તમારું પોતાનું સ્વરૂપ જ છે એ.

૪૪૧૩ પોતે પ્રભુના બાળક નથી, પોતે જ પ્રભુ છે પણ પ્રભુપદનું ભાન નથી એને.

૪૪૧૪ પોતાનું પદ જ જુદી જાતનું છે. એ પદમાં બીજું કોઈ પદ સમાય નહીં એવું પદ છે. એ કલ્પિત પદ નથી.

૪૪૧૫ ગૉડ ઈઝ ઈન એવરી ક્રીએચર વેધર વિઝિબલ ઑર ઈન્વિઝિબલ, એ જ આપણું મૂળ રૂપ છે.

૪૪૧૬ આ વર્લ્ડમાં જે ભગવાન છે, એ ક્રીએચરની અંદર જ છે. અને આ વર્લ્ડની ઉપર એક જગ્યા છે, ત્યાં ભગવાન ભગવાન સ્વરૂપે જ બધા બેઠા છે, મૂળ સ્વરૂપે બેઠા છે.

૪૪૧૭ વ્યવહારથી આત્મા જુદા જુદા અને નિશ્ચયથી એક. વ્યવહારથી સોનાની લગડીઓ જુદી જુદી કહેવાય, પણ એક ઢગલો વાળ્યો હોય તો સોનું કહેવાય.

૪૪૧૮ ધામ એટલે જ્યાંથી પાછું આવવાનું હોય તેનું નામ ધામ કહેવાય. અને જ્યાંથી પાછું આવવાનું નથી, એ સિદ્ધક્ષેત્ર કહેવાય.

૪૪૧૯ खुद को पहचान करने के लिए तैयारी किया, वहाँ से ही अंश भगवान होता है।

૪૪૨૦ આ ઘડિયાળ રિયલાઈઝ કરીને લાવ્યા, બૈરીને રિયલાઈઝ કરીને લાવ્યા ને સેલ્ફનું રિયલાઈઝ બાકી ! એય અજાયબી જ છે ને આ કાળની !

૪૪૨૧ પોતે પોતાને ઓળખવું અને પોતે શરીરથી જુદું રહેવું, એનું નામ 'આત્મજ્ઞાન'.

૪૪૨૨ બીજું બધું પ્રયત્નથી થાય, પણ આત્મજ્ઞાન પ્રયત્નથી ના થાય. આત્મજ્ઞાન મેળવવા તો આત્મજ્ઞાનીના આશરે જવું પડે.

૪૪૨૩ સાધના તો જ્ઞાનની કરવાની હોય. બીજી બધી સાધનાઓ તો સંસારમાં રઝળાવનારી છે.

૪૪૨૪ સાધ્યમાંથી આનંદ આવવો જોઈએ. સાધનોના આનંદમાં તો આખું જગત ફસાયું છે ને !

૪૪૨૫ જગત દૃષ્ટિરાગ કાં તો અભિનિવેશમાં પડેલું હોય. દૃષ્ટિરાગ એટલે જે વ્યૂ પૉઈન્ટ એને બહુ ગમી ગયો, ત્યાંનો ત્યાં જ મુકામ.

૪૪૨૬ કેવળ કોઈ પણ વસ્તુ પાછળ પડ્યો, એ 'કેવળ' (કેવળજ્ઞાન) પ્રાપ્ત ના કરે. કારણ કે અહીં જ કેવળ થઈ ગયો તો, પેલું 'કેવળ' ના થાય.

૪૪૨૭ અભિનિવેશ થાય એટલે આગળ વધે નહીં પછી. જેણે ઓપન માઈન્ડ રાખ્યું હોય તે જ આગળ વધે.

૪૪૨૮ મળતી વાત આવે ને ખુશ થયા એટલે માર પડ્યો. એનાથી આગળ પ્રગતિ નહીં થાય.

૪૪૨૯ લોક મળતી વાત ખોળે, પણ મળતી વાત એ પ્રમાદ લાવે.

૪૪૩૦ મનની મસ્તી, દેહની મસ્તી, બધું મસ્તીમાં જ પડેલું છે જગત. એને અમે 'પ્રમાદ' કહીએ છીએ.

૪૪૩૧ મનના આનંદમાં ને આ આત્માના આનંદમાં ફેર શું ? ત્યારે કહે, પેલો છે તે મસ્તીવાળો આનંદ હોય

અને આ નિરાકુળ આનંદ હોય.

૪૪૩૨ कर्मकांड करो-न करो, कोई हरकत नहीं है। मगर खुद की तलाश करो।

૪૪૩૩ ક્રિયાકાંડ એટલે શું ? બાજરી રોપવી અને ડૂંડાં લણવા. એ મોક્ષમાર્ગમાં નથી.

૪૪૩૪ ક્રિયાજડ કોને કહ્યા, કે જે ક્રિયાને જ આત્મા માની બેઠા છે. આખો દહાડો ક્રિયા જ કર્યા કરે.

૪૪૩૫ સમજણ વગરની ક્રિયા રોજ કરવી પડે, એને જડ ક્રિયા કહેવાય. જે ક્રિયા કરવાથી રોજ રોજ સમજણ વધતી જાય, તેનું નામ સાચી ક્રિયા કહેવાય.

૪૪૩૬ કર્તાભાવે કોઈ પણ ક્રિયા કરો, ધર્મની કરો કે બીજી કરો એ આવરણ સહિત જ હોય.

૪૪૩૭ જેમ જેમ ક્રિયા કરતો જાય એમ અજ્ઞાન વધતું જાય. ખરેખર જ્ઞાનની જરૂર છે. પ્રકાશ વગર બધું નકામું છે.

૪૪૩૮ કોઈ પણ એવો મંત્ર નથી કે જેનાથી અજ્ઞાન હટે. અજ્ઞાન તો, પ્રકાશથી જ અંધારું જાય.

૪૪૩૯ કર્મ એ અંધારું છે અને જ્ઞાન એ પ્રકાશ છે. જ્ઞાનનો પ્રકાશ એવો છે કે અંધારાને ભસ્મીભૂત કરી નાખે, જોતાની સાથે જ.

૪૪૪૦ વિચારે કરીને કર્મ બાંધ્યા હોય ને, તે તમે એનો અવળો વિચાર કરો એટલે પેલા કર્મો ઊડી જાય.

૪૪૪૧ અનંતકાળનું અંધારું એક કલાકમાં જ કાઢી નાખે એ મુક્ત પુરુષ કહેવાય.

૪૪૪૨ આ જ ખોળવાનું લક્ષ રાખવું કે મને જ્ઞાની મળજો. બીજા બધા તો બહુ મળ્યા.

૪૪૪૩ મારે પાસ થવું છે, પાસ થવું છે, એ બોલ બોલ કરવાથી પાસ ના થવાય. પાસ થવા માટે જે સાધનો હોય એ સાધનો સેવો ને, એટલે એની મેળે પાસ થવાય.

૪૪૪૪ કોઈ પણ માણસ બંધાયેલો હોય એની પાસે મોક્ષ ખોળીએ તો ખોળનાર મૂરખ છે, પેલો મૂરખ નથી.

૪૪૪૫ જ્ઞાની પુરુષ મળ્યા પછી જો મોક્ષ ના મળે તો એ

જ્ઞાની પુરુષ નહોતા કે કાં તો એ પોતે મૂળ આરાધક નહોતો.

૪૪૪૬ સાધારણમાંથી અસાધારણ થા. અસાધારણ મનુષ્યો કેમ કરીને થઈ શકે ? ત્યારે કહે, અસાધારણ પુરુષોની જોડે બેસવાથી.

૪૪૪૭ જીવનો સ્વભાવ એવો છે કે જેવો ભજે એવો થઈ જાય. મુક્ત પુરુષને ભજે તો મુક્ત થાય અને બંધાયેલાને ભજે તો બંધાયેલો થઈ જાય.

૪૪૪૮ અબુધને ભજે તો અબુધ થયા કરે. બુદ્ધિવાળાને ભજે તો બુદ્ધિવાળો થાય. જેને જેની ભજના !

૪૪૪૯ આત્માનો પ્રકાશ અહંકારના મીડિયમ થ્રૂ આવે છે એ બુદ્ધિ છે અને આત્માનો પ્રકાશ સીધો પડે છે એ જ્ઞાન છે.

૪૪૫૦ બુદ્ધિથી દૃષ્ટિફેર થાય નહીં. બુદ્ધિ જ છે તે દૃષ્ટિફેર થવામાં અટકાવે છે.

૪૪૫૧ મોક્ષ એટલે દૃષ્ટિફેર છે. આમ મિથ્યા દૃષ્ટિએ સંસાર ઊભો થયો અને સમ્યક્ દૃષ્ટિ થવાથી મોક્ષ થશે. અઘરી કશી વસ્તુ જ નથી.

૪૪૫૨ વૃત્તિ મટે પણ દૃષ્ટિ ના મટે. આ દૃષ્ટિને લઈને તો આ બધું જગત રોળાયું છે. કઈ દૃષ્ટિ ? ત્યારે કહે, ઊંધી દૃષ્ટિ.

૪૪૫૩ બીજું કશું બહુ લાંબું બગડ્યું જ નથી, દૃષ્ટિ જ બગડી છે. એ દૃષ્ટિ અમે ફેરવી આપીએ છીએ.

૪૪૫૪ જ્ઞાન આપીશું ત્યારે તમને દૃષ્ટિ બદલી આપીશું, આંજણ આંજી આપીશું. એટલે પછી નિરંજન થાય.

૪૪૫૫ ક્યારેય પણ લક્ષમાં નથી આવી એવી ચીજ હોય તો એ અલખ નિરંજન.

૪૪૫૬ લક્ષ એટલે શું ? એની મેળે જ એ આવે, યાદ કરવું ના પડે. અને યાદ કરવું પડે એને સમરણ કહેવાય.

૪૪૫૭ જ્ઞાનીની પાસે બધું જ્ઞાન હોય. એવું જ્ઞાન હોય કે દરેક કર્મો ભસ્મીભૂત કરી નાખે.

૪૪૫૮ કેટલા પાપ નષ્ટ થાય ત્યારે દૃષ્ટિ બદલાય અને ત્યારે 'શુદ્ધાત્મા છું' એ નિરંતર લક્ષ રહે. નહીં તો પાપને લીધે જ એ ભૂલી જવાય છે ને !

૪૪૫૯ રિલેટિવ બધા ઉપાય કરો એનાથી લક્ષ બેસે નહીં. રિયલ ઉપાય હોય ત્યારે લક્ષ બેસે.

૪૪૬૦ સાચો આત્મા પ્રાપ્ત થયા પછી સાંસારિક કામ સરસ થવું જોઈએ. કારણ કે આત્મા અને કામ કરનાર બે જુદા જ છે.

૪૪૬૧ સંસારમાં રહેવા છતાં સંસારનો બોજો ઘટતો જાય, તો જાણવું કે સાચે રસ્તે છીએ.

૪૪૬૨ આ દુનિયાનું કોઈ પણ દુઃખ આવ્યું હોય તોય માથે ના લેવું. સંસારના ઘોડા પર મૂકીને સૂઈ જવું.

૪૪૬૩ સગા ભાઈની પાસે કરોડ રૂપિયા હોય અને આપણી પાસે ખાવાનુંય ના હોય, અને એ કશું ના આપે, તોય એનો દોષ નથી, એ આપણો દોષ છે.

૪૪૬૪ આપવું-લેવું કોઈના હાથમાં નથી. એટલે કોઈને વગોવશો નહીં. આપણું પ્રારબ્ધ સીધું હોય તો એને આપવાની શક્તિ ઉત્પન્ન થાય.

૪૪૬૫ કૃષ્ણ ભગવાનની આઠમ ક્યારે ઊજવી કહેવાય ? એમણે જે કહ્યું છે, કે પ્રાપ્તને ભોગવો અને અપ્રાપ્તની ચિંતા ના કરો, એવું જો રાખે તો.

૪૪૬૬ 'પ્રાપ્તને ભોગવો' એનું નામ સુખ અને અપ્રાપ્તની ચિંતા કરવી એનું નામ દુઃખ.

૪૪૬૭ એબોવ નૉર્મલ વિચાર એ ચિંતા કહેવાય છે.

૪૪૬૮ આપણે આગળના વિચાર કરવા, તેના કરતાં આજે સેફસાઈડ કરવી સારી, એ જ મોટામાં મોટો ઉપાય.

૪૪૬૯ ભવિષ્યનો વિચાર કરવા જેવો જ નથી. ભવિષ્ય સેટલ થયેલું છે. આ તો ભવિષ્યનો વિચાર કરતા આજનું બગાડે છે.

૪૪૭૦ આયોજન પૂરતું અધિકાર છે. ચિંતવન કરવાનો અધિકાર છે, ચિંતા કરવાનો અધિકાર નથી.

૪૪૭૧ ચિંતા કરવાથી લક્ષ્મી આવતી બંધ થઈ જાય. એ કાયદો છે લક્ષ્મીનો.

૪૪૭૨ ડિપ્રેશન આવે એટલે ધંધો બધો બગડે. ડિપ્રેશન જ ના આવવું જોઈએ અને એલિવેટેય થવું નહીં. બેઉ ધંધાને ફ્રૅક્ચર કરે છે.

૪૪૭૩ જ્યાં ઈટ હૅપન્સ જ છે, ત્યાં એલિવેટ થવાનીય જરૂર શું ને ડિપ્રેસ થવાનીય ક્યાં જરૂર રહી ?

૪૪૭૪ એલિવેશન જેને પસંદ પડે છે, એને ડિપ્રેશન આવે જ.

૪૪૭૫ સાચા સુખમાં ડિપ્રેશન-એલિવેશન ના થાય.

૪૪૭૬ દુઃખ પડે એટલે બૂમો પાડે અને સુખ પડે તો આમ મસ્તીમાં આવી જાય, એનું નામ અહંકાર.

૪૪૭૭ પોતાના દુઃખનું વર્ણન કરવું એ એક અહંકાર છે.

૪૪૭૮ મનુષ્યોને દુનિયામાં દુઃખ હોતું હશે ? ત્યારે કહે, મનુષ્યો નિરાશ્રિત થઈ ગયા એટલે દુઃખ જ છે નર્યું.

૪૪૭૯ આ મનુષ્ય સિવાય બીજા બધા જીવો ભગવાનના આશ્રિત છે, આ મનુષ્યો એકલા જ નિરાશ્રિત છે !

૪૪૮૦ ઈગોઈઝમવાળાની જવાબદારી ભગવાન લેતા નથી. જેનો ઈગોઈઝમ ખલાસ થયો તેને માટે ભગવાનની સંપૂર્ણ જોખમદારી.

૪૪૮૧ જેને આવડે છે એને શું ? જેને ના આવડે, જે કરી શકતો ના હોય તેના હારુ ભગવાન.

૪૪૮૨ જ્ઞાનીને, અગર કોઈ બહુ ઊંચા પ્રકારના ગુરુ હોય તેને આધીન રહેતા હોય, તો એ નિરાશ્રિત ના કહેવાય. બાકી બધા નિરાશ્રિત જ.

૪૪૮૩ ‘મારું શું થશે’ એવી ભડક છે એ બધા નિરાશ્રિત.

૪૪૮૪ સફળતા એ કોનું નામ કહેવાય, કે જે નિર્ભય બનાવે આપણને. ક્યાં જન્મ થશે કે શું થશે, એની ચિંતા ના રખાવડાવે.

૪૪૮૫ દુનિયા આપણી ને ભય રાખવાનું કારણ શું છે ? તમારી દાનતચોર ભય રખાવડાવે છે.

૪૪૮૬ ત્રણમાંથી એકમાં હોય જ માણસ; ભો, ભડકાટ ને ભય. ત્રણ લમણે લખેલા હોય.

૪૪૮૭ આખા મહિનામાં એક ભય આવે છે અને રોજ છે તે સો-સો ભય દેખાય છે એને. એ ખોટો ભડકાટ છે બધો.

૪૪૮૮ આમ થઈ જશે ને તેમ થઈ જશે, એ ‘ભડકાટ’ કહેવાય.

૪૪૮૯ માનેલા ભૂત કરડી ખાય છે, સાચું ભૂત તો કૈડવા આવતું જ નથી.

૪૪૯૦ જે કામ કરવું એમાં શંકા નહીં અને જો શંકા આવે

તો એ કામ કરવું નહીં. આઈધર ધીસ ઑર ધેટ.

૪૪૯૧ કોઈ વૈજ્ઞાનિક એવો પાક્યો નથી કે જે શંકામાં એક મિનિટથી વધારે ઊતરે, નહીં તો એ વિજ્ઞાન જતું રહે, ખલાસ થઈ જાય.

૪૪૯૨ શંકા રાખવા જેવું જગત જ નથી, જાગૃતિ રાખવા જેવું જગત છે.

૪૪૯૩ કર્મ રાજાનો નિયમ એવો છે, કે જેને શંકા પડે તેને ત્યાં પધારે અને જે ગાંઠે નહીં તેને ત્યાં તો ઊભા જ ના રહે.

૪૪૯૪ શંકા કરવાની છૂટ નથી, વિચાર કરવાની છૂટ છે. શંકા એ એન્ડલેસ વસ્તુ છે. વિચારોનો એન્ડ આવશે, છેવટે મન થાકી જાય ને !

૪૪૯૫ જો આમ થયું હોત તો આમ થાત ને આમ થયું હોત તો આમ થાત. એ વેસ્ટ ઑફ ટાઈમ ઍન્ડ એનર્જી છે.

૪૪૯૬ પૃથક્કરણ શેનું શેનું કરવાનું ? જેની શાંતિ રહે તો તેનું કરવું અને શાંતિ ઉડાડી મેલે તો બાજુએ મૂકી દેવું એ પેપર.

૪૪૯૭ જે ભડકતા નથી એનું કોઈ નામ દેનાર નથી. કારણ કે દુનિયા આપણી માલિકીની છે.

૪૪૯૮ આ જગત પોતાના ભાવ જેવું જ ચાલે છે. આ જગત કંઈ કોઈનું માલિક નથી. આપણો જ ભાવ અને આપણે જ છીએ આ.

૪૪૯૯ આપણે આખા બ્રહ્માંડના માલિક જ છીએ પણ કન્ડિશનલ ! કોઈ બીજા જીવોને તમે કંઈ પણ ડખલ ન કરી શકો.

૪૫૦૦ એક પણ જીવને મરાય નહીં. જો તમે બનાવી શકો તો મારજો.

૪૫૦૧ જીવડાં ઉપર નાખેલી દવા, તે આપણી ઉપર જ આવવાની છે. માટે ચેતીને ચાલજો.

૪૫૦૨ જીવડાં મારવાનો ધંધો ના કરાય. તો તો પછી હિટલરનામાં ને તમારામાં ફેર શું રહ્યો ?

૪૫૦૩ કોઈની વાડીનું એક ગલકું કે ચીભડું નથી તોડાતું, તો આ ભગવાનની વાડીના માંકણો મારીએ, કેવડી મોટી જોખમદારી ?

૪૫૦૪ જે ત્રાસે આપણાથી, જે અડવાથી જતું રહે, આપણાથી ભડકે બિચારું, તરફડે, એને મરાય નહીં.

૪૫૦૫ દુષ્કૃત કયું કહેવાય ? જેમાં પ્રત્યક્ષ હિંસાનો વેપાર થતો હોય.

૪૫૦૬ આ તો બધા હિંસા થકી દુઃખ છે. ભગવાનની જ હિંસા કરી રહ્યા છે.

૪૫૦૭ લોકોને દુઃખ આપવાની ભાવનાથી દુઃખો આવે અને સુખ આપવાની ભાવનાથી સુખો આવે.

૪૫૦૮ આપણને જે નથી ગમતું એ બીજા માટે કરવું નહીં. એથી તમારું સીમિત, મનુષ્યભવના જેટલું પુણ્ય બંધાશે.

૪૫૦૯ નાના જીવડાંને, ઝાડ-પાનને કોઈનેય દુઃખ જ નથી આપવું એવું નક્કી કરીએ, તેની તો ગજબની અસીમ પુણ્યૈ બંધાય.

૪૫૧૦ આખો દહાડો ખઈને ફર્યા, બે જણને ટૈડકાવી આવ્યા અને રાતે ઊંઘી ગયા, એને મનુષ્યપણું કહેવાતું હશે ?

૪૫૧૧ શેઠ એનું નામ કહેવાય કે કોઈનેય વઢે નહીં.

૪૫૧૨ મનુષ્યપણું તો પાંચ-પચ્ચીસ માણસને ઠંડક આપીને સાંજે ઘરે આવ્યા હોય, એ મનુષ્યપણું કહેવાય !

૪૫૧૩ નબળા ઉપર શૂરા થાય છે લોક ! જબરા ઉપર શૂરું થવું જોઈએ.

૪૫૧૪ જેને નબળાનું રક્ષણ કરવા શૂર ચઢી જાય એ માણસ ક્ષત્રિય કહેવાય.

૪૫૧૫ ક્ષત્રિય પ્રકૃતિવાળાને મમતાનો રોગ ના હોય, અહંકારનો રોગ વધારે હોય. અને બીજી પ્રકૃતિવાળાને મમતાનો રોગ વધારે હોય ને અહંકારનો ઓછો હોય.

૪૫૧૬ જેમ ચારસો ચાલીસ વોલ્ટ પાવર હોય ને, તે શું કહે છે ? અહીં અડશો નહીં, જોખમ છે. એવું અહંકાર વસ્તુ જોખમ છે. એને અડશો નહીં, છંછેડશો નહીં.

૪૫૧૭ ઠપકો આપવો એ બહુ જ જવાબદારી છે. આપણો હાથ દઝાય નહીં અને સામાને વાગે નહીં એવી રીતે ઠપકો આપવો જોઈએ.

૪૫૧૮ જે સંસ્કારી છે એને કહેવાની જરૂર નથી અને જે સંસ્કારી નથી એ લોકોને સમજાવીને કામ લેવું.

૪૫૧૯ કામ કરનારની ભૂલ ન થાય તો કોની ભૂલ થાય ?

૪૫૨૦ ના કહેવું તેય ગુનો છે અને કહેતા ના આવડે તેય ગુનો છે.

૪૫૨૧ શબ્દો એવા બોલવા કે સામાને વાગે નહીં, તો શબ્દથી બોલવાનો અધિકાર.

૪૫૨૨ જે બોલ લોકોને ના ગમે એવું બોલવું, એનું નામ 'ભસવું' કહેવાય.

૪૫૨૩ કૂતરા જોડે કેમ ભસતા નથી ? આપણે જાણીએ છીએ કે આ હલકું છે માટે ભસે છે. હંમેશાં હલકું હોય તે જ ભસે. વિનયવાળો ભસે જ નહીં ને !

૪૫૨૪ અમે તો નિશ્ચયના એક્કા છીએ અને આ સંસારમાં તો લોક વ્યવહારમાં એક્કા થઈને બેસે, ને પેલા નાનાનું સાંભળે જ નહીં ને !

૪૫૨૫ સાચી વાત ના સાંભળે તે કાને બહેરો થાય, નિયમ છે એવો.

૪૫૨૬ મોટા માણસ કરતાં નાના છોકરાને બહુ અહંકાર હોય છે, માટે કોઈ દહાડોય છે તે છોકરાને છોકરો માની એને તિરસ્કાર કે અપમાન ન કરો.

૪૫૨૭ માન શાથી ઊભું રહ્યું છે ? સામાને પોતે હલકો માને છે માટે.

૪૫૨૮ માનની અંદર ક્રોધ ભરાયેલો જ છે. માન એટલે તિરસ્કાર. 'હું કંઈક છું' તે તિરસ્કારે લોકોને.

૪૫૨૯ આપણે વ્યવહારમાં કહેવું કે 'ભઈ, હું આનો કાકો છું', પણ અંદરખાને આપણે 'એ મારો કાકો છે' એવું માનવું. એટલે પ્લસ-માઈનસ થઈ જાય.

૪૫૩૦ એલ્જીબ્રા (બીજગણિત) બહુ હેલ્પફુલ છે. ધીસ પ્લસ ધીસ ઈઝ ઈક્વલ ટૂ ધીસ, એમતેમ કરીને આ સંસારના છેદ ઉડાડતા આવડે એટલે અપરિગ્રહી થાય માણસ.

૪૫૩૧ ગમે એટલો ખરાબ હોય, જેને લોકો બહુ જ ખરાબ કહેતા હોય, તેનેય આપણે એમ એક સર્ટિફિકેટ આપવું કે 'આફ્ટર ઑલ હી ઈઝ એ ગુડ મૅન !'

૪૫૩૨ 'આફ્ટર ઑલ હી ઈઝ એ ગુડ મૅન !' એ વાક્ય

આપણને શું કરે ? એના તરફ અભાવ ના કરવા દે.

૪૫૩૩ મન સુધારે સામાની જોડે એટલે ક્રોધ આવતો બંધ થાય.

૪૫૩૪ સામો ગમે એટલો વાંકો હોય પણ આપણે સીધા થયા એટલે બધું રાગે પડી જાય.

૪૫૩૫ જગત બગડ્યું છે, પણ તમારું ના બગડે એ જોતા રહેજો ! તમે તમારું સંભાળો.

૪૫૩૬ આડાને આડું જુએ ને, તો જોનાર પોતે આડો થઈ જાય.

૪૫૩૭ સમજદાર માણસો આડાઈ ઓછી કરે અને જાડી ખાલના માણસો બહુ આડાઈ કરે.

૪૫૩૮ સમજીને સરળ થાવ, નહીં તો માર ખઈ ખઈને સરળ થવું પડશે.

૪૫૩૯ ઘરના માણસો તે રાત-દહાડો શું કરે છે ? એ તમને પાંસરા જ કરે છે. ત્યારે કહે છે, 'મારી વિરુદ્ધમાં છે આ બધા.' નહોય વિરુદ્ધમાં કોઈ.

૪૫૪૦ અક્રમ જ્ઞાનાવતાર કલાકમાં મોક્ષ આપે, પણ જો પાંસરો ચાલે તો. વાંકો ચાલે તો મોક્ષ જતો રહે પાછો.

૪૫૪૧ રોકડો મોક્ષ આપવાનો કહે, એ જ્ઞાની !

૪૫૪૨ સુખ તમારી પાસે રાખજો ને દુઃખના બધા દરિયા મને સોંપી દેજો.

૪૫૪૩ હું તમારું સુખ લઈ લેવા નથી આવ્યો, હું તમને સુખ આપવા આવ્યો છું. જે છે એ તો ભોગવો અને ઉપરાંતનું જે ખૂટતું છે તે આપવા આવ્યો છું. એ કાયમનું, પરમેનન્ટ સુખ !

૪૫૪૪ સર્વસ્વ દુઃખો તમારા મને સોંપી જાવ. પછી યાદ ના કરો તો તમારી પાસે નહીં આવે, તેની ગૅરેન્ટી હું આપું છું.

૪૫૪૫ દુઃખ કોણ દૂર કરી શકે ? જે પોતે દુખિયો ના હોય, એ. પોતે જ દુખિયા માણસ બીજાનું દુઃખ શું દૂર કરી શકે તે ?

૪૫૪૬ સમજે તો સુખી થાય, અગર સુખિયાને જોઈએ તો

સુખ થાય.

૪૫૪૭ જેને ક્રોધ-માન-માયા-લોભની નબળાઈ ના હોય એ સુખિયા, અગર નબળાઈ જેની જતી રહેવા બેઠી છે તે સુખિયા.

૪૫૪૮ જેને ક્રોધ-માન-માયા-લોભની નબળાઈઓ છે, એ બધા પઝલમાં ડિઝોલ્વ થયેલા છે.

૪૫૪૯ આ પઝલ સૉલ્વ થયું એટલે સ્વતંત્ર થઈ ગયો અને સ્વતંત્ર થયો એટલે લઘુતમ થાય.

૪૫૫૦ **The world is the puzzle itself. The puzzle can be solved by a Gnani, who is a knower of all the spiritual world.**

૪૫૫૧ હિન્દુસ્તાનના લોકોને ઉપદેશ આપવાની જરૂર જ નથી. અહીં તો ગૂંચવાડા કાઢનાર માણસોની જ જરૂર છે.

૪૫૫૨ બધા પઝલ સૉલ્વ થઈ જવા જોઈએ. મનુષ્ય ભવ મળ્યો ને જો પઝલ સૉલ્વ ના થાય તો નકામું ગયું બધુંય.

૪૫૫૩ પઝલ છોડ્યું ના છૂટે, પઝલ સૉલ્વ થાય તો જ છૂટે.

૪૫૫૪ એકુંય પઝલ મગજમાં ના રહેવું જોઈએ. ખીલતું મોઢું દેખાવું જોઈએ, મુક્ત મન. મુક્ત થયા પછી મુક્ત મન હોય.

૪૫૫૫ મોક્ષમાં પેસવા દે કોને ? ગુલાબની કળી ખીલેલા ફૂલ જેવા મુખારવિંદ દેખાય, તેને.

૪૫૫૬ જ્ઞાન એ પ્રકાશ, એટલે ઠોકર ના વાગે. મોઢું ચઢી જાય નહીં ને મોઢા પર દિવેલ ફરી વળે નહીં.

૪૫૫૭ જ્યાં સુધી પઝલ ઊભા થાય છે, ત્યાં સુધી કશું જ જાણ્યું નથી.

૪૫૫૮ અધ્યાત્મમાં ભણતરની જરૂર છે નહીં, ભણતરની જરૂર સંસારમાં છે.

૪૫૫૯ જ્યાં આગળ અભણ માણસો, પૂર્ણ ભણેલા માણસો, બુદ્ધિશાળી, ઓછા બુદ્ધિશાળી, સમજણ વગરના, બધા માણસો ભેગા થાય ત્યાં ધર્મ હોય.

૪૫૬૦ જ્યાં ત્રણ વર્ષનું છોકરું બેઠું હોય તે ચાર કલાક થાય તોય ઊઠે નહીં, ત્યાં ધર્મ હોય.

૪૫૬૧ धर्म का दो अर्थः पहेला द्वंद्व स्वरूप है, वो इगोइज़म

से होता है और दूसरा स्वाभाविक स्वरूप है।

૪૫૬૨ ધર્મ એટલે અધર્મ છોડ્યો અને ધર્મને કર્યો, પણ કર્તાભાવે કર્યો એટલે ભ્રાંતિ કહેવાય.

૪૫૬૩ સ્વાભાવિક ધર્મ પ્રાપ્ત ના થાય તેણે શુભ ધર્મ કરવો જોઈએ.

૪૫૬૪ અહીં અક્રમમાં તો ધર્મેય છોડી દેવાનો ને અધર્મેય છોડી દેવાનો. બેઉ છોડી દેવાનું એ વિજ્ઞાન !

૪૫૬૫ ધર્મ હોય ત્યાં અધર્મ હોય જ.

૪૫૬૬ જે માર્ગે કર્મ બંધાય નહીં, એ માર્ગ શુદ્ધ ઉપયોગનો કહેવાય. કર્મ બંધાય એ શુભ ઉપયોગનો કહેવાય.

૪૫૬૭ જ્યાં સુધી અજ્ઞાન દશા છે, ત્યાં સુધી શુભાશુભનો ઉપયોગ હોય અને જ્ઞાન દશામાં શુદ્ધ ઉપયોગ હોય.

૪૫૬૮ શુભ ઉપયોગ એ ધર્મ કહેવાય. એનાથી માનસિક શાંતિ રહે પણ આનંદ ના થાય.

૪૫૬૯ અધર્મનું ફળ શું ? ત્યારે કહે, માનસિક દુઃખ. ધર્મનું ફળ શું ? ત્યારે કહે, માનસિક સુખ. અને જ્ઞાનનું ફળ શું ? ત્યારે કહે, પરમાનંદ.

૪૫૭૦ મનની શાંતિ ઘડીકમાં જતી રહે ને ઘડીકમાં આવે. આત્માની શાંતિ તો આવ્યા પછી જાય જ નહીં.

૪૫૭૧ આધ્યાત્મિક સમજણ નથી તેથી અશાંતિ થાય છે. આ ભૌતિક સુખો કંઈ અશાંતિ આપે એવું કશું નથી હોતું.

૪૫૭૨ અક્રમ માર્ગ એ કંઈ સંપ્રદાય નથી, ધર્મ નથી, વાડો નથી. આ તો સમજણ બતાડવાની છે. એ હિસાબે તમે ચાલો તો તમારું કામ થઈ જાય.

૪૫૭૩ સંપ્રદાય બધા ટેમ્પરરી રસ્તા છે. સગડી પાસે બેસીએ ત્યાં સુધી ટાઢ ઊડે અને ઊભા થયા તો એનો એ જ. આ અક્રમ વિજ્ઞાન ઈટસેલ્ફ એવા સ્વભાવનું છે કે ફરી ક્યારેય ટાઢ ના આવે.

૪૫૭૪ જેને એ સ્ટૅન્ડર્ડ ન જ ગમતા હોય અને પૂર્ણ સ્વતંત્ર થવું હોય અને કિંચિત્‌માત્ર દુઃખ સહન થતું ના હોય, તેને માટે આઉટ ઑફ સ્ટૅન્ડર્ડ આવવાની જરૂર છે.

૪૫૭૫ આ અક્રમ એ છેલ્લું સ્ટૅન્ડર્ડ છે. પછી આગળ ભણવાનું રહેતું નથી.

૪૫૭૬ લાસ્ટ સ્ટૅન્ડર્ડ હોય તે આપણને મુક્તિ આપે. બીજા

સ્ટૅન્ડર્ડો આપણને ઉપર લઈ જાય, ડેવલપમેન્ટ કરાવે.

૪૫૭૭ દરેક ધર્મ સાચા છે પણ સરખા નથી.

૪૫૭૮ આ બધા ધર્મ સરખા છે એમ કહેવાથી બધા ધર્મના પ્રમાણ દુભાયા કહેવાય.

૪૫૭૯ અંદર શાંતિ વધતી જાય તો જાણવું કે મનુષ્ય જીવનનો ધ્યેય પ્રાપ્ત થવા માંડ્યો છે. અને આગળ બીજા ઊંચા સંજોગો મળ્યા ને મોક્ષમાં જવાય એવી ચાવીઓ મળવા માંડી, એટલે આપણે જાણીએ કે મનુષ્ય જીવન સાર્થક થવા માંડ્યું બધું.

૪૫૮૦ અંતરદાહ મટ્યો એટલે જાણવું કે મોક્ષમાં જવાની તૈયારી થઈ ગઈ, વાજાં વાગ્યા !

૪૫૮૧ અંતરદાહ નિરંતર બળ્યા કરે જીવને. અંતરદાહ મટી જાય તો એ સાચું જ્ઞાન કહેવાય.

૪૫૮૨ પરિણામ પામે તે ધર્મ. આપણે ચામાં ખાંડ નાખીએ અને ગળી ના લાગે, તો એ ખાંડ પોતાના ધર્મમાં નથી. તો આપણે ના સમજીએ કે આ ખાંડ નહોય, બીજી વસ્તુ છે ?

૪૫૮૩ બરફને અડીએ અને દઝાય તો બરફ નહોતો એ વાત નક્કી થઈ ગઈ ને ? તેમ જો ધર્મ કરતા ચિંતા થતી હોય તો ધર્મ નથી, ખોટી વાત છે એ બધી.

૪૫૮૪ વિવેકથી સંસાર ચલાવાય, વિનયથી ધર્મ થાય અને પરમ વિનયથી મોક્ષ !

૪૫૮૫ આપણને જે પોસાતું ના હોય એ કોઈ સાથે ના કરીએ, એનું નામ જ વિવેક.

૪૫૮૬ સદ્‌વિવેક એટલે શું, કે આ મારી સ્ત્રી અને આ પારકી. પારકા ઉપર દૃષ્ટિય ના બગાડાય.

૪૫૮૭ સંસારી સાર-અસારનો વિવેક કરવો એને વિવેક કહેવાય અને ધર્મમાં સાર-અસારનો વિવેક કરવો એને વિનય કહેવાય.

૪૫૮૮ એક પત્નીવ્રત હોય ને બીજી સ્ત્રી પર દૃષ્ટિ ના બગડે તેને પણ અમે આ કાળમાં બ્રહ્મચર્ય કહીએ છીએ.

૪૫૮૯ કોઈ પારકાની સ્ત્રી હોય અને એની પર દૃષ્ટિ બગડી તોય જાનવરમાં જવું પડશે અને ભોગવી લીધી હોય તો તો વધારે કાળ રહેવું પડશે.

૪૫૯૦ આ બે જ વસ્તુ નડે છે; પરધન ને પરસ્ત્રી, બસ. પોતાનું ધન વાપરવાનો વાંધો નથી ને પોતાની સ્ત્રીની જોડે વાંધો નથી.

૪૫૯૧ અણહક્કનું ભોગવી લેવું, અણહક્કનું ખઈ જવું, ભેળસેળ કરવી એ બધું જાનવરમાં જવાની નિશાની !

૪૫૯૨ બીજા પાસેથી કંઈ પણ પડાવી લેવાનો ભાવ થવો એ બધુંય રૌદ્રધ્યાન છે.

૪૫૯૩ આ અવતારમાં જે અણહક્કનું લે છે, પણ છતાં પસ્તાવો કરે છે કે આ આવું ના લેવાય તો સારું, તો આવતો ભવ તો સુધારે છે, આ ભવ બગાડ્યો.

૪૫૯૪ અણહક્કનું લઈને ખુશ થાય, એ તો નિરાંતે કેટલાય અવતાર સુધી જાનવરમાં ફર્યા કરશે.

૪૫૯૫ તમારે ઘરે રાત્રે મહેમાન આવ્યા અને મનમાં ઉપાધિ લાગી, એનું નામ આર્તધ્યાન. અને જ્યારે જતા રહે ત્યારે સારું લાગે તે પણ આર્તધ્યાન.

૪૫૯૬ મહીં પીડા થઈ આપણને તે આર્તધ્યાન અને લોકોની ઉપર તિરસ્કાર થયો એ રૌદ્રધ્યાન.

૪૫૯૭ આર્તધ્યાન-રૌદ્રધ્યાન બુદ્ધિપૂર્વક કાઢે, તો એ બુદ્ધિથી જાય એવા છે.

૪૫૯૮ અવ્યભિચારિણી બુદ્ધિ સમ્યક્ હોય. તે બુદ્ધિ બધાનું સમાધાન કરે અને મોક્ષ તરફ લઈ જાય.

૪૫૯૯ વ્યભિચારિણી એટલે વિપરીત બુદ્ધિ. નિરંતર પોતાનું અહિત જ કર્યા કરે.

૪૬૦૦ આત્મજ્ઞાની પાસે જો એક કલાક જ્ઞાન સાંભળે ને, તો બુદ્ધિ સમ્યક્ થઈ જાય.

૪૬૦૧ સમ્યક્ બુદ્ધિ કોનું નામ કહેવાય ? એ હાર્ટિલી હોય. અને વિપરીત બુદ્ધિમાં હાર્ટ હોતું નથી.

૪૬૦૨ બુદ્ધિ તો એનું નામ કહેવાય કે સાચી વસ્તુ સમજી જાય.

૪૬૦૩ પુસ્તકમાં લખ્યું છે એ પુસ્તકજ્ઞાન છે, સાચું જ્ઞાન જોવાથી મળે.

૪૬૦૪ શાસ્ત્રો જાણવાની જરૂર નહોતી, આત્મા જાણવાની જરૂર હતી.

૪૬૦૫ શાસ્ત્રોમાં આત્મા હોય નહીં. શાસ્ત્રો તો આત્મા

પ્રાપ્ત કરવાનું મહીં સાધન બતાવે.

૪૬૦૬ આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું અને સર્વ જાણ્યું તેણે આત્મા જાણ્યો નથી.

૪૬૦૭ જેણે આત્મા જાણ્યો, પોતાના સ્વરૂપને જાણ્યું, એનો મોક્ષ અવશ્ય છે. એ પછી સંસારી હો કે ત્યાગી હો.

૪૬૦૮ ત્યાગ એ મોક્ષનો માર્ગ નથી, જ્ઞાન એ મોક્ષનો માર્ગ છે.

૪૬૦૯ જ્ઞાનથી ક્રોધ-માન-માયા-લોભ જાય, ત્યાગથી ના જાય.

૪૬૧૦ ત્યાગ તો હંમેશાં કેફી હોય. ત્યાગની પાછળ અહંકાર ઊભેલો જ હોય.

૪૬૧૧ પરસત્તા કરે છે ને પોતે કહે છે કે 'હું કરું છું.' તેથી જ સંસારમાં ઊભો રહ્યો છે. અને આ સંસાર ખૂટે જ નહીં કોઈ દહાડોય. અનંતાનુબંધી સંસાર ભોગવે છે.

૪૬૧૨ 'આ હું કરતો નથી, છતાં કોણ કરાવડાવે છે' એવા બધા વિચાર આવે ત્યારે અનંતાનુબંધી કષાય તૂટવાની તૈયારી.

૪૬૧૩ અનંતાનુબંધી કષાય હોય તો ભગવાને ધર્મ જ નથી કહ્યો. અપ્રત્યાખ્યાનથી જ ધર્મ શરૂ થયો, કહે છે.

૪૬૧૪ અનંતાનુબંધી કષાય જાય તો જ ભગવાને એને સાધુ કહ્યા છે.

૪૬૧૫ અનંતાનુબંધી કષાય જાય ને, તોય સમ્યક્ દર્શન થયું કહેવાય.

૪૬૧૬ આત્મજ્ઞાની પાસે જ્ઞાન સાંભળે, તો એ શ્રાવક થાય, ને શ્રાવક થાય એટલે અનંતાનુબંધી કષાય જાય. પછી તો એની મેળે જ ક્ષયોપશમ થયા કરે.

૪૬૧૭ સંજ્વલન કષાય એટલે શું ? પોતાને ક્રોધ-માન-માયા-લોભ થાય, બીજાને દુઃખદાયી ન થઈ પડે. અંદર ને અંદર સમાઈ જાય, પણ પોતાને દુઃખ કરે, ચિંતા કરે, ઉપાધિ કરે.

૪૬૧૮ વ્યવહાર બગડેલો છે ને વ્યવહારને શુદ્ધ કરવાનો છે. જો જ્ઞાની ના મળે તો શુભ કરવાનો છે અને જ્ઞાની મળે તો શુદ્ધ વ્યવહાર કરવાનો છે.

૪૬૧૯ ગુરુ વ્યવહારમાં ઉપકારી છે અને મોક્ષે જતા તો

જ્ઞાની ઉપકારી છે.

૪૬૨૦ જ્યાં પુનર્જન્મ છે, ત્યાં ગુરુતત્ત્વની જરૂર છે.

૪૬૨૧ કોઈ પણ જ્ઞાન ગુરુ વગર પ્રાપ્ત થાય એવું છે જ નહીં. સંસારી જ્ઞાનેય ગુરુ વગર થાય એવું નથી અને આધ્યાત્મિકેય જ્ઞાન ગુરુ વગર થાય એવું નથી.

૪૬૨૨ રસ્તો સૂઝતો હોય તો ગુરુની જરૂર નથી અને રસ્તો ના સૂઝતો હોય ત્યારે ગુરુની જરૂર છે.

૪૬૨૩ શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું કે બારમા ગુંઠાણા સુધી ગુરુની જરૂર પડશે. બારમા ગુણસ્થાનક એટલે ભગવાન થતા સુધી !

૪૬૨૪ આગળનું સ્ટૅન્ડર્ડ આવે એટલે આખા જગતને ગુરુ કરવા જેવું. નીચલા સ્ટૅન્ડર્ડવાળાને છે તે એક જ ગુરુ કરવાના.

૪૬૨૫ લઘુતમ અહંકાર, મારાથી બધાય મોટા, હું નાનો છું, એ સૌથી પ્રથમ મોક્ષે જાય. અહંકાર આટલો જ ફેરવે ને, તોય શાસ્ત્રોની જરૂર નહીં પડે.

૪૬૨૬ ગુરુતમથી આ બધા અંતરાયો પડ્યા છે, લઘુતમથી એ અંતરાયો તૂટશે.

૪૬૨૭ તું 'જાણું છું' ત્યાં સુધી ડફોળ છું ને 'નહીં જાણું' ત્યારે તું જ્ઞાની થઈશ. કારણ, જ્ઞાન કંઈ છેટું નથી. 'જાણું છું' એ તને અંતરાય પાડે છે.

૪૬૨૮ સૂક્ષ્મતમ કેફ, 'હું સમજું છું ને હું જાણું છું' અને આખો દહાડો ઠોકરો ખાતો હોય !

૪૬૨૯ કોઈ દહાડો, કોઈ સંબંધમાં, કોઈ પણ સંજોગમાં ગૂંચવાડો ઊભો ન થાય, એનું નામ પ્રકાશ કહેવાય.

૪૬૩૦ ધર્મનો સાર શું ? જિંદગીમાં કોઈ પણ પ્રકારે ગૂંચવાડો ઊભો ન થવા દેવો.

૪૬૩૧ ભગવાનનો ધર્મ તો બહુ સહેલો છે. આટલો જ, કે તને જે ગમે એટલું બીજાને આપ. એક જ શબ્દમાં બધો ધર્મ આવી જાય છે. પછી આત્મધર્મ જુદો રહ્યો.

૪૬૩૨ અધર્મમાંથી મુક્ત કરાવડાવે તે ધર્મ. સ્વધર્મ, જે સંસારની ત્રિઉપાધિથી મુક્તિ અપાવડાવે.

૪૬૩૩ આત્મધર્મનો કોઈ હરીફ ના હોય, બિનહરીફ.

૪૬૩૪ ધર્મને અને મોક્ષને લેવાદેવા નથી, આત્મજ્ઞાન અને મોક્ષને લેવાદેવા છે.

૪૬૩૫ મુક્તિ માટે શુભાશુભ બેઉ બેડીઓ નકામી છે. મુક્તિ માટે તો પોતાના સ્વરૂપનું ભાન થયું કે છૂટો થયો.

૪૬૩૬ મોક્ષે જવું હોય તો મુક્તિની જ વાત કરવી, સારા-ખોટાની ભાંજગડ નહીં કરવી.

૪૬૩૭ કર્મ બંધાતા અટકે ત્યારથી મુક્તિની શરૂઆત !

૪૬૩૮ ભગવાન સત્ કર્મય કરે એવા નહોતા ને અસત્ કર્મય કરે એવા નહોતા. આખી જિંદગીમાં કર્મ જ નથી કર્યું એનું નામ મહાવીર !

૪૬૩૯ સત્ ને અસત્ કર્મ બેઉ છૂટે ત્યાર પછી પુરુષ થાય. પુરુષ થયા પછી પુરુષાર્થ ઉત્પન્ન થાય છે.

૪૬૪૦ ખરો પુરુષ આત્મસાક્ષાત્કાર થયા પછી જ થાય છે. પછી પુરુષાર્થ ઉત્પન્ન થાય.

૪૬૪૧ આત્મસાક્ષાત્કાર એટલે પોતાના સ્વરૂપનું પ્રમાણ પકડાઈ ગયું, કે 'આ હું છું' એવું ભાન થયું એને.

૪૬૪૨ અરૂપીનો સાક્ષાત્કાર કરનારોય પોતે અરૂપી છે. એ સાક્ષાત્કાર કરનાર રૂપી નથી. એટલે સ્વભાવે સ્વભાવ મળી જાય.

૪૬૪૩ સ્વરૂપસ્થિતિ એને કહેવાય, કે એક ક્ષણ પ્રાપ્ત થઈ જાય તો અખંડ જ રહ્યા કરે.

૪૬૪૪ એક ક્ષણ ભાસ થવો આત્માનો, એ સર્વ ક્ષણ હોય. કારણ કે એ સ્વરૂપ એવું છે કે અંશે અંશે પ્રગટ થતું નથી. અનુભવ પછી થાય, પણ (સમ્યક્ દર્શન) પ્રગટ સર્વાંશ થઈ જાય છે.

૪૬૪૫ અંદર કૃષ્ણ ભગવાન દેખાય, તે કહેશે, 'મને ભગવાન દેખાયા.' નહોય, એ તો દૃશ્ય છે. એને જોનારો છે તે ભગવાન છે. એ દ્રષ્ટામાં દૃષ્ટિ નાખ.

૪૬૪૬ દ્રષ્ટામાં દૃષ્ટિ નાખો તો નિવેડો છે, નહીં તો દૃશ્યને જોઈને તો આખું જગત મૂંઝાયું જ છે !

૪૬૪૭ દ્રષ્ટા જડ્યો એટલે બધુંય અધ્યાત્મ પૂરું થઈ ગયું. પછી કશું કરવાનું રહ્યું નહીં. અઢાર પુરાણેય પૂરા થઈ ગયા, ચાર વેદ પૂરા થઈ ગયા.

૪૬૪૮ સત્‌ધર્મ ક્યારે ચાલુ થાય ? ત્યારે કહે, અધ્યાત્મની શરૂઆત થાય ત્યારે.

૪૬૪૯ છ તત્ત્વો છે એમાં અધ્યાત્મ (આત્મ સન્મુખ થવું) એ તો એક જ તત્ત્વ છે, પણ એકલું અધ્યાત્મ પૂરેપૂરું જાણે એટલે પાંચ તત્ત્વો જાણી લે પછી.

૪૬૫૦ જેને આ જગતમાં આધ્યાત્મિક બાબતમાં કોઈ પણ વસ્તુ જાણવાની બાકી નથી, એનું નામ જ્ઞાની !

૪૬૫૧ આત્મા તરફનું જ વલણ હોય ત્યાં સુધી અધ્યાત્મ હોય છે અને અધ્યાત્મ સંપૂર્ણ થાય છે એટલે વિજ્ઞાન થઈ જાય છે.

૪૬૫૨ જે જ્ઞાનથી ચિંતા બંધ થાય એનું નામ વિજ્ઞાન.

૪૬૫૩ જો કો'કનું માગી લાવતો હોય કે ચોરી લાવતો હોય તો ઠીક છે, પણ ઘરનું ખાતા-પીતાય છે તે ચિંતા, ત્યારે આ દેશ કેવો ?

૪૬૫૪ સીમંધર સ્વામીની આ દેશમાં બહુ જ જરૂર છે. કારણ કે વર્તમાન તીર્થંકર છે. એટલે લોકો આ દેરાસરમાં દર્શન કરશે ને, તોય ઘણા પાપ હળવા થઈ જશે.

૪૬૫૫ સીમંધર સ્વામી વર્તમાન તીર્થંકર છે. ભલે મહાવિદેહ ક્ષેત્રમાં રહ્યા પણ એમના પરમાણુ બધા અહીં આવ્યા કરે છે અને દૃષ્ટિ આ બાજુ છે એમની.

૪૬૫૬ જ્યાં જ્યાં પગલાં પડે ત્યાં એ તીર્થ થાય, એનું નામ તીર્થંકર !

૪૬૫૭ જિન એટલે આત્મજ્ઞાની અને જે તીર્થંકરો છે એ જિનેશ્વર કહેવાય. એ આત્મજ્ઞાનીઓના ઈશ્વર એવા જિનેશ્વર કહેવાય.

૪૬૫૮ આત્મજ્ઞાની હોય તેનામાં બુદ્ધિ ના હોય અને શાસ્ત્રજ્ઞાનીમાં બુદ્ધિ બહુ હોય.

૪૬૫૯ બુદ્ધિ વગરના જ્ઞાનીની કૅશ બૅંક હોય, બુદ્ધિવાળાની બધી ઉધારી બૅંકો હોય.

૪૬૬૦ નૉલેજ વિધાઉટ ઈગોઈઝમ ઈઝ ગૉડ. નૉલેજ વિથ

ઈગોઈઝમ એ બુદ્ધિ.

૪૬૬૧ જે જ્ઞાનમાં અહંકારનું પૉઈઝન પડ્યું એ બધી બુદ્ધિ અને જે જ્ઞાન નિરહંકારી છે એ જ્ઞાન. આ જ્ઞાન અને બુદ્ધિની છેલ્લી કક્ષાની ડેફિનેશન.

૪૬૬૨ દેહયોગ તો અહંકારથી થાય અને આત્મયોગ નિરહંકારથી થાય.

૪૬૬૩ પહેલો દેહયોગ, પછી વચનયોગ, પછી મનોયોગ અને પછી આત્મયોગ. જો આત્મયોગ પ્રાપ્ત ના થાય તો બધા યોગ નકામા ગયા.

૪૬૬૪ યોગ વસ્તુ ખોટી નથી, પણ જે મન-વચન-કાયાનો યોગ છે એ ભૌતિક ફળ આપે છે અને આત્મયોગ એ મોક્ષફળ આપે છે.

૪૬૬૫ આખા શરીરમાં જો ચેતન જેવી કોઈ ચીજ હોય તો ચિત્ત જ છે, બીજું કોઈ ચેતન છે નહીં. બુદ્ધિ ચેતન નથી. અને ચિત્ત જ અશુદ્ધ થઈ ગયેલું છે.

૪૬૬૬ મનને શુદ્ધ કરવાની જરૂર નથી. મન તો જેવું છે એવું જ રહેવા દેવાની જરૂર છે. ચિત્તને શુદ્ધ કરવાનું છે.

૪૬૬૭ ચિત્ત અશુદ્ધિને લઈને આ સંસાર છે ને ચિત્ત શુદ્ધિથી મોક્ષ છે.

૪૬૬૮ સંપૂર્ણ સ્વતંત્ર, ભગવાન પણ ઉપરી નહીં એનું નામ મોક્ષ.

૪૬૬૯ ભગવાન પણ તમારા ઉપરી નથી. પણ જ્યાં સુધી પોતાને આ ભૌતિક સુખો ભોગવવાની લાલસા છે, ઈચ્છાઓ છે, ત્યાં સુધી ભગવાન ઉપરી છે.

૪૬૭૦ ખરેખર ભગવાન ઉપરી નથી, માટે આ અમે ઉપરીપણું સ્વીકારેલું નહીં. અને અંદરથી શોધખોળ અમારી કે ભગવાન એ અન્ડરહેન્ડયે નથી અને ઉપરીયે નથી.

૪૬૭૧ યમરાજ નથી પણ નિયમરાજ છે. તે આ નિયમરાજને બદલે યમરાજ આપ્યું, તે આખું હિન્દુસ્તાન ભયથી બળી બળીને ખલાસ થઈ ગયું.

૪૬૭૨ નિયમરાજ એટલે આ કુદરતનો નિયમ. નિયમ મારે છે ને નિયમ જીવાડે છે, એમાં પછી ભય રાખવાનું ક્યાં કારણ રહ્યું ?

૪૬૭૩ વાસ્તવિકતા શું છે એ જાણતા નહીં હોવાથી ભય છે. વાસ્તવિકતા જાણો તો કશું ભય રહેતો નથી.

૪૬૭૪ લૌકિક એટલે વાસ્તવિક નહીં, આગે સે ચલી આઈ !

૪૬૭૫ આ લૌકિક જ્ઞાન ઉઘાડું પડી ગયું અને અલૌકિક જ્ઞાન છૂપું રહેલું છે. એ જ્ઞાનીઓ એકલા જ જાણે.

૪૬૭૬ જ્ઞાની 'છે' એને 'છે' કહે અને 'નથી' એને 'નથી' કહે. એમને 'છે' એની પર રાગ નથી અને 'નથી' કહે એની પર દ્વેષ નથી.

૪૬૭૭ વાસ્તવિક જો જાણવું હોય તો વ્યૂ પૉઈન્ટ છોડી દેવો પડે.

૪૬૭૮ આ વ્યૂ પૉઈન્ટમાં જ ડિઝોલ્વ થઈ ગયેલા છો, ફૅક્ટમાં નથી ડિઝોલ્વ થયેલા. અમે ફૅક્ટમાં ડિઝોલ્વ થયેલા છીએ.

૪૬૭૯ દુનિયામાં અલૌકિક ચીજની વાત તમે સાંભળી રહ્યા છો, ઈટર્નલની. તે સાંભળતા જ સર્વે કર્મો ભસ્મીભૂત થઈ જાય.

૪૬૮૦ એક ક્ષણ પૂરતું 'આ જગત શી રીતે ચાલે છે' તે સમજાયું હોત તો કલ્યાણ થઈ જાત.

૪૬૮૧ 'આ જગત કોણ ચલાવે છે' એ ભાન નહીં હોવાથી ઈગોઈઝમ છે.

૪૬૮૨ વિજ્ઞાનથી જગત ચાલી રહ્યું છે, કોઈને ચલાવવાની જરૂર ના પડે.

૪૬૮૩ સંચાલન કરનારા ભગવાન નથી, ભગવાન તો પરમાનંદ કરનારા છે અને પ્રકાશ આપનારા છે. સંચાલન કરનાર તો કુદરત છે.

૪૬૮૪ લૌકિક રીતે ભગવાનને જાણે છે. જ્યારે અલૌકિક રીતે જાણશે, ત્યારે સ્પર્શ થશે સમકિતનો.

૪૬૮૫ ભગવાનમાં શક્તિ છે પણ એ આમાં (કોઈ કાર્યમાં) હાથ ઘાલતા નથી ને માણસમાં શક્તિ નથી ત્યારે આમાં હાથ ઘાલ ઘાલ કરે છે.

૪૬૮૬ કશામાં હાથ ના ઘાલે, એનું નામ ભગવાન. નિરાળા રહે, નિર્લેપ રહે અને દરેક જીવને હેલ્પ કર્યા કરે.

૪૬૮૭ આત્મા થર્મોમિટર જેવો છે. એનો પ્રકાશ મળ્યા કરે

છે કે આ ખોટું છે અને આ ખરું છે, બેઉ પ્રકાશ મળ્યા કરે છે.

૪૬૮૮ ક્રિયમાણ જીવાત્માનું છે અને પ્રકાશ ભગવાનનો છે. જો ક્રિયમાણ છોડી દે તો ભગવાનની મહીં એકાકાર થઈ જાય, એટલે કાયમનું સુખ થઈ જાય.

૪૬૮૯ સંપૂર્ણ સુખ એ જ ભગવાન ! ભગવાનને ખોળે છે એટલે સુખને ખોળે છે. ભગવાન એટલે કંઈ બીજી વસ્તુ નથી. કાયમનું સુખ, સનાતન સુખ !

૪૬૯૦ અલ્ટિમેટ ગોલ ઑફ લાઈફ એટલો જ છે, કે આ પોતાની સર્વસ્વ નબળાઈઓ જાય ને પરમેનન્ટ સુખ, સનાતન સુખ પ્રાપ્ત થાય.

૪૬૯૧ સુખ અંદર છે, સુખ બહાર છે જ નહીં. બહાર ખોળવું તે જ ભ્રાંતિ છે.

૪૬૯૨ સનાતન સુખ મૃત્યુ પછીય સાથે જ રહે. આ સનાતન સુખ આત્માનો સ્વભાવ છે, આ દેહનો સ્વભાવ નહોય. આત્માનો મુખ્ય ગુણ છે એ.

૪૬૯૩ સનાતન સુખ ઉત્પન્ન થાય તો બધાય ધર્મનો સાર ઉત્પન્ન થયો કહેવાય.

૪૬૯૪ આ સુખ અને દુઃખને માટે ધર્મ ને અધર્મ છે અને સનાતન સુખને માટે 'પોતે કોણ છું' એ જાણવું જોઈએ.

૪૬૯૫ અહંકાર એટલે આંધળો. આંધળો એટલે 'હું કોણ છું' શી રીતે ખબર પડે ? એ તો દેખતો થાય તો 'હું કોણ છું' ખબર પડે.

૪૬૯૬ જો લોભનો અહંકાર હોય તો લોભાંધ કહેવાય, માનનો અહંકાર હોય તો માનાંધ કહેવાય ને જેને અહંકાર ગયો એને અંધપણું ગયું, જાગ્રત થઈ ગયો.

૪૬૯૭ આપણે સ્વતંત્ર, પૂરેપૂરા સ્વતંત્ર ને પરવશતા કેમ ? ત્યારે કહે, આ અહંકારથી પરવશ થઈ ગયા.

૪૬૯૮ આ મનુષ્ય લાઈફ એકલી જ એવી છે કે જેમાં પરવશતામાંથી સ્વવશ થવાય.

૪૬૯૯ આખા સંસારના તમામ જીવોનું લક્ષ માનવજીવન છે અને માનવજીવનનું લક્ષ મુક્તિ છે.

૪૭૦૦ મુક્તિ પ્રયત્ન કરવાથી મળતી નથી, સહજભાવથી મળે છે. પ્રયત્ન કરવાથી સંસાર મળે.

૪૭૦૧ જો જ્ઞાની મળ્યા તો કશું કરવાનું નથી અને ના મળ્યા તો માથાકૂટ હતી જ ને !

૪૭૦૨ ખરો આત્મા ક્યાં છે, કે જ્યાં કોઈ મહેનત નથી.

૪૭૦૩ કશું પુસ્તક વાંચવું ના પડે, આગળ કશું કરવું ના પડે, એ જ્ઞાન સાચું.

૪૭૦૪ કશું કર્યા વગર અજ્ઞાનથી બંધાયો છે અને કશું કર્યા વગર જ્ઞાનથી છૂટી જાય.

૪૭૦૫ એક શેક્યો પાપડ ભાંગવાની શક્તિ મારામાં રહી નથી, ત્યારે આ જ્ઞાન પ્રગટ થયું છે. જ્યાં સુધી કંઈ પણ કરવાની શક્તિ છે, ત્યાં જ્ઞાન હોય નહીં.

૪૭૦૬ આ જ્ઞાન વગર આંતરિક શાંતિ થાય નહીં અને કોઈને પણ સુખ અપાય નહીં. કારણ, પોતે ભમરડો, બીજાને શું સુખ આપી શકે ?

૪૭૦૭ અમારું કાર્ય શું ? ત્યારે કહે, જગતને અત્યારે જે અશાંતિ થઈ છે ને, એમાં પાણી છાંટ છાંટ કરવાનું.

૪૭૦૮ અમીન એટલે શું ? આમીન. આમીન એટલે દેશને શાંતિ આપનારા.

૪૭૦૯ દેસાઈ એટલે દેસ + આઈ, મધર ઑફ ધ કન્ટ્રી. તે 'આઈ' એટલે મધર અને દેશની મધર એટલે દેશને જે શાંતિ આપતો હોય મધર જેવી.

૪૭૧૦ અશાંતિને શાંતિ માનવાનો એ જ અમારો જ્ઞાનીઓનો રિવાજ.

૪૭૧૧ દરરોજ ઈનામ શી રીતે લાગે ? અશાંતિ તો ઈનામ છે, કો'ક દહાડો લાગે.

૪૭૧૨ મોહનો જથ્થો વધી જાય ત્યારે નિરંતર અશાંતિ ઊભી કરે અને અહંકારનો જથ્થો વધી જાય તો ચિંતા કર્યા કરે.

૪૭૧૩ મોહના ફળરૂપે લક્ષ્મી મળે છે અને અહંકારના ફળરૂપે લક્ષ્મીરહિત થાય છે.

૪૭૧૪ પૈસાની જરૂર તમારે ના રહે, ત્યારે તમારી પાસે બહુ પૈસો હોય.

૪૭૧૫ પારકા હારુ કરવું એનું નામ પુણ્યૈ. ઘરના છોકરાં માટે તો સહુ કોઈ કરે. બિલાડી હઉ એના છોકરાં હારુ કરે ને !

૪૭૧૬ આપણા બાપે આપ્યું હોય એટલું આપણે છોકરાને આપી દેવાનું, એ હક્કદાર એટલો છે. અને બીજું આપણે આગળનો ડ્રાફ્ટ કઢાવી લેવાનો.

૪૭૧૭ પોતે પોતાના માટે વાપર્યું એ બધું ગટરમાં ગયું. પારકા માટે વાપર્યું એ ઓવરડ્રાફ્ટ કહેવાય.

૪૭૧૮ ચોરી થાય તોય છે તે તમારા પૈસા સાચા રસ્તે ગયા, પણ જો તમારા ઘરમાં વપરાઈ જાય તો ગટરમાં ગયા.

૪૭૧૯ જે નાણું આવતે ભવ કામ ના લાગે, જેનો આવતા ભવનો ઓવરડ્રાફ્ટ ના નીકળે, એ બધુંય ગટરમાં ગયું.

૪૭૨૦ સારા માર્ગે, ધર્મમાં વપરાય એને લક્ષ્મી ખૂટે નહીં અને સંસારમાં મોજમાં વપરાય એ બધી ખૂટી જાય.

૪૭૨૧ નાણું સારા રસ્તે જવું એ બહુ પુણ્ય હોય ત્યારે જાય.

૪૭૨૨ જે પુણ્યના કર્મ કરીએ, સારા કર્મ, અને તેમાં સાંસારિક કોઈ પણ ઈચ્છા ના હોય, તે વખતે પુણ્ય જે બાંધીએ એ પુણ્યાનુબંધી પુણ્ય.

૪૭૨૩ પુણ્યાનુબંધી પુણ્ય હોય તો મોક્ષે લઈ જવાના સાધનો ગોઠવી આપે અને એ સંયોગો પ્રાપ્ત કરાવડાવે.

૪૭૨૪ આ જગતનું નિયંત્રણ ગયા અવતારના કરેલા પુણ્ય અને પાપ કરે છે.

૪૭૨૫ પાપનો ઉદય એટલે તમારી ઈચ્છાની વિરુદ્ધ થાય અને પુણ્યનો ઉદય એટલે તમારી ઈચ્છા પ્રમાણે થાય.

૪૭૨૬ સારો પુણ્યનો ઉદય હોય ત્યારે સુબુદ્ધિ કામ કરે અને પાપનો ઉદય હોય ત્યારે દુર્બુદ્ધિ ઉત્પન્ન થાય.

૪૭૨૭ કુદરતનો કાયદો એવો છે, કે જેની ઊંચી ગતિ થવાની હોય તે ગજવું કાપવા જાય તો એને પકડાવી દે ઝટ અને અધોગતિ થવાની હોય તેને સો વખતેય પકડાવા ના દે.

૪૭૨૮ ગજવું કપાય તો કર્મનો ઉદય તમારો, કાપનાર નિમિત્ત છે. તે તમારે તો ઉપકાર માનવો કે તેં મને આ કર્મમાંથી છોડાવડાવ્યો.

૪૭૨૯ કો'ક ટૈડકાવે ને ઊંઘ ના આવે, અગર ગજવું કપાય ને ઊંઘ ના આવે, તો તેં કશું જાણ્યું જ નથી.

૪૭૩૦ જાણ્યાનું ફળ પરમ સુખ આપે, એનું નામ જાણ્યું કહેવાય. સુખ નહીં પણ પરમ સુખ આપે.

૪૭૩૧ વાઘ અપમાન કરે તો ? ઊભી પૂંછડીએ દોટ મેલે ! આ વાઘનું સહન કરો તો બધા લોકોનું કરી લો. વાઘ કરતાં માણસ મોટો નહીં ?

૪૭૩૨ મોટા માણસ હોય ને, એટલે અપમાન સહન ના થાય. નાના માણસ કરે.

૪૭૩૩ મહાદેવજી છે તે આટલા બધા ઝેરના પ્યાલા પી ગયા તો આપણે ના પીવું જોઈએ ? કોઈ ગાળ ભાંડે એટલે આપણે તરત એને આશીર્વાદ આપીને પી જવું જોઈએ.

૪૭૩૪ ધર્મ તેનું નામ કહેવાય કે ધર્મ થઈને પરિણમે. અપમાન આવે તો એ સારી રીતે સહન થાય.

૪૭૩૫ ધર્મ એટલે શું ? બાવા થવાની જરૂર નથી, સંસારમાં ટેસ્ટેડ થવાની જરૂર છે.

૪૭૩૬ બધા સંસારી છે, ત્યાગીઓને ત્યાગ કરવાનો સંસાર છે અને આમને ગ્રહણ કરવાનો સંસાર, પણ બન્ને સંસારી જ છે.

૪૭૩૭ અજ્ઞાની એનું નામ સંસારી, એ પછી સાધુ હોય કે ગમે તે હોય અને જ્ઞાની એ અસંસારી.

૪૭૩૮ સંસારીઓ બધા વ્યાકુળતામાં હોય અને ત્યાગીઓ આકુળતામાં હોય, અને અમે આ જ્ઞાન આપીએ એટલે નિરાકુળતા નામનો ગુણ ઉત્પન્ન થાય છે.

૪૭૩૯ 'હું કરું છું, તે કરે છે ને તેઓ કરે છે' એ જ્યાં સુધી બોલે છે ત્યાં સુધી ભ્રાંતિ છે ને ત્યાં સુધી આકુળ-વ્યાકુળતા જ છે.

૪૭૪૦ કર્મ કરતા હોય તે બંધ નહીં કરવાનું, ખાય-પીવે, વેપાર-બેપાર બધું કરે, પણ કર્તાપદ છૂટી જાય ત્યારે દહાડો વળશે.

૪૭૪૧ ધંધો કંઈ કૈડતો નથી આપણને, આપણી રોંગ બિલીફો કૈડે છે.

૪૭૪૨ આટલી બધી રોંગ બિલીફ કમાયો, તોય પૈસાવાળો ના થયો (?) કેટલી રોંગ બિલીફો કમાયો તોય નોકરી કરવા જવું પડે છે, નહીં ?

૪૭૪૩ સંસાર કંઈ છોડવાની જરૂર નથી. સંસાર ખોટો નથી, આપણી સમજણ ખોટી છે, દૃષ્ટિફેર છે.

૪૭૪૪ ત્યાગ અજ્ઞાનતાનો કરવાનો છે.

૪૭૪૫ સંસારની બહાર નીકળી શકે નહીં માણસ. એના કરતાં સંસારમાં રહો અને વૉટ ઈઝ કરેક્ટ અને વૉટ ઈઝ ઈન્કરેક્ટ, એ બેના ભેદ પાડી દો.

૪૭૪૬ દેહમાં આત્મબુદ્ધિ એનું નામ દેહાધ્યાસ. દેહ તે હું જ છું એનું નામ દેહમાં આત્મબુદ્ધિ.

૪૭૪૭ જ્યારે આત્મામાં આત્મબુદ્ધિ થશે અને દેહમાં પુદ્ગલ બુદ્ધિ ઉત્પન્ન થશે, ત્યારે સમ્યક્ત્વ કહેવાય.

૪૭૪૮ જ્યારે આત્મામાં આત્મબુદ્ધિ થાય ત્યારે એને પોતે કોઈનું અવલંબન લેવું ના પડે.

૪૭૪૯ આ દુનિયામાં કોઈ ચીજનું અવલંબન લેવું ના પડે, સહારો ના લેવો પડે, હૂંફ ના લેવી પડે, ત્યારે પૂર્ણ સંતોષ થાય.

૪૭૫૦ આ જગત સાપેક્ષ છે અને આત્મા નિરપેક્ષ છે.

૪૭૫૧ જ્યાં સુધી તમે સાપેક્ષવાદમાં છો ત્યાં સુધી તમને અવલંબનની જરૂર. અમને અવલંબનની જરૂર ના હોય. અમે નિરાલંબ હોઈએ.

૪૭૫૨ આ રિલેટિવ બધું નિરાધાર કહેવાય છે. એને આધારની, અવલંબનની જરૂર અને આત્મા નિરાલંબ છે, એને કોઈ આધારની જરૂર નથી.

૪૭૫૩ આ આધારી સગાઈઓ છે. આધાર નિરાધાર થયો કે ગયું બધું. આ ભવ પૂરતુંય ના રહે.

૪૭૫૪ છોકરો અને બાપ, સ્ત્રી અને ધણી એ ખરેખર સાચા સંબંધ નથી, વેપારી સંબંધ છે. વેપારી સંબંધમાં શું આનંદ કરવાનો ?

૪૭૫૫ મનુષ્યનો જગત સાથેનો સંબંધ એનો ભ્રાંતિમય સંબંધ છે અને પરમાત્મા સાથેનો સંબંધ સાચો સંબંધ છે.

૪૭૫૬ એક આટલું સંસારી સુખ ભોગવવા હારુ લોકોની વહુ થાય છે ને કેટલા દુઃખ ભોગવે છે !

૪૭૫૭ આ આત્મા કોઈની 'બહૂ' (વહુ) થયેલો છે ? પણ 'આવી ફસાયા' ! એ પુદ્ગલની ફસામણમાં આવ્યા ત્યારે આ વહુ થવું પડ્યું ને !

૪૭૫૮ જે સંસારના બંધન છે એ રિલેટિવ બંધન છે, રિયલ

નથી. રિલેટિવ બંધનથી દુઃખ નથી, આ રિયલી માને છે એટલે દુઃખ છે.

૪૭૫૯ લોક તો દેખે એવું ના કહે ? કે આ ધણી-ધણિયાણી છે. પણ આપણે માની લઈએ તો ઊંધું થાય ને ?

૪૭૬૦ મોહ રાખવામાં વાંધો નથી. મોહ રાખ્યો કોનું નામ કહેવાય કે જેની જોડે મોહ હોય ત્યાં તિરસ્કાર ના હોવો જોઈએ.

૪૭૬૧ વિષયાનંદની પ્રીતિ જો છૂટે ને, તો બીજા ચાર વિષયો નડતા જ નથી. કારણ, ચાર વિષયોમાં સામો દાવો કરનાર નથી ને !

૪૭૬૨ લગ્ન એટલે બે મનનો કોન્ટ્રાક્ટ. જ્યાં આપણા મનને જ પહોંચી નથી વળતા, વળી પાછું બીજા મનને ક્યારે પહોંચી વળીએ ?

૪૭૬૩ બધા વેર જ વિષયમાંથી ઊભા થયા છે. એની ઈચ્છા પૂર્ણ ના થાય એટલે તમારી જોડે વેર, હડહડાટ.

૪૭૬૪ આ સંસારમાં જો વિષય ના હોત ને, તો ક્લેશ જ ના હોત.

૪૭૬૫ પોતાની સ્ત્રી છે તે જમાડે છે તેથી દબડાવતી નથી, વિષયથી દબડાવે છે.

૪૭૬૬ આત્માની બધી શક્તિ છે ! મનમાં નક્કી કરે કે 'મારે દબડાવીને આ લોકોની પાસેથી પડાવી લેવું છે' એટલે ત્રાગા કરતા આવડી જાય.

૪૭૬૭ એકલું આ અબ્રહ્મચર્ય છોડે તો આખું જગત બધું આથમી જાય છે !

૪૭૬૮ વિચાર વિષય જાય તો દેવગતિ મળે, પણ જો જ્ઞાન ના હોય તો. જ્ઞાન હોય તો મોક્ષ મળે.

૪૭૬૯ વિચાર એક હોય ને ફણગા પાર વગરના ફૂટે !

૪૭૭૦ મનોબળ ક્યારે દૃઢ થાય, કે જેમ વિષયના વિચાર ઓછા થતા જાય, તેમ તેમ દૃઢ થતું જાય.

૪૭૭૧ આપણે અહીં હિન્દુસ્તાનમાં તો કષાયને લઈને વિષય આરાધે છે. જો કષાય ના હોય ને, તો વિષય આ લોકો આરાધે જ નહીં.

૪૭૭૨ 'હું કંઈક છું' એ જ કષાય આત્મા.

૪૭૭૩ કષાય આત્મા એટલે કષાયમાં જ રમણતા. કંઈક

તમને છંછેડ્યા અને તમારા પરિણામ એમાં ને એમાં રહ્યા-કર્યા, એટલો વખત કષાય આત્મા.

૪૭૭૪ બ્રહ્મચર્ય ના પળાય પણ આ અબ્રહ્મચર્ય ખોટું છે એવું જાણે તોય બહુ થઈ ગયું.

૪૭૭૫ 'આ ખોટું છે' એવા ભાવ સાથે જો ખોટું થાય તો ધીમે ધીમે એ ખોટું જતું રહે.

૪૭૭૬ ગાળ દે છે તે સામો ગુનો કરે છે ને આપણને ગુનામાંથી મુક્ત કરે છે.

૪૭૭૭ બધા મનુષ્યો રાત-દહાડો હિસાબ જ ચોખ્ખો કરી રહ્યા છે. પણ એ નવા હિસાબ બાંધતા જાય છે, એટલે આ હિસાબ પૂરો થઈ જતો નથી.

૪૭૭૮ કોઈ રૂપિયા પાછા આપે છે ત્યારે કેમ જમે કરી દો છો ? ત્યારે કોઈ ગાળો આપે તે એને જમે નહીં કરવાની ? આપણું આપેલું પાછું આપે છે.

૪૭૭૯ તમારે જો ચોપડા ચોખ્ખા કરવા હોય તો કોઈ ગાળ આપે એટલે તમારે જમે કરી દેવાની અને તે સમભાવે, એના તરફ ભાવ બગડ્યા સિવાય.

૪૭૮૦ આ કાર્ય (પુરુષાર્થ) કરવાની સ્વતંત્રતા તોડી નાખે છે કોણ ? કોઈએ તમને બે ગાળો આપી એટલે તમે પાંચ આપો, એ તમારી કાર્ય કરવાની સ્વતંત્રતા ખલાસ થઈ ગઈ.

૪૭૮૧ દુઃખ આપણી પાસે આવે ને, ત્યારે સમજવું કે આપણે આપેલું હશે તો જ આવે, નહીં તો આવે નહીં ને !

૪૭૮૨ કોઈ માણસ આપણા માટે ગુનેગાર નથી હોતો. આપણા જ ગુનાઓનું પેમેન્ટ થાય છે એની મારફત.

૪૭૮૩ જ્યારે ત્યારે તો હિસાબ ચૂકવવો જ પડશે ને, તો પહેલેથી કેમ ના ચૂકવી દેવો ? પછી ઘૈડપણમાં ચૂકવાય નહીં, અત્યારે જવાનીમાં ચૂકવાય.

૪૭૮૪ જ્યારે પુદ્ગલ જોરદાર હોય ત્યારે કષાય નબળા હોય અને ઘૈડો થાય ત્યારે કષાય જબરા થાય.

૪૭૮૫ કોઈને ગુનેગાર કહેશો ત્યાંથી તમારો ભવ વધારો થશે નિરાંતે.

૪૭૮૬ જગતમાં કોઈ કર્તા જ નથી. જે કર્તા ભાસે છે એ

ભ્રાંતિ છે. અને કર્તા ભાસે છે માટે એનું ફળ આવે છે.

૪૭૮૭ કોઈ ગુનો કરી જાય તો લેટ-ગો કરીને પણ તમે ફરી ગુનેગાર થશો નહીં, સરળ રહેજો.

૪૭૮૮ જગત અસરળ નથી, આપણી જ અસરળતા છે. અને આપણે લીધે જ જગત બગડ્યું છે. હું જ્યાં જ્યાં જઉં છું ત્યાં જગત સુધરેલું જ હોય છે.

૪૭૮૯ આડાઈ ના હોય એને સરળ કહેવાય, 'વાળ્યો વળે જેમ હેમ (સોનું).'

૪૭૯૦ સરળ એટલે શું ? ખેતરમાંથી ભીંડા લાવ્યા અને તરત વઘાર મૂકીને ચઢવા મૂક્યા કે એ દસ મિનિટમાં વરકો વળી જાય. અને અસરળ એટલે શું ? ફ્રિજમાં મૂકેલા ભીંડા !

૪૭૯૧ જે અહંકાર સરળ બનાવે નહીં, એ બધા ખોટા અહંકાર છે. જે અહંકાર સરળ બનાવે, એ અહંકાર સાચો.

૪૭૯૨ જેટલો સરળ એટલું પામે.

૪૭૯૩ સરળતા એટલે મોક્ષનો વારસદાર કહેવાય.

૪૭૯૪ જ્ઞાની સ્વભાવે શુદ્ધ હોય, તોય છે તે સામો માણસ જેટલો સરળ એટલી એને ઈફેક્ટ થાય. અસરળ હોય ને, તેને ઈફેક્ટ ઓછી થાય.

૪૭૯૫ અક્રમમાં, વ્રત-નિયમ કર્યા કે નથી કર્યા એ જોવાનું નથી, સરળતા જોવાની છે.

૪૭૯૬ વર્તે એનું નામ વ્રત, કરવું એનું નામ વ્રત નહીં.

૪૭૯૭ આ ત્યાગ કરે છે એ તો અહંકાર છે એક જાતનો. એ ઉદયથી હોવું જોઈએ, કરવાપણું ના હોવું જોઈએ.

૪૭૯૮ નિયમ જ છે, 'ત્યાગે ઈસકુ આગે.' કારણ કે ત્યાગ અહંકાર સિવાય થઈ શકે નહીં ને અહંકારે કરેલો ત્યાગ, એ ત્યાગનું ફળ અહંકારને લેવા આવવું પડશે.

૪૭૯૯ જે ત્યાગ કરવાની વસ્તુઓ છે ને, એ બધી ક્રમે ક્રમે ખરી પડે તેને ભગવાને 'વ્રત' કહ્યું.

૪૮૦૦ વ્રત તેનું નામ કહેવાય કે ખરી પડેલું હોય. એટલે

યાદ જ ના આવે ફરી. યાદ કરવાનું કોઈ કારણ જ ના હોય.

૪૮૦૧ ભાવ સંયમમાં આવે ત્યારે સાચા મહાવ્રત અને સાચા અણુવ્રત ઉત્પન્ન થાય.

૪૮૦૨ આર્તધ્યાન-રૌદ્રધ્યાન ક્યારેય પણ ન થાય, ધર્મધ્યાન અને શુક્લધ્યાન થાય, તો જાણવું કે ભાવ સંયમમાં આવી ગયો.

૪૮૦૩ રૌદ્રધ્યાન ને આર્તધ્યાનમાંથી નીકળવું એટલે ક્રોધ-માન-માયા-લોભ ખલાસ થઈ જવા.

૪૮૦૪ અંધારું ઉલેચવાનું નથી, અજવાળું કરવાનું છે.

૪૮૦૫ કોઈ કહે, 'કષાય કાઢવાના ?' ત્યારે કહે, 'કષાય કાઢવાની જરૂર નથી, આત્મા પ્રાપ્ત કરવાની જરૂર છે.' તો બધું જ જતું રહે.

૪૮૦૬ જગત ભૂલી જવાય એટલે જાણવું કે આત્મા પ્રાપ્ત થયો.

૪૮૦૭ જગતની સ્મૃતિ એ જ દુઃખ. જગતની વિસ્મૃતિ એ જ સુખ.

૪૮૦૮ સનાતન સુખ થાય ત્યારે જગત વિસ્મૃત થાય, નહીં તો જગત શી રીતે વિસ્મૃત થાય ?

૪૮૦૯ સંપૂર્ણ નિશ્ચય આત્મા કોને કહેવાય, કે જેને વ્યવહાર ચાલ્યા કરે પણ યાદગીરી કશી હોય નહીં.

૪૮૧૦ જગત વિસ્મૃત થાય જ નહીં ને ! પણ રાગ-દ્વેષ જગતમાં રહ્યા નહીં, તેને જગત વિસ્મૃત થઈ જાય.

૪૮૧૧ સમાધિ તો ઊતરે નહીં, એનું નામ સમાધિ કહેવાય.

૪૮૧૨ સમાધિ એટલે હંડ્રેડ પરસેન્ટ એલર્ટ. ફ્રૉમ એઈટી ટૂ હંડ્રેડ પરસેન્ટ એલર્ટ એ બધીય સમાધિ.

૪૮૧૩ સંપૂર્ણ એલર્ટ કોને કહેવાય છે, કે જેને 'હું એલર્ટ છું' એવું ભાન ના રહેતું હોય તેને. નહીં તો 'હું એલર્ટ છું' એવું ભાન રહે છે, એને ટ્વેન્ટી પરસન્ટ એલર્ટનેસ કપાઈ જાય છે.

૪૮૧૪ અવેરનેસ આવ્યા પછી બિવેરનેસમાં આવે છે, બિવેરનેસ આવ્યા પછી એલર્ટનેસમાં આવે છે, એલર્ટનેસમાં આવ્યા પછી એક્ઝેક્ટનેસમાં હું લાવું છું.

૪૮૧૫ એક્ઝેક્ટનેસ એટલે શું ? બધા કૉર્નરમાં, બધી ડિગ્રીઓમાં એક્ઝેક્ટ.

૪૮૧૬ બહાર ભાન જતું રહે એ લૌકિક સમાધિ અને ભાન સંપૂર્ણ રહે, સંપૂર્ણ જાગૃતિ રહે ત્યારે અલૌકિક સમાધિ.

૪૮૧૭ જીવનમુક્તનું મોટામાં મોટું લક્ષણ, સમાધિ હોય. કારણ કે દેહથી પણ બહાર (મુક્ત) રહેતા હોય.

૪૮૧૮ જે બૉડીના માલિક ના હોય, તે શેના માલિક થાય ? બ્રહ્માંડના માલિક. માલિકી વગરના માલિક, માલિકી નહીં કોઈ જગ્યાએ.

૪૮૧૯ અમે આ દેહમાં દેહના પાડોશી તરીકે રહીએ છીએ. દેહની માલિકીના દસ્તાવેજ ફાડી નાખેલા છે.

૪૮૨૦ બ્રહ્માંડના માલિક, તો નિરુપાધિ અને એક પ્લૉટની માલિકી, તો કેટલી બધી ઉપાધિ ! લોક સળીઓ કર કર કર્યા કરે.

૪૮૨૧ જે એક પણ પ્લૉટના માલિક થતા નથી, એ આખા બ્રહ્માંડના સ્વામી થાય છે. જેને થવું હોય તે માલિકીભાવ છોડી દેજો.

૪૮૨૨ મકાન કંઈ દુઃખ દે છે કે મમતા દુઃખ દે છે ?

૪૮૨૩ મકાન, પ્લૉટ એ બધું ભૂગોળમાં. અને મારા દાદા હતા ને મારા છોકરાંના છોકરાં એ બધું ઈતિહાસમાં. ઈતિહાસ-ભૂગોળ છે આ બધું જગત.

૪૮૨૪ 'દાદા' એટલે શું ? લાલ વાવટો ધર્યો, 'હવે જવાની તૈયારી કરો', કહે છે. અને લોક દાદા થાય એટલે ખુશ થઈ જાય છે. પોતાને ભાન જ નથી કે આ ગાડી કઈ બાજુ જઈ રહી છે !

૪૮૨૫ દાદો મટીને પાછો બાબો થયો, આ ધંધા ! આ બધું જો વિચારીએ ને, તો શરમ ભરેલું લાગે !

૪૮૨૬ આ દેહ જ રિલેટિવ સગાઈ છે, તે પોતાનો થાય નહીં, તો આ દેહના સગા તે વાઈફ, છોકરાં એ પોતાના થાય ખરા ?

૪૮૨૭ મોહનીય એટલે જ્યાં પોતે નથી ત્યાં પોતાપણું માનવું અને તેના જે રિલેશન એ પોતાના માનવા.

૪૮૨૮ ધર્મ ઠેઠ જોડે આવે. ધર્મ મિત્ર સમાન કામ કરે. બાકી આ સગાઈઓ તો આપણું કશું કામ કરે નહીં.

૪૮૨૯ રિલેટિવ સગાઈઓ એટલે શું ? આપણે જો સારું વર્તન રાખીએ તો એ સારું રાખે, નહીં તો આપણે ખરાબ વર્તન કરીએ તો એ ખરાબ કરે.

૪૮૩૦ રિલેટિવ સગાઈ છે, એ આપણે જરૂર હોય તો સાંધ સાંધ કરવું. પેલો ફાડ ફાડ કરે તો આપણે સાંધ સાંધ કરવું.

૪૮૩૧ આ રિલેટિવ સગાઈ છે, માટે તમારે સાચવ સાચવ કરવું જોઈએ. રિયલ હોય તો તો ભાંગફોડ કરો તોય વાંધો નથી, એ ક્યાં જતી રહેવાની છે ?

૪૮૩૨ બે ભાવ ઉત્પન્ન થાય; કાં તો ફાડવાનો ભાવ થાય, કાં તો સાંધવાનો થાય. પણ આપણે સાંધવાનો ભાવ રાખવો. પછી ન સંધાય એ ડિફરન્ટ મૅટર છે.

૪૮૩૩ જે ક્રોધ કરવાથી આખી જિંદગી અબોલા રહે એનું નામ અનંતાનુબંધી. ફરી સંધાય નહીં. સાંધવા જઈએ ને, તોય સંધાય નહીં.

૪૮૩૪ મિથ્યાત્વના અનુભવમાં કડવું જ મોઢું રહ્યા કરે અને કષાયનો અનુભવ તો ભયંકર વેદના થાય.

૪૮૩૫ કર્મો દુઃખ નહીં દેતા, કષાયો જ દુઃખ દે છે.

૪૮૩૬ બહાર કોઈ દુશ્મન છે જ નહીં. અંદરવાળા કષાય દેખાડશે કે આ આપણો દુશ્મન, પણ અંદર જ દુશ્મન બેઠા છે.

૪૮૩૭ બહારથી સહુ કોઈ માન આપતા હોય, પણ અંદર દુઃખ કર્યા કરે એ બધા કષાય.

૪૮૩૮ ક્રોધ-માન-માયા-લોભની પરમેનન્ટ ગેરહાજરી, તો એ 'ભગવાન' થઈ ગયા.

૪૮૩૯ ક્રોધ-માન-માયા-લોભની પાછળ હિંસકભાવને લઈને એ ચારેવ ભાવ પ્રકાશ કરે છે. હિંસકભાવ ઊડી જાય, ચારેવ ભાવ ખલાસ !

૪૮૪૦ માનમાં તિરસ્કારનો હિંસકભાવ રહેલો છે અને ક્રોધમાં તો પ્યૉર હિંસકભાવ જ છે.

૪૮૪૧ લોકોનું જે થવાનું હોય તે થાય પણ મારી પાસે લક્ષ્મી આવી જાવ બધી, એ લોભમાં હિંસકભાવ કહેવાય.

૪૮૪૨ કપટ એ બહુ મોટી હિંસા ગણાય છે.

૪૮૪૩ આખા જગતમાં જાણવા જેવું તો એટલું જ છે કે ક્રોધ-માન-માયા-લોભની નબળાઈ શી રીતે જાય, જેનાથી આ જગત ઊભું રહ્યું છે.

૪૮૪૪ માયાના છ છોકરાં: ક્રોધ-માન-માયા-લોભ, રાગ ને દ્વેષ, અને સાતમી એ પોતે.

૪૮૪૫ ઈગોઈઝમ ગયો કે બધી વંશાવળી ખલાસ થઈ જાય છે. માયા-બાયા નામનું કોઈ જનાવર નથી.

૪૮૪૬ માયા એટલે પોતાના સ્વરૂપની અજ્ઞાનતા. પોતાનું ભાન નહીં એનું નામ માયા.

૪૮૪૭ 'હું કોણ છું' એનું ભાન નહીં, એનું નામ 'અજ્ઞાન'. 'હું કોણ છું' એનું ભાન થયું, એને 'જ્ઞાન' કહેવાય.

૪૮૪૮ આખા જગતના તમામ સબ્જેક્ટ્સ જાણે એ બુદ્ધિમાં જાય અને પોતે પોતાને જાણે કે 'હું કોણ છું', એ જ્ઞાનમાં જાય.

૪૮૪૯ વિદ્યા બુદ્ધિપૂર્વક હોય અને જ્ઞાન આત્માનું હોય.

૪૮૫૦ બ્યાસી લાખ વિદ્યા એ તો લિમિટેડ હોય. અન્‌લિમિટેડ તો આત્મા એકલો જ છે.

૪૮૫૧ વિદ્યાધરોની વિરાધના કરી, તેથી આપણા દેશની બધી વિદ્યા નાશ પામી છે.

૪૮૫૨ રાવણને કોણ ખરાબ કહી શકે, કે જેણે જિંદગીમાંય કોઈ સ્ત્રી તરફ ખરાબ દૃષ્ટિ ન કરી હોય એ એકલો જ કહી શકે.

૪૮૫૩ બુદ્ધિમાં વધે તો મોટો વિદ્યાધર થાય ને કાચો પડે તો બુદ્ધુ થાય !

૪૮૫૪ જ્યોતિષ એ તો વિદ્યા છે, એ જ્ઞાન નથી.

૪૮૫૫ વિદ્યા અને જ્ઞાન એ એવી વસ્તુ છે કે આપવાથી વધે પણ ઘટે નહીં, બીજું બધું આપવાથી ઘટે.

૪૮૫૬ જ્યોતિષશાસ્ત્ર સત્ નથી, સત્ય છે. સત્ય બધું સાપેક્ષ હોય અને સત્ નિરપેક્ષ હોય.

૪૮૫૭ જેટલી અવિનાશી વસ્તુઓ હોય એટલી બધી સત્ કહેવાય. આપણે સંસારમાં સમજવા માટે સત્ કહેવું હોય તો આત્મા એ સત્ છે, ચૈતન્ય.

૪૮૫૮ સત્ પુરુષ તો કોને કહેવાય ? અવિનાશી સત્ જેને

પ્રાપ્ત થયું છે. સમ્યક્ત્વ અંશ જ પ્રાપ્ત થયું છે, પણ તોય એ સત્ પુરુષ કહેવાય.

૪૮૫૯ આત્મજ્ઞાન થયેલું ના હોય તેને સંત કહેવાય અને આત્મજ્ઞાન થયેલું હોય તેને સત્ પુરુષ કહેવાય.

૪૮૬૦ માનનો વેપાર ના કરે એ સંત પુરુષ.

૪૮૬૧ સંત પુરુષ તો જેની ચિત્તવૃત્તિઓની મલિનતા ઘણીખરી ખલાસ થઈ ગયેલી હોય અને ભૌતિક કંઈ જ જોઈતું ના હોય.

૪૮૬૨ પાપકર્મથી બચાવે એનું નામ સંત પણ પાપ ને પુણ્ય બેઉથી બચાવે એનું નામ જ્ઞાની કહેવાય.

૪૮૬૩ આપણે જે' જે' કરીએ તો ખુશ થાય એટલો અહંકાર હોય ને, તો વાંધો નથી પણ મમતા ના હોવી જોઈએ, એનું નામ સંત કહેવાય.

૪૮૬૪ જ્યાં મમતા છે ત્યાં ભ્રાંતિ છે અને મમતા નથી ત્યાં અહંકાર દેખાતો હોય તોય અહંકાર નથી.

૪૮૬૫ મમતા ના હોય ત્યારે સમતા થાય, નહીં તો મમતા હોય ત્યાં સુધી સમતા થાય નહીં.

૪૮૬૬ આ દુનિયામાં કોઈનું 'My' (મારું) છૂટેલું નહીં, ને છૂટે તો ભગવાન થાય.

૪૮૬૭ 'My' કોનું જાય ? કે દરેક વસ્તુ ઈચ્છા કર્યા વગર પ્રાપ્ત થતી હોય એનું 'My' જાય.

૪૮૬૮ બે જ શબ્દની જરૂર છે; બી સિન્સિયર ઍન્ડ બી મૉરલ. તો ભગવાન તરત જ મળે.

૪૮૬૯ મૉરલ અને સિન્સિયર આ બે ગુણો લો ને, તો બીજા કોઈ સત્યની જરૂર નથી.

૪૮૭૦ સિન્સિયર અને મૉરલ હોય એને પોતાનું રક્ષણ કરવું ના પડે. એ બે જ શબ્દો રક્ષણ કરે દરેક અવતારમાં.

૪૮૭૧ પોતાના કુટુંબની છોડી તો ના ભડકે પણ ગામની છોડીઓય ના ભડકે એ બધું મોરાલિટી કહેવાય.

૪૮૭૨ સિન્સિયારિટી એટલે શું ? ઈનસિન્સિયર જગ્યામાં સિન્સિયર રહેવું.

૪૮૭૩ સિન્સિયરલી એટલે હાર્ટિલી.

૪૮૭૪ હાર્ટિલી એટલે જ્યાં કંઈ બદલામાં લેવાનું નથી ત્યાં

સિન્સિયર રહેવું.

૪૮૭૫ ભગવાન જોડે દિલ્લગી થઈ જાય એટલે થઈ ગયો છુટકારો.

૪૮૭૬ હૃદય બુદ્ધિની જોડે જ ચાલતું હોવું જોઈએ. બુદ્ધિ એકદમ આગળ વધી જાય તો હૃદય બંધ થઈ જાય. આ તો બુદ્ધિને જ એડવાન્સ કરેલી.

૪૮૭૭ હૃદય હોય જ મનુષ્યને, જો બુદ્ધિ વધારે નહીં, બુદ્ધિ ઉપર એકાંગી ના થઈ જાય તો.

૪૮૭૮ ભગવા પહેરે કે કાળા પહેરે, એનાથી કંઈ ભગવાન મળે નહીં. ભગવાન તો મહીં હૃદય ચોખ્ખું થાય ત્યારે મળે.

૪૮૭૯ ભગવાન તો આ રહ્યા, ભગવાન મળતા તો વાર લાગે ? જેણે કપટનો પડદો ફેંકી દીધો, ત્યાં ભગવાનને ને એને કંઈ જુદાઈ નથી.

૪૮૮૦ અહંકારનો અર્થ શું ? હું ચંદુભાઈ છું. એનો અર્થ ભગવાન ને હું બે જુદા. ભગવાનની અંદર એકતા હતી, તે એકતા તૂટી ગઈ.

૪૮૮૧ મનુષ્યપણાની કિંમત ક્યારે ? ભગવાનને ઓળખે ત્યારે.

૪૮૮૨ ભગવાનને ઓળખે તો પોતે ભગવાન થાય.

૪૮૮૩ ભગવાન શું છે ને શું કરે છે ? એનો ધંધો શું છે ? એટલું જ જાણ્યું હોત ને, તોય બહુ સારું થાત.

૪૮૮૪ ભગવાન શું છે, એ પહેલું જાણવું જોઈએ. એનો નિર્ણય થયા પછી 'હું કોણ છું' એ તપાસ કરવી જોઈએ.

૪૮૮૫ જ્ઞાન એ જ ભગવાન છે.

૪૮૮૬ સંસાર એ ભ્રાંતિનો સાગર છે આ ! છે ખારો તોય મીઠો લાગે છે, એ અજાયબી જ છે ને !

૪૮૮૭ નિરંતર પરવશતાવાળો સંસાર વિચારવંતને કેમ પોસાય ?

૪૮૮૮ એક ફેર અપમાન થાય પછી વૈરાગ કેમ ના આવે ? અપમાન સહન કરવા આ જીવન છે ?

૪૮૮૯ ભૂલ થાય તેનો વાંધો નથી, પણ ભૂલને ભાંગે એ ડાહ્યા પુરુષો કહેવાય.

૪૮૯૦ દરેક ભૂલ ઉપદેશ લેવા માટે થાય છે. ભવિષ્યમાં જો એનો ઉપદેશ ના લઈએ તો આપણે મૂરખ કહેવાઈએ.

૪૮૯૧ સ્ત્રી ડફળાવે તો કંઈ ચાલે ? કાં તો જ્ઞાનીને ચાલે કે કાં તો નફ્ફટને ચાલે.

૪૮૯૨ અપમાન ભૂલે નહીં એ માણસ આ જગતને જીતે. જે ભૂલે એ માર ખાય. અનંત અવતાર ભૂલે છે ને માર ખાય છે.

૪૮૯૩ વેર રાખે તે તાંતો. વેર નહીં પણ વીતરાગભાવે યાદ રાખવાની જરૂર છે.

૪૮૯૪ વૈરાગ એટલે શું ? જેટલા દુઃખ પડેલા આ સંસારમાં અત્યાર સુધીમાં, તે બધા યાદ રહે, હાજર રહે.

૪૮૯૫ મોહ એટલે શું ? લીલની પેઠે આવરાઈ જાય, એની મેળે જ. વૈરાગ્ય ઘડી વાર આવેલો હોય ને, તે ઝપાટાબંધ જતો રહે.

૪૮૯૬ આ સંસારના સુખો જ્યારે દુઃખરૂપ પ્રતિભાસે, ત્યારે જાણવું કે મોક્ષને લાયક થયો.

૪૮૯૭ છૂટવાનો પ્રયત્ન કરે એનું નામ બંધાયેલો કહેવાય, પણ આ તો બંધાવાના પ્રયત્નો કરે, એને તો બંધાયેલોય કેમ કહેવાય ?

૪૮૯૮ સંસારની ગારવતા એવી છે, પોતે બંધાયેલા છે છતાં જાણતા નથી, મુક્ત જ માને છે પોતાની જાતને. બંધાયેલો છે એવું જાણે છે તેને મોક્ષનો પાર આવે છે.

૪૮૯૯ દરેકને છૂટવાની કામના હોય. પણ છતાં કહે, મારે છોકરાને ઘેર છોકરો હોય તો સારું ને ! એટલે આપણે જાણીએ કે આ બંધાવાનો જ કામી છે.

૪૯૦૦ બંધાવાનો કામી એટલે શું ? ત્યારે કહે, આ બધો સંસાર જ ગમતો હોય ને સંસારવૃત્તિ હોય.

૪૯૦૧ બધી કામના છૂટી જાય ત્યારે સાચું સમજવાના કામી થાય.

૪૯૦૨ છોકરાં ના હોય ત્યારે બાધાઓ રાખ રાખ કરે, ને છોકરાં થયા તો આખી જિંદગી કકળાટ કર્યા કરે. ત્યારે મૂઆ, બાધા શું કરવા રાખતો'તો ?

૪૯૦૩ બહુ પુણ્યશાળી હોય તેને સંતાન ના હોય. જેને આ ચોપડામાં દેવુંય ના હોય ને લેણુંય ના હોય, એનું ચોપડામાં કોઈ ખાતું હોય ખરું ?

૪૯૦૪ આ બધા મહેમાન છે, છોકરાં નહોય આ. આ તો મહેમાન તરીકે આવે છે, હિસાબ હોય તો ચૂકવવા માટે.

૪૯૦૫ નથી માની સગાઈ કે નથી બાપની સગાઈ, આ બધી ભ્રાંતિ છે. છતાં નાટકની પેઠ સાચું માની અને નાટકની પેઠ નભાવવાનું છે.

૪૯૦૬ ડ્રામાને સાચું માની લેવું એનું નામ ભ્રાંતિ.

૪૯૦૭ નાટક ક્યારે ભજવાય ? 'પોતે કોણ છું' એ જાણે, ત્યાર પછી બાકીનો ભાગ રહ્યો એ નાટક, ડ્રામેટિક !

૪૯૦૮ કોઈ પણ સંજોગોમાં રાગ-દ્વેષ ન થાય, એનું નામ ધર્મ. ભલે રાગ થાય, પણ દ્વેષ તો ન જ થવો જોઈએ.

૪૯૦૯ રાગ-દ્વેષ નથી તો તમને આ દુનિયામાં કોઈ બાધક વસ્તુ જ નથી અને રાગ-દ્વેષ છે તો બધી જ ચીજ બાધક છે.

૪૯૧૦ કપડાંલત્તાં, બૈરી-છોકરાં ભલે રહ્યા, કાઢવાનું શું ? રાગ-દ્વેષ.

૪૯૧૧ વિષયો સ્થૂળ છે, રાગ-દ્વેષ સૂક્ષ્મ છે.

૪૯૧૨ પુનર્જન્મ સમજ્યા વગર રાગ અને દ્વેષનો સાચો અર્થ સમજી શકે નહીં માણસ.

૪૯૧૩ જ્યારે પાંચ ઈન્દ્રિય થાય ત્યારે રાગ-દ્વેષ પ્રગટ થાય છે, ત્યાં સુધી ચાર ઈન્દ્રિયવાળાનેય પ્રગટ નથી થતા.

૪૯૧૪ રાગ-દ્વેષ એ જ કૉઝિઝ ઍક્શન છે.

૪૯૧૫ ઈફેક્ટને પ્રારબ્ધ કહેવાય અને કૉઝિઝને પુરુષાર્થ કહેવાય.

૪૯૧૬ જન્મ્યો ત્યાંથી તે છેલ્લા સ્ટેશન સુધી બધી ઈફેક્ટ છે, કૉઝ નહીં. કૉઝ ફેરફાર થઈ શકે, ઈફેક્ટ ફેરફાર ના થાય.

૪૯૧૭ મારે નહોતું કરવું, છતાં થઈ ગયું એનું નામ ઈફેક્ટ.

૪૯૧૮ ઈફેક્ટ બંધ થાય જ નહીં. ઈફેક્ટ એટલે શું ? ઈફેક્ટને વશ આપણે રહેવું પડે.

૪૯૧૯ ઈફેક્ટ આવડે જ, એ શીખવા જવું ના પડે. આમ દેખાવમાં શીખ્યા એવું લાગે.

૪૯૨૦ જ્યાં સુધી પોતે પોતાના સ્વરૂપમાં આવે નહીં, ત્યાં સુધી કૉઝિઝ બંધ થાય નહીં. ફક્ત કૉઝિઝ રૂપાંતર પામે. અશુભ કરતો હોય એ શુભ કરે અગર શુભવાળો અશુભ, પણ શુભ ને અશુભની બહાર ના જઈ શકે.

૪૯૨૧ કર્તા હોય એ કૉઝિઝપણું અને મમતા હોય એ કૉઝિઝપણું.

૪૯૨૨ આ ભવનું કોઈ પણ કૉઝ એવું નથી કે જેની આ ભવમાં જ ઈફેક્ટ આવે.

૪૯૨૩ એક કૉઝિઝ રૂપે રોગ રહ્યો છે અને એક ઈફેક્ટ રૂપે રોગ છે. આ સંસારરોગ થયેલો છે આત્માને.

૪૯૨૪ આપણે કૉઝિઝનો નાશ કરીએ છીએ એટલે કાયમને માટે એનો રોગ ગયો. ઈફેક્ટની આપણને કંઈ પડેલી નથી.

૪૯૨૫ ક્રમ માત્ર આરોપિત ભાવ છે, આ અક્રમ ડિરેક્ટ ભાવ છે.

૪૯૨૬ અક્રમ સ્વાભાવિક જ્ઞાન અને ક્રમિક પ્રકૃતિ જ્ઞાન કહેવાય. એ પ્રકૃતિથી પુરુષને પામવાનો માર્ગ અને આ પુરુષથી પુરુષને પામવાનો માર્ગ.

૪૯૨૭ બુદ્ધિ સંસારમાં બધું જ કામ કરી આપે અને મોક્ષે જતાય વાતને સમજી જવામાં તૈયાર, પણ મોક્ષે જવા ના દે. મોક્ષે જવું હોય તેને પાછો લાવે.

૪૯૨૮ બુદ્ધિ મોક્ષને માટે હેલ્પિંગ નથી એટલું સમજાશે, ત્યાર પછી એનું કામ આગળ વધશે.

૪૯૨૯ અત્યાર સુધી બુદ્ધિ વધાર વધાર કરી, હવે એ જેટલી ઓછી થશે તેમ તેમ હૃદય ખીલતું જશે, તેમ તેમ મોક્ષની નજીક આવતો જશે.

૪૯૩૦ અમારી પાસે આવે ને, એટલે હૃદયમાં જ પેસે. સમ્યક્ બુદ્ધિ થઈ કે હૃદયમાં પેઠો હડહડાટ.

૪૯૩૧ જેને કંઈકેય હૃદય હતું તે મને ભેગો થયો, નહીં તો ભેગો જ ના થાય.

૪૯૩૨ બહુ બુદ્ધિશાળી ને અહંકારી આંધળા, એના કરતાં ઓછા બુદ્ધિશાળી સારા બિચારા.

૪૯૩૩ જેટલી બુદ્ધિ એટલો જ એના કાઉન્ટર વેઈટમાં બળાપો હોય.

૪૯૩૪ અહંકારીને આત્મવિશ્વાસ હોય નહીં. અહંકારીને પોતાની જાત ઉપર ખુદનો વિશ્વાસ હોય પણ આત્માનો વિશ્વાસ ના હોય.

૪૯૩૫ આત્મા ઉપર શ્રદ્ધા બેસે તેનું નામ આત્મવિશ્વાસ કહેવાય.

૪૯૩૬ 'આ કામ થઈ જશે' એ પોતાની જાત ઉપર વિશ્વાસ છે એને, કે થઈ જશે એ. એમાં અહંકાર નથી. પણ 'આ કામ હું કરીશ જ', એમાં અહંકાર છે.

૪૯૩૭ વિલપાવરના તાબામાં કર્મ નથી, કર્મના તાબામાં વિલપાવર છે.

૪૯૩૮ ગમે એટલા રૂપાળા હોય ને, પણ જ્યાં અહંકાર તે કદરૂપા દેખાય.

૪૯૩૯ ઝઘડો ના કરે, કકળાટ ના કરે એ રૂપાળો.

૪૯૪૦ કકળાટ કરવો એના કરતાં ઉપાય કરવો સારો.

૪૯૪૧ મતભેદના સ્વભાવવાળો માણસ ફ્રેક્ચર થયા કરે.

૪૯૪૨ ફ્રૅક્ચર થયેલું જીવન, કાચના કપ-રકાબી જેવું જીવન શું કામનું ? આમ ફેંકે ને આમ ફેંકે પણ તૂટે જ નહીં, તોડનારો તૂટી જાય પણ એ ના તૂટે, એવું જીવન હોવું જોઈએ.

૪૯૪૩ મન મહીં કચડાય નહીં એટલે શક્તિ બહુ વધે અને મન વારેઘડીએ કચડાય એટલે નિર્બળ થતું જાય.

૪૯૪૪ અથડામણ બંધ થઈ એટલે જાણવું કે ચોખ્ખા થયા છીએ. શરીર ના અથડાય ને મન અથડાય તોય જાણવું કે હજુ તો બહુ કાચા છીએ.

૪૯૪૫ કોઈની ભૂલ ના કાઢે, અથડામણ ના કરે તો વાણી બધી સુધરી જાય.

૪૯૪૬ વાણી સુધરે તો તો પછી ભગવાન જ થઈ ગયો ને ! મન ને વર્તન બેની ચિંતા નથી, વાણીની ચિંતા છે.

૪૯૪૭ મન તો ગુપ્ત રીતે ચાલતું હોય, એ બીજાને નુકસાન ના કરે, પણ વાણીથી તો સામાને છાતીએ ઘા વાગે.

૪૯૪૮ 'આ બીજાને દુઃખદાયી વાણી ખોટી છે' એવું લાગે એટલે દહાડે દહાડે એમાં ફેરફાર થતો જાય.

૪૯૪૯ આચાર ખોળે છે એ ઊંધી દૃષ્ટિ છે અને અંદર સંયમ ખોળે છે એ સાચી દૃષ્ટિ છે.

૪૯૫૦ આ આચાર ફેરવવાની જરૂર નથી પણ ભાવ ફેરવવાની જરૂર છે. આચાર એ ડિસ્ચાર્જ વસ્તુ છે.

૪૯૫૧ આચરણ એ જ્ઞાનનું ફળ છે. આચરણમાં લોકોને ઊંધું કેમ આવ્યું છે ? એમને જ્ઞાન ઊંધું મળ્યું છે.

૪૯૫૨ અક્રમ વિજ્ઞાન એટલે ફુલ સ્ટૉપ છે, એટલે પૂર્ણવિરામ દશા છે. એટલે જે અહીં આગળ દીવો સળગાવી જાય, તેનું કલ્યાણ થઈ જાય !

૪૯૫૩ પૂર્ણ દશા પ્રાપ્ત કરવી એનું નામ અક્રમ વિજ્ઞાન !

૪૯૫૪ અમાસની આ રાત ચાલે છે આખી દુનિયામાંય. અને આ જરાક દીવો અડાડ્યો, કે બીજ થઈને ઊભી રહે ઝટ, બીજે જ કલાકે !

૪૯૫૫ ફુલ સ્ટૉપ વિજ્ઞાન કહેવાય અને કૉમાવાળું જ્ઞાન કહેવાય.

૪૯૫૬ સત્સંગ સાંભળતા જો બુદ્ધિ કૂદાકૂદ ના કરતી હોય તો જાણવું કે અહીંયા આગળ વિજ્ઞાન છે.

૪૯૫૭ બધી બાજુથી તાળા મળે, ગુણાંક મળે તો એ જ્ઞાન કહેવાય અને એ જ્ઞાન હાજર રહે.

૪૯૫૮ હર્ષ અને શોક વખતે હાજર થાય જ એનું નામ જ્ઞાન, બીજું બધું અજ્ઞાન.


૪૯૫૯ આપણને મનમાં જે અસમાધાન થાય કે તરત જ સમાધાન કરે ત્યારે જાણવું કે આ કરેક્ટ માર્ગ હાથમાં આવ્યો !

૪૯૬૦ આ સંસાર સમુદ્રમાં કોઈ જગ્યાએ આરો-કિનારો દેખાતો નથી. કંઈક આરો આવે એવું જ્ઞાન જોઈએ.

- જય સચ્ચિદાનંદ

સંસારમાં બધી રીતે વિશ્વાસ કરવા યોગ્ય અને ઠેઠ મોક્ષે જતા બધી રીતે વિશ્વાસ કરવા યોગ્ય પુરુષ એનું નામ 'આપ્તપુરુષ' કહેવાય. અને એમનું સૂત્ર એટલે એમણે બોલેલી વાણી. તે લોકોનું પઝલ સોલ્વ કરી આપે. લોકોનું કલ્યાણ કરી નાખે ! આ સૂત્રો એટલે ગુહ્ય બાબતો, ગુહ્ય વાતો, ગુહ્યતા બધું સમજણ પડે ! આપણા બધા કોયડા ઉકેલે. સંસાર સરળ કરે એનું નામ 'આપ્તસૂત્ર'.

- દાદાશ્રી



દાદા ભગવાન પ્રરૂપિત

# આપ્તસૂત્ર



૭

દાદા ભગવાન પ્રરૂપિત

# આપ્તસૂત્ર

## (ભાગ ૭ - ક્રમાંક ૪૯૬૧ થી ૫૭૦૦)

સંકલન : દીપકભાઈ દેસાઈ

પ્રકાશક : શ્રી અજિત સી. પટેલ
દાદા ભગવાન વિજ્ઞાન ફાઉન્ડેશન,
૧, વરુણ એપાર્ટમેન્ટ, ૩૭, શ્રીમાળી સોસાયટી,
નવરંગપુરા પોલીસ સ્ટેશન સામે, નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦૦૦૯, ગુજરાત.
**ફોન :** +૯૧ ૭૯ ૩૫૦૦ ૨૧૦૦, +૯૧ ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭

કોપીરાઈટ : © Dada Bhagwan Foundation,
5, Mamta Park Society,
B/h. Navgujarat College, Usmanpura,
Ahmedabad - 380014, Gujarat, India.
Email : info@dadabhagwan.org
Tel. : +91 9328661166/77

**All Rights Reserved. No part of this publication may be shared, copied, translated or reproduced in any form (including electronic storage or audio recording) without written permission from the holder of the copyright. This publication is licensed for your personal use only.**

**પ્રથમ આવૃતિ** : ૬,૦૦૦ ડિસેમ્બર, ૨૦૨૫

**ભાવ મૂલ્ય** : 'પરમ વિનય' અને
'હું કંઈ જ જાણતો નથી', એ ભાવ !

**દ્રવ્ય મૂલ્ય** : ૧૬૦ રૂપિયા (ભાગ ૬ થી ૧૦ - એક સેટના)

**મુદ્રક** : અંબા મલ્ટિપ્રિન્ટ,
એચ.બી.કાપડીયા ન્યુ હાઈસ્કૂલની સામે, છત્રાલ - પ્રતાપપુરા રોડ,
છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯, ગુજરાત.
**ફોન :** +૯૧ ૭૯ ૩૫૦૦ ૨૧૪૨

**ISBN** : 978-81-992022-0-7

**Printed in India**

# આપ્તસૂત્ર

## (ભાગ ૭ - ક્રમાંક ૪૯૬૧ થી ૫૭૦૦)

૪૯૬૧ આ દુનિયામાં કલ્પાંત, ક્લેશ અને કષાય એના જેવી મોટામાં મોટી કોઈ હિંસા નથી.

૪૯૬૨ એક ફેરો કલ્પાંત કર્યું તો કલ્પના અંત સુધી ભટકવાનું થઈ ગયું.

૪૯૬૩ નિયમ એવો છે કે આ દેહમાં જેટલા કર્મ જેની સાથે છે, એટલા કર્મ એ બધાની સાથે ચૂકતે થઈ જાય ત્યારે દેહ છૂટે.

૪૯૬૪ કર્મ ખપે છે એમ આયુષ્ય ખપતું જાય છે. જ્યારે કર્મ ખપી રહેશે ત્યારે આયુષ્યેય ખપી રહેશે.

૪૯૬૫ જ્યાં ઉપાય નથી, ત્યાં હર્ષ-શોક નકામા છે.

૪૯૬૬ પ્રાર્થના એક એવી ચીજ છે, જ્યારે કરવી હોય ત્યારે, જેને પહોંચાડવી હોય તેને પહોંચે એવી વસ્તુ છે. મૃત્યુ પહેલાય પહોંચે અને મૃત્યુ પછીયે પહોંચે.

૪૯૬૭ કૅન્સર આયુષ્ય નથી લેતું, 'આયુષ્યકર્મ' આયુષ્ય લે છે. આયુષ્યકર્મ મૂળ છે.

૪૯૬૮ આયુષ્ય બધું શ્વાસોશ્વાસના આધીન છે, વરસોના આધીન નથી.

૪૯૬૯ એવા કયા કર્મ છે કે જેનાથી આયુષ્ય ઓછું થઈ જાય છે ? ત્યારે કહે, બધા પ્રકારના ઈમોશનલ કર્મો.

૪૯૭૦ આયુષ્ય ઘટવાના કારણો વિષય અને ક્રોધ. લોભથી આયુષ્ય ઘટે નહીં, લોભથી વધે.

૪૯૭૧ એક જ ફેરો પરસ્ત્રીગમન થાય તો એક વરસ દહાડાનું આયુષ્ય તૂટી જાય, એટલા બધા શ્વાસોશ્વાસ વપરાઈ જાય.

૪૯૭૨ ક્રોધ તો હિંસા નથી, આત્મઘાત છે.

૪૯૭૩ પોતાના ઘરની સ્ત્રીઓ પોતાથી ભડકે એને જીવન કેમ કહેવાય ? માણસાઈ કેમ કહેવાય ?

૪૯૭૪ ધણીને દુઃખ થાય, એ સ્ત્રીનો ધર્મ જ નહોય.

૪૯૭૫ કોઈને દુઃખ ન થાય એવી રીતે વર્તન કરીને ચાલ્યા જવું, એટલી જ માણસની ફરજ.

૪૯૭૬ કોઈને દુઃખ ન થાય, ભય ન થાય, એ અભયદાન કહેવાય છે.

૪૯૭૭ કોઈ કહે, 'મારી પાસે પૈસા નથી તો હું શું દાન આપું ?' ત્યારે કહે, 'અભયદાન આપજે ને !'

૪૯૭૮ જ્યારે પૈસા ખૂટે ત્યારે માણસ વિચારશીલ થાય ને એનું ડેવલપમેન્ટ થાય છે.

૪૯૭૯ પ્રમાણિકતામાં બહુ સંકડાશમાં આવી જાય છે, ત્યારે આત્મશક્તિનો આવિર્ભાવ થાય છે.

૪૯૮૦ જગત આખું કહે છે, 'નીતિ પાળીશ તો મોક્ષે જઈશ.' ત્યારે હું કહું છું, 'અનીતિ પણ તું નિયમસર પાળીશ તો મોક્ષે જઈશ.'

૪૯૮૧ જે માણસ નિયમમાં રહીને અનીતિ કરે એને હું નીતિ કહું છું. ભગવાનના પ્રતિનિધિ તરીકે કહું છું, પાછો.

૪૯૮૨ અનીતિનો નિયમ રહે નહીં કોઈ દહાડોય. અનીતિ કરવા ગયો ને, એટલે એ એમાં આગળ વધતો જ જાય. અને નિયમથી કરે તો કલ્યાણ થઈ જાય.

૪૯૮૩ નિયમથી અનીતિ કરે એ નીતિવાન કરતાં શ્રેષ્ઠ છે. કારણ કે નીતિવાનના મનમાં તો રોગ પેસે કે 'હું કંઈક છું', જ્યારે આના મનમાં રોગ પણ ના પેસે ને !

૪૯૮૪ પોતાને જેટલી સમજણનું લેવલ હોય એ પ્રમાણે નીતિ હોય એની.

૪૯૮૫ ભ્રાંત પુરુષાર્થ એ આપણા કાબૂમાં નથી. પોતાનું જ્ઞાન, સમજણ હોય ને, એ પ્રમાણમાં થાય.

૪૯૮૬ ભ્રાંતિનો પુરુષાર્થ એ અહંકારનો પુરુષાર્થ, અને પછી જ્ઞાની પુરુષ પ્રકૃતિ જુદી કરી આપે તો સ્વપુરુષાર્થ ઉત્પન્ન થાય.

૪૯૮૭ આ મનુષ્યો એકલાને જ પુરુષાર્થ અને પ્રારબ્ધ બન્ને છે અને તેથી આ જગતનું ચક્કર ચાલી રહ્યું છે. જો એકલું જ પ્રારબ્ધના આધીન થઈ જાય મનુષ્ય, તો ચક્કર બંધ થઈ જાય.

૪૯૮૮ આ ભ્રાંતિમય જે પુરુષાર્થ છે, તેનું ફળ આવતા ભવે પ્રારબ્ધરૂપે આવે છે અને તેમાંથી નવો ભ્રાંતિમય

પુરુષાર્થ ઊભો થાય છે પાછો. એમ પુરુષાર્થ ને પ્રારબ્ધ બે ચાલુ જ રહ્યા છે.

૪૯૮૯ પહેલો (ભ્રાંત) પુરુષાર્થનો એન્ડ આવે, પછી પ્રારબ્ધનો એન્ડ આવે, એટલે સ્વતંત્ર થાય. (ભ્રાંત) પુરુષાર્થનો એન્ડ આવે ત્યારથી જ સ્વતંત્ર થઈ જાય છે.

૪૯૯૦ જેણે અક્રમ વિજ્ઞાન જાણ્યું છે, તેને ભાવ (ભ્રાંત) પુરુષાર્થ નથી. જેણે નથી જાણ્યું તેને ભાવ પુરુષાર્થ છે, આખા જગતનેય.

૪૯૯૧ ભાવકર્મ હોય ત્યાં સુધી અજ્ઞાનતા અને ભાવ જ્યાં રહ્યો જ નહીં ત્યાં જ્ઞાન.

૪૯૯૨ આ ક્રમિક માર્ગમાં હરેક ક્રિયા કરે, એ ક્રિયાની પાછળ ભાવ ઉત્પન્ન થયા વગર રહે નહીં, નહીં તો ક્રિયા નકામી જાય.

૪૯૯૩ જ્યાં સુધી કર્મ બાંધે છે ત્યાં સુધી જીવ છે અને કર્મ બાંધતો અટકી જાય એ શિવ થઈ ગયો.

૪૯૯૪ શરીર એ જીવ નહીં, 'હું છું' એ જીવ.

૪૯૯૫ આત્મા-પરમાત્મા એ શુદ્ધ ચેતન અને જીવ એ અશુદ્ધ ચેતન છે, બસ આટલો જ ડિફરન્સ છે.

૪૯૯૬ અસલ જ્યોતિસ્વરૂપ થઈ જાય પોતાનું સ્વરૂપ, અને તેમાં તન્મયાકાર થઈ જાય ત્યારે શિવરૂપ થાય.

૪૯૯૭ જે જીવો પુનર્જન્મ ના સમજતા હોય એ બધાને ભગવાને 'અભવ્ય' કહ્યા.

૪૯૯૮ આ હું કરતો નથી, કોણ કરે છે એવી હજુ શંકામાં પડ્યો છે એ 'દુર્ભવ્ય'. અને 'ભવ્ય' તો એમ જ સમજે કે આ પરસત્તા છે, મારી સત્તા નથી.

૪૯૯૯ ભગવાને કહ્યું'તું, કે 'દુર્ભવ્ય'ને ઉપદેશ આપવાની મહેનત કરજો, પણ 'અભવ્ય'ની જોડે મહેનત ના કરશો.

૫૦૦૦ હું આત્મા જ છું અને દેહાધ્યાસ તૂટી જાય, એને 'આસન્નભવ્ય' કહ્યો છે.

૫૦૦૧ 'ભવ્ય', 'અભવ્ય' એ બધા વિશેષણ છે, એ નામ નથી. વિશેષણનો નિયમ એવો કે ફર્યા જ કરે નિરંતર.

૫૦૦૨ 'ભગવાન' એ નામ નથી, વિશેષણ છે. એટલે જે

એને લાયક થાય તેને એ પ્રાપ્તિ થાય. એટલે દરેક માણસો ભગવાન થઈ શકે છે.

૫૦૦૩ 'ભગ' એટલે ગુણો, ગુણોનો ભંડાર. તે દસ લક્ષણરૂપી ગુણો (મૃદુતા, ઋજુતા, ક્ષમા વિગેરે) જેને પ્રાપ્ત થાય એ બધા 'ભગવાન' કહેવાય.

૫૦૦૪ અહીં જે જીવો ડેવલપ થતા થતા ફુલ કક્ષા નજીક આવ્યા, પૂર્ણ સ્વરૂપ થવા માંડ્યા એ ભગવાન.

૫૦૦૫ નરમાંથી નારાયણ થાય એ બધા વિભૂતિ કહેવાય.

૫૦૦૬ અમને ભગવાન થવાનો શોખ નથી, અમે જ્ઞાની પુરુષ છીએ. જે છીએ એ કહીએ છીએ.

૫૦૦૭ અમે જ્ઞાની પુરુષ છીએ એ વાત તો સાચી છે, પણ ચાર ડિગ્રીએ કરીને અજ્ઞાનીયે છીએ.

૫૦૦૮ હું ભગવાન થઈ બેસું નહીં. એક ડિગ્રીયે ઓછી હોય ને જો ભગવાન થઈ બેસશો તો નરકના અધિકારી થશો.

૫૦૦૯ પોતાની જાતને ભગવાન કહેવડાવવું એ તીર્થંકરોની બહુ મોટી વિરાધના કરી કહેવાય. એવી જવાબદારી હું ના લઉં.

૫૦૧૦ વ્યક્તિ ભગવાન તરીકે ક્યારે હોઈ શકે, કે જેનો આહાર-સંડાસ દેખાય નહીં એ સ્થિતિ થાય ત્યારે એ વ્યક્તિ ભગવાન તરીકે ગણાય.

૫૦૧૧ હું ભગવાન થઈ બેઠો હોય તો તમારું જેવું જોઈએ એવું કલ્યાણ ના થાય.

૫૦૧૨ મને ફક્ત આ લોકોને કેમ શાંતિ થાય ને લોકકલ્યાણ થાય એટલો જ ઈન્ટરેસ્ટ છે આ જગતમાં.

૫૦૧૩ જે સુખ હું પામ્યો છું એ લોકો પામે, એની ઉતાવળ છે મારે, મોક્ષની ઉતાવળ નથી.

૫૦૧૪ કેટલાય વખતથી અમારા શરીરને, મનને, બુદ્ધિને, બધાને હોડમાં મૂકેલા છે, કે જગત સુખને પામો.

૫૦૧૫ લોકોના માટે જ જીવન જીવવાનું હોય ને, ત્યારે યશ નામકર્મ આવે અને પોતાના માટે જીવન જીવે એને અપયશ નામકર્મ આવે.

૫૦૧૬ બધા લોકો કહે છે કે દાદાએ છે તે આ ચમત્કાર કર્યો, ફલાણો ચમત્કાર કર્યો. ચમત્કાર અમારામાં હોય નહીં, અમારું યશ નામકર્મ બોલે છે.

૫૦૧૭ અપયશ નામકર્મ હોય તે કામ કરે તોય એનો એને અપયશ મળે અને યશ નામકર્મ હોય તે કશુંય ના કરે તોય એને યશ મળે.

૫૦૧૮ આ યશ-અપયશ એ તારીય વસ્તુ નથી, મારીય વસ્તુ નથી. એ પૂર્વભવના કર્મનું ફળ છે. ફળમાં આમ માથાકૂટ ના કરીશ.

૫૦૧૯ સત્ પુરુષો ચમત્કાર કરે નહીં અને ચમત્કાર કરે એ સત્ પુરુષો નહીં, એ જાદુગરો કહેવાય.

૫૦૨૦ જ્ઞાનગમ્યમાં ચમત્કાર હોતા નથી, બુદ્ધિગમ્યમાં હોય છે.

૫૦૨૧ આ વર્લ્ડમાં કોઈ માણસ એવો જન્મ્યો નથી કે જેને સંડાસ જવાની પોતાની સ્વતંત્ર શક્તિ હોય, તો ચમત્કાર કેમ કરીને કરી શકે તે ?

૫૦૨૨ ચમત્કાર જેવી વસ્તુ આ દુનિયામાં હોતી નથી. જે ચમત્કાર છે, એ આવરાયેલું વિજ્ઞાન છે.

૫૦૨૩ જે વિજ્ઞાન તમે ના જાણતા હોય તો હું તમને એ પ્રયોગ કરી બતાવું એટલે તમે જાણો કે આ ચમત્કાર કર્યો આમણે.

૫૦૨૪ બીજાને આવડે નહીં એનું નામ ચમત્કાર કહેવાય. બીજો શીખે તો આવડે એને, એ તો વિજ્ઞાન છે.

૫૦૨૫ કષાયનો અભાવ તે જ આત્માનુભવ. જેટલા પ્રમાણમાં કષાયનો અભાવ વર્તે એટલા પ્રમાણમાં આત્માનો અનુભવ થાય.

૫૦૨૬ ત્રણ ભેદે આત્મા; એક તો કષાયાધીન આત્મા, બીજો આત્માધીન કષાય અને ત્રીજો કષાયરહિત આત્મા. અમારો કષાયરહિત આત્મા કહેવાય.

૫૦૨૭ જ્યાં સુધી કષાયો છે, ત્યાં સુધી કશું છોડ્યું જ ના કહેવાય.

૫૦૨૮ સાચા કષાય એનું નામ મિથ્યાત્વ.

૫૦૨૯ મિથ્યાત્વનું ઓળખાણ પડે તો એનો નાશ કરવાનો રસ્તોય જડે.

૫૦૩૦ ઉગ્ર હોય કે સૌમ્ય હોય એ બધો પ્રકૃતિ સ્વભાવ છે. પણ કષાયભાવ ગયા એ સાચું.

૫૦૩૧ પોતાનો ભાવ એ સ્વભાવ કહેવાય. પણ આ તો પ્રાકૃત ભાવને, પ્રાકૃતિકને જ જગત પોતાનું રૂપ માને છે ને !

૫૦૩૨ પાંચ-દસ મિનિટ બેઠો હોય ને, તો અકળામણ-અકળામણ થઈ જાય, એ રજોગુણ કહેવાય.

૫૦૩૩ તમોગુણી એ પ્રમાદી હોય. એટલે મૂળ જે કામ કરવાનું તે ના કરે ને બીજા ઊંધા-છતા કર્યા કરે.

૫૦૩૪ અહંકાર એટલે આંધળો. પણ સત્ત્વગુણી હશે તો શાંતિ રહેશે, રજોગુણી હશે તો થાકી જશે અને તમોગુણી હશે તો નરી ઉપાધિ જ લાવશે.

૫૦૩૫ પિત્ત, વાયુ ને કફને આધીન છે આ બધા પૌદ્‌ગલિક ગુણો. એ ગુણો ક્યારે ફ્રૅક્ચર થાય એ કહેવાય નહીં. આત્મગુણો કામમાં લાગશે.

૫૦૩૬ આત્મા નિર્ગુણ છે, પણ શેનાથી ? પ્રકૃતિના ગુણોથી નિર્ગુણ છે પણ પોતાના ગુણોથી અપાર છે.

૫૦૩૭ આત્મા પોતે સ્વયં જ્યોતિ છે, સ્વભાવથી જ જ્યોતિસ્વરૂપ છે અને તે અમે જોયેલો છે. અત્યારેય દેખાય અમને.

૫૦૩૮ જ્યોતિ એટલે શું ? મહીં આનંદ ઉત્પન્ન થાય તે. જ્ઞાન, દર્શન ને આનંદ મહીં થાય તે જ્યોતિ.

૫૦૩૯ ચેતનનું અજવાળું જુદી જાતનું હોય. ચેતનનું અજવાળું તો પરમાણુ પરમાણુમાં પ્રકાશ ધરે છે.

૫૦૪૦ मनुष्य सिवाय दूसरे में बुद्धि नहीं है। जहाँ बुद्धि है, वहाँ कर्ता है अने ( और ) कर्ता है, वहाँ कर्म है।

૫૦૪૧ કર્મનો કર્તા-ભોક્તા મનુષ્ય જ છે, બીજા બધા તો ભોક્તા જ છે.

૫૦૪૨ કર્મ બાંધે છે એ બધા કર્મયોગી, પછી એ પુણ્યના હોય કે પાપના હોય.

૫૦૪૩ આત્મયોગી થયા પછી પુરુષાર્થ શરૂ થાય છે. બાકી બધા ભોગી છે, બધું પ્રારબ્ધ ભોગવી રહ્યા છે.

૫૦૪૪ જે આ દેહના માલિક નથી, મનના માલિક નથી, વાણીના માલિક નથી, એ 'યોગેશ્વર' !

૫૦૪૫ જ્ઞાની કોનું નામ કહેવાય ? મહાવ્રતધારી હોય તે. એ દેહનાય માલિક ના હોય. વ્રતધારી તો દેહના માલિક હોય.

૫૦૪૬ સમ્યક્ત્વ થાય તો જ અણુવ્રત થાય ને પછી મહાવ્રત થાય.

૫૦૪૭ દીક્ષા તો એનું નામ કહેવાય કે સમ્યક્ત્વ આપે.

૫૦૪૮ હુંપણું ને મારાપણું બેઉ જાય ત્યારે સમ્યક્ત્વ થાય.

૫૦૪૯ આત્મા 'હું'થી જુદો છે. જ્યારે 'હું' જતો રહે ત્યારે આત્મા થાય.

૫૦૫૦ જ્ઞાન સિવાય ઈગોઈઝમની, 'હું'ની બાઉન્ડ્રીમાંથી નીકળી શકે નહીં કોઈ માણસ.

૫૦૫૧ આ કરે છેય ઈગોઈઝમ, ભોગવે છેય ઈગોઈઝમ ને તોફાનેય બધું ઈગોઈઝમનું છે.

૫૦૫૨ કર્મફળ શરીરને નથી ભોગવવા પડતા અને આત્માનેય નથી ભોગવવા પડતા, અહંકારને ભોગવવા પડે છે.

૫૦૫૩ કર્મફળ ભોગવવાનો નિયમ એવો છે કે કર્તા પુરુષને ખોળી કાઢે. જે કર્મ કરે એને ફળ આપવા પકડે.

૫૦૫૪ આ સુખ ને દુઃખ બેઉ કલ્પિત છે અને અહંકાર એ ભોગવ્યા કરે છે. આ મારામાં અહંકાર નથી, તેથી હું કશું ભોગવતો નથી.

૫૦૫૫ વસ્તુ સાચી હોય તો એ ચાલુ રહેવી જોઈએ. આ તો રડ્યા પછી હસે છે હઉ પાછો, માટે કલ્પિત સુખ-દુઃખ છે.

૫૦૫૬ આ તમને જે સુખ લાગે છે ને, એય દુઃખ છે બળ્યું ! આ સુખ તો કલ્પિત સુખ છે, નહોય સાચું સુખ.

૫૦૫૭ આ દહીંવડાં ખાવ ને, એ બધા ભ્રાંતિના સુખો. સાચું સુખ હોય તો ટકે, દહીંવડું ખાધેલું કેટલા દહાડા ટકે ?

૫૦૫૮ કલ્પિત સુખ હોય તો જ પછી દુઃખ આવે, નહીં તો સાચું સુખ હોય એ સનાતન સુખ હોય. એ આવ્યા પછી જાય નહીં.

૫૦૫૯ તમે ભલે ખાઓ-પીઓ, મજા કરો પણ ભોગવાય નહીં. કલ્પિત સુખને શું ભોગવવાનું ?

૫૦૬૦ અતીન્દ્રિય સુખ એક કલાક પણ ચાખ્યું, કે પછી ઈન્દ્રિય સુખ મોળું લાગતું જાય.

૫૦૬૧ ચિત્તનો સ્વભાવ એ છે, કે જ્યાં એણે સુખ જોયું છે ત્યાં જ ભમ્યા કરે અને એથી સારું જુએ તો પેલાને

છોડી દે.

૫૦૬૨ અશુદ્ધ ચિત્ત એટલે શું ? સંસાર દૃષ્ટિવાળું, સંસારમાં જ દૃષ્ટિ એની.

૫૦૬૩ તમામ શાસ્ત્રોનો સાર ચિત્તવૃત્તિ ઘેર લાવવી તે.

૫૦૬૪ ચિત્ત ક્યારે ના ભટકે ? જગતમાં કોઈ ચીજની કિંમત ના લાગે તો.

૫૦૬૫ જગતની કિંમત બે પૈસાના ઘડા જેવી થઈ ગઈ, ત્યાં સુધી એની ડિવૅલ્યુએશન થઈ ગઈ, પછી બહુ ઉપાધિ ના રહે.

૫૦૬૬ મનનું સ્વતંત્ર દુઃખ એ આધિ, શારીરિક સ્વતંત્ર દુઃખ એ વ્યાધિ અને બહારથી આવે એનું નામ ઉપાધિ.

૫૦૬૭ ભૂખ લાગી છે, એ વ્યાધિ છે. 'લાગી' કહેવાય છે એ બધી વ્યાધિ. લાગી એટલે ઓલવવું જ પડે, નહીં તો તો વધારે લાગે.

૫૦૬૮ અંદરથી આવે એ પરિષહ ને બહારથી આવે એ ઉપસર્ગ.

૫૦૬૯ ઉપાધિ તો ટાળી શકે છે, વ્યાધિ છે તે સહન કરી શકે, પણ કોઈ જગ્યાએ આધિ ના જાય. તેથી જગત ભટક ભટક કરે છે ને !

૫૦૭૦ સંગદોષથી મુક્તિ થાય છે ને સંગદોષથી સંસારમાં ભટકે છે. એટલે કુસંગથી સંસારમાં ભટકે છે ને સત્સંગથી મુક્તિ થાય છે.

૫૦૭૧ સત્સંગમાં જરા એશઆરામ કરી લઈએ, એ ચાલી જાય. કમાણી ઓછી થાય એટલું જ, જ્યારે આ કુસંગમાં તો આખી મૂડી જતી રહે.

૫૦૭૨ સત્સંગેય પુણ્યના આધીન છે. પુણ્ય ના હોય ને, તો કુસંગ ભેગો થાય.

૫૦૭૩ જેનો રંગ ના લાગે ને, એ સત્સંગ કામનો નહીં. રંગ લાગે ને, તો એ કામનું. એટલે પોતાના જીવનમાં આવવું જોઈએ, વણાઈ જવું જોઈએ.

૫૦૭૪ એક ફેરો જ્ઞાની પુરુષનો એને રંગ લાગી જવો જોઈએ. એક જ ફેરો એ પ્રેમ અડી ગયો ને, ફરી છૂટે નહીં. એને છૂટવું હોય તોય ના છૂટાય પછી.

૫૦૭૫ યુવાનોને ધર્મ તરફ વાળવા માટે બહુ જ સુંદર યુવાની જોઈએ, કે યુવાનોને એ સિવાય બીજું જોવાનું જ ના ગમે. જોતાની સાથે દિલ ઠરે એવી યુવાની જોઈએ.

૫૦૭૬ આ પ્રજા મોહી છે અત્યારની, પણ જો રસ્તે વાળો તો કામ કાઢી નાખે. કારણ કે જૂઠા જરાય નથી.

૫૦૭૭ હિન્દુસ્તાનનો જન્મેલો એક માણસ આખા બ્રહ્માંડને નચાવી શકે એટલી શક્તિ ધરાવે છે, પણ એ વ્યક્ત થતી નથી. એને વ્યક્ત કરનાર જોઈએ.

૫૦૭૮ આ આરોપિત દૃષ્ટિથી તમારી આ દશા છે. જો પોતાની સાચી દૃષ્ટિમાં આવે, તો આત્માની અનંત શક્તિ છે !

૫૦૭૯ સાચું સુખ જેમાંથી આવે તેને જાણવું તેનું નામ સમ્યક્ દર્શન.

૫૦૮૦ મિથ્યાદર્શન એ મોહ છે અને સમ્યક્ દર્શન એ મોહ ક્ષય છે.

૫૦૮૧ મિથ્યાદર્શન એ જ મોહ છે અને મોહ એ જ અહંકાર છે.

૫૦૮૨ દ્વંદ્વફળને આપનારું એ મિથ્યાદર્શન અને દ્વંદ્વાતીત કરનારું એ સમ્યક્ દર્શન.

૫૦૮૩ સનાતન સુખ પહેલું ઉત્પન્ન થાય ત્યારે જ ભૌતિક સુખ છોડે, નહીં તો એમ ને એમ છોડે નહીં.

૫૦૮૪ આ જીવાત્મા જેમાંથી ટેમ્પરરી સુખો ખોળે છે, એ બધું ભૌતિક જગત છે. પણ ખોળનારોય ભૌતિક જગત છે, એ જો સમજાય તો કામ નીકળી જાય.

૫૦૮૫ મરવાનો ભો લાગે છે એનું શું કારણ, કે હજુ એને આ ભૌતિક સુખોમાં સ્વાદ છે.

૫૦૮૬ કેટલીય જિંદગીથી 'તું એનો એ જ છું' ને જિંદગીઓ બદલાયા કરે છે.

૫૦૮૭ અસ્તિત્વ છે એનો નાશ નથી. આપણે અસ્તિત્વમાં છીએ એટલે ગયા અવતાર હતા અને આવતે અવતાર હોઈશું.

૫૦૮૮ અસ્તિત્વનું ભાન તો બધા જીવમાત્રને છે કે 'હું છું', પણ 'હું શું છું' એ વસ્તુત્વનું ભાન નથી એટલે અહંકાર ઊભો થયો.

૫૦૮૯ કોઈ દહાડો મર્યો નથી એવું આપણું સ્વરૂપ છે ! આ તો માનેલું સ્વરૂપ મરે છે. જે આપણું નથી તે આપણું માન્યું તે મરે છે.

૫૦૯૦ કોને કોને ચિંતા થાય ? જેને પોતાના સ્વરૂપની જાગૃતિ નથી, ભાન નથી અને પરસ્વરૂપે રમણતા છે.

૫૦૯૧ આત્માની બીજી વસ્તુમાં રમણતા છે. પોતાની રમણતા ભુલાઈ ગઈ છે. ઉપાધિમાં રમણતા કરી તો ઉપાધિ ઉત્પન્ન થઈ. હવે પોતાનામાં રમણતા કરે તો નર્યું સુખ સુખ ને સુખ જ !

૫૦૯૨ નિજસ્વરૂપ રમણતા થાય ત્યારે ગમે તેવી મુશ્કેલીમાં આનંદ રહે.

૫૦૯૩ નિજસ્વરૂપની રમણતા થઈ જાય એટલે થઈ ગયું, જગત રમણતા ઊડી ગઈ બધી.

૫૦૯૪ જો આત્માને રમાડે તો કામ થઈ જાય. આ તો (પૌદ્ગલિક) રમકડાં જ રમાડ્યા કરે છે.

૫૦૯૫ આત્મા ભણી લઈ જાય એનું નામ સંયમ.

૫૦૯૬ ભાવસંયમમાં આવે એટલે આત્માની રમણતા જ ને !

૫૦૯૭ યાદ ના કરવું પડે એ ભાવસંયમ અને યાદ કરવું પડે એ દ્રવ્યસંયમ.

૫૦૯૮ આત્મજ્ઞાનીની પાસે પરિચય થવાથી, એમનું જ્ઞાન સાંભળવાથી ધીમે ધીમે ભાવસંયમ ઉત્પન્ન થતો જાય.

૫૦૯૯ જ્યાં સુધી ભાવસંયમમાં આવ્યો નથી, ત્યાં સુધી પોતાના દોષ દેખાય નહીં, પણ સામાના દોષ જોઈ આપે.

૫૧૦૦ જે પોતાનો દોષ કાઢે એવી પરાક્રમી જમાત, એ મોક્ષે જનારી જમાત ! પોતાના સર્વસ્વ દોષ દેખાય એને.

૫૧૦૧ બીજાના દોષ ન દેખાય અને જગતને નિર્દોષ જ જુએ, એનું નામ છુટકારો.

૫૧૦૨ દોષ પોતાનો દેખાતો હોત તો બીજાનો ના કાઢત. આ તો પોતાનો દેખાતો નથી એટલે બીજાનો કાઢે.

૫૧૦૩ પોતાનો દોષ હોય તે જ બીજાનો દેખાય, નહીં તો દેખાય જ નહીં ને !

૫૧૦૪ પારકાના દોષ જોવું એટલે શું ? નિમિત્તને બચકાં ભરવા.

૫૧૦૫ આખું જગત નિમિત્તને બચકાં ભરે છે. મૂળ વસ્તુને જો બચકાં ભરે તો કામ થઈ જાય.

૫૧૦૬ જગત કોઈ દહાડોય ભૂલવાળું થયું જ નથી. ભૂલવાળું દેખાય એનું નામ જ ભ્રાંતિ અને ભૂલરહિત દેખાય એનું નામ જ્ઞાન.

૫૧૦૭ આ દુનિયામાં જે બધું થઈ રહ્યું છે તે અને થઈ ગયા પછી બધું જ કાયદેસર છે. થવાનું છે એ કાયદેસર નથી.

૫૧૦૮ આ જગતનો ઉકેલ લાવવો હોય તો 'શું બન્યું એ જુએ' એનો બધોય ઉકેલ, નહીં તો ગૂંચવાડા !

૫૧૦૯ જગતનો ન્યાય તો એક બુદ્ધિવિલાસ છે. અમથું બુદ્ધિ એને ભટકાય ભટકાય કર્યા કરે.

૫૧૧૦ પોતાની ભૂલથી આ જગત ઊભું રહ્યું છે, કોઈકની ભૂલથી આ જગત ઊભું રહ્યું નથી.

૫૧૧૧ ભોગવવાનું આપણે આવ્યું તે જ આપણી ભૂલ. બીજાની ભૂલ ખોળીએ નહીં, એ જ મોક્ષે જવાનો રસ્તો.

૫૧૧૨ ભોગવે એની ભૂલ ! એટલે આપણી ભૂલ કઈ, કે આ ભવમાં ના હોય ને ગયા અવતારની હોય, પણ ભૂલ આપણી જ છે.

૫૧૧૩ હમણે જ ભૂલ થાય અને હમણે જ ભોગવે એવું બને નહીં. ભોગવવાનું પહેલાની ભૂલનું છે. હમણે ભૂલ થઈ તે નવી ભૂલ છે.

૫૧૧૪ મૂળ ભૂલ, 'હું કોણ છું ?' તેની આ બધી ભૂલ થઈ છે. એ એક ભૂલ ઊડી ગઈ એટલે બધી ગઈ.

૫૧૧૫ પારકાથી ગુપ્ત રહે એ તો દુનિયાનો નિયમ જ છે, પણ પોતે પોતાથી ગુપ્ત રહ્યો છે એય આશ્ચર્ય છે ને !

૫૧૧૬ બ્રહ્માંડનું બધું જેટલું બહાર છે એટલું મહીં છે. એટલે પિંડે સો બ્રહ્માંડે. એટલે તમારે મહીં ખોળવાનું છે, બહાર ક્યાં ખોળો છો તે ?

૫૧૧૭ પોતે પોતાની શોધખોળ કરતા વાર લાગે ? કો'કને શોધવો હોય તો વાર લાગે. તમે પોતે જ આત્મા, એને ખોળવામાં વાર કેટલી લાગે ?

૫૧૧૮ જ્ઞાન તો સહજ છે, સરળ છે, પોતાનો સ્વભાવ છે

ને પોતાનું રૂપ (સ્વરૂપ) છે, એટલે જડતા વાર ના લાગે.

૫૧૧૯ મુક્તિ દુર્લભ નથી, જ્ઞાની દુર્લભ છે.

૫૧૨૦ જ્ઞાની પુરુષ મળે, મુક્ત પુરુષ મળે તો મોક્ષ ખીચડી કરતાંય સહેલો છે અને ના મળે તો કરોડો અવતારેય ઠેકાણું પડે નહીં.

૫૧૨૧ મોક્ષ કેવી રીતે અઘરો હોય ? અઘરો સંસાર હોય. જેમાં કાંઈ મહેનત કરવી પડે એ અઘરું હોય. મોક્ષ એટલે વગર મહેનતની ચીજ, જો જ્ઞાની પુરુષ મળે તો !

૫૧૨૨ ભારતમાં જન્મ થવો, એ તો બહુ મોટી પુણ્યૈ છે. પણ જોડે જોડે આ સંજોગ મળી જાય જ્ઞાની પુરુષનો, તો કામ થઈ જાય.

૫૧૨૩ અજ્ઞાન અને જ્ઞાનને ભેદજ્ઞાનથી જુદા પાડે એનું નામ પરમહંસ કહેવાય.

૫૧૨૪ જેની વાણી નવું શાસ્ત્ર બને એવી હોય તેને પરમહંસ કહેવાય.

૫૧૨૫ શાસ્ત્રમાં રિયલ જ્ઞાન ઊતરી જ ના શકે. રિયલના શૉર્ટકટ આપી શકે ખરા ખાલી.

૫૧૨૬ શબ્દો આત્માનું ચિત્ર આપી શકે એમ નથી, છતાંય પણ આપણે શબ્દથી પહેલો જાણવો પડશે.

૫૧૨૭ શબ્દબ્રહ્મ જાણ્યા સિવાય કોઈએ બ્રહ્મ જાણેલો નહીં. અને શબ્દબ્રહ્મ જાણવા માટે શાસ્ત્રની જરૂર છે.

૫૧૨૮ જે વાંચવાથી ક્રોધ-માન-માયા-લોભ ઓછા થાય એનું નામ વાંચ્યું કહેવાય.

૫૧૨૯ પુસ્તકો એ હેલ્પિંગ છે, પણ એ સાધારણ કારણ છે. અસાધારણ કારણ કયું ? જ્ઞાની પુરુષ.

૫૧૩૦ જ્ઞાનીને માર્ગે જાવ. એ માર્ગ શાસ્ત્રસંગત દેખાતો હોય કે શાસ્ત્રસંગત ન દેખાતો હોય, પણ જ્ઞાની માર્ગે જાવ. કારણ કે એ માર્ગ એમની શોધખોળ છે.

૫૧૩૧ શાસ્ત્રોથી જ્ઞાનીને માપવા ના જવાય. એમના શબ્દો એ જ શાસ્ત્રો છે.

૫૧૩૨ અનુભવી માણસનો તો એક પણ શબ્દ શાસ્ત્રનો ના હોય. એ જે બોલે તે જ શાસ્ત્ર હોય.

૫૧૩૩ જ્ઞાની એટલે શું ? લાખો દાખલા નવી જાતના આપે. પાછલા શાસ્ત્રનો કોઈ સંબંધ ના રાખે.

૫૧૩૪ આ અક્રમ વિજ્ઞાન વિચારવા જેવું નહીં બહુ. બુદ્ધિથી માપવા જેવું નહીં. બુદ્ધિથી મપાયું એટલે એ પોતે મપાઈ ગયો.

૫૧૩૫ આ અક્રમ વિજ્ઞાન છે. એટલે તમે ક્રમની જોડે સરખામણી કરશો ને, તો માપ મળશે નહીં.

૫૧૩૬ અધ્યાત્મનું થોડું પણ કરેક્ટ (સાચું) જ્ઞાન જાણ્યું હોય ને, તો બહુ થઈ ગયું.

૫૧૩૭ જાણનારને ઓળખતો નથી ને કહે છે, 'મેં જાણ્યું.' જાણનારને ઓળખ્યા વગરનું જાણેલું બધું અજ્ઞાન છે.

૫૧૩૮ અમે જાણવાનું તે જાણી લીધું ને ના જાણવાનું છોડી દીધું અને જગતે ના જાણવાનું પકડી રાખ્યું છે ને જાણવાનું જાણતા નથી.

૫૧૩૯ આત્મા એકલાની વાતમાં ઊંડા ઊતરવું, બાકી બીજે બધે છીછરું જાણવું.

૫૧૪૦ જાણવાનું તો, આત્મજ્ઞાન જાણવાનું છે. બીજું તો જોવાનું જ છે, શું થઈ રહ્યું છે તે !

૫૧૪૧ આત્મજ્ઞાનની નિશાની શું ? સરવૈયું શું આવે ? ત્યારે કહે, મૃદુપણું, ઋજુપણું, શૌચતા, એ બધા લક્ષણ દેખાય અને સહજ ક્ષમા થાય.

૫૧૪૨ મૃદુતા એટલે શું ? અહંકાર ઓગળેલો, કઠણ નહીં. કઠણ હોય તો વાંધા-વચકા કાઢે.

૫૧૪૩ ઋજુતા એટલે સરળતા, જેમાં કઠોરતા નથી. સરળ એટલે આમ વાળવા હોય એમ વળે.

૫૧૪૪ સરળ અને મૃદુ એ બે ગુણો હોય તો ભગવાન રાજી.

૫૧૪૫ સરળતા એટલે કુટિલતા, કપટ-બપટ બધાનો અભાવ.

૫૧૪૬ જે બન્યું હોય તેનાથી તદ્દન વિરુદ્ધમાં કહે એ કુટિલતા.

૫૧૪૭ મોક્ષમાં જતા સરળની શી જરૂર ? ત્યારે કહે, મોક્ષ સ્વભાવથી સરળ છે, તો જો પોતે સરળ હોય તો જ મોક્ષ પ્રાપ્ત થાય. અસરળને પ્રાપ્ત થાય નહીં.

૫૧૪૮ આપણા લોકો તો જ્યાં સુધી પ્રગટ હોય છે ને, ત્યાં સુધી પામતા જ નથી. કારણ કે મૂળ આડાઈવાળા લોકો હોય છે.

૫૧૪૯ નિર્માનીપણું એ છૂપો અહંકાર છે.

૫૧૫૦ માનીનો અહંકાર સારો પણ નિર્માનીનો અહંકાર તો ભગવાનથીય ઓગળે નહીં.

૫૧૫૧ નિર્માની ને નફ્ફટાઈ બેમાં ફેર નથી. નિર્માનીપણામાં અપમાનનો ભો જ નહીં ને ! એટલે સુખ જ આવે ને ! એવું નફ્ફટનેય અપમાનનો ભો નહીં.

૫૧૫૨ નફ્ફટને અસર ના થાય, તમે તો ફટ છો. એટલે મારે તમને એવા કરવા છે, કે ફટ છો છતાં તમને અસર ના થાય.

૫૧૫૩ જેને માન-અપમાનની પડેલી જ નથી, એકલા લોભની જ પડેલી છે, એ નફ્ફટ કહેવાય. ફટ હોવું જોઈએ.

૫૧૫૪ લાલચુ હોય ત્યાં ધુતારા ભૂખે ના મરે અને માની પાસે ધુતારા ભૂખે મરી જાય.

૫૧૫૫ આપણે કો'કને આમ જે' જે' કરીએ અને પેલા ભઈએ ના કર્યા એટલે આપણે એમ જાણવું કે આપણે કમાયા, ખોયું એણે.

૫૧૫૬ 'તમારામાં ક્યાં સમજણ છે તે ?' કહેતાની સાથે આકુળ-વ્યાકુળ થઈ ગયો, એટલે તે માની માણસ કહેવાય.

૫૧૫૭ કશોય માલ ના હોય ને કહેશે, 'અરે, વકીલના બાપને હરાવી પાડું.' એટલે આપણે સમજીએ કે ઘમંડી છે એ.

૫૧૫૮ સમજણવાળો હોય ને ઘમંડનો રોગ હોય એના કરતાં સમજણ વગરનો હોય તે સારો.

૫૧૫૯ તુંડમિજાજ એટલે નહીં સમજણનો આંકડો, નહીં લક્ષ્મીનો આંકડો, તોય મિજાજ પાર વગરનો !

૫૧૬૦ પોતાની જાતને મીઠો જ માને, દરેક માણસ. કોઈ કડવો માને નહીં. અરે ! લીમડો હઉ પોતાની જાતને મીઠો બોલે.

૫૧૬૧ ઘેમરાજી એટલે શું ? 'છીટ, છીટ. તું જા ને !' છીટ છીટ કર્યા કરે. એને આ બધા માણસો હિસાબમાં

ના આવે, જાનવરો જેવા લાગે.

૫૧૬૨ તિરસ્કાર તો જાનવરનેય ના કરાય. ભગવાન બેઠેલા છે ને એની મહીં !

૫૧૬૩ આ જાનવરોમાં શુભાશુભ સ્વભાવ હોય પણ અશુદ્ધ સ્વભાવ ના હોય. એ અશુદ્ધ સ્વભાવ મનુષ્યોમાં હોય, જે અનર્થ નુકસાન કરે લોકોનું.

૫૧૬૪ પોતાને કિંચિત્‌માત્ર ફાયદો ન હોય અને સામાને નુકસાન કરે, એ નર્કગતિમાં જાય.

૫૧૬૫ કોઈનું કશુંય પડાવી ના લે, પ્રમાણિક, નિષ્ઠાવાળો હોય તો અહીં મનુષ્યમાં આવે.

૫૧૬૬ પોતાને સુખની જરૂરિયાત છે છતાં બીજાને સુખની જરૂરિયાત હોય તો એને આપી દે, તો એ દેવગતિમાં જાય.

૫૧૬૭ એનું એ જ હરણું શિકારના હેતુ માટે મારે તો નર્કગતિમાં જવું પડે, ખાવા માટે મારે તો જાનવરમાં જવું પડે અને મારીને પસ્તાવો થાય તો ફરી મનુષ્યમાં આવે.

૫૧૬૮ ઈગોઈઝમનું સુખ તો બીજાને દુઃખી કરીને સુખ લે છે. અને સાચું સુખ, ભગવત્ પ્રાપ્તિનું સુખ, એ પોતેય સુખી થાય ને બીજા લોકોનેય સુખી કરે.

૫૧૬૯ બીજાને દુઃખ આપીને પોતાના સુખને માટે જે જે કાર્યો, ક્રિયાઓ બધી ચાલી રહી છે, એ બધું અશુભ સ્વભાવ.

૫૧૭૦ બીજાને સુખ આપીને પોતે દુઃખ ભોગવી લે, અગર દુઃખ ના ભોગવે ને પોતે સુખ ભોગવતો હોય ને પોતાનું સુખ બીજાને આપે, એ બધા શુભ ભાવ.

૫૧૭૧ અશુદ્ધ, અશુભ, શુભઃ આ ત્રણ ભાવો પ્રાકૃત ભાવો છે, પ્રકૃતિના આધીન થઈને ભાવ કરાવે. અને શુદ્ધ ભાવ પ્રકૃતિની બહાર છે, એ સ્વાભાવિક ભાવ છે.

૫૧૭૨ જો અશુભ સ્વભાવ હોય, તો અશુભ કર્મ ઉત્પન્ન થાય ને તેનું ફળેય અશુભ આવે. તે દુઃખદાયી થઈ પડે. પોતે જો શુદ્ધ સ્વભાવમાં હોય, તો કર્મ શુદ્ધ થાય અને એનું ફળેય શુદ્ધ આવે.

૫૧૭૩ ક્રમિકમાં કર્તા છે ત્યાં સુધી કર્મયોગ હોય. અક્રમમાં કર્મયોગ રહેતો નથી. કર્તા હોય તો કર્મ થાય ને !

૫૧૭૪ કર્મયોગમાં, ભક્તિયોગમાં, ધ્યાનયોગમાં જ્ઞાનયોગ ના આવે, પણ જ્ઞાનયોગમાં ચારેવ યોગ આવી જાય. એટલે ઉત્તમ માર્ગ જ્ઞાનયોગ છે.

૫૧૭૫ અહંકારનો સ્વભાવ એવો છે, કે એક ક્ષણ વાર કશું કર્યા વગર રહે નહીં. ખોટું ના કરે તો સારું કરે પણ કંઈક કરે. એટલે કર્મ અટકે નહીં.

૫૧૭૬ કર્તાપદ છોડવું બહુ મુશ્કેલ છે. એ આત્મજ્ઞાન થયા સિવાય છૂટે નહીં.

૫૧૭૭ કોઈ પણ કર્મનો જવાબદાર ખરી રીતે પોતે છે જ નહીં. પણ 'હું કર્તા છું' એવું કહે છે એટલે જવાબદાર બને છે.

૫૧૭૮ જ્યાં સુધી 'હું કરું છું' એ ભાન છે, એ ભ્રાંતિ છે ત્યાં સુધી ઊંઘમાંય કર્મ બંધાય.

૫૧૭૯ જ્યાં સુધી 'હું કરું છું' ત્યાં વિનાશી છો અને નિષ્ક્રિય (અક્રિય) થયા કે તમે અવિનાશી થયા.

૫૧૮૦ ભગવાન મહાવીર, ઉદયાધીન જે કર્મો આવ્યા, એ વખતે પોતે તપમાં રહ્યા. તેમાં કંઈ ડખો ના કર્યો, ખસેડવાનો પ્રયત્ન ના કર્યો. એટલે નિષ્ક્રિય રહ્યા ઠેઠ સુધી.

૫૧૮૧ તપમાં નિષ્ક્રિય રહ્યા એનું નામ 'તપ' કહેવાય અને તપમાં સક્રિય થાય એનું નામ તપ ના કહેવાય, 'કુતપ' કહેવાય.

૫૧૮૨ ઉપવાસ ઉપયોગપૂર્વક કરે તો મોક્ષનું ફળ મળે અને 'ઉપવાસ' ઉપવાસની ખાતર કરે તો પછી એ શરીરનું ફળ મળે. જે હેતુ માટે કર્યો, તે હેતુનું ફળ મળે.

૫૧૮૩ હેતુ વગરના ઉપવાસ એને ભગવાને 'ઢોરલાંઘણ' કહ્યું છે.

૫૧૮૪ ઉપવાસ કોને કરવાના છે ? શરીરે મજબૂત હોય, ઉપવાસ કરવાથી કલાકે-કલાકે આનંદ વધતો જતો હોય, તેને ઉપવાસ કરવાનો અધિકાર.

૫૧૮૫ દળેલા લોટને જ ફરી દળે છે આખું જગત. એટલે આપણે દળેલા લોટને દળવાનું બંધ કરી દીધું. હવે

કરવાનું શું ? ભાવના એકલી જ ભાવવી, એનું નામ નવું દળવું.

૫૧૮૬ દળેલું દળામણ કરવું એનું નામ ભ્રાંત પુરુષાર્થ અને નવું દળવું એનું નામ પુરુષાર્થ.

૫૧૮૭ ભાવકર્મ એટલું જ છે તે કર્તાપદ છે અને નોકર્મ દળામણ છે, લોટ છે.

૫૧૮૮ વીતરાગોએ છૂટવા માટે કહ્યું છે કે ભાવની જરૂર છે, દ્રવ્યની નહીં. છૂટવું હોય તો ભાવ કરજો, બંધાવું હોય તો દ્રવ્ય કરજો.

૫૧૮૯ દ્રવ્યનો હું કર્તા છું, એ બંધાવાનો રસ્તો છે. દ્રવ્યનો હું કર્તા નથી અને ભાવનો કર્તા છું એ ભાન છે જેને, એ છૂટવાનો રસ્તો છે.

૫૧૯૦ વીતરાગો એટલે શું ? નિષ્પક્ષપાતી, અનેકાંત અને સ્યાદ્વાદ.

૫૧૯૧ નિષ્પક્ષપાતી થાય ત્યારે આઉટ ઑફ સ્ટૅન્ડર્ડ થાય. મારું એકલું જ સત્ય નહીં, જેટલું સત્ય એ બધું જ મારું. દરેકમાં સત્ય રહેલું જ છે, એના પ્રમાણમાં.

૫૧૯૨ धर्म नहीं लड़ता है, मतभेद आपस में लड़ता है।

૫૧૯૩ અમારું-તમારું ન હોય એનું નામ અનેકાંત !

૫૧૯૪ એકાંત એટલે આગ્રહી અને અનેકાંત એટલે નિરાગ્રહી.

૫૧૯૫ અમારી વાણી અનેકાંત હોય અને બધા ભાવવાળી હોય. એટલે દરેકને પોતપોતાના ભાવનું મળી જાય.

૫૧૯૬ અમારી સર્વ નયાત્મક વાણી એટલે સાંભળતા જ લોકોનું કલ્યાણ થઈ જાય.

૫૧૯૭ મનુષ્યમાત્રની જ્યાં બિલીફ છે, એ બધી બિલીફને કબૂલ કરવી પડે ત્યારે ધર્મ પ્રાપ્ત થાય.

૫૧૯૮ વિરોધીને પણ ખોટો ઠરાવે નહીં, એવો તીર્થંકરોનો માર્ગ કેવો !

૫૧૯૯ વિરોધી એનું નામ કે વિનય-પરમ વિનયના કાયદાને બંધાયેલો નથી એ.

૫૨૦૦ અણસમજુ શું ના બોલે ? કારણ કે એ કાયદામાં નથી. અને આ સમજુ કાયદેસર છે, એમનાથી બીજું બોલાય નહીં.

૫૨૦૧ કોઈનો જરાય વિરોધ ના હોય, તો સંઘ સારો ચાલે નહીં. ભૂલ દેખાડનાર તો જોઈએ.

૫૨૦૨ બે પ્રકારના નય. એક વ્યવહાર નય વ્યવહારનું પ્રમાણ આપે. અને બીજો નિશ્ચય નય આત્માનું પ્રમાણ આપે. એને વિનય કહે છે.

૫૨૦૩ વિવેક તો અહીં આગળ ભૌતિકમાં હિતાહિતને પારખવું તે ગણાય. વિનય એ ધર્મને માટે, આત્મા માટે, અધ્યાત્મ માટે હોય.

૫૨૦૪ નય એટલે પ્રમાણ અને વિનય એટલે વિશેષ પ્રમાણથી એને જોવું.

૫૨૦૫ હાથ જોડવા, દર્શન કરવા, બધું વિનયમાં આવ્યું અને પરમ વિનય એ પરમ જાગૃતિને સ્પર્શે છે.

૫૨૦૬ સાષ્ટાંગ નમસ્કારનો બહુ ફાયદો થાય. કારણ કે એ મોટામાં મોટો વિનય દેખાય, એટલી જ કૃપા ઊતરે. જેટલો વિનય એટલી કૃપા !

૫૨૦૭ જ્ઞાની પુરુષનો એક જ વિનય કરે તો મોક્ષ થાય, પણ સમજીને.

૫૨૦૮ આવડતની જરૂર નથી, પરમ વિનયની જરૂર છે. પરમ વિનયથી કૃપા ઊતરી જાય. ખાલી કૃપાથી જ મોક્ષ છે !

૫૨૦૯ આત્માની અનંત શક્તિ છે. જો વ્યક્ત કરવા માગે તો વિનયથી વ્યક્ત થાય એવી છે.

૫૨૧૦ અહીંયા પૈસા-બૈસાની જરૂર નહીં, વિનયની જરૂર. પરમ વિનય જોઈએ.

૫૨૧૧ જૂઠી વસ્તુની ફી હોય બધી. સાચી વસ્તુ ફી ઑફ કૉસ્ટ હોય.

૫૨૧૨ આ સચ્ચિદાનંદ સંઘ છે આખો, તેનો મુખ્ય ધ્યેય શું છે ? પરમ વિનય એટલો જ ધ્યેય. અને નો લૉ લૉ.

૫૨૧૩ મોક્ષ શેનાથી ? પરમ વિનયથી. અકડાઈ આવી એટલે ગયું બધું.

૫૨૧૪ જેને જે પ્રશ્ન પૂછવા હોય એ પૂછો, વાંકોચૂંકો હશે તો આપણે સીધો કરી લઈશું. તમે અવિનય કરશો તો વાંધો નહીં પણ હું તમારો અવિનય નહીં કરું.

૫૨૧૫ જ્ઞાનીનો તો અવિનય કોઈ કરે જ નહીં પણ જ્ઞાનીના

ફૉલોઅર્સ એમની જોડે બેઠા હોય, તેનોય અવિનય ના થાય. એ બધાય જ્ઞાની જ છે.

૫૨૧૬ અમારી 'સહજ ક્ષમા' એનો અર્થ સમજો છો તમે ? અવિનય કર્યો હોય તેનેય અમે વિનયમાં લાવીએ.

૫૨૧૭ અમારી કૉર્ટમાં કોઈ ગુનેગાર ના હોય, સહજ ક્ષમા હોય.

૫૨૧૮ પંચાણું ટકા ક્રોધ જતો રહે એટલે સહજ ક્ષમા ઉત્પન્ન થાય.

૫૨૧૯ અમારી સહજ ક્ષમા ! સામો માણસ દોષ કરે ને, તેની સાથે ક્ષમા થઈ જ જાય એની મેળે અને તમારે કરવી પડે.

૫૨૨૦ સામાની ભૂલો હોય તે માફ કરીએ તો જ ભેદ ના પડી જાય, નહીં તો ભૂલો માફ ના થાય કે એ જુદો પડી જાય. ભૂલ થતાની સાથે જ માફી આપી દેવી.

૫૨૨૧ ડુંગર પરથી પોતાના પર ઢેખાળો પડે એને જેમ ક્ષમા આપે છે ને, એવું જો બધા ઢેખાળા ઉપર ક્ષમા આપવામાં આવે તો કલ્યાણ થઈ જાય !

૫૨૨૨ પૂર્વના કર્મના હિસાબે જે દુઃખ આવ્યા, એ કોઈને આરોપ આપ્યા સિવાય સમતાભાવે ભોગવવું, એ આપણું ધર્મધ્યાન કહેવાય.

૫૨૨૩ નિમિત્તને બચકાં ભરો, તો તમારું રૌદ્રધ્યાન થયું.

૫૨૨૪ ધર્મધ્યાન કરવાનો રસ્તો બતાડું ? તમારું ગજવું કપાય અને બે હજાર ગયા અને પછી પેલાના ઉપર આશીર્વાદ વરસાવો તો એનું નામ ધર્મધ્યાન.

૫૨૨૫ જ્યાં રૌદ્રધ્યાન થવાનું હતું ત્યાં જ ધર્મધ્યાન થયું, એ ઉત્તમ પ્રકારનું ધર્મધ્યાન. એ મોક્ષે લઈ જાય.

૫૨૨૬ આ બે ધ્યાન (આર્તધ્યાન-રૌદ્રધ્યાન) તો વગર પુરુષાર્થે થયા કરે છે. બીજા બે ધ્યાન (ધર્મધ્યાન-શુક્લધ્યાન) રહ્યા, તેમાં પુરુષાર્થની જરૂર છે.

૫૨૨૭ આ ચાર પ્રકારના ધ્યાનની બહાર કોઈ ધ્યાન હોય જ નહીં. આ અહીં લોકો જે ધ્યાન કહે છે એ એકાગ્રતાને ધ્યાન કહે છે.

૫૨૨૮ આ નવરા પડેલાને વ્યગ્રતા ઉત્પન્ન થાય. મહીં ઈન્જિન મફત ચાલ્યા કરે ને એને જો કંઈ પટ્ટો ના

આપ્યો એટલે પછી આવું વ્યગ્રતા ઉત્પન્ન થાય.

૫૨૨૯ એકાગ્રતાનો આનંદ છે એ ખોટો છે, એના કરતાં વ્યગ્રતામાંથી જ્ઞાન બધું જડેલું. એકાગ્રતામાં તો સૂઈ જાય નિરાંતે. અને વ્યગ્રતા હોય તો ? વિચાર કર્યા કરે, નહીં ?

૫૨૩૦ એકાગ્ર તો ક્યારે થશે ? આત્મા જેવી ચીજ આ દુનિયામાં બીજી કોઈ મોટી હોતી નથી. એ જ્યારે પ્રાપ્ત થશે ને, તો બધું એકાગ્ર થઈ જશે. પછી કાયમ એકાગ્ર રહે.

૫૨૩૧ ધૂની એટલે એકાગ્ર, એ બધા સુખોને છોડીને એની ધૂનમાં ને ધૂનમાં જ રહ્યા કરે, એટલે ધ્યાની.

૫૨૩૨ ધ્યાનનું પ્રમાણ એક્સેસ થઈ ગયું એ ધૂની.

૫૨૩૩ ધૂની એક પ્રકારની શક્તિ છે. પણ જો ફેરવે તો કામ કાઢી નાખે. નહીં તો ફ્રેક્ચર થઈ જાય, ધૂની માણસો !

૫૨૩૪ જગત વશ કરવું સહેલું છે પણ મન વશ કરવું બહુ અઘરું છે. એકાગ્રતા કરી શકે માણસ મનની, પણ એને મન વશ ના થઈ શકે.

૫૨૩૫ આખું જગત મન વશ કરવા ફરે. અરે મૂઆ, મન વશ થતું હશે ? તું એને વશ થઈ ગયેલો છું ! હવે તે તને વશ શી રીતે થાય ?

૫૨૩૬ મન કોઈ દહાડો અશાંત થાય એવું છે જ નહીં, અશાંત 'તમે' થાવ છો. મન ખરાબ વિચાર કરે, તે ઘડીએ અશાંત 'તમે' થઈ જાવ છો.

૫૨૩૭ મન જ્ઞાન એકલાથી જ બંધાય એવું છે, બાકી મન બંધાય નહીં કોઈ જગ્યાએ.

૫૨૩૮ મનના લેયર એટલે ચંદ્ર અને બુદ્ધિના લેયર એ સૂર્ય. તેથી આપણા શાસ્ત્રોમાં એમ કહ્યું છે, ચંદ્ર-સૂર્ય ભેદી અને આગળ જાય ત્યારે એને મુક્તિ પ્રાપ્ત થાય.

૫૨૩૯ કોઈ પણ જીવને મૃત્યુ પછી જન્મ જ હોય. મૃત્યુ પછી કો'ક જ જે જ્ઞાની પુરુષ હોય અને જેને પ્રવૃત્તિમાંય નિવૃત્તિ હોય તેને મુક્તિ છે.

૫૨૪૦ પ્રવૃત્તિ આ જગતમાં કોઈ માણસ કરી શકતો જ નથી. પ્રવૃત્તિ આવી પડેલી છે, કરવી જ પડે છે ફરજિયાત. એમાં નિવૃત્ત થાવ એ પુરુષાર્થ છે.

૫૨૪૧ ફરજો ડ્યુટી બાઉન્ડ (ફરજિયાત) છે, ધર્મ ડ્યુટી બાઉન્ડ નથી.

૫૨૪૨ જેટલું ડ્યુટી બાઉન્ડ છે એ બધું પ્રારબ્ધ છે.

૫૨૪૩ મરજિયાત તમે ખોળી કાઢો એનું નામ પુરુષાર્થ કહેવાય.

૫૨૪૪ આ ફરજિયાત જાણે ને, તો માણસ અહંકાર ના કરે. ફરજિયાતનો અહંકાર શું કરવાનો ?

૫૨૪૫ આ ફરજો બજાવો છો ને, તે મરજિયાત નહોય. આ તો ફરજિયાત જ છે, એમાં નવું શું કર્યું ?

૫૨૪૬ जेल में कैदी है, वो भी फर्ज़ बजाता है और आप भी फर्ज़ बजाता है, इसमें कोई फर्क नहीं है। उसमें आप स्वतंत्र नहीं हो गए हैं। आप भी कैदी है।

૫૨૪૭ ઍડજસ્ટમેન્ટ લેતા આવડ્યું એનું નામ મરજિયાત.

૫૨૪૮ અથડામણમાં આવ્યો એ ઈટ હૅપન્સ, પણ 'અથડામણમાં આવવું નથી' એ નિશ્ચય કરવો એ પુરુષાર્થ છે, ભ્રાંત પુરુષાર્થ છે.

૫૨૪૯ અત્યારે તમે જો કોઈને અવળું બોલતા નથી, અવળું વિચારતા નથી, તો એ ગુણો તો પહેલા સિદ્ધ કરીને આવેલા છો, એમાં આજે પુરુષાર્થ ગણાતો નથી.

૫૨૫૦ જે સિદ્ધ નથી થયેલો તે ગુણને આપણે આજ ઍડજસ્ટ કરીએ તો એ પુરુષાર્થ કહેવાય.

૫૨૫૧ ઈટ હૅપન્સ ! તમે ના કરો તોય બધું થયા કરે. સવારે ઊઠ્યા ના હોય તોય સૂર્યનારાયણ આવે ને ?

૫૨૫૨ બધું ઈટ હૅપન્સ છે. આવતો ભવ જોઈતો હોય તો કર્તા થાવ.

૫૨૫૩ ઈટ હૅપન્સ એટલે આ તમારા જ કર્મના પરિણામો તમે ભોગવી રહ્યા છો.

૫૨૫૪ આત્મભાન ના હોય ત્યારે 'મેં ભોગવ્યું' ને 'મેં કર્યું' એવું બોલે અને આત્મભાન થયે 'ઈટ હૅપન્સ' બોલે, એટલો જ ફેર.

૫૨૫૫ જ્યારથી 'હું પોતે અકર્તા છું' એવો નિર્ણય થઈ ગયો ત્યારથી 'આત્મા' ! પછી બધું ઈટ હૅપન્સ જ થયા કરે. બહુ સરળ રીતે ઊકલે, બહુ સુંદર રીતે !

૫૨૫૬ એક ભવનું 'ઈટ હૅપન્સ' છે એવું જો સમજી જાય તો ભ્રાંતિ ઊડી ગઈ.

૫૨૫૭ 'ઈટ હૅપન્સ' એ જ્ઞાનીનું જ્ઞાન, વીતરાગોનું જ્ઞાન અને આ સંસારનું જ્ઞાન, 'હું કરું છું.'

૫૨૫૮ જો તમે કરો છો એમ માનશો તો અહંકાર કહેવાય અને આ થઈ રહ્યું છે એને તમે જુઓ, તો તમે આત્મા થઈ ગયા કહેવાય.

૫૨૫૯ જ્ઞાન લીધા પછી ઈટ હૅપન્સ કહેવાય. જ્ઞાન ના લીધું હોય તો ઈટ હૅપન્સ ના કહેવાય.

૫૨૬૦ ઈટ હૅપન્સ એ જેની સમજમાં આવી ગયું એનું નામ પૂર્ણવિરામ અને નથી સમજમાં આવ્યું એ બધા અલ્પવિરામ.

૫૨૬૧ પૂર્ણવિરામે અલ્પવિરામને એમ ન કહેવું જોઈએ કે તમે અલ્પવિરામ છો ને અમે પૂર્ણવિરામ છીએ. નહીં તો પોતે અલ્પવિરામ થઈ ગયો.

૫૨૬૨ ઈટ હૅપન્સ માનવાનું નથી, ઈટ હૅપન્સ જાણવાનું છે. અને માનવાનું ને જાણવાનું કોને ? જ્ઞાનીને.

૫૨૬૩ દુઃખ જેવી વસ્તુ જ નથી. દુઃખ કાં તો ઈન્વાઈટ કરેલું છે, કાં તો ઊભું કરેલું છે.

૫૨૬૪ આ દુઃખો કંકોતરી લખીને બોલાવ્યા છે આ લોકોએ. કંકોતરીઓ ના લખે તો એ આવે નહીં.

૫૨૬૫ આ હિન્દુસ્તાનમાં જે દુઃખો છે એ બધા ઈન્વાઈટ કરેલા છે અને જે ફૉરેનમાં છે એ બક્ષિસ છે એમને.

૫૨૬૬ માન્યતાની ડિઝાઈન એવી ચીતરો કે દુઃખ જ ના આવે.

૫૨૬૭ મુશ્કેલી હોય તેથી કંઈ નર્મદામાં ડૂબકી મરાય ? મુશ્કેલી હોય તો મુશ્કેલીનો પાર લાવવાનો.

૫૨૬૮ બધા જ્ઞાનીઓની સિસ્ટમ એક જ, કે દુઃખને જ સુખરૂપ કરી નાખે છે. દુઃખ સુખરૂપ લાગે એટલે કશી ભાંજગડ જ નહીં.

૫૨૬૯ જેણે તિતિક્ષા ગુણ કેળવ્યો નથી, એ જ્યાં જાય ત્યાં હાયવોય હાયવોય કર્યા કરે.

૫૨૭૦ ગોદડા આવે ત્યારે ગોદડું પાથરીએ, ના આવ્યા હોય તો જમીન પર. જમીન ના મળે તો પછી રસ્તા

## ૫૨. આપણે સંજોગોને ફિટ થઈ જવાની જરૂર.

૫૨૭૧ વસ્તુને અનુકૂળ આપણે થવું પડશે. વસ્તુઓ આપણને અનુકૂળ નહીં થાય.

૫૨૭૨ પ્રતિકૂળ આવે ત્યારે કેમ ઍડજસ્ટમેન્ટ કરવું, એનો વિચાર પહેલેથી કરી રાખવો જોઈએ.

૫૨૭૩ વસ્તુમાં સુખ-દુઃખ નથી, અભિપ્રાયમાં સુખ-દુઃખ છે.

૫૨૭૪ અમારે ફરિયાદ જ નહીં ને, તેથી મુક્તિમાં રહેવાય. ફરિયાદ થાય ત્યાં સુધી મુક્તિમાં શી રીતે રહેવાય ?

૫૨૭૫ ગુરુતમ થવા ગયા ને, એનું પૂંઠિયું બહુ સુંવાળું થઈ જાય દહાડે દહાડે અને લઘુતમ થયા એનું કઠણ પૂંઠિયું.

૫૨૭૬ એકનો અહંકાર ખલાસ થવાથી (ભાંગી પડવાથી) લાચારીમાં આવે છે અને બીજાનો અહંકાર ખલાસ (નિર્મૂળ) થવાથી ભગવાન થાય છે.

૫૨૭૭ ભગવાને કહ્યું કે એટલો અહંકાર તારી પાસે રાખજે, કે તારે લોકોની પાસે રોદણાં રડવા ના પડે.

૫૨૭૮ લાચાર થવું એ તો જબરજસ્ત હિંસા કહેવાય આત્માની. લાચાર થવું તેના કરતાં લઘુતમ થઈ જવું સારું છે.

૫૨૭૯ પોતે આત્મા અનંત શક્તિનો ધણી અને ત્યાં આગળ આપણે આત્માની હાજરીમાં કહીએ, કે 'હું લાચાર છું', એ કેટલું બધું હીનપદ કહેવાય !

૫૨૮૦ કોઈ પણ જીવને આપણા થકી દુઃખ થાય એનું નામ ભૂલ (મિસ્ટેક) કહેવાય અને પોતે પોતાને જ દુઃખી કરે એનું નામ બ્લન્ડર્સ.

૫૨૮૧ માણસ બ્લન્ડર્સ તોડી ના શકે. (ક્રમિક માર્ગના) જ્ઞાનીએય ના તોડી શકે પોતાના બ્લન્ડર્સ. એ તો અક્રમ વિજ્ઞાની હોય તો બ્લન્ડર્સ તોડી આપે.

૫૨૮૨ બ્લન્ડર્સ નીકળે તો મિસ્ટેક દેખાય, નહીં તો મિસ્ટેક દેખાય નહીં.

૫૨૮૩ કર્મ તો ન્યૂટ્રલ છે, મૂઆ ! એ તને શું નડવાના છે ? તારા બ્લન્ડર્સ એન્ડ મિસ્ટેક્સ નડે છે.

૫૨૮૪ જેટલા ભગવાન થયેલા, એ બધાયને પોતાની ભૂલ પોતાને જડેલી અને એ ભૂલને ભાંગેલી.

૫૨૮૫ પોતાના દોષ દેખાતા ના હોય તે જ્ઞાની જ નથી અગર જ્ઞાનીના ફૉલોઅર્સ જ નથી.

૫૨૮૬ દુઃખ ભોગવવાનું ગમતું નથી, તે ભૂલ કો'કની લાગે છે તેથી.

૫૨૮૭ આપણે અહીંયા આગળ તો 'ભોગવે એની ભૂલ.' આ કૉર્ટમાં તો ન્યાય જુદો. કારણ કે એ કલ્પિત કૉર્ટો છે અને આ (કુદરતની) સાચી કૉર્ટ, સત્ કૉર્ટ છે.

૫૨૮૮ એક તો ભૂલને ભોગવી રહ્યા છે મહાપરાણે અને પાછી બીજી ભૂલ ઊભી કરે એનું નામ સંસાર.

૫૨૮૯ આ જગતમાં કોઈ એવો જન્મ્યો જ નથી કે તમારું નામ દઈ શકે, તમારા કર્મના ઉદય સિવાય. માટે ભડક્યા વગર તમે ઍડજસ્ટ થાવ ને !

૫૨૯૦ 'ભોગવે એની ભૂલ' એટલું જો સમજે ને, તો સંસારના બધા દુઃખો નિર્મૂળ થાય એવા છે, ઠેઠ મોક્ષે જતા સુધી.

૫૨૯૧ 'ભોગવે એની ભૂલ' એ વાક્ય જો વિવરણ સહિત સમજવામાં આવે, તો ઠેઠ મોક્ષે લઈ જાય એવું છે !

૫૨૯૨ ‘દાદા ભગવાનના અસીમ જય જયકાર હો’ એક કલાક બોલશો, તો બધા ગમે એવા દુઃખ વિખરાઈ જશે.

૫૨૯૩ જ્ઞાની પુરુષના આશરે જાય એટલે દુઃખ હોય નહીં. એનું નામ જ્ઞાની પુરુષનો આશરો.

૫૨૯૪ ‘ઈમ્પૉસિબલ’ બધું ‘પૉસિબલ’ થઈ શકે એમ છે દાદાનું નામ લે તો !

૫૨૯૫ અમારું યશ નામકર્મ એવું છે કે તમારે સંસારની દશાઓ પૂરી થઈ જશે. કરોડાધિપતિ નહીં બનાવે પણ તમને અડચણ નહીં પડવા દે.

૫૨૯૬ તું અહીં જે માગું એ મળશે તને પણ ખોટું માગીશ નહીં, દુરુપયોગ ના કરીશ. દુરુપયોગ કરીશ તો નુકસાન થઈ જશે જબરજસ્ત !

૫૨૯૭ બહારનો હિસાબ પતે તો અંદર રહેવાય ને ? રિલેટિવ પતે તો રિયલમાં રહેવાય ને ? રિલેટિવ કૂદાકૂદ કરે તો રિયલ માટે શું થાય ? એટલે તમારે જે અડચણ હોય તે અહીં માગવી.

૫૨૯૮ જ્ઞાની પુરુષ તો ગુરુય હોય અને જ્ઞાનીય હોય, બેઉ સાથે હોય. ગુરુ સંસારની અડચણો બધી કાઢી આપે અને જ્ઞાની મોક્ષે લઈ જાય.

૫૨૯૯ અત્યાર સુધી તો ભજિયાંને તળતા'તા, હવે મનુષ્યો તળાશે. માછલાં તળાય એમ તળાશે. માટે કર્મથી ચેતતા રહેજો.

૫૩૦૦ સોનાને સંપૂર્ણ ચોખ્ખું કરવું હોય ત્યારે છેવટે ભટ્ઠીમાં મૂકવું પડે. તે આ હિન્દુસ્તાન તો ભટ્ઠી છે !

૫૩૦૧ લોકોના માર ખઈ ખઈને પોતે પ્યૉર ગોલ્ડ થાય.

૫૩૦૨ શાંતિ હોય તો ડેવલપમેન્ટ ના થાય, અશાંતિમાં જ ડેવલપમેન્ટ થાય. ડેવલપમેન્ટ વગર મોક્ષે ના જાય.

૫૩૦૩ ક્રોધ-માન-માયા-લોભ વધી જાય એટલે બહુ જ અકળામણ થાય, બહુ જ ચિંતા થાય, ત્યારે પછી સંસાર છૂટે, નહીં તો છૂટે નહીં સંસાર.

૫૩૦૪ ખૂબ વરિઝ (ચિંતા) થાય માણસને ત્યારે છૂટવાનો રસ્તો શોધે, પછી રિબર્થ (પુનર્જન્મ) બંધ થવાની તૈયારી થાય.

૫૩૦૫ જ્યારે સંસાર પર કંટાળો આવે ત્યારે આત્મા ઉપર પ્રેમ આવે.

૫૩૦૬ અનુભવ લેતો લેતો લેતો જ્યારે આ સંસાર દુઃખદાયી છે એવો સંપૂર્ણ અનુભવ થાય છે, ત્યારે એને મુક્તિના બધા સાધનો મળી આવે છે.

૫૩૦૭ સંસાર દુઃખદાયી છે એવો સંપૂર્ણ અનુભવ થાય ત્યારે મોહ સંપૂર્ણ છૂટી જાય. ધીમે ધીમે ધીમે અનુભવ થતા જાય તેમ મોહ ઓછા થતા જાય. એવી રીતે આ સંસાર પૂરો થાય છે.

૫૩૦૮ જ્યાં સુધી જગત દુઃખદાયી લાગ્યું નથી ત્યાં સુધી મોહ છે એ વાત નિર્વિવાદ છે.

૫૩૦૯ પુનર્જન્મ છે તો અનુભવ થાય છે, અનેક જન્મોના અનુભવ ભેગા થાય ત્યારે મોક્ષ થાય છે. મોક્ષ એમ ને એમ થાય નહીં અનુભવ થયા વગર.

૫૩૧૦ માર ખાધા વગર મોહ છૂટે નહીં. એટલે માર ખાઈને મોહ છૂટતો જાય, ત્યાર પછી એ આગળ વધતો જાય, ડેવલપ થતો જાય.

૫૩૧૧ જ્યારે મોહનો માર પડે, એટલે ધર્મની રુચિ ઉત્પન્ન થાય, એમ ને એમ રુચિ ઉત્પન્ન ના થાય.

૫૩૧૨ મોહ ઓછો થાય એટલે મમતા ઓછી થાય જ. પછી મમતાની ખબર પડે, કે આ 'મારું' નથી તેની મમતા કરું છું.

૫૩૧૩ જ્યાં સુધી મમતા છે, ત્યાં સુધી સાચી વાત સમજણ પડે નહીં.

૫૩૧૪ મમતા એટલે સંસારની જાગૃતિ.

૫૩૧૫ મમતા છૂટે કોને ? જેણે પૂર્વે બહુ ભોગવેલું હોય તેને મમતા છૂટે, પણ ભોગવેલું જ ના હોય તેને મમતા છૂટે નહીં.

૫૩૧૬ મમતા સાથે 'I' (હું) એનું નામ અહંકાર.

૫૩૧૭ 'My' છે ત્યાં સુધી 'I'. 'My' ગયું કે પછી બધું ગયું.

૫૩૧૮ સ્વને જાણી લે અને પરને જાણી લે એટલે કલ્યાણ થઈ જાય. પછી એથી આગળ કલ્યાણ હોતું જ નથી.

૫૩૧૯ આત્મતત્ત્વ જાણવું એટલે શું ? ત્યારે કહે, 'હું શું છું' એ જાણવું ને 'શું નથી' એ જાણવું.

૫૩૨૦ 'હું શું છું' એ નહીં જાણો તો વાંધો નથી, પણ 'શું નથી' એટલું તમે જાણશો તો બહુ થઈ ગયું.

૫૩૨૧ જેમ ઘઉં ને કાંકરામાં એકનું જ્ઞાન થઈ જાય તો બીજું થઈ જાય કે ના થઈ જાય ? એમ અજ્ઞાનનું સંપૂર્ણ જ્ઞાન થાય, એટલે 'જ્ઞાન શું છે' એ ખબર પડી જાય.

૫૩૨૨ જો અજ્ઞાની થઈને આવો તો બહુ કામ નીકળી જાય ! અજ્ઞાની થવું એ તો મોટી ડિગ્રી કહેવાય.

૫૩૨૩ કૃપાળુદેવની જે વાત સમજે ને, એ તો બધા જ્ઞાની પુરુષની વાણી ઓળખી જાય. બીજા અજ્ઞાનીનીય ઓળખી જાય કે આ અજ્ઞાન છે.

૫૩૨૪ જ્ઞાની પુરુષને તો એમની વાણીથી ઓળખાય, એમના વર્તનથી ઓળખાય, એમની જોડે રહેવાથી ઓળખાય, અગર તો ટૈડકાવીએ ત્યારે ઓળખાય.

૫૩૨૫ જે શ્રાપ આપે છે, ત્યાં કોઈ પણ પ્રકારનું જ્ઞાન હોતું

નથી ને એનો શ્રાપેય ફળતો નથી.

૫૩૨૬ જ્ઞાની કેવા હોવા જોઈએ ? ધોલ મારીએ તોય આશીર્વાદ આપે, ગાળો દઈએ તોય આશીર્વાદ આપે.

૫૩૨૭ મહાવીર શી રીતે થયેલા ? તે આ માર ખાઈને મહાવીર થયેલા.

૫૩૨૮ ખીલા મારનારો કાચો પડ્યો, તે અહીં રહી ગયો પણ ખીલા ખાનારા ભગવાન મહાવીર પાકા, તે મોક્ષે ચાલ્યા ગયા. કારણ, ભગવાને એક જ પુદ્ગલ જોયું, પુદ્ગલ પુદ્ગલને મારે છે.

૫૩૨૯ જ્ઞાનીને આમ જોતા જ ઓળખાણ પડે. જોતા ઓળખાણ ના પડે તે હાર્ટિલી નથી, ત્યાં બુદ્ધિનું જરા જોર છે.

૫૩૩૦ કેવળજ્ઞાન હંમેશાં હાર્ટ વગર થાય નહીં. પંડિતાઈનું કામ જ નથી, હાર્ટનું કામ છે.

૫૩૩૧ આ માર્ગ તો હૃદયમાર્ગી અને બાળકનો માર્ગ છે. હું તો બાળક જેવો છું. જ્ઞાની પણ બાળક જેવો.

૫૩૩૨ બાળક જેવા જ્ઞાની એનું નામ છેલ્લી દશા કહેવાય. નહીં તો બુદ્ધિશાળી જ્ઞાની એ તો મોટી ઉંમરના કહેવાય.

૫૩૩૩ બાળકેય નિર્દોષ કહેવાય, પણ એ અજ્ઞાન નિર્દોષતા છે ને અમારી જ્ઞાન નિર્દોષતા હોય, એટલો ફેર. અમેય બાળક કહેવાઈએ.

૫૩૩૪ આ બુદ્ધિનું જ્ઞાન કામ લાગે નહીં. બુદ્ધિના જ્ઞાનમાં કર્તાપદ જોઈએ. અને બુદ્ધિ ઉપરનું જ્ઞાન મોક્ષપદ આપે.

૫૩૩૫ હૃદયપૂર્વકની વાતમાં બધી મન-વચન-કાયાની એકતા જ હોય. બુદ્ધિપૂર્વકની વાતમાં બધું જુદું જુદું હોય.

૫૩૩૬ આ દાદા બોલે છે ને, તે હૃદયે સ્પર્શી સરસ્વતી છે. દિલ ઠરે ક્યારે, કે હૃદયે સ્પર્શી વાણી સાંભળવામાં આવે ત્યારે.

૫૩૩૭ તું મને મળ્યો માટે જ પાત્ર. મને ભેગા તો બધા બહુ થાય છે, તેમાં પાછું જ્ઞાન લેવાની તને વૃત્તિ થઈ, એ જ તારી પાત્રતા.

૫૩૩૮ કંઈકેય 'ચોખ્ખો' હોય તો 'દાદા ભગવાન' પ્રાપ્ત થાય.

૫૩૩૯ જેનામાં મોરાલિટી-સિન્સિયારિટી હોય, તેની પાસે બધાય મોરાલિટી-સિન્સિયારિટીવાળા હોય.

૫૩૪૦ જ્ઞાની મળ્યા હોય તો પોતાનું ડહાપણ છોડી દેવું, કે પૂળો મૂકો હવે આપણા ડહાપણ ઉપર. એક ચોકડી મારીને મીંડું કર ઉપર.

૫૩૪૧ આ વાતને ચાળશો નહીં, એમ ને એમ મહીં નાખી દેજો. નહીં તો જોખમદારી તમારી આવશે. આ તો અહીં પ્યૉર વસ્તુ છે, એને બુદ્ધિથી શું ચાળવાની ?

૫૩૪૨ અક્રમ એટલે ચોવીસ તીર્થંકરનો ચોખ્ખો માર્ગ, પ્યૉર બિલકુલ ! ઈમ્પ્યૉર નહીં જરાય. સો ટચનું ગોલ્ડ !

૫૩૪૩ સંસારથી વિરક્ત રહ્યો હોય ત્રણ વરસ, ત્યારે એ મારો એક અક્ષર સમજે !

૫૩૪૪ મને ખોટો કહેજો, આ જ્ઞાનને ખોટું ના કહેશો.

૫૩૪૫ અમે શું કહીએ છીએ ? આરાધન કરવાની જરૂર નથી, પણ વિરાધના ના કરશો.

૫૩૪૬ આ તો આરાધના શિખવાડીએ છીએ ને, ત્યારે વિરાધનાનું જોર વધે છે. એના કરતાં વિરાધના બંધ કરી દેવડાવીએ ને, તે આરાધના જ થઈ ગઈ.

૫૩૪૭ જેની એક ફેરો આરતી કરવાથી મોક્ષ થાય, તેની એક જ વખત ટીકા કરવાથી શું થાય ?

૫૩૪૮ જો મોહી બહુ હોય તો અમારે વાંધો નથી, વિરાધક ના જોઈએ.

૫૩૪૯ કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ના થાય, એ વિરાધના બંધ થઈ જાય, એનું નામ આરાધના.

૫૩૫૦ સ્વચ્છંદ કાઢી નાખો એટલે અંતરાય જાય.

૫૩૫૧ સ્વચ્છંદ એટલે શું ? પોતાનું ડહાપણ નહીં, પોતાનું દોઢડહાપણ ! ઓવરવાઈઝપણું !

૫૩૫૨ ભગવાનનો શબ્દ, જ્ઞાનીનો શબ્દ કાંતવા (ચાળવા) જેવી વસ્તુ નહોય એ. એનેય કાંતે (ચાળે) એટલે એ ઓવરવાઈઝપણું કહેવાય. એનો માર ખા ખા કર્યા કરે.

૫૩૫૩ કોઈ પણ માણસ પોતાની મેળે પોતાનો સ્વચ્છંદ કાઢી શકે નહીં.

૫૩૫૪ લાખ ગુરુ કરે તોય કશું સંસારમાંથી મુક્તિ ના થાય. મુક્તિ તો જ્ઞાની પુરુષ, જેને સત્‌ગુરુ કહેવામાં આવે છે, એ મળે ત્યારે થાય.

૫૩૫૫ સત્‌ગુરુ મળે તો ઉત્તમ છે. બાકી ગુરુ તો આપણને હેલ્પ કરે, પણ એથી આગળ તો જવું પડશે. નિમિત્તની જરૂર પડશે.

૫૩૫૬ ગુરુ-શિષ્યમાં સ્વાર્થ હોય, તો એ ગુરુપણુંય નથી ને એ શિષ્યપણુંય નથી.

૫૩૫૭ પોતાને જેની જોડે સ્વાર્થ હોય તેનો પક્ષપાત થઈ જાય અને સ્વાર્થ જાય એટલે નિષ્પક્ષપાતી થાય.

૫૩૫૮ ગુરુ કર્યા પછી એ ત્રણ ધોલો મારે તોય પણ એમના તરફનો ભાવ ન તૂટે, તો એ શિષ્ય કહેવાય.

૫૩૫૯ ગુરુના દોષ ના કાઢવાના હોય તો ગુરુ કરજો, નહીં તો ગુરુ કરશો નહીં. એની બહુ જોખમદારી છે.

૫૩૬૦ આખું જગત ઢીલું નથી મૂકતું ત્યારે વધારે ચોર થયા બળ્યા. ચોરી બંધ કરવા માટે તમારે નોબલ માઈન્ડેડ થવું પડશે, ક્ષમાવાન થવું પડશે.

૫૩૬૧ ચોરી-લુચ્ચાઈ એ ગટરો છે. એટલે જ્યાં પાણી લાવીએ, ત્યાં ગટર તો હોવી જ જોઈએ.

૫૩૬૨ નીતિ તે આવતું પાણી છે સિટીની અંદર અને અનીતિ એ ગટર છે. તો તમે કહો કે અનીતિ કાઢી નાખીએ, તો ગટરો કાઢી નાખવી પડે.

૫૩૬૩ લોભી કીડીઓ ભેગું કરે અને ઉંદરડા જઈને ખલાસ કરી આપે, એવું આ જગત ચાલ્યા જ કરે છે.

૫૩૬૪ કોઈના હક્કનું કોઈ લેતો જ નથી આ જગતમાં. ચોરેય પોતાના હક્કનું જ લઈ જાય છે.

૫૩૬૫ આપણને ભય રહે એનું કંઈ લેવલ કાઢવું જોઈએ ને, કે આ પાંચ લાખ છે એ જાય તો ભય લાગે, પણ પાંચ હજાર જાય તોય ભય લાગે ?

૫૩૬૬ લૂંટાવાનું કંઈ કાયદેસર હશે કે ગેરકાયદેસર હશે ? આ દુનિયામાં એક ચીજ ગેરકાયદેસર નથી, શેને માટે ભડકો છો ?

૫૩૬૭ પ્રિકૉશન લેવાની જરૂર છે, ભય રાખવાની જરૂર નથી.

૫૩૬૮ આ જગતમાં બે જણને માર પડે છે. એક ગુનેગારને માર પડે છે અને એક બિનગુનેગાર હોય પણ ભયવાળાને માર પડે છે.

૫૩૬૯ તમારે ભય રાખવાની જરૂર નથી. જો રાખો તો નિરંતર ભય રાખો.

૫૩૭૦ મારો કાયદો એવો, જે પકડાયો એ ચોર નથી કહેવાતો, જે ખાનગી રહ્યો છે તે ચોર.

૫૩૭૧ ચોર કોને કહેવાય ? કાયમના ચોરને ચોર કહેવાય. અને જે સંજોગોને આધીન એવું કામ કરે છે, તેને ચોર ના કહેવાય.

૫૩૭૨ સંજોગવશાત્ ચોર આખી દુનિયા જ છે. સંજોગવશાત્‌ના ચોરને ચોર ના કહો, નહીં તો ભયંકર દોષ બેસશે.

૫૩૭૩ કોઈ ગમે તેવો હોય, તોય એ એના પોતાના દોષથી દોષિત નથી. પોતે એવા સંજોગોમાં આવી ગયો છે, તે દેખાય છે દોષિત, પણ ખરેખર દોષિત છે નહીં.

૫૩૭૪ આપણા પૈસા જે આપણા નહોતા તે જ ગયા, આપણા હોય એ જાય જ નહીં.

૫૩૭૫ જે હંમેશાં બીજાને છેતરે ને, તે પોતે છેતરાયા વગર રહે જ નહીં.

૫૩૭૬ આપણા મનમાં દુઃખ ક્યારે થાય ? આપણને મનમાં એમ લાગે કે એ મને બનાવી જાય છે. અરે મૂઆ, એ જ બને છે !

૫૩૭૭ કોઈને બનાવીએ, તેના કરતાં આપણે બની ગયેલા સારા.

૫૩૭૮ આખી જિંદગીનો મારો વેપાર હતો આ, સમજીને છેતરાવું. બેસ્ટ વેપાર પકડી લાવ્યો'તો આ.

૫૩૭૯ નિર્વારસી લોકો વારસદાર થશે, તો એના કરતાં છેતરવા આવ્યો તેને છેતરવા દો ને !

૫૩૮૦ જો નીતિ પાળે છે તો એની બુદ્ધિ હાઈ લેવલે જાય છે; તો જે પોતે જાણીજોઈને છેતરાય, તેની તો ક્યાં પહોંચે ?

૫૩૮૧ સૂઝ જ આ જગતના જીવોને ચલાવે છે, કોઈ ભગવાન ચલાવતા નથી. આ સૂઝ એ જ કુદરતી સંચાલન છે.

૫૩૮૨ જ્યારે ગૂંચાય ને, ત્યારે સ્થિર થઈને રહે તો અંદરથી જ સૂઝ પડે, અને એનું ગાડું ચાલે પાછું. એ સૂઝ હોય છે, સમજ.

૫૩૮૩ સૂઝ એ જ છે તે પોતે પોતાનું દર્શન દ્રવે (ઓગળે) છે. એટલે આવરણ ખૂટતું (ઓછું થતું) જાય છે તેમ તેમ સૂઝ પડતી જાય છે આગળ આગળ.

૫૩૮૪ પુનર્જન્મ સૂઝ આપતું જાય છે. જેમ જેમ જન્મ થતા જાય છે, એમ એમ સૂઝ વધતી જાય છે.

૫૩૮૫ સૂઝ તો પડ્યા જ કરે છે નિરંતર. મનુષ્યનું લક્ષ બીજી જગ્યાએ હોય છે એટલે સૂઝનો લાભ લેતો નથી.

૫૩૮૬ જ્યારે આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે, કે ભેદજ્ઞાન પ્રાપ્ત થાય છે, ત્યારે એ સૂઝ નામની શક્તિ જ સમ્યક્ દર્શન થાય છે.

૫૩૮૭ અજ્ઞાનનો એન્ડ નથી, જ્ઞાનનો એન્ડ છે.

૫૩૮૮ આ અનાદિ અનંત સંસાર છે. પણ જો કદી જ્ઞાની મળે તો અનાદિ સાંત દશા થાય. એટલે એ ભ્રાંતિનો અંત આવી જાય.

૫૩૮૯ અનાદિ સાંત પછી સાદિ સાંત દશા આવે. એટલે દેહ છે છતાંય અંદર સનાતન સુખ ભોગવી રહ્યા છે, એ દશા આવી રહે.

૫૩૯૦ જ્યારથી 'હું કોણ છું' એ જાણે, ત્યારથી સાદિ સાંતના ભાંગામાં આવે.

૫૩૯૧ સાદિ સાંત એટલે સમ્યક્ત્વની શરૂઆત થઈ, ત્યાંથી તે ઠેઠ કેવળજ્ઞાનની પૂર્ણાહુતિ થતા સુધીની દશાને સાદિ સાંતનો ભાંગો કહેવાય.

૫૩૯૨ ચૌદમા ગુંઠાણા સુધી જાય ત્યાં સાદિ અનંત કહેવાય છે. આની સિદ્ધક્ષેત્રમાં જવાની આદિ છે પણ એનો અનંતકાળ છે.

૫૩૯૩ હિન્દુસ્તાનમાં આવ્યા પછી માણસમાત્ર ગૃહિત મિથ્યાત્વી છે.

૫૩૯૪ આ નૈસર્ગિક મિથ્યાત્વ તો હતું જ, પણ પાછું ગ્રહણ કરેલું મિથ્યાત્વ એ ગૃહિત મિથ્યાત્વ. એટલે મિથ્યાત્વ વિચિત્ર પ્રકારનું થયું, સાહજિક રહ્યું નહીં.

૫૩૯૫ જે કોઈની પાસેથી મિથ્યાત્વ જ્ઞાન સ્વીકારે નહીં અને નૈસર્ગિક રહી શકતો હોય, તો ક્રમબદ્ધ પુદ્‌ગલના પર્યાયો ને ક્રમબદ્ધ ચેતનના પર્યાયો એને મોક્ષે લઈ જાય.

૫૩૯૬ દરેક વસ્તુઓના ક્રમબદ્ધ પર્યાય જ હોય છે. અવિનાશી ચીજો પર્યાય સહિત હોય અને તે પાછા ક્રમબદ્ધ હોય.

૫૩૯૭ ક્રમબદ્ધ પર્યાયનો અર્થ શું, કે આ પુદ્‌ગલ આવી રીતે જ ફરતું ફરતું ફરતું એની ડિઝાઈનપૂર્વક નીકળશે.

૫૩૯૮ ક્રમબદ્ધ પર્યાય તો એક્ઝેક્ટલી એ થીયરી ઑફ ઈવૉલ્યુશનને લાગુ થાય. પણ આ હિન્દુસ્તાનમાં આવ્યા પછી તે ઈવૉલ્યુશન બંધ થઈ જાય છે.

૫૩૯૯ જગત અમુક ટાઈમ સુધી જ ફિક્સ છે. જેટલું આ થીયરી ઑફ ડાર્વિન કહેવાય છે ને, તે ટેન પરસન્ટ સુધી ફિક્સ છે, નાઈન્ટી પરસન્ટ ફિક્સ નથી.

૫૪૦૦ જ્યાં આગળ વિકલ્પી છે, ત્યાં ક્રમબદ્ધ પર્યાય ના હોય. જ્યાં સહજ છે, ત્યાં ક્રમબદ્ધ પર્યાય હોય.

૫૪૦૧ જ્યાં સુધી રોંગ બિલીફ છે, ત્યાં સુધી ક્રમબદ્ધ પર્યાય હેલ્પ કરે નહીં. જ્યારે સમ્યક્ દર્શન થશે, ત્યારે ક્રમબદ્ધ પર્યાય શરૂ થશે !

૫૪૦૨ સમ્યક્ દર્શનથી માંડીને ઠેઠ સુધીના જ્ઞાનીઓને ક્રમબદ્ધ પર્યાય લાગુ થાય છે.

૫૪૦૩ અહંકાર હોય ત્યાં સુધી ક્રમબદ્ધ પર્યાય કહેવાય નહીં. અહંકાર ને ક્રમબદ્ધ પર્યાય બે વિરોધી છે.

૫૪૦૪ સાદિ સાંતના ભાંગાવાળા એ ક્રમબદ્ધ કહેવાય. અનાદિ અનંતના ભાંગાવાળાને ક્રમબદ્ધ કહે તે કહેનારા તો ભગવાનનેય મૂરખ બનાવે છે.

૫૪૦૫ **Know Thyself. It can not be attained by meditation. Thyself can be attained by knowledge.**

૫૪૦૬ ધ્યાન કરવું ના પડે, કરેલા ધ્યાન એ માદકતા કહેવાય છે.

૫૪૦૭ તમારે ધ્યાન નહીં કરવાનું, તમારે ધ્યેય નક્કી કરવાનો અને ધ્યાન તો એની મેળે ઉત્પન્ન થયા જ કરે.

૫૪૦૮ ધ્યાતા-ધ્યેય બેય જૉઈન્ટ થાય કે સહેજેય મુશ્કેલી વગર ધ્યાન ઉત્પન્ન થાય.

૫૪૦૯ મારે આત્મજ્ઞાન કરવું છે, તો એ બાજુ ધ્યાન વળ્યું અને નહીં તો આ સંસાર બાજુ વળશે. ધ્યાનને વાળવાની સિસ્ટમ શીખો.

૫૪૧૦ 'દાદા ભગવાનને નમસ્કાર કરું છું' બોલ્યા કરજે ને, એ નર્યું ધ્યાન જ છે. હુંય બોલું છું ને તુંય બોલજે.

૫૪૧૧ અહંકાર ધ્યેય નક્કી કરે, એના પરિણામમાં ધ્યાન ઉત્પન્ન થાય. એ અહંકાર ને ધ્યાન બે સાથે હોય નહીં.

૫૪૧૨ અહંકારથી એકાગ્રતા થાય, કંઈ ધ્યાન થાય નહીં. ધ્યાન તો સહજ વસ્તુ છે.

૫૪૧૩ સાચું ધર્મધ્યાન હોય ત્યાં ક્લેશ હોય નહીં.

૫૪૧૪ ક્લેશ જ ઊભા ના થાય, એનું નામ જીવન જીવવાની કળા આવડી કહેવાય.

૫૪૧૫ 'ક્લેશ નથી જ કરવો' એવો જેને નિશ્ચય છે, તેને ક્લેશ ઓછામાં ઓછા આવીને પડે છે.

૫૪૧૬ ક્લેશ તો શાનાથી થાય છે ? અહંકારથી થાય છે. કંઈ ઘરમાં વસ્તુ ઓછી હોવાથી ક્લેશ થતો નથી.

૫૪૧૭ ક્લેશ હોય ત્યાં માણસપણું કેમ કહેવાય ? આ જાનવરોને ક્લેશ નથી ને મનુષ્યોને ક્લેશ કેવી રીતના હોય ?

૫૪૧૮ જ્યાં ક્લેશ કરવા જેવું કશું છે જ નહીં, ત્યાં જ ક્લેશ કરવો એનું નામ અજ્ઞાન.

૫૪૧૯ तुम और मैं जुदा हुँ, वो हिंसा है। यु डिफर्स फ्रोम मी, विच इज़ टोपमोस्ट हिंसा।

૫૪૨૦ કોઈ પણ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ન થાય એવો ભાવ રાખવો અને છતાં દુઃખ થાય તો પ્રતિક્રમણ કરવું, એ સંપૂર્ણ અહિંસા છે.

૫૪૨૧ કોઈના માટે ખરાબ વિચાર પણ ના આવે એનું નામ અહિંસા કહેવાય. દુશ્મનને માટે પણ ખરાબ વિચાર ના આવે.

૫૪૨૨ અહિંસા એટલે બિલકુલ પ્રેમમય જીવન.

૫૪૨૩ જ્યાં પ્રેમની પાછળ દ્વેષ છે એ પ્રેમને પ્રેમ કહેવાય કેવી રીતે તે ? એકધારો પ્રેમ હોવો જોઈએ.

૫૪૨૪ પ્રેમ હોય ત્યાં આગળ સામાનો દોષ દેખાય નહીં.

૫૪૨૫ પ્રેમમાં અપેક્ષા ના હોય. પ્રેમ સાપેક્ષ ના હોય. પ્રેમ એટલે પ્રેમ !

૫૪૨૬ નજીકનો હોય તેના જ દોષ દેખાય. તે નજીકના જોડે બગાડી નાખવાનું ? એનું પ્રતિક્રમણ કરીને રાગે પાડવાનું.

૫૪૨૭ જે આપણને નથી ગમતા તે પાછા ગમશે. જે આપણને નથી ગમતા તે જ આપણા અંગત છે.

૫૪૨૮ પ્રતિક્રમણ એ તો અંતઃકરણની ક્રિયા છે, બાહ્યકરણની ક્રિયા નથી એ.

૫૪૨૯ જો પ્રતિક્રમણથી દોષ ઘટતો નથી, તો સાચું પ્રતિક્રમણ કર્યું નથી.

૫૪૩૦ સત્કાર્યો-દુષ્કાર્યો આ તો બધી ઈફેક્ટ જ છે. પણ સત્કાર્ય કરતી વખતે પાંસરા રહો અને દુષ્કાર્ય કરતી વખતે પશ્ચાત્તાપ કરો.

૫૪૩૧ પસ્તાવો સારી રીતે કરે તો એ કર્મ આખુંય ના ઊડી જાય, પણ આમ બળેલી દોરી જેવું થઈ જાય.

૫૪૩૨ નિકાચિત કર્મ એટલે ભોગવ્યે જ છૂટકો થાય. બીજો કોઈ ઉપાય જ નહીં, પણ એને મોળું કરી શકાય.

૫૪૩૩ કર્મ ભોગવતા નથી, કર્મફળ ભોગવે છે. કર્મ કરેલા, તે ગયા અવતારે કરેલા. આ તો કર્મફળ ભોગવી રહ્યા છે, આખી જિંદગીયેય.

૫૪૩૪ ક્રમિક માર્ગ જેને કર્મ કહે છે, તેને અક્રમ માર્ગ કર્મફળ કહે છે.

૫૪૩૫ કર્મનો ઉદય અને કર્મફળ, બે એક જ છે. કર્મનો ઉદય થયો ત્યાંથી કર્મના અસ્ત સુધી કર્મફળ કહેવાય છે.

૫૪૩૬ કર્મના ઉદયથી અસ્ત થતા સુધી બંધ પડે એના કરતાં પરિણામમાં વધારે મોટો બંધ પડે.

૫૪૩૭ એક્ઝેક્ટ કર્મની થીયરી કોને કહેવાય એવું જો સમજે, તો માણસ પુરુષાર્થ ધર્મ સમજી શકે.

૫૪૩૮ ક્રોધ-માન-માયા-લોભ થાય છે, તે પાછલા કર્મોના હિસાબે થાય છે. પણ તમે પસ્તાવો કરો અગર તો તમે ખુશ થાવ, એ જ તમારો પુરુષાર્થ છે.

૫૪૩૯ તમારી ક્રિયા ઉપર તમારો શું ભાવ છે, એ પુરુષાર્થ છે.

૫૪૪૦ પ્રારબ્ધના આધારે બોલી જવાય, વર્તી જવાય, બધું થાય, પણ પુરુષાર્થ ફેરવવો એ તમારું કામ છે.

૫૪૪૧ પુરુષાર્થ એનું નામ કહેવાય કે બંધ ના પડવા દે.

૫૪૪૨ સાચા પુરુષાર્થ વગર મોક્ષ નથી, પણ સાચા પુરુષાર્થ સુધી લઈ જનાર છે આ ભ્રાંત પુરુષાર્થ.

૫૪૪૩ ઈન્સિડન્ટને સમભાવે વેદન કરવું એ પુરુષાર્થ. સમભાવે વેદન કરવું એટલે કો'કને ખૂબ ટૈડકાવ્યો હોય તો મનમાં પસ્તાવો કરવો, એનું નામ સમભાવ.

૫૪૪૪ જઈ રહ્યા છીએ (કાર્ય) તે કુદરતના હાથમાં છે, ક્યાં જવું છે (ભાવ) એ તમારા હાથમાં છે.

૫૪૪૫ આવતો ભવ બગડે નહીં તેની સાવચેતી રાખવી એનું નામ પુરુષાર્થ.

૫૪૪૬ અંદર આવતા ભવની પ્રતિષ્ઠા કરી જ રહ્યો છે, કાં તો ગધેડાની, કાં તો માણસની, કાં તો દેવની. એ પુરુષાર્થ છે.

૫૪૪૭ ચિંતા કરવાથી આ ભવ તો બગડે છે અને આવતો ભવ પણ બગડે છે.

૫૪૪૮ અલ્યા મૂઆ, કપડાં બાળ પણ જીવ ના બાળીશ ! કપડાં બાળીશ તો ફરી આવશે, પણ જીવનું બાળ્યું ફરી આવે ?

૫૪૪૯ એક દુકાન અને સાત જણને ચિંતા કરવાની ? ત્યારે કહે, સાતેય જણ 'મારી, મારી' કર્યા કરે છે.

૫૪૫૦ चिंता किसको होता है ? उघाडी ( खुली ) आँख से जो अंधा है, उसके लिए चिंता है।

૫૪૫૧ આપણે કાયમ રહેવાનું હોય તો ચિંતા કરીએ. આપણે કાયમ રહેવાનું નહીં, તો આપણે શી ચિંતા ?

૫૪૫૨ જે અહીં આવ્યો એ જવા હારુ આવે છે, કાયમ રહેવા માટે આવતો નથી.

૫૪૫૩ જેટલી ઉતાવળ કરીશ, રાત્રે કરીશ કે દહાડે કરીશ,

તું સમશાન તરફ જઈ રહ્યો છું ! અને જો તું 'આત્મા' છું, તો તારે સમશાન જેવી વસ્તુ નથી.

૫૪૫૪ આત્માને જાણ્યા સિવાય, અનુભવ્યા સિવાય 'હું આત્મા છું' એ બોલવું એ ભયંકર જોખમ છે.

૫૪૫૫ દરેક માણસ ભગવાન છે જ, પણ એ દશા થયા વગર બોલાય નહીં.

૫૪૫૬ જ્યારે આત્મા (પોતે) 'આત્મા' થઈ અને એક સેકન્ડ 'હું આત્મા છું' બોલશે ત્યારે છેલ્લું સ્ટેશન આવ્યું કહેવાશે.

૫૪૫૭ જ્ઞાન એવી વસ્તુ છે કે એક ફેરો આવ્યા પછી જતું નથી અને જે આવીને જતું રહે છે એ કલ્પિત જ્ઞાન છે.

૫૪૫૮ કોઈ વસ્તુ સતત રહે એવી નથી અને સતત રહે એટલે આપણે જાણવું કે આવી ગયું આપણું સ્વરૂપ.

૫૪૫૯ અનુભવેલું સત્ હોય એ 'સત્' કહેવાય. બાકી શબ્દોથી જંજાળ જાણે એમાં કશો દહાડો વળે નહીં ને, અનુભવ સિવાયનું.

૫૪૬૦ જો સાકરને મોઢામાં મૂકીએ ને જો ગળી ના લાગે તો એ સાકર જ નહોય, એવું સેલ્ફનું રિયલાઈઝ કરેલું એ જો અનુભવમાં ના આવે તો રિયલાઈઝ થયું જ નથી.

૫૪૬૧ અનુભવ રિયલનો હોય, રિલેટિવનો ના હોય. રિયલનો અનુભવ ક્રમે ક્રમે જમે થાય અને આ રિલેટિવનો અનુભવ તો ફ્રૅક્ચર થયા કરે.

૫૪૬૨ સમકિતનો અનુભવ એટલે શું ? બધું સવળું કરવાના જ ભાવ થાય. કો'ક ઊલટું કરે તોય પોતાને સવળું કરવાના ભાવ થાય.

૫૪૬૩ જ્યાં સુધી સમકિત ના થાય, ત્યાં સુધી સ્વાધ્યાય કરવાનો અધિકાર છે, ઉપદેશ ના અપાય. ઉપદેશ એ બધું બહુ જોખમ છે.

૫૪૬૪ મંદકષાય એટલે કે કંટ્રોલેબલ કષાય હોય તેનાથી જ ફક્ત ઉપદેશ આપી શકાય. બીજાથી ઉપદેશ આપી ના શકાય.

૫૪૬૫ જે ઉપદેશક ગુંઠાણું છઠ્ઠું છે તે નર્યું પુણ્ય જ બાંધે, અને ઘણુંખરું તો દેવગતિ જ બાંધે.

૫૪૬૬ ઈન્દ્રિયો જીતવા નીકળ્યા છે ! ઈન્દ્રિયો કોણ જીતી શકે ? ઈન્દ્રિયો તો કર્માધીન છે. કષાયો જીતવાના ભગવાને કહ્યા છે, કષાયો કર્માધીન નથી.

૫૪૬૭ સાચો વૈરાગ આવ્યો હોય તો એને કષાય હોય નહીં.

૫૪૬૮ પંચ પરમેષ્ઠી કોને કહેવાય, કે જેને આંતરિક સંયમ હોય.

૫૪૬૯ કોઈને સહેજેય દુઃખ થાય એવું વર્તન ન હોવું જોઈએ એવા અંદર જેના ભાવ છે, એ આંતરિક સંયમ.

૫૪૭૦ કંટ્રોલની બહાર કષાય ના થાય એ લોકોથી માંડીને કષાયનો બિલકુલ અભાવ થઈ ગયો હોય, ત્યાં સુધીના લોકોને છે તે આંતરિક સંયમ કહ્યો.

૫૪૭૧ સંયમ ક્રોધ-માન-માયા-લોભને લાગુ થાય છે, ઈન્દ્રિયોને લાગુ નથી થતો.

૫૪૭૨ ૐનો આધ્યાત્મિક અર્થ, પંચ પરમેષ્ઠીનું આ ટૂંકું સ્વરૂપ છે.

૫૪૭૩ ૐકાર એમ ને એમ બોલે તો પુણ્યૈ બંધાય, પણ ૐકાર બિન્દુસંયુક્તમ્ બોલે તો મોક્ષ થાય.

૫૪૭૪ ‘પોતે કોણ છું’ એ ભાન સહિત બોલવું એટલે ‘ૐકાર બિન્દુસંયુક્તમ્’ કહેવાય.

૫૪૭૫ સંસાર હેતુ માટે, સંસારની અડચણો ના આવે એટલા માટે આ ત્રિમંત્ર છે.

૫૪૭૬ મંત્રો ફળ આપે છે પણ સમજીને બોલે તો. સમજ્યા વગર બોલે તેનો અર્થ નહીં.

૫૪૭૭ જાગૃતિપૂર્વક મંત્ર બોલવો જોઈએ. ત્યારે ધ્યાન કહેવાય, પદસ્થ ધ્યાન કહેવાય.

૫૪૭૮ મનની માળા ફેરવવી પડશે. જો મનની માળા નહીં ચાલુ થાય તો (અધ્યાત્મમાં) ગ્રેજ્યુએટ નહીં થાવ. લાકડાની માળા મેટ્રિક સુધી લઈ જશે.

૫૪૭૯ મંત્રો એય સાધન છે, એ સાધ્ય નથી. સાધ્ય આત્મજ્ઞાન છે. એ આવી ગયું એટલે બધું આવી ગયું.

૫૪૮૦ ‘દાદા ભગવાનના અસીમ જય જયકાર હો’ એ મંત્ર નથી, આ તો જે પ્રગટ થઈ ગયા છે તે દાદા ભગવાનને અહો ! અહો ! કરીએ છીએ.

૫૪૮૧ ‘દાદા ભગવાનના અસીમ જય જયકાર હો’, જો રોજ કલાક-કલાક બોલે ને, તો પછી મન તે કેવું મજબૂત થઈ જાય !

૫૪૮૨ સર્વશ્રેષ્ઠ નામજાપ એને કહેવાય, કે જ્યારે આપણું મન આઘુંપાછું ના થાય, કોઈ જગ્યાએ જાય જ નહીં.

૫૪૮૩ ‘નમો વીતરાગાય’ બોલ્યા એટલે જે કોઈ વીતરાગ થયા હોય તેને મૂળ જગ્યાએ નમસ્કાર પહોંચી ગયા.

૫૪૮૪ ક્રોધ-માન-માયા-લોભ જે દુશ્મનો છે, એને જેણે વશ કર્યા એ નમો અરિહંતાણં.

૫૪૮૫ આત્મા પ્રાપ્ત કર્યો છે અને આચાર પોતે પાળે છે, બીજાને પળાવડાવે એનું નામ આચાર્ય ભગવાન.

૫૪૮૬ ઉપાધ્યાય એટલે શું ? પોતે ભણતા હોય શાસ્ત્રો અને બીજાને ભણાવડાવે, આત્મા પ્રાપ્ત કર્યા પછીની વાત. એટલે એ નમસ્કાર કરવા યોગ્ય.

૫૪૮૭ ગમે ત્યાં હોય, ગમે તે જાતિના હોય, પણ જે આત્મદશા સાધે એ સાધુ.

૫૪૮૮ આત્મદશા સાધે એ સાધુ, બીજા બધા ત્યાગી કહેવાય.

૫૪૮૯ નવકાર મંત્ર એ સંન્યસ્ત મંત્ર છે. જે ત્યાગીઓ હોય, સાધુ હોય તેને માટે આ છે. અને જેને સંસારમાં હજુ વસ્તુઓની જરૂર છે એને ભગવાને બધા મંત્રો ભેગા બોલવાના કહ્યા'તા, નિષ્પક્ષપાતી બધા !

૫૪૯૦ સંન્યસ્ત કોને કહેવાય ? ક્રોધ-માન-માયા-લોભ હોય નહીં, શરીરનું માલિકીપણું ના હોય, એને.

૫૪૯૧ વિષયનો સંયમ એ બાહ્ય સંયમ કહેવાય અને કષાયોનો સંયમ એ અંતર સંયમ કહેવાય.

૫૪૯૨ અંદર સંયમ હોય ત્યારે ક્રોધ-માન-માયા-લોભ શાંત થઈ ગયેલા હોય. ક્રોધ-માન-માયા-લોભ છે ત્યાં સુધી બાહ્ય સંયમ કહેવાય.

૫૪૯૩ અંદર સંયમ શરૂ થાય એટલા માટે બાહ્ય સંયમ કરવાનો છે અને જો એમ ને એમ અંદર સંયમ થઈ જતો હોય તો બહારના સંયમની કંઈ જરૂર નથી.

૫૪૯૪ અંદરના સંયમથી મોક્ષ અને આ બાહ્ય સંયમથી સંસારની ઊંચી ગતિ, દેવગતિ મળે.

૫૪૯૫ બાહ્ય સંયમ અનંત અવતાર લીધા પણ આંતરિક સંયમ થાય નહીં ત્યાં સુધી મોક્ષનો ડંકો વાગે નહીં.

૫૪૯૬ પોતાની જાતને છેતરવું એનું નામ સંસાર અને પોતાની જાતને સિન્સિયર એનું નામ મોક્ષ !

૫૪૯૭ પોતાની જાતને, લોકમાત્રને સિન્સિયર રહે તો એ સુખ પામે, નહીં તો સુખ પામે નહીં.

૫૪૯૮ સિન્સિયારિટી એ પુરુષાર્થ, ઈનસિન્સિયારિટી તેય પુરુષાર્થ. તારે જે અનુકૂળ હોય એ કર.

૫૪૯૯ તમે પારકાનું કામ કરો એટલે તમારું કામ તો થઈ જાય ને ઉપરથી સુખ આવે એ જુદું પાછું.

૫૫૦૦ પારકા માટે કરે છે એ જ બધું ત્યાં આગળ જમે થાય છે. પારકો હોતો જ નથી ને ! બધું ભગવદ્ સ્વરૂપ છે.

૫૫૦૧ જેમાં કિંચિત્‌માત્ર 'સમાજસેવક છું' એવું ભાન ના રહે, એ સમાજસેવા સાચી.

૫૫૦૨ આ દુનિયામાં બીજાને કોણ સુધારી શકે ? પોતે સુધરેલો હોય એ સુધારી શકે.

૫૫૦૩ સેવા અહંકારને પોષવા માટે જો કરતા હોય તો પાપાનુબંધી પુણ્ય બંધાય અને લોકોને સુખી કરવાના હેતુથી જો કરે, તો પુણ્યાનુબંધી પુણ્ય બંધાય.

૫૫૦૪ માનવની સેવા કરીએ તે વધારે સારી પણ જો કેફ ના ચડતો હોય તો, અને કેફ ચડે તો મૂર્તિની કરવી સારી.

૫૫૦૫ મૂર્તિપૂજા એ આ હિન્દુસ્તાનનું ઊંચામાં ઊંચું સાયન્સ, વિજ્ઞાન છે. પણ ત્યાં અટકી રહેવાની જરૂર નથી.

૫૫૦૬ મૂર્તિ પાસેથી હેલ્પ લઈને આગલા સ્ટેશને જવાનું છે.

૫૫૦૭ જ્યાં સુધી તારો અમૂર્ત આત્મા પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી મૂર્તિને ભજ.

૫૫૦૮ આ મૂર્તિ તો આપણને મહીંવાળાનું ભાન નથી રહેતું એ મોહને લઈને આપણે મૂર્તિ મૂકી છે.

૫૫૦૯ ભગવાનને નામ ના હોય, એ અનામી હોય. આ નામ તો તમને ડિરેક્શન આપવા માટે છે.

૫૫૧૦ મૂર્તિના દર્શન કરે તો કો'ક દહાડો અમૂર્તને પામે. મૂર્તિના દર્શન કરવાથી અમૂર્તના ઉપરથી આવરણ ખસતું જાય છે. તે કોઈક અવતારમાં એને જ્ઞાનીનો સંજોગ મળી આવે.

૫૫૧૧ ભગવાનની મૂર્તિને તમારે ના માનવી હોય તો ના માનશો પણ જડ કહેશો નહીં. જડ કહેશો તો તો કયારે મોક્ષનો પત્તો પડશે ?

૫૫૧૨ જ્યાં સુધી આર્તધ્યાન-રૌદ્રધ્યાન થાય છે, ત્યાં સુધી મૂર્તિપૂજાની જરૂર છે. ન થતા હોય તો પછી બિલકુલેય જરૂર નથી.

૫૫૧૩ કોઈને કહે-કરે નહીં પણ અંદર પીડા થાય, એને આર્તધ્યાન કહેવાય.

૫૫૧૪ આર્તધ્યાન-રૌદ્રધ્યાન થાય એટલે ચાર પગવાળો થયા વગર છૂટકો નહીં. ત્યાં કંઈ સિફારિશ ચાલે નહીં ને !

૫૫૧૫ રૌદ્રધ્યાનનું ફળ નરક, આર્તધ્યાનનું ફળ તિર્યંચગતિ, આર્તધ્યાન ને ધર્મધ્યાન બેનું મિક્ષ્ચર આ મનુષ્યમાં આવે અને એકલા ધર્મધ્યાનમાં દેવગતિ થાય.

૫૫૧૬ જૂજ આર્તધ્યાન થાય પણ રૌદ્રધ્યાન તો ક્યારેય થાય નહીં અને ધર્મધ્યાન થાય તો દેવગતિ થઈ જાય.

૫૫૧૭ મરતી વખતે સંસાર સાંભર્યો, એના જેવું કોઈ દુઃખ નથી.

૫૫૧૮ જીવતા ના આવડ્યું પણ મરતાય ના આવડ્યું, મૂઆ ! જો મરતા આવડ્યું હોત તોય સારું કહેવાત !

૫૫૧૯ જેમ આપણે ધંધો કરીએ તે બાર મહિના થાય એટલે સરવૈયું આવે, એવું આખી જિંદગીમાં જે કર્યું એનું સરવૈયું અંતકાળે આવે.

૫૫૨૦ બે તૃતિયાંશ આયુષ્ય ખપી જાય ત્યારથી આર્તધ્યાન-રૌદ્રધ્યાન જો બંધ કરી દો તો અંતસમયે સમાધિમરણ થાય.

૫૫૨૧ 'પોતે કોણ છે' એ જાણ્યા પછી મરવાનું ના થાય.

૫૫૨૨ 'પોતે શું છે' એ જાણતો નથી, અગર શબ્દથી જાણે છે પણ અનુભવ નથી, ત્યાં સુધી આરોપિત ભાવે રહેવું એનું નામ રોંગ બિલીફ કહેવાય.

૫૫૨૩ અહંકાર, અહંકાર ન કરે તોય અહંકાર જ છે. 'હું

ચંદુ છું' તે જ અહંકાર છે.

૫૫૨૪ આ તમારી જ દુનિયા છે, એમાં દુઃખ હોય કેવી રીતે ? બધી રોંગ બિલીફો ને ગેરસમજણથી જ દુઃખ ઊભા થયા છે.

૫૫૨૫ જ્ઞાની પાસેથી બધી ચાવીઓ લો, તો આ દુનિયામાં કોઈ દુઃખ નથી.

૫૫૨૬ અજ્ઞાનતાથી દુઃખો ફરી વળ્યા છે. વ્યવહારિક અજ્ઞાનતા, આ આત્મજ્ઞાનની અજ્ઞાનતા નહીં. વ્યવહારિકતામાંય જ્ઞાન નથી.

૫૫૨૭ દુઃખ થાય એટલે દુઃખ પાછું આવે. દુઃખ થાય નહીં તેને પાછું ના આવે.

૫૫૨૮ ચૂંથીને ચીકણું કર કર કરે એને બહુ દુઃખ, કાયમ જ દુઃખ !

૫૫૨૯ અત્યારે તો તમને કુદરત યારી આપે છે અને તેમાં તમે માની બેઠા છો કે 'મારી શક્તિથી આ થાય છે.' પણ જ્યારે કુદરત યારી નહીં આપે ત્યારે ખબર પડશે કે 'ઓહોહો, મારી સત્તા જ નથી !'

૫૫૩૦ સંડાસ જતા આવડતું નથી ને 'હું' 'હું' કર્યા કરે છે ! સંડાસ જતા કોને આવડ્યું કહેવાય, કે જેને અટકે ત્યારે ડૉક્ટરને બોલાવવો ના પડે.

૫૫૩૧ પુરુષાર્થ મહીં થઈ રહ્યો છે ત્યાં એનું ધ્યાન નથી અને દોડધામમાં જ ધ્યાન છે. આ કરું ને તે કરું ને ફલાણું કરું ને, એ પુરુષાર્થ તો બધું પ્રારબ્ધ છે.

૫૫૩૨ આ લોકો જેને પુરુષાર્થ કહે છે ને, એમાં પુરુષાર્થનો એક અંશ નથી અને મૂળ પુરુષાર્થ રહી જાય છે.

૫૫૩૩ અહીં (સત્સંગમાં) આવ્યા એ પ્રારબ્ધ છે, સાંભળ્યું તેય પ્રારબ્ધ, પણ એમાં પોતે શું લાભ લીધો અને શું ઍડજસ્ટમેન્ટ કર્યું એ પુરુષાર્થ છે.

૫૫૩૪ મનના ભાવો એ તો ઈચ્છાઓ કહેવાય. અને મૂળ ભાવ એ આત્માની ભ્રાંતદશામાંથી ઉત્પન્ન થાય છે. એ મૂળ ભાવો એ પુરુષાર્થ છે.

૫૫૩૫ ભાવકર્મ જેને સમજાય ત્યારથી એણે પુરુષાર્થ પકડ્યો કહેવાય.

૫૫૩૬ ભાવકર્મ સમજાય ક્યારે ? આત્મજ્ઞાન શરૂ થવાનું હોય અગર થયું હોય તેને સમજાય.

૫૫૩૭ સુખી કોણ ? જેને કોઈ પણ પ્રકારની ઈચ્છા ના હોય એ સુખી.

૫૫૩૮ પાંચ ઈન્દ્રિયના શોખો છે, ઈચ્છાઓ છે, ત્યાં સુધી ભિખારી છે. ઈચ્છાવાન એ ભિખારી કહેવાય.

૫૫૩૯ ઈચ્છા એટલે શું ? રૂમાં દીવાસળી ચાંપવી. તે જ્યાં સુધી ઓલવાય નહીં ત્યાં સુધી ઉપાધિ.

૫૫૪૦ બે રૂમ હોય એને ત્રણ રૂમની ઈચ્છા થાય, એ લોભ કહેવાય બધો.

૫૫૪૧ કોઈ પણ પ્રકારની ઈચ્છા એ પ્રગટ અગ્નિ છે. તો પણ મોક્ષની ઈચ્છા સારામાં સારી. ભલે એ અગ્નિ સળગે તોય પણ શાંતિ આપશે.

૫૫૪૨ 'I' કોણ છે ? 'પોતે'. અને 'My' જેટલું કહીએ છીએ એ બધી 'ઉપાધિ'.

૫૫૪૩ લૌકિક ઐશ્વર્યનો થાક જ લાગે. જેટલું 'મારું' બોલે ને, એટલું વજન માથા પર પડે.

૫૫૪૪ આ ભૌતિક સુખો, ભૌતિક ચીજ ના હોય કોઈ, ત્યારે એની પાસે ઐશ્વર્ય હોય છે.

૫૫૪૫ જગત આખું પ્રેયસની (પ્રિયની) પાછળ પડેલું હોય, શ્રેયસની (શ્રેયની) પાછળ પડેલું ના હોય.

૫૫૪૬ રિલેટિવમાં સુખની આશા રાખી તેનાથી પઝલ ઊભા થયા છે. રિયલમાં સુખની આશા રાખે ત્યાંથી જ પઝલ સૉલ્વ થઈ જાય.

૫૫૪૭ અહીં તો વિચારશીલ હોય તેણે આવવું. જેને આ સંસારના સુખેય ન ગમતા હોય એવા માણસને માટે આ જગ્યા છે.

૫૫૪૮ ભૌતિક સુખની અપેક્ષા નથી એવું કોને કહેવાય ? અપમાન ગમે તેને.

૫૫૪૯ અપમાનનો ભય ગયો તો પછી માન ગયું.

૫૫૫૦ જેને નાનપણમાં માન ના મળ્યું હોય તેને મોટપણમાં માનની અપેક્ષા રહે.

૫૫૫૧ જેટલું માન ગમે એટલું અપમાન ના ગમતું હોય.

૫૫૫૨ આ દુનિયામાં જે આપણને ના ગમે તેનો ભય લાગે ને જે ગમ્યું એનો ભય ઊડી જાય.

૫૫૫૩ બાપેય જો ના ગમતો થયો, તો પછી બાપનો ભય

લાગે. ત્યાં સુધી ભય ના લાગે.

૫૫૫૪ ભય કેવી રીતે ઉત્પન્ન થયો છે એ સમજવાથી ભય જાય. જ્ઞાની પુરુષો ઉપાય બતાવે તેને બધું જાય.

૫૫૫૫ લોકો આપણને 'કાયર' કહે, તે જે સાંભળી શકે એનું નામ શૂરા !

૫૫૫૬ ભૂલો એક પ્રકારનું દેવું છે. તે દેવું વળી જાય એટલે ફરી કોઈ ભૂલો ના કાઢે.

૫૫૫૭ ગાળ ભાંડે ને હાલી જાય એને મનોબળ કેમ કહેવાય ? ગાળ કંઈ ઢેખાળો છે ? વાગ્યું તમને ?

૫૫૫૮ શક્તિપાતથી તો શરીરની શક્તિઓ વધી જાય, મનોબળ થોડું વધે. પણ આત્માને કશું લેવાદેવા નથી. આત્મજ્ઞાન તો જ્ઞાનથી આવે.

૫૫૫૯ શક્તિ કોઈથી કોઈને આપી શકાય નહીં, સમજ આપી શકાય.

૫૫૬૦ અમારી જોડે શક્તિપાત ના હોય, આ તો વિજ્ઞાન છે. વિજ્ઞાન એટલે મહીં અજવાળું થઈ જાય એટલે પછી આ મતભેદો ના પડે અને ઠોકરો ના વાગે.

૫૫૬૧ અજવાળું હોય, પ્રકાશ હોય ત્યાં દુઃખ ના હોય. તેથી આ આપણે આખો દહાડો પ્રકાશ કેમ ઉત્પન્ન થાય એની જ વાતો ચાલ્યા કરે છે.

૫૫૬૨ જ્ઞાન એટલે જ્ઞાન, પ્રકાશ, પરમાનંદ, નિરંતર આનંદ. ગાળો ભાંડે, મારે-કરે તોય પણ આનંદ જાય નહીં.

૫૫૬૩ આખું જગત જ તમારું છે, જો તમને તમારું કરતા આવડે તો. નહીં તો તમારા છોકરાંય તમારા સામા થઈને ગાળો ભાંડશે.

૫૫૬૪ મા-બાપ થવું એ વડાપ્રધાન કરતાંય વધારે રિસ્પૉન્સિબિલિટી છે.

૫૫૬૫ આ છોકરાંઓ તો શું કહેવાય ? ગ્લાસ વિથ કેર. એમને મારવાનું હોય નહીં.

૫૫૬૬ છોકરાંઓ શિક્ષાથી સુધરે નહીં કોઈ દહાડોય. પહેલા સારા કાળમાં શિક્ષાથી સુધરે, અત્યારે સમજાવટથી સુધરે.

૫૫૬૭ છોકરાંને ફક્ત ભણાવવાના નથી, છોકરાંને સંસ્કાર આપવાના છે.

૫૫૬૮ સાચું ધાર્મિક શિક્ષણ હોય તો કેળવણીમાં બીજા સંસ્કાર એમને શિખવાડવા જ ના પડે, સંસ્કાર ઑટોમૅટિક જાગે.

૫૫૬૯ ગુસ્સો કરીએ તો બાળકો સ્તંભિત થઈ જાય. એટલે ડરનો માર્યો જે કાર્ય બંધ કરે એ બીજે દહાડે ઊભું થાય પાછું.

૫૫૭૦ ગરમ જેટલું બાળી મેલે એનાથીય વધુ ઠંડી ચીજ બહુ બાળી મેલે. માટે ઠંડા થાવ.

૫૫૭૧ ક્રોધ એટલે શું ? જે પ્રતાપ છે તે ઊડવા માંડવો, એનું નામ ક્રોધ.

૫૫૭૨ ક્રોધને તમારે જીતવો હોય તો કાયમને માટે ક્રોધ ખરાબ છે, એવી ભાવના રહેવી જોઈએ.

૫૫૭૩ આપણે ક્રોધ કરીએ એ હંડ્રેડ પરસેન્ટ રોંગ જ છે. ખરું-ખોટું એમાં હોતું જ નથી. ત્યાં ન્યાયાધીશ જ નથી.

૫૫૭૪ ભગવાનની ભાષામાં ક્રોધ કરનારની ભૂલ છે અને જગતની ભાષામાં છે તે સામા માણસની છે.

૫૫૭૫ દોષ જોવાનું બંધ થઈ જાય એટલે ક્રોધ બંધ થઈ જાય.

૫૫૭૬ કોઈનો દોષ હોતો જ નથી, પછી ગમ ખાવાની જરૂર જ શું છે ?

૫૫૭૭ કમ ખાવાનું તો સારું કહેવાય પણ ગમ ખાવાનું તો સારું કહેવાય ? એ તો સ્પ્રિંગ ઊડે પાછી.

૫૫૭૮ મનનું સમાધાન ન થાય ત્યાં સુધી મોક્ષ થાય નહીં. કો'ક આપણું સમાધાન કરી આપે નહીં, આપણું સમાધાન આપણે ઍડજસ્ટ કરી લેવું પડે.

૫૫૭૯ તિરસ્કાર ઊડી જાય, તરછોડ ના ઊડે. તરછોડ મારી હોય તો તરત જ માફી માગી લેવી. આપણે એને તરછોડતા નથી, એના અહંકારને તરછોડીએ છીએ.

૫૫૮૦ મનુષ્ય ઐશ્વર્યવાળો છે, માટે વધારે પડતું નામ ના લેશો, એનું તેલ ના કાઢશો. 'અમારું સાચું ને તારું ખોટું' એ જો કરવા ગયા તો માર્યા ગયા જાણો. સમજાવી-પટાવીને કામ કાઢી લેજો.

૫૫૮૧ ઓછી અક્કલવાળાને વધારે ઈગો હોય.

૫૫૮૨ વેર અમારા જેવા જોડે કરવું, કરવું હોય તો. કારણ, અમારી જોડે વેર બાંધે ને, તો એને બચાવીએ અમે.

૫૫૮૩ જેનામાં નબળાઈ છે તેને વેર બાંધેલો માણસ હેરાન કરે. જેને નબળાઈ નથી તેને વેર બાંધેલા માણસથી કશું થાય નહીં.

૫૫૮૪ સ્ત્રી તો દેવી છે. દેવીનો અર્થ એની પૂજા નહીં કરવાની, પણ એને દુઃખ ના થાય એવું કરવું જોઈએ.

૫૫૮૫ સર્ટિફાઈડ ધણીને વાઈફ જોડે મતભેદ મહિનામાં બે વખત પડે, વધારે મતભેદ પડે નહીં.

૫૫૮૬ વહુ આપણી ખોડ ના કાઢે તો જાણવું કે આપણે મોક્ષે જવાની હવે તૈયારીઓ થઈ રહી છે.

૫૫૮૭ એક આ મનુષ્યો એકલાને ગેસ્ટ થતા નથી આવડતું. જાનવરો-બાનવરો બધાને ગેસ્ટ થતા આવડે.

૫૫૮૮ લગ્નજીવન સુધારે એનું નામ લાઈફ કહેવાય. બગડેલું સુધારે એનું નામ લાઈફ કહેવાય.

૫૫૮૯ કૉમ્પ્રોમાઈઝ (સમાધાન) એ મુખ્ય વસ્તુ છે આ જગતમાં. લડવું એ ભયંકર ગુનો છે.

૫૫૯૦ આ સંસારમાં કોઈ જગ્યાએ ગાંઠ વાળવી પડે એવો દોર ન તૂટવો જોઈએ.

૫૫૯૧ આપણે મતભેદ એટલા પાડીએ કે જેનું આપણને સૉલ્યુશન કરતા આવડવું જોઈએ. આ તો સૉલ્યુશન કરતા આવડતું નથી ને મતભેદ પાડીને ઊભો રહ્યો !

૫૫૯૨ મતભેદ બુદ્ધિથી વિચારી-કરીને ટાળી શકાય એવા છે.

૫૫૯૩ જે જક્કે ચઢે ને, એની ભૂલ.

૫૫૯૪ વ્યવહાર આખોય જૂઠો છે. હવે જૂઠા વ્યવહારમાં આટલી બધી તે શી ખેંચ વળી ?

૫૫૯૫ હંમેશાં મોટો કોણ બેમાંથી ? જે મતભેદ પોતાનો છોડી દે એ મોટો.

૫૫૯૬ તમે મારી જોડે મતભેદ પાડવા ફરો તોય હું પાડું ત્યારે ને ! અને તમારે તો પેલો મતભેદ ના પાડતો

હોય તોય તમે પાડી દો.

૫૫૯૭ કોઈ કોઈનું દુઃખ લઈ શકે નહીં. ભાવના ભાવી શકે પણ લઈ શકે નહીં.

૫૫૯૮ બીજાનું દુઃખ જોઈને પોતે દુઃખી થવું એનું નામ દયા.

૫૫૯૯ કોઈ દુઃખી હોય તો જેટલું બને એટલું કરવું અને ના બને તો ભાવ કરવા મનમાં, કે એને સારું થાવ, શાંતિ થાવ.

૫૬૦૦ દયા એ ધર્મનો મુખ્ય પાયો છે, જરૂરિયાત જ છે. પણ છેવટે મોક્ષે જવું હોય ત્યારે દયા પણ છોડવી પડશે, છેલ્લા અવતારમાં.

૫૬૦૧ દયા એ ધર્મની શરૂઆત છે ને આત્મજ્ઞાનની શરૂઆત થાય ત્યારે દયાનો એન્ડ થાય છે.

૫૬૦૨ જ્યાં સુધી બુદ્ધિ ત્યાં સુધી દયા અને બુદ્ધિનો એન્ડ આવ્યો તો દયાનો એન્ડ આવ્યો.

૫૬૦૩ દયા હોય ત્યાં નિર્દયતા અવશ્ય હોય જ. દયા એ દ્વંદ્વ ગુણ છે.

૫૬૦૪ દયા-નિર્દયતા જતી રહે ત્યાર પછી કરુણા આવે.

૫૬૦૫ કરુણા તો કોને કહેવાય, કે બિલાડીનીય કરુણા ધારે ને ઉંદરનીય કરુણા ધારીને બેઉને વારે નહીં.

૫૬૦૬ ભગવાને ફર્સ્ટ કઈ દયા કરવાની કહી છે ? તારા આત્માની ભાવદયા રાખ.

૫૬૦૭ દ્રવ્યદયા તો સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ છે અને ભાવદયા તારા પોતાના હાથની વાત છે.

૫૬૦૮ અંતરદયા એટલે શું ? આત્માની દયા ખાવાની. 'આત્મા કેમ છૂટે' એ દયા.

૫૬૦૯ સમજણ વગરની અહિંસા એ અહિંસા નથી, હિંસા છે !

૫૬૧૦ જે પોતે ભાવહિંસામાં બંધ થયો ને, તો બહાર હિંસા ઓછી થશે.

૫૬૧૧ પહેલું ભાવઅહિંસા એ પોતાના આત્માનું જ રક્ષણ કર્યું કહેવાય અને ભાવઅહિંસા જે નથી કરતા ને

દ્રવ્યઅહિંસા કરે છે, એ પોતાના આત્માની હિંસા કરે છે.

૫૬૧૨ જ્યારે આત્મા થશો, ત્યારે ભાવમરણ બંધ થશે. નહીં તો જ્યાં સુધી આરોપિત ભાવમાં છો ત્યાં સુધી ભાવમરણ ચાલુ જ છે.

૫૬૧૩ ભાવનિદ્રા એટલે શું ? જાગતા ઊંઘવું. ઉઘાડી આંખે ઊંઘવું એનું નામ ભાવનિદ્રા.

૫૬૧૪ મહાવીર બંધ આંખે જાગે છે અને જગત આખું ઉઘાડી આંખે ઊંઘે છે.

૫૬૧૫ જાગતો કોનું નામ કહેવાય ? જગત જ્યાં જાગે ત્યાં એ ઊંઘે અને જગત જ્યાં ઊંઘે ત્યાં એ જાગતો હોય.

૫૬૧૬ ઊંઘતા-જાગતાની પરીક્ષા કોણ કરી આપે ? કોઈ જાગતો હોય તે.

૫૬૧૭ જાગતો કોને કહેવો ? ત્યારે કહે, પોતાના દોષો બધા દેખાય, એવો જાગતો હોવો જોઈએ.

૫૬૧૮ મારા જેવો કો'ક જાગનાર હોય. તે આ બધા ઊંઘતાને જગાડું છું.

૫૬૧૯ તુર્યા અવસ્થા એટલે તો નિરંતર જાગૃતિ, ઊંઘમાંય જાગૃતિ.

૫૬૨૦ બે દેહનું સ્વપ્નું ત્રણ દેહવાળા સમજી શકે છે કે આ સ્વપ્નું આવ્યું. તેમ ત્રણ દેહવાળાનું સ્વપ્નું છે તે જ્ઞાનીઓને દેખાય છે કે આ લોકોને સ્વપ્નું આવ્યું છે.

૫૬૨૧ સ્વાર્થી એટલે પોતાના 'સ્વ'નો અર્થ કરે. આ તો બધા પરાર્થી છે. પારકા હારુ ભેગું કરી અને ત્યાં આગળ લાકડામાં જાય.

૫૬૨૨ હું એકલો જ સ્વાર્થી છું. મેં મારા સ્વનો જ અર્થ કર્યો છે.

૫૬૨૩ પોતાનો જે સ્વાર્થ કરે એ પરમાર્થને પામે. જગતમાં સ્વાર્થ કરે એ પરાર્થને પામે.

૫૬૨૪ સંસારી બાબતનો અને ધર્મની બાબતનો, બન્ને સ્વાર્થ સાધી લો અહીં આગળ. નહીં તો દુઃખ જાય નહીં તમારું.

૫૬૨૫ સ્વાર્થ તો એનું નામ કહેવાય કે જે જોડે લઈ જવાનું હોય.

૫૬૨૬ લોકોને સુખ આપવું એ શરૂઆત થઈ ગઈ પરમાર્થની.

૫૬૨૭ જો મરવાનું જ છે, તો સામાના ફાયદા માટે જીવ ને ! તારો ફાયદો તો એની મહીં રહેલો જ છે.

૫૬૨૮ બે જ પગથિયા છે, એક લોકોપકારી જીવન જીવો અને એનાથી આગળ વધવું હોય તો મોક્ષને માટે જીવો.

૫૬૨૯ ચિત્ત શુદ્ધિનો સરળ રસ્તો એ, કે આખો દહાડો પારકાના જ કામ કર્યા કરવા, પોતાનું કામ જ ના કરવું.

૫૬૩૦ 'આપણે કોણ છીએ' એ નક્કી કર્યા પછી જો આપણે સેવા કરીએ, તો સેવા દીપે.

૫૬૩૧ જેમ કરોળિયો એનું જાળ વીંટે અને ફસાય, એમ આપણે આપણા જ જાળામાં વીંટાયા છીએ. એમાં ભગવાને કશો હાથ ઘાલ્યો નથી.

૫૬૩૨ આપણા લોક કુદરતને ભગવાન કહે છે પણ ખરેખર ભગવાન તો પરમાત્મા છે, જે ચેતન છે અને કુદરત ચેતન નથી.

૫૬૩૩ ભગવાન ના હોય તો આ જગત જ હોય નહીં. કારણ કે એને જાણનારો-જોનારો ના હોય, ચેતન ના હોય તો બીજા બધા તો જડ તત્ત્વો છે, એ શું કામ કરી શકે ?

૫૬૩૪ ક્રીએચરની અંદર ભગવાન છે, શુદ્ધ ચેતન, પણ નૉટ ઈન ક્રિએશન.

૫૬૩૫ ક્રીએચરમાં ચેતન કેવી રીતે રહેલું છે ? કોઈનામાં જ્ઞાનરૂપે હોય છે, કોઈનામાં દર્શનરૂપે હોય છે, કોઈનામાં લાગણીરૂપે હોય છે.

૫૬૩૬ ક્રીએચર એટલે એમાં આત્મા હોય અને આત્મા થકી ઊભું થયેલું હોય. આત્માએ કરેલું ના હોય.

૫૬૩૭ આ ઝાડને કાપી નાખે તો તરત રૂપ ઊડી જાય છે ને ? એ રૂપ-લાવણ્યતા એ આત્માનું છે, ચેતનનું છે.

૫૬૩૮ આ દુનિયામાં રૂપાળી જેવી કોઈ ચીજ જ નથી હોતી, આત્મા સિવાય. એ પરમાત્મા જેવું રૂપ કોઈનામાં છે જ નહીં ને !

૫૬૩૯ આ તો રૂપીનું રૂપ છે, પણ અરૂપીનું રૂપ જોયું હોય

તો એ અજાયબ રૂપ હોય !

૫૬૪૦ આ (રિલેટિવ) પ્રકાશ જેમ ક્રિયા કરી શકે નહીં, તેમ આત્મા રિયલ પ્રકાશ છે, એ ક્રિયા કરી શકે નહીં છતાં એ ચેતન છે.

૫૬૪૧ આ જેટલા પૂતળાં નાચે છે, એ બધામાં ચેતન બિલકુલ નથી અને એ પૂતળાંના નાચની મહીં જે છે પ્રકાશ, તે ચેતનનો છે.

૫૬૪૨ ચેતન પ્રકાશરૂપ છે ખાલી, કોઈ ક્રિયારૂપ નથી. ક્રિયા બધી પુદ્ગલની છે.

૫૬૪૩ ખરી રીતે તમે જીવતા જ નથી. આ તો અત્યારે મારી પાસે મશીન નથી, નહીં તો સાબિતી દેખાડું બધાને. ચાવી આપેલું પૂતળું છો !

૫૬૪૪ આ બધા કર્મના નચાવ્યા રમકડાં છે. ભગવાન નચાવતા નથી, સહુ સહુના કર્મ જ નચાવ્યા કરે છે અને પ્રકૃતિનો નાચ થયા જ કરે છે.

૫૬૪૫ નચાવે છે કર્મો અને કહે છે, 'હું નાચ્યો', એ કેટલો અહંકાર કરે છે !

૫૬૪૬ મનુષ્યમાત્ર નહીં, જીવમાત્ર ટૉપ્સ છે, ટી-ઓ-પી-એસ. ટૉપ્સ એટલે ભમરડાં. પ્રકૃતિ જેમ નચાવડાવે છે એમ નાચ્યા કરે છે.

૫૬૪૭ 'ના કરું' તે તારા હાથમાં નથી ને 'કરું' તેય તારા હાથમાં નથી. એ ભમરડો ફર્યા જ કરવાનો છે.

૫૬૪૮ આ અંબાલાલેય ભમરડા, પણ દાદા ભગવાન ભમરડા નહીં. ચૌદ લોકનો નાથ, આખા બ્રહ્માંડનો નાથ 'દાદા ભગવાન' ! જે માગે એ મળે, માગતો ભૂલે.

૫૬૪૯ આખા સંસારકાળમાં આત્મા ઉદાસીન જ છે !

૫૬૫૦ જ્યાં સુધી અહંકાર કર્તા હોય ત્યાં સુધી આત્મા ઉદાસીન, કશું મહીં હાથ ઘાલે જ નહીં, ફક્ત પ્રકાશ આપ્યા કરે.

૫૬૫૧ કશું આપે નહીં ને લે નહીં એનું નામ 'ભગવાન'. જીવમાત્રને એક જ વસ્તુ આપે છે, 'પ્રકાશ' !

૫૬૫૨ ભગવાન મુક્તિ આપવામાં શૂરા છે. જેને જોઈતી હોય તેને. બાકી ભગવાન બીજા કાર્યમાં હાથ

ઘાલતા નથી.

૫૬૫૩ આ પારકાની ભક્તિ કરે ત્યાં સુધી તો ભગત ને ભગવાન બે જુદા અને પોતે પોતાની ભક્તિ કરે, એ પોતે ભગવાન થતો જાય.

૫૬૫૪ સાચા ભક્ત ભગવાન જ કહેવાય. પોતે પોતાની ભક્તિ કરીને પોતે ભગવાન થાય.

૫૬૫૫ ભગવાન ને ભક્ત બે જુદા હોય ને જ્ઞાની પુરુષ ને ભગવાન એક જ હોય. ભક્તો 'તું હી તું હી' ગાયા કરે ! જ્ઞાની 'હું હી હું હી' ગાય !

૫૬૫૬ જગ્યા જુદી જુદી છે, એટલે વિચારો જુદી જુદી જાતના છે, એટલે માણસોના ધર્મો પણ જુદી જુદી જાતના થયા.

૫૬૫૭ દરેક મનુષ્યની સ્પેસ જુદી છે એટલે એના ભાવ જુદા છે. સ્પેસ ને ભાવ જુદા જ હોય દરેક મનુષ્યોમાં.

૫૬૫૮ સ્પેસ એક હોય તો ભાવ સરખા હોય. એટલે આ સ્ત્રીના અંદર ગર્ભમાં બાળક બેઠેલું હોય, તે બેઉના સરખા-સમાન ભાવ હોય.

૫૬૫૯ હું અત્યારે વાત કરું તો બધાને સરખી પહોંચી જાય. ટાઈમ સરખો પણ સ્પેસ બધાની જુદી, એટલે ગ્રાસ્પિંગ જુદું જુદું હોય.

૫૬૬૦ ભાવ જુદા જુદા ઉત્પન્ન થાય છે, એટલે જુદી જ ક્રિયા હોય. એટલે કોઈની ક્રિયા ખોટી-ખરી હોતી નથી.

૫૬૬૧ આ દુ:ખેય દૃષ્ટિફેરના છે અને ઝઘડાય દૃષ્ટિફેરના છે. દૃષ્ટિ જો સમ્યક્ થઈ, તો થઈ રહ્યું, ખલાસ !

૫૬૬૨ કોઈના દૃષ્ટિબિંદુને તમે છંછેડો એ તમે જ છે તે મૂળ દૃષ્ટિને પામ્યા નથી. એના દૃષ્ટિબિંદુને આવકાર આપવો પડશે.

૫૬૬૩ જેને બધા ધર્મો સાચા લાગે છે, તે વીતરાગ ધર્મ સાચો છે.

૫૬૬૪ સાચી વસ્તુને તફાવત હોતો નથી, જૂઠી વસ્તુને તફાવત હોય છે.

૫૬૬૫ જગત જીતે તે મહાવીર, હારે નહીં. કો'ક હરાવવા આવે ત્યારે એ કહે કે હું હારેલો જ છું, એ જગત જીત્યો.

૫૬૬૬ અમને મતભેદ ના હોય કોઈ જાતનો. મત જ નહીં ત્યાં ભેદ ક્યાંથી હોય ?

૫૬૬૭ મતભેદ પડે તેનો વાંધો નહીં, મનભેદ ના થવો જોઈએ. મન તૂટી જાય ત્યાર પછી બહુ નુકસાન થાય છે.

૫૬૬૮ મનને દુઃખ થયું એને હિંસા નથી કહેતા આપણે. મન તૂટી ગયું હોય આપણાથી એ હિંસા કહેવાય.

૫૬૬૯ લોભની જાગૃતિવાળા મનના ગરીબ (સંકુચિત) હોય છે, મન મોટું (નોબલ) એ રાજા કહેવાય.

૫૬૭૦ મોટું મન એ તો કુદરતની ગિફ્ટ છે. અગર તો આ જ્ઞાન મળ્યા પછી મોટું મન કરી શકે.

૫૬૭૧ બસ્સોના નુકસાન હારુ સંબંધ છોડી દે અને પાછો બીજો સંબંધ બાંધે. પૈસા તો કાલે આવી મળે, પણ આ બધા સંબંધો બગાડવા એ તો ભયંકર ગુનો છે.

૫૬૭૨ કો'ક નુકસાન કરી ગયો હોય ને, તો પંદર વર્ષે સામો ભેગો થાય કે તરત પાછો આ તાંતો ઊભો થાય, એનું નામ ક્રોધ કહેવાય.

૫૬૭૩ મિથ્યાત્વનો તાંતો ના ભુલાય, બીજું બધું ભૂલી જાય. બધી સગાઈઓય ભૂલી જાય. સગાઈઓ ફેરફાર થાય, પણ તાંતો તેનો તે જ.

૫૬૭૪ બૈરાં-છોકરાં બધાય બદલાય, દેહ બદલાય પણ મિથ્યાત્વનો તાંતો ના બદલાય. એ તો નિરંતર સાથે રહેવાનો.

૫૬૭૫ આપણે કષાયથી મુક્ત થવા આવ્યા છીએ. આપણે કષાય કરવા નથી, છેતરે તોય. ફરી હઉ છેતરાઈએ.

૫૬૭૬ છેતરાવાની ચીજો અહીં પડી રહેવાની છે અને વગર કામના વેર બાંધવા આ લોકોની જોડે.

૫૬૭૭ છેતરનારો માણસ આપણને મુક્ત કરી દે. આપણે છેતરાયા એટલે આપણી પાસે જે ખોટું પુદ્ગલ હતું, તે જતું રહ્યું. એટલે ભાર ઓછો થઈ ગયો. હવે મોક્ષે જરા જલદી જવાશે.

૫૬૭૮ સમજીને છેતરાય એ ભગવાન થાય. સમજીને છેતરે એ નર્કમાં જાય.

૫૬૭૯ અક્કલ તો આત્મા સંબંધમાં વાપરવાની છે, આ તો

પુદ્ગલમાં વાપરી, તેથી પુદ્ગલમાં બહુ એક્સપર્ટ થઈ ગયો. એટલે નર્કે જવાની તૈયારી થઈ. પુદ્ગલમાં જે ભોળા તેને મોક્ષે જવાનું.

૫૬૮૦ અત્યાર સુધી બધા લોકોએ અક્કલના વખાણ કર્યા છે. મેં એકલાએ જ કહ્યું 'અક્કલના બારદાન.' એટલે બધા પાછા પડી ગયા કે આ અક્કલ વધારેલી નકામી ગઈ ! મૂઆ, નકામી નહીં, આ અક્કલ તો નર્કે લઈ જશે.

૫૬૮૧ હોશિયારીથી કર્મ વધારે બંધાય, ચીકણા કર્મ બંધાય.

૫૬૮૨ ભગવાને શું કહેલું, મોક્ષે જવું હોય તો હોશિયારી અને ચાલાકી છોડી દેજો, અક્કલવાળા થવા જશો નહીં. સંસારમાં ભટકવું હોય તો એ કરજો.

૫૬૮૩ ટ્રિક એટલે શું ? વધુ બુદ્ધિશાળી ઓછી બુદ્ધિવાળાને છેતરે.

૫૬૮૪ ટ્રિકવાળા તિર્યંચમાંય ના હોય, તિર્યંચેય સંઘરે નહીં. ટ્રિકવાળાને તો નર્કગતિ સંઘરે.

૫૬૮૫ જે વધારે પડતું વ્યાજ લે, એ ક્યારેય મોક્ષે જાય નહીં.

૫૬૮૬ વ્યાજ તો સામાની આંતરડી કકળાવે. એટલે પેલો મોક્ષે ના જવા દે. ગાળો દે તેનાથી મિજાજ જતો રહે, પણ આંતરડી કકળે નહીં.

૫૬૮૭ દુષમકાળમાં માણસ સુગંધી શી રીતે લાવે ? ત્યારે કહે, દુર્ગંધી ના લાવે એ જ સુગંધી છે.

૫૬૮૮ કીર્તિ કોની ફેલાય ? આ સુગંધ કોની ફેલાય ? જેનામાં એક પણ ટ્રિક ના હોય.

૫૬૮૯ કીર્તિ ફેલાઈ અને જો નમ્ર ના થયો તો સુગંધ ફેલાય નહીં.

૫૬૯૦ કીર્તિ નમ્ર થવા માટે છે, ત્યારે ઊલટો આમ અક્કડ થઈને ફર્યો.

૫૬૯૧ કોઈ પણ આધાર છે; સ્ત્રીનો આધાર, પૈસાનો આધાર, બુદ્ધિનો આધાર, અક્કલનો આધાર, ભક્તિનો આધાર, જાતિનો આધાર, ત્યાં સુધી ભગવાન ભેગા થાય નહીં.

૫૬૯૨ બુદ્ધિ હોય તે ભગવાનનો વિચાર કરી શકે પણ બુદ્ધિનો આધાર લેવાનો ના કહું છું હું. 'હું કેવો બુદ્ધિશાળી છું' એ બુદ્ધિનો આધાર છે.

૫૬૯૩ આધાર કોનું નામ કહેવાય, કે જે આધાર ઉપર એને ગમે.

૫૬૯૪ જે આધાર નિરાધાર ના કરે એવો આધાર હોવો જોઈએ.

૫૬૯૫ ભગવાન તો મહીં અંદર બેઠેલા છે, પરમાનંદી છે, આનંદમાં છે. આપણે જ છે તે બહાર નીકળ્યા છીએ, સ્વાદ ચાખવા માટે હૉટલોનો !

૫૬૯૬ ભગવાનને કહેવાનું, કે **Let me have in your 'I-ness'.** (મને તમારા 'હુંપણા'માં રહેવા દો.)

૫૬૯૭ પ્રાર્થના હૃદયથી એવી કરવી, કે આ જગતના ભૌતિક સુખોમાંથી ઈચ્છાઓની પૂર્ણાહુતિ કરો, મને ઈચ્છાઓ શમી જાય એવું કરો.

૫૬૯૮ ઈશ્વર એ મૂળ વસ્તુ છે, પોતાનું સ્વરૂપ છે. એટલે યાદ કરતાની સાથે જ મહીં આનંદ થાય.

૫૬૯૯ જેની સંપૂર્ણ ઈચ્છા છૂટી ગયેલી હોય ને ભગવાનના દર્શન થાય કે છૂટો થઈ ગયો.

૫૭૦૦ જેને ભૌતિક સુખો જોઈએ છે, તેને યોનિમાં પ્રવેશ કરવાનો રાઈટ (અધિકાર) છે. જેને ભૌતિક સુખો ના જોઈતા હોય, તેને યોનિમાં પ્રવેશ કરવાનો રાઈટ જતો રહે છે.

- જય સચ્ચિદાનંદ

આ વાક્યો ભલે જૂના શાસ્ત્રોમાં નહીં મળતા આવતા હોય, તોય પણ નવા શાસ્ત્રો રચાય એવા વાક્યો છે. ચોવીસ તીર્થકરોની વાતને એક્સેપ્ટ કરીને એથી આગળ આ કાળના આધારે જે જરૂરિયાત છે, એ બધું નવું શોધન કર્યું છે. કાળ પ્રમાણે વ્યવહારિક જ્ઞાન હોવું જોઈએ. એટલે અમારું આ એક-એક સૂત્ર આ કાળને ફિટ થાય એવું છે.

- દાદાશ્રી

દાદા ભગવાન પ્રરૂપિત

# આપ્તસૂત્ર



૮

દાદા ભગવાન પ્રરૂપિત

# આપ્તસૂત્ર

## (ભાગ ૮ - ક્રમાંક ૫૭૦૧ થી ૬૪૩૪)

સંકલન : દીપકભાઇ દેસાઇ

**પ્રકાશક : શ્રી અજિત સી. પટેલ**
**દાદા ભગવાન વિજ્ઞાન ફાઉન્ડેશન,**
૧, વરુણ એપાર્ટમેન્ટ, ૩૭, શ્રીમાળી સોસાયટી,
નવરંગપુરા પોલીસ સ્ટેશન સામે, નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦૦૦૯, ગુજરાત.
**ફોન :** +૯૧ ૭૯ ૩૫૦૦ ૨૧૦૦, +૯૧ ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭

**કોપીરાઈટ :** © Dada Bhagwan Foundation,
5, Mamta Park Society,
B/h. Navgujarat College, Usmanpura,
Ahmedabad - 380014, Gujarat, India.
Email : info@dadabhagwan.org
Tel. : +91 9328661166/77

**All Rights Reserved. No part of this publication may be shared, copied, translated or reproduced in any form (including electronic storage or audio recording) without written permission from the holder of the copyright. This publication is licensed for your personal use only.**

**પ્રથમ આવૃતિ :** ૬,૦૦૦ ડિસેમ્બર, ૨૦૨૫

**ભાવ મૂલ્ય : 'પરમ વિનય' અને**
**'હું કંઈ જ જાણતો નથી', એ ભાવ !**

**દ્રવ્ય મૂલ્ય : ૧૬૦ રૂપિયા (ભાગ ૬ થી ૧૦ - એક સેટના)**

**મુદ્રક :** અંબા મલ્ટિપ્રિન્ટ,
એચ.બી.કાપડીયા ન્યુ હાઈસ્કૂલની સામે, છત્રાલ - પ્રતાપપુરા રોડ,
છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯, ગુજરાત.
**ફોન :** +૯૧ ૭૯ ૩૫૦૦ ૨૧૪૨

**ISBN :** 978-81-992022-0-7

**Printed in India**

# આપ્તસૂત્ર

## (ભાગ ૮ - ક્રમાંક ૫૭૦૧ થી ૬૪૩૪)

૫૭૦૧ પ્રત્યક્ષ ભક્તિથી મોક્ષ થાય અને પરોક્ષ ભક્તિથી ભૌતિક સુખો મળે.

૫૭૦૨ પરોક્ષમાંથી જ પ્રત્યક્ષમાં જવાય, પણ પરોક્ષમાં બેસી રહેવાનો અભિનિવેશ થયેલો છે જગત આખાને ! ત્યાં જ ઠંડક વળી ગઈ છે. પ્રત્યક્ષની તાલાવેલી લાગતી નથી.

૫૭૦૩ મહીં ચેતન છે એની જો સીધી ભક્તિ થાય, તો એ પ્રત્યક્ષ ભક્તિ. અગર તો જ્ઞાની પુરુષ પોતે, જેમનામાં એ પ્રગટ થયેલું છે, એની ભક્તિ કરવામાં આવે એ પ્રત્યક્ષ ભક્તિ.

૫૭૦૪ જ્ઞાનમાર્ગથી જે ભક્તિ ઉત્પન્ન થાય છે એ જ્ઞાનભક્તિ ઠેઠ લઈ જનારી છે.

૫૭૦૫ જ્ઞાનની પછી ભક્તિ છે. ભક્તિ પછી જ્ઞાન નથી.

૫૭૦૬ જ્ઞાન એટલે જાણવું કે ક્યાં જવું છે, અને પછી એ પ્રમાણે આપણે એની ભક્તિ કરીએ તો ત્યાં પહોંચી જવાય.

૫૭૦૭ જ્ઞાન વગર ભક્તિ નથી. એટલે બે અંશ જ્ઞાન હશે તો બે અંશની ભક્તિ. આ જે અજ્ઞાન ભક્તિ છે ને, તેય જ્ઞાન જ છે.

૫૭૦૮ ભક્તિ એટલે શું ? તે રૂપ થવું. ટૂ એપ્રોચ નિયર ઍન્ડ નિયર.

૫૭૦૯ આ સંસારરોગ છે. માણસ પૈણવા જાય છે એ રોગને લઈને જ. નહીં તો પૈણવાની શી જરૂર ? પણ આ રોગ છે ત્યારે દવા પીવી પડે ને !

૫૭૧૦ જ્ઞાની પુરુષ બધું કાઢી આપે, નિમિત્ત છે. જેમ ડૉક્ટર આપણા દર્દના નિમિત્ત છે, એવું મિથ્યાત્વ રોગના જ્ઞાની નિમિત્ત છે.

૫૭૧૧ જ્યાં કંઈ પણ કરવાપણું છે, ત્યાં મિથ્યાત્વ છે.

૫૭૧૨ મિથ્યાત્વ એ ગુણસ્થાન છે અને અજ્ઞાન એ ગુણસ્થાન નથી.

૫૭૧૩ મિથ્યાત્વ ગુણસ્થાન એટલે શું ? અજ્ઞાની જેવી જ બધી ક્રિયાઓ, ફક્ત એક જ વાતમાં એની સમજણફેર, કે આ વીતરાગો મને મોક્ષે લઈ જશે.

૫૭૧૪ પ્રમત્ત એટલે આળસવાળું નહીં, અહંકાર ! મોક્ષના સાધનોનો હું કર્તા છું, તે કર્તાપણામાં પ્રમાદ આવે, એ પ્રમત્ત ભાવ કહ્યો.

૫૭૧૫ કશું જ કરવાનું નહીં, એનું નામ અપ્રમત્ત. પ્રમાદ એટલે કરવાપણું.

૫૭૧૬ અહંકાર હોય તો મદ હોય અને મદ હોય એટલે પ્રમાદ હોય.

૫૭૧૭ અહંકારે કરીને જે કરવાનું છે એ ન થયું તે ઘડીએ પ્રમાદ થયો. એટલે પ્રમત્ત ગુણસ્થાન એ પ્રમાદનું ગુંઠાણું છે.

૫૭૧૮ દારૂનો અમલ હોય છે, એવું આ જગતના લોકોને અજ્ઞાનતાનો અમલ છે.

૫૭૧૯ ઘોર અજ્ઞાનતા એ જ મોહ. જેટલું અજ્ઞાન ઓછું થાય એમ મોહ ઓછો થતો જાય.

૫૭૨૦ આ તો વારાફરતી, પૈણવાનું અને પછી રાંડવાનું ! આ જગત પૈણવાનું ને રાંડવાનું કારખાનું છે.

૫૭૨૧ હવે મોક્ષના કોડ જાગે તો સારું. આ પૈણીને રાંડવું પડે, એમાં શું સુખ ?

૫૭૨૨ અનાત્મ વિભાગનો આખો સાર હોય તો એ બ્રહ્મચર્યસાર છે. એ સાર ખલાસ થાય એટલે માણસ જાનવર જેવો દેખાય.

૫૭૨૩ વિષય એ તો કંઈ સારી વસ્તુ છે ? એ પાશવતાની નિશાની છે. પશુમાં ને મનુષ્યમાં ફેર જ નહીં ને !

૫૭૨૪ આપણને મનુષ્યો શાથી કહ્યા ? ત્યારે કહે, બ્રહ્મચર્યનું બંધન બાંધ્યું માટે આપણે મનુષ્યો કહેવાયા.

૫૭૨૫ અરેરે ! આટલી બધી ગંધમાંય જો લોકોને આનંદ આવે છે આ વિષયોમાં, એ અજાયબી જ છે ને !

૫૭૨૬ વિષય વધુ ભોગવવાથી છૂટે નહીં, એનાથી દૂર રહેવાથી છૂટે.

૫૭૨૭ ભોગવવાના ભાવ કરવા, આવું ભોગવવું છે, એની જોખમદારી છે.

૫૭૨૮ ચોગરદમનું સુખ હોય, ચક્રવર્તી જેવું સુખ હોય, પણ ચક્રવર્તીનેય એ દુઃખ લાગ્યું, તો આપણે વળી કયું સુખ છે તો એની માટે બેસી રહીએ ?

૫૭૨૯ આ કલ્પિત સુખનો આટલો બધો રોફ પડે છે, તો સાચા સુખનો કેટલો રોફ પડે !

૫૭૩૦ સાચું સુખ ઉત્પન્ન થયા પછી ફરી દુઃખ સ્પર્શે જ નહીં.

૫૭૩૧ કોઈ દુઃખ અડે નહીં, એના જેવો વૈભવ કોઈ નથી.

૫૭૩૨ મોક્ષ એટલે દુઃખનો બિલકુલ અભાવ. દુઃખ હોવા છતાં દુઃખ અડે નહીં, એનું નામ મોક્ષ.

૫૭૩૩ સંસારી દુઃખ જ કાઢવાના છે, સુખ તો મહીં છે જ પોતાની પાસે. સુખ લાવવાનું નથી, દુઃખ કાઢવાનું છે.

૫૭૩૪ ત્રણ પ્રકારના દુઃખ; નીચલા થરવાળાને સ્થૂળ દુઃખ હોય, વચલા થરવાળાને સૂક્ષ્મ હોય અને ઉપલા થરવાળાને સૂક્ષ્મતર દુઃખ હોય.

૫૭૩૫ સંકલ્પ-વિકલ્પ એ જ માનસિક દુઃખ.

૫૭૩૬ જગત ગપ્પું નથી, એક્ઝેક્ટ છે. માટે તમે એક્ઝેક્ટ થાવ. તમે ગપ્પુંરૂપે રહો છો ને પછી જગતને એક્ઝેક્ટ કરવા જાવ છો !

૫૭૩૭ ‘આવું કેમ’ કહ્યું કે ગૂંચાયું ને ‘આવું જ હોય’ એમ કહ્યું કે રેગ્યુલર થઈ ગયું.

૫૭૩૮ અન્યાયને જો અન્યાય માનશો તો બળવાખોર થશો. બને છે એને કરેક્ટ માનશો તો તમારું કલ્યાણ થશે.

૫૭૩૯ ન્યાય કે અન્યાય જોવા જાય ત્યારે પછી પઝલ ઊભું થાય.

૫૭૪૦ કોઈ આપણા પર અન્યાય કરે એ અન્યાય નથી કરતો, એ અન્યાય એ જ ન્યાય છે.

૫૭૪૧ તમે સ્વાર્થ દૃષ્ટિથી જુઓ છો એટલે કુદરતનો ન્યાય તમને સમજાશે નહીં અને કુદરતને તમે આરોપ કરશો.

૫૭૪૨ કોઈ એક જીવને સહેજ પણ અન્યાય થયો નથી એટલું બધું ન્યાયવાળું આ જગત છે.

૫૭૪૩ જગત બિલકુલ ન્યાય સ્વરૂપ છે. પણ બુદ્ધિથી હિસાબ કાઢવા જાય તો ન્યાય નહીં હોય. કારણ કે તમારો ન્યાય તમારા હિસાબે છે.

૫૭૪૪ એક રઈનો દાણો તમારો હશે, તે કોઈ ખૂંચવવાનો

નથી. એટલા બધા ન્યાયી જગતમાં તમારા પૈસા શી રીતે ઘાલી જાય કોઈ માણસ ? ઈઝ ઈટ પૉસિબલ ?

૫૭૪૫ આ જે દેખાય છે જગત, તે આ દેતી વખતનો હિસાબ છે, લેતી વખતનો હિસાબ નહોય આ.

૫૭૪૬ કૉર્ટમાં ના જવું ઉત્તમ. જે ડાહ્યો માણસ હોય તે કૉર્ટમાં ના જાય. મારું હશે તો આવશે, નહીં આવે તો ગયું.

૫૭૪૭ દરેક વસ્તુનો અંત હોય ને ! ખોટું નાણું અગિયાર વર્ષથી વધારે ટકતું નથી. દસ વર્ષ ટકે ને અગિયારમે વર્ષે ટકે તો મૂળ મૂડી સહિત લઈને જાય !

૫૭૪૮ કળિયુગની ઉઘરાણી તો પાછી આવે તો મોટું ધનભાગ્ય, એને નફો માનવો.

૫૭૪૯ બધાની જો સારી દાનત હોય તો આ સંસાર કહેવાય જ નહીં ને ! સ્વર્ગ જ કહેવાય ને !

૫૭૫૦ ખરાબ દાનત છે એટલે પાલખી ઊંચકે છે અને સારી દાનત છે એ પાલખીમાં બેસે છે.

૫૭૫૧ દાનત એ નિયતિના આધીન છે. જેવી નિયતિ હોય એવી દાનત થાય. અગર દાનતના આધારે નિયતિ થતી હોય.

૫૭૫૨ નફાનો આનંદ બહુ ના થાય, ખોટની ઉપાધિ વધારે થાય.

૫૭૫૩ ચિંતા એ છે તે ફૉરવર્ડ સ્ટેપ નથી, બૅકવર્ડ સ્ટેપ છે.

૫૭૫૪ જો ચિંતા કરવી હોય તો કાયમ ચિંતા કર અને જો ચિંતા પછી બંધ કરી દેવાનો હોય તો પહેલેથી કરીશ નહીં, આ અમારી શોધખોળ છે.

૫૭૫૫ આ કાર્યો જેટલા બગડ્યા છે, એ ચિંતાથી બગડ્યા છે. ચિંતા એટલે ડખલ.

૫૭૫૬ હરેક કામ આનંદથી વહેલું થાય. એ પછી આ જ્ઞાનનો આનંદ એકલો નહીં, તે સંસારી આનંદમાંય કામ વહેલા થાય.

૫૭૫૭ ચિંતા અને ઉપાધિથી તો કાર્ય ધકેલાય.

૫૭૫૮ આ જ્ઞાન જ એવું છે કે, કામેય સફળ થાય, જિંદગીય સફળ થાય, ચિંતા થાય નહીં.

૫૭૫૯ તમે 'મૂળ' જે છો એ તમારા 'મૂળ'માં જો રહો, તો તમને બંધન છે નહીં અને આ કલ્પિત ભાવમાં છો, ત્યાં સુધી કર્મના બંધન થાય છે.

૫૭૬૦ જે બંધન ભોગવે છે, દુઃખ ભોગવે છે, એ જ મોક્ષ ભોગવે છે. આત્મા તો મોક્ષ સ્વરૂપ જ છે.

૫૭૬૧ વ્યવહાર આત્મા બંધાયેલો છે અને ખરેખરો આત્મા બંધાયેલો નથી. વ્યવહારમાં તમે ઉપયોગમાં લો છો, એ આત્મા બંધાયેલો છે.

૫૭૬૨ ભગવાનની માયા રિલેટિવ છે અને વિનાશી છે. એની માયાનો વિનાશ થયો, કે પોતે રિયલમાં આવી ગયો.

૫૭૬૩ સ્વાભાવિક વસ્તુ હંમેશાં અવિનાશી હોય અને વિશેષભાવી વિનાશી હોય.

૫૭૬૪ આત્મા કોઈ વસ્તુનો બનેલો જ નથી, એ તો સ્વાભાવિક વસ્તુ છે.

૫૭૬૫ આ દુનિયામાં દેખાય છે ને, એ બધી બનેલી વસ્તુ છે અને બનેલી વસ્તુ હોય તેનો નાશ થાય. આત્માનો નાશ નથી. એ તો ઈટર્નલ વસ્તુ છે.

૫૭૬૬ મુક્તિ એટલે માયાથી, મોહથી, 'My'થી છૂટા થવું. પછી આ 'My'ને 'I' ન માને.

૫૭૬૭ પુનર્જન્મની સાબિતી શું ? ત્યારે કહે, 'I' છે ત્યાં સુધી પુનર્જન્મ છે જ. 'My' બધું બળી જાય છે અને 'I' રહે છે.

૫૭૬૮ હિન્દુસ્તાનના બધા લોકો પુનર્જન્મને સ્વીકાર કરે છે, માને છે, પણ 'હું કોણ છું' એ જાણતા જ નથી.

૫૭૬૯ આત્મા તો પરબ્રહ્મ સ્વરૂપ છે. બ્રહ્મ તો ક્યારે કહેવાય માણસ, કે નિત્ય આત્મા માનતો થયો, એટલે પુનર્જન્મ સમજતો થયો, ત્યાંથી જ બ્રહ્મસ્વરૂપ થયો.

૫૭૭૦ અહીંથી આ દેહ છૂટી જાય એ ક્ષર કહેવાય અને રહ્યું અક્ષર, એ સાથે, જોડે આવે. એ અક્ષર તું છું અને તારી અંદર ભગવાન બેઠેલા છે એ પરબ્રહ્મ સ્વરૂપ છે.

૫૭૭૧ ક્ષર-અક્ષરનીય પાર બ્રહ્મ છે અને તેનીય આગળ પરબ્રહ્મ છે.

૫૭૭૨ જીવ તે બ્રહ્મ અને જે શુદ્ધાત્મા છે એ પરબ્રહ્મ છે.

૫૭૭૩ જેને મરવાનો ભો લાગે છે એ બધા જીવ અને મરવાનો ભો લાગતો બંધ થયો એટલે એનો એ જ જીવ પછી બ્રહ્મ થઈ ગયો.

૫૭૭૪ **ब्रह्म ये बिलीफ है अने ( और ) आत्मा इज़ करेक्ट । वो बिलीफ में से करेक्ट में जाने का है।**

૫૭૭૫ બ્રહ્મનો બ્રહ્મા ના થાય તો પછી બ્રહ્મસ્વરૂપ રહે. બ્રહ્મનો બ્રહ્મા ક્યારે ના થાય ? પોતાનું બ્રહ્મસ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે.

૫૭૭૬ પહેલો બ્રહ્મ હોય છે, જ્યાં સુધી કશું કરતો નથી ત્યાં સુધી, અને પછી યોજના ઘડે કે બ્રહ્મા થાય છે. અને યોજનાનું ફળ ભોગવે છે કે આ મારા સસરા થાય, તે એ ભ્રમિત થઈ ગયેલો હોય.

૫૭૭૭ ભગવાન પોતાના દેખાય ત્યારે પારકાના દેખાય. નહીં તો ત્યાં સુધી તો આ મારા સસરા થાય, સાસુ થાય એવું દેખાય.

૫૭૭૮ ઠેર ઠેર ભગવાન જ દેખાય એનું નામ જ્ઞાન કહેવાય, પ્રકાશ !

૫૭૭૯ સૌ સૌની દૃષ્ટિમાં રમ્યા કરે છે જગત. ક્રોધી, માની, લોભી, બધા પોતપોતાની દૃષ્ટિથી જુએ છે, ભગવત્ દૃષ્ટિ થઈ નથી. જો એ થઈ હોત તો બધું ભગવત્ દેખાત.

૫૭૮૦ ભગવાન દેખાયા પછી સામા પરના બધા ભાવ તૂટી જાય. સ્ત્રીઓ પરના બીજા ભાવો બધા તૂટી જાય.

૫૭૮૧ સ્ત્રી પર દૃષ્ટિ જતી હોય તો એણે આત્મા જાણ્યો જ નથી સહેજેય, એક અંશેય ! આત્મસુખ અનુભવ્યું જ નથી.

૫૭૮૨ દિવ્યચક્ષુ એ કંઈ આંખ છે ? એ તો દિવ્ય વિચાર છે. એનાથી ઓળખાય કે દરેકમાં આત્મા છે. આત્મવત્ સર્વ ભૂતેષુ દેખાય.

૫૭૮૩ દરેકમાં આત્મા દેખાવો જોઈએ. બીજાનામાં આત્મા દેખાય તો આપણામાં આત્મા દેખાયો એ સાચું.

૫૭૮૪ વિરાટ સ્વરૂપ જેનાથી દેખાય એ દિવ્યચક્ષુ.

૫૭૮૫ પુનર્જન્મ એટલે રેસ્ટ હાઉસમાંથી બહાર નીકળવું તે અને મરણ એટલે રેસ્ટ હાઉસમાં જવું તે.

૫૭૮૬ જન્મ-મરણ જેવી વસ્તુ જ નથી, એ તો કપડાં બદલવા જેવું છે.

૫૭૮૭ ખરી રીતે કોઈ મરતું જ નથી આ જગતમાં. એ તો અવસ્થાઓ વિનાશ થયા કરે છે, મૂળ વસ્તુ મરતી જ નથી.

૫૭૮૮ ટેમ્પરરી ને પરમેનન્ટ બે વસ્તુ છે આ દેહમાં. એ ટેમ્પરરીનો અંત આવે છે ને પરમેનન્ટનો અંત આવતો જ નથી.

૫૭૮૯ ટેમ્પરરી જે કહેનાર છે ને, એ પરમેનન્ટ હોય તો જ ટેમ્પરરીને ટેમ્પરરી કહી શકે, નહીં તો ટેમ્પરરી શી રીતે કહી શકે એને ?

૫૭૯૦ તમે 'પોતે' પરમેનન્ટ છો, તમારી સેલ્ફ ! તમે સેલ્ફ સમજ્યા નથી ત્યાં સુધી તમે ટેમ્પરરી છો.

૫૭૯૧ જન્મ-મરણનો અંત જ નથી. અજન્મા થાય ત્યારે જ અંત આવે.

૫૭૯૨ આ મરનારનું અસ્તિત્વ ઊડી જાય ત્યારે અજન્મા થાય.

૫૭૯૩ જે તીર વાગીને મરી ગયા એ કૃષ્ણ નહોતા. કૃષ્ણ તો મહીં જે પ્રગટ સ્વરૂપ હતા ને, તે જ ! એને કોણ ઓળખે જ છે તે ?

૫૭૯૪ કૃષ્ણ ભગવાન કહે છે, 'બધામાં હું છું', એ કહેવાનો ભાવાર્થ એ છે કે બધામાં આત્મારૂપે ભગવાન રહેલા છે.

૫૭૯૫ દેહ હોવા છતાં આત્મસ્વરૂપ થઈ ગયેલા એટલે અજન્મા કહેવાય.

૫૭૯૬ ભગવદ્ ગીતા તો જ્ઞાની પાસેથી સમજવામાં આવે ને, તો ઘણું કામ નીકળી જાય. ગીતાનું રહસ્ય શું છે ? ત્યારે કહે વીતરાગતા, નિર્ભયતા.

૫૭૯૭ વીતરાગ રાખે, નિર્ભય રાખે એનું નામ આત્મ અનુભવ.

૫૭૯૮ સાચું જ્ઞાન હોય ને, તો નિર્ભયતા હોય. આખું બ્રહ્માંડ એક આંગળી પર રાખી મૂકે, એ સાચી નિર્ભયતા કહેવાય.

૫૭૯૯ એક સમય પણ ભય વગરનું નહીં એવું આ જગત. કારણ કે પોતે પરક્ષેત્રે બેઠેલો છે. અને સ્વક્ષેત્રે ત્યાં

આગળ કોઈ ભય જ નથી.

૫૮૦૦ અભ્યાસ શેનો કરવાનો છે ? આ દેહાધ્યાસને છોડવાનો અભ્યાસ કરવાનો છે અને સ્વસ્વરૂપને પ્રાપ્ત કરવાનો અભ્યાસ કરવાનો છે.

૫૮૦૧ કરોડ ઉપાયે દેહાધ્યાસ જાય નહીં અને જ્ઞાની પુરુષ પાસે અલ્પ પ્રયાસે જાય.

૫૮૦૨ તમારા ભોટવામાં પાણી છે, તો પછી મારી પાસે પાણી લેવા આવશો નહીં. અને તમારો ભોટવો ખાલી હોય તો પાણી લેવા આવો, તો હું રેડી આપું.

૫૮૦૩ વધારે ભણેલાને કેફ હોય અંદર, કે 'હું કંઈક જાણું છું.' એના કરતાં કોરી સ્લેટવાળાને 'કશું જાણતો જ નથી' એવું હોય, એટલે ઉકેલ આવી જાય.

૫૮૦૪ અક્કલનો તો કેફ ચઢે. તે દારૂડિયો સારો, દારૂડિયાને તો પાણી છાંટીએ તો ઊતરી જાય, પણ આને શી રીતે ઊતરે ?

૫૮૦૫ કયું જ્ઞાન જાણ્યાનો કેફ ચઢે ? ત્યારે કહે, અજ્ઞાન જાણ્યાનો કેફ ચઢે છે અને જ્ઞાનથી કેફ ઊતરે.

૫૮૦૬ જે જાણ્યા પછી જાણવાનું કંઈ બાકી ના રહે તેનું નામ 'જ્ઞાન' અને જે જાણ્યા પછી બીજું જાણવાનું બાકી રહે એનું નામ 'અજ્ઞાન'.

૫૮૦૭ ધર્મ જાણવાની જરૂર નથી, સત્‌ને જાણવાની જરૂર છે.

૫૮૦૮ વિનાશી સત્યની પાછળ જ જગત પડ્યું છે. અવિનાશી સત્ય આપણે ખોળવાનું છે, ઈન્દ્રિયનોએ.

૫૮૦૯ સત્ય એ જ 'પોતે' અને સત્યને શોધનાર ભટક ભટક કરે છે. સત્ય તો ત્યાં ને ત્યાં જ છે.

૫૮૧૦ જે ભૂલો પડ્યો હોય ને, તેને જ્ઞાન લેવાની જરૂર છે. કોણ ભૂલો પડ્યો છે એ ખોળી કાઢીએ ને, તો જડી જાય આપણને.

૫૮૧૧ કડવો અનુભવ થયો તેય અહંકારને, મીઠો થયો તેય અહંકારને અને આત્માનો અનુભવ થયો તેય અહંકારને.

૫૮૧૨ ભ્રાંતિના અનુભવો એય અહંકારને, આધ્યાત્મિક અનુભવો એય અહંકારને, બધા અનુભવો અહંકારને થાય છે.

૫૮૧૩ જ્યારે આત્માનો અનુભવ થાય ત્યારે અહંકાર તન્મયાકાર થઈ જાય આત્મામાં. પછી એનો વિલય થઈ જાય.

૫૮૧૪ મનુષ્ય એકલાનું જ અંતઃકરણઃ મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર અન્‌લિમિટેડ છે, કે જે ભગવાન પણ થઈ શકે છે !

૫૮૧૫ અન્‌લિમિટેડ થયા પછી બુદ્ધિ ખલાસ થઈ જાય, તે ભગવાન પદ આપે.

૫૮૧૬ મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર બધું ભેગું થાય ત્યારે એને જીવ કહેવાય. અંતઃકરણનોય માલિક જીવ.

૫૮૧૭ જ્યાં સુધી મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકાર છે, ત્યાં સુધી અંતરનો ઝઘડો ચાલ્યા જ કરવાનો. જ્યારે પોતે આત્મા થશે, ત્યારે એ ઝઘડો મટશે.

૫૮૧૮ 'હમ્' રહે ત્યાં સુધી અંતઃકરણ છે.

૫૮૧૯ અહમ્-કાર, 'હું જ કરું છું આ', 'હું જ ચલાવું છું' એ જ એનો અહંકાર. કશુંય ભોગવતો નથી બિચારો. માર હઉ ખાય છે પાછો.

૫૮૨૦ અહંકાર 'હું કરું છું' એમ માને છે, એટલું જ. ખાલી બિલીફ રોંગ છે. બિલીફ સુધારે કે બધું ફેરફાર થઈ ગયો.

૫૮૨૧ 'મેં આ કર્યું, મેં આ કર્યું' એ રિલેટિવ પુરુષાર્થ અને 'હું નથી કરતો' એ રિયલ પુરુષાર્થ !

૫૮૨૨ પોતે કરતો નથી ત્યાં 'મેં કર્યું' એમ કહે એનું નામ ગર્વ.

૫૮૨૩ જ્યાં સુધી પોતે 'સ્વરૂપ' થાય નહીં, ત્યાં સુધી બીજી જગ્યાએ છે ને બીજી જગ્યાએ છે એટલે ગર્વ રહ્યા વગર હોય નહીં.

૫૮૨૪ જ્ઞાનનો ગર્વ તો વળી આપણે ચલાવી લઈએ કે સારી વાતનો ગર્વ છે, પણ આ તો અજ્ઞાનનોય ગર્વ છે.

૫૮૨૫ લાખ અવતાર તપ-ત્યાગ કરે, તોય ગર્વરસ ચાખે છે ત્યાં સુધી સમ્યક્ત્વના કુંડાળામાં પેસી શકાય નહીં.

૫૮૨૬ આઉટ ઑફ સ્ટૅન્ડર્ડની સ્કૂલ એવી હોય કે જ્યાં કશું કરવાનું ના હોય, સમજવાનું જ હોય. સમજ થાય કે ફિટ થાય ને વર્તનમાં આવે.

૫૮૨૭ કરવાનું કશું જ નથી, સમજવાનું જ છે. કરવા ગયા ને, તેને ભ્રાંતિ કહેવાય.

૫૮૨૮ અહંકાર વિલય થાય એનું નામ સમજણ. અહંકાર વધે એ અણસમજણ વધી ઊલટી.

૫૮૨૯ અહંકારને ગીરો (ગીરવે) મૂકવા જાય તો લે નહીં કોઈ. બીજું બધું લે ગીરો, અહંકાર ગીરો લે કોઈ ?

૫૮૩૦ કોઈથી અહંકાર કરાય નહીં એવું આ જગત છે. અહંકાર કર્યો કે પડ્યો !

૫૮૩૧ ગાંડો અહંકાર એટલો નાપાક ગુણ છે કે ભાઈ પણ સહન ન કરી શકે. ભઈએય આશીર્વાદ (!) આપે કે વહેલામાં વહેલી તકે આનું ખેદાન-મેદાન થઈ જાવ, તો પાંસરો થાય.

૫૮૩૨ અહંકાર ઉતાર્યા વગર રહે નહીં ને લોકો. તમે ગમે એવા ડાહ્યા હોય પણ તમે અહંકાર કરો છો માટે તમને નહીં સ્વીકારે. અને ઓછી આવડતવાળો છે પણ અહંકારી નથી, તો લોક 'આવો ભાઈ' કહેશે.

૫૮૩૩ ચઢેલો હોય તેને પડવાનો ભો.

૫૮૩૪ આ જગત આખુંય ગુરુતમ થવા ફરે છે, તેથી જ માર ખાય છે.

૫૮૩૫ અહંકાર એટલે કંઈ જેવી તેવી વાત છે ? ડેવલપ્ડ વસ્તુ છે. પણ મારેય એટલો ખવડાવે.

૫૮૩૬ સાહજિક અહંકારવાળાને ભગવાને લેટ ગો કર્યા અને વિકલ્પી અહંકારવાળાને ભમરડા કહ્યા.

૫૮૩૭ હિન્દુસ્તાનનો માણસ સહજ રહી શકે નહીં, ફૉરેનનો માણસ અસહજ થઈ શકે નહીં.

૫૮૩૮ સહજ થવાનું છે. સહજ થયો કે પરમાત્મા થઈ ગયો, સહજાત્મ સ્વરૂપ પરમાત્મા કહેવાય.

૫૮૩૯ વેગ સાહજિક વસ્તુ છે અને આવેગ અસહજ છે. પોતે કર્તા થવાથી આવેગ થાય છે અને ઉદ્વેગ પોતાને ન કરવો હોય તોય થાય.

૫૮૪૦ જ્યાં સુધી આવેગવાળો છે, ત્યાં સુધી ઉદ્વેગ ક્યારે વ્યક્ત થશે એ કહેવાય નહીં.

૫૮૪૧ પ્રમાણમાં હોય ત્યારે આવેગ કહેવાય અને પોતાની શક્તિની બહાર થઈ જાય ત્યારે ઉદ્વેગ કહેવાય.

૫૮૪૨ ઉદ્વેગથી લોક તળાવમાં પડે છે અને પાછો વેગમાં આવે ત્યારે કહેશે, 'હવે મને બચાવો.'

૫૮૪૩ આ મનુષ્યો ઉદ્વેગમાં આવે છે, ત્યારે બધી જીવાત મહીં મરી જાય છે અને એના દોષ બેસે છે.

૫૮૪૪ ઉદ્વેગ થાય એ વસ્તુ સાવ સોનાની હોય તોય ફેંકી દેવી. એ આપણી સગી નહોય.

૫૮૪૫ કોઈ જીવ એવો નથી કે જેને ઉકળાટ ગમતો હોય, પણ અણસમજણથી બધો ઉકળાટ ઊભો થઈ જાય છે.

૫૮૪૬ 'તમે કોણ છો' એ તમને પોતાને ખ્યાલ હોય, તો તમને આ જગતની કોઈ વસ્તુ અસર જ કરે નહીં.

૫૮૪૭ અત્યારની લક્ષ્મી એ ઘરમાં બરફનો ઢગલો છે. રાતે-દહાડે ઓગળ ઓગળ જ થયા કરે. તમે કેટલોક વહેર ચડાય ચડાય કરશો ?

૫૮૪૮ ધન શું કહે છે ? 'કાં તો હું તને છોડીને ચાલ્યું જઈશ કાં તો તું મને છોડીને ચાલ્યો જઈશ. બેમાંથી એકને તો જવાનું જ છે !'

૫૮૪૯ જ્યારે આગળ આયુષ્યનું એક્સટેન્શન મળે તો પૈસા વધારેલા કામના.

૫૮૫૦ પૈસા હારુ ધ્યેય શાનો રાખો છો ? પૈસા તો પુણ્યને આધીન છે.

૫૮૫૧ ચક્રમ હોય તોય પણ એની પુણ્યૈ જાગે તે ઘડીએ રૂપિયાનો ઢગલો થાય. લક્ષ્મી ડાહ્યો કે ગાંડો જોતી નથી.

૫૮૫૨ પુણ્યૈની લક્ષ્મીનો પુરુષાર્થ તો કેવો હોય ? આમ સરળ ને સુંવાળો પુરુષાર્થ હોય. તેને આપણે અણસમજણથી કઠણ બનાવીએ છીએ.

૫૮૫૩ ધંધો તમે જો ખોળવા નીકળશો તો માર્યા જશો. એની મેળે સંજોગો વરમાળા પહેરાવવા આવે તે દહાડે પહેરવી.

૫૮૫૪ પોતાની અંદર ભગવાન બેઠા છે, એમની કાળજી લીધી નહીં અને આ બહાર જોઈને બહારની કાળજી લીધી.

૫૮૫૫ છોકરા જેટલો પ્રેમ ભગવાન જોડે નથી. છોકરા જેટલો પ્રેમ ભગવાન જોડે હોત ને, તો ભગવાન

ખુશ થઈ જાત !

૫૮૫૬ હંમેશાં આપણી અંદર જે શક્તિ છે તે કઈ બાજુ જાય ? તો કહે, જે બાજુ રુચિ હોય, ત્યાં જઈને બેસે, અટકે. એટલે રુચિ ફેરવવાની જરૂર છે.

૫૮૫૭ આ તો સ્ત્રીઓ પર રુચિ રહી અને ભગવાન પર નહીં. એ ભગવાન એટલે લોકો શું માની બેઠા છે, કે સંકટ સમયે સાંકળ ખેંચવાની. એટલે શી રીતે રુચિ ઉત્પન્ન થાય ?

૫૮૫૮ ભગવાન પર રુચિ ઉત્પન્ન થાય ત્યારે સાચી ભક્તિ થાય, નહીં તો કેમ કરીને થાય ?

૫૮૫૯ કોઈ પણ વસ્તુની તમે સિન્સિયરલી ભક્તિ કરો અને કંઈ પણ ઈચ્છા ના રાખો, એટલે તે ભગવાનને જ પહોંચે છે. એ સાચી ભક્તિ કહેવાય.

૫૮૬૦ ભગવાન તો નિષ્પક્ષપાતી હોય. ભક્તિ કરે ને, તેના ઉપરેય રાજી ને ના ભક્તિ કરે તેની ઉપરેય રાજી.

૫૮૬૧ આપણને જો દુનિયાદારીની કશી ચીજ જોઈતી હોય તો દેવ-દેવીઓને ભજવા અને કશું જ જોઈતું ના હોય તો ભગવાનને ભજવા.

૫૮૬૨ વીતરાગને ભજવાથી બધું મળે, પણ વીતરાગ આપી શકે નહીં કશું.

૫૮૬૩ आप जो चाइल्ड हो, तो भगवान के पास संसार का माँगने में कोई हरकत नहीं। और आप बडा है तो माँगने का अधिकार नहीं। खाली ( केवल ) कृपा ही माँगने की जरूर है।

૫૮૬૪ સંસારની ઈચ્છાઓ માટે ઈચ્છાપૂર્વકની ભક્તિ એ સકામ ભક્તિ કહેવાય.

૫૮૬૫ સકામ ભક્તિ એટલે સંસાર. નિષ્કામ ભક્તિ એટલે ભગવાનનો પુત્ર, એ મોટો થાય એટલે ભગવાન કહેવાય.

૫૮૬૬ સંસાર ગમે છે એય એક જાતની ફૂલિશનેસ (મૂર્ખાઈ) છે. પરતંત્રતા ગમે કેવી રીતે માણસને ?

૫૮૬૭ જેલમાં ઘાલે એ પરવશતા નથી, ઘરમાં જેલ લાગે એ પરવશતા કહેવાય.

૫૮૬૮ હૂંફ જેની લીધી હોય એને ત્યાં પરતંત્ર રહેવું જ પડે ને, એના તાબામાં ! નહીં તો ભગવાનના તાબામાં રહેવું.

૫૮૬૯ અવલંબન ઉપર જે જીવે છે એ પરવશતા છે.

૫૮૭૦ વિચારશીલને દુઃખ છે, વિચારશીલ ના હોય એને દુઃખ જ ક્યાં છે ? જાડું ખાતું છે, એને દુઃખ જ ક્યાં છે ?

૫૮૭૧ કુંભારના નિમાડા (ભઠ્ઠી) જેવું છે આ જગત. હવે ત્યાં પડી રહીને શું કામ ? દુનિયાના માલિક આપણે અને ત્યાં પડી રહેવાનું ખોળી કાઢ્યું મૂઆ !

૫૮૭૨ પોતે દુનિયાનો માલિક છે એવું જો કદી શ્રદ્ધામાં બેસે, તોય થઈ ગયું કલ્યાણ !

૫૮૭૩ ઊંધી શ્રદ્ધાથી કર્મ બંધાય અને સાચી શ્રદ્ધાથી કર્મ ના બંધાય. પોતે જે છે, એ પોતાનું સ્વરૂપ જાણે એટલે કર્મ બંધાય નહીં.

૫૮૭૪ જ્ઞાની કોને કહેવાય ? જેણે આત્મા જાણ્યો હોય તેને. અગર જાણ્યો ન હોય અને જેને મૂળ આત્માની યથાર્થ શ્રદ્ધા બેઠી હોય તેને.

૫૮૭૫ જેટલા બ્રહ્મસ્વરૂપ નથી એ બધા ગુરુ કહેવાય અને સદ્ગુરુ એ જ્ઞાની કહેવાય.

૫૮૭૬ સદ્‌ગુરુ કોને કહેવાય, કે જે આત્માના જાણકાર હોય. સહેજ અનુભવ હોય. અને જ્ઞાની પુરુષ તો સર્વાંશ કહેવાય.

૫૮૭૭ વીતરાગ કોને કહેવાય ? જ્ઞાની પુરુષથી વીતરાગતા શરૂ થાય, તે સંપૂર્ણ થતા સુધી વીતરાગ કહેવાય.

૫૮૭૮ 'વીતરાગ', દેહ છે ત્યાં સુધી કહેવાય અને દેહ છૂટી ગયા પછી 'સિદ્ધ'.

૫૮૭૯ જેણે આખો સિદ્ધાંત ઓગાળી નાખ્યો એ 'સિદ્ધ'. સિદ્ધાંત આખો પૂરો થઈ ગયો.

૫૮૮૦ વિજ્ઞાન એનું નામ કહેવાય, કે જે એક જ ધારો, એક જ સિદ્ધાંત હોય. એક બાજુ છે તે મંડાવે અને પછી રંડાવડાવે એ વિજ્ઞાન ના કહેવાય.

૫૮૮૧ અક્રમના સિદ્ધાંત ઉપર જ જગત ચાલશે હવે અઢાર હજાર વરસ. અક્રમ જ્ઞાન બધાને મળે કે ના મળે એ જુદી વાત છે પણ સિદ્ધાંત તો અક્રમનો જ ચાલશે.

૫૮૮૨ આ બાહ્ય વિજ્ઞાન એ તો ટેમ્પરરી ઍડજસ્ટમેન્ટ્સ છે અને આંતરિક વિજ્ઞાન પરમેનન્ટ વસ્તુ છે.

૫૮૮૩ બાહ્ય વિજ્ઞાન હોય એનાથી ભૌતિક સિદ્ધિઓ પ્રાપ્ત થાય અને શરીર, મન અને આત્માને જીતવા માટે અંતર વિજ્ઞાનની જરૂર.

૫૮૮૪ કોઈ પણ વસ્તુ લિમિટ ઓળંગવાથી પૉઈઝન થાય, ફક્ત એક આંતરિક વિજ્ઞાન સિવાય.

૫૮૮૫ જે વિજ્ઞાન માણસોને ભય પમાડે, એ વિજ્ઞાન જ ના કહેવાય. એ માણસોનું મહાન શત્રુ કહેવાય.

૫૮૮૬ જે વિજ્ઞાન આપણને સર્વ દુઃખોથી મુક્ત કરે એનું નામ આંતરિક વિજ્ઞાન.

૫૮૮૭ અમે તમારા દુઃખ લઈ ના લઈએ પણ તમે અમારા કહ્યા પ્રમાણે ચાલો તો તમારા દુઃખ જતા રહે.

૫૮૮૮ આ વિજ્ઞાન છે ! આમાં મારાથી કશું થાય નહીં. મારા કહ્યા પ્રમાણે તમે ચાલો તો તમારું થાય.

૫૮૮૯ જ્ઞાનીના કહ્યા પ્રમાણે ચાલે એ છૂટવાનો રસ્તો અને કહ્યામાં ના ચાલે તો બંધાવાનો રસ્તો.

૫૮૯૦ બહુ વિચારવું નહીં અમારા શબ્દો ઉપર, એનું નામ સરળ.

૫૮૯૧ સરળતા એટલે બીજા કહે કે તરત માની લે, ભલે છેતરાવાનું થાય. એક છેતરશે, બે છેતરશે, પાંચ છેતરશે, પણ તો સાચો માણસ ત્યાં મળશે.

૫૮૯૨ ઊંધા ગુરુથી છતું જ્ઞાન થાય છે. મનમાં થાય કે આવું તો હોય નહીં, એટલે પોતે વિચારણામાં ફરે ને પછી સાચું ખોળી કાઢે.

૫૮૯૩ અજ્ઞાન સરળતા ના ચાલે, સમજણપૂર્વક સરળતા હોવી જોઈએ.

૫૮૯૪ પ્રાજ્ઞ સરળતા એટલે શું ? સમજીને છેતરાવું, દરેક વખતે.

૫૮૯૫ વણિક જો સરળ દેખાય તો મહાપુણ્યશાળી કહેવાય.

૫૮૯૬ બુદ્ધિ વધારે હોય ને, એ સરળ ના રહેવા દે.

૫૮૯૭ કેટલાય અવતારની કમાણી હોય તે સરળતા ઉત્પન્ન થાય ! સામો વાંકો હોય તે આપણી કમાણી ખોવડાવી નાખવા ફરે, તો આપણે ખોઈ નાખીએ ખરા ?

૫૮૯૮ ચોક્કસ માણસ હોય એ મને છોડે નહીં અને જે

એબોવ નૉર્મલ થઈ ગયા, એટલે જે ખેંગાર થઈ ગયા, એ મને પકડે નહીં.

૫૮૯૯ ઉપાદાન ત્રણ પ્રકારના: એક ઓવર બર્ન્ટ બ્રિકના જેવા, એક વેલ બર્ન્ટ બ્રિક, એ એક્ઝેક્ટ ઉપાદાન કહેવાય અને અન્ડર બર્ન્ટ બ્રિક, એ એક્ઝેક્ટ નથી, તેમ છતાં એને વેલ બર્ન્ટ કરી શકાય.

૫૯૦૦ વ્યવહારમાં જે ઈંટ ફિટ ના થાય એ ઓવર બર્ન્ટ બ્રિક છે. એટલે વ્યવહારમાં બધી ઈંટોના ભેગી એ મળતી આવવી જોઈએ.

૫૯૦૧ ઉપાદાન કેવું હોવું જોઈએ ? પુનર્જન્મને સમજતું હોવું જોઈએ. ત્યાર પછી જ છે તે આ નિમિત્ત કામ કરે.

૫૯૦૨ ઉપાદાન તો ઘી, દિવેટ બધું તૈયાર કરી લાવ્યું છે, પણ દીવા વગર સળગાવે શી રીતે તે ? એટલે જ્ઞાની પુરુષ રૂપી દીવો પ્રગટ થાય ત્યારે બધા દીવા સળગે.

૫૯૦૩ ઉપાદાન ઓછું-વધતું હોય પણ નિમિત્ત જો સારું મળી આવે, તો ઉપાદાનેય સરસ કરી આપે.

૫૯૦૪ આપણું પુણ્યાનુબંધી પુણ્ય જાગે ત્યારે નિમિત્ત પ્રાપ્ત થાય અને પાપાનુબંધી પુણ્ય હોય ત્યારે બંગલા-મોટરો બધું મળે પણ નિમિત્ત ના મળે.

૫૯૦૫ પુણ્યૈ જ્ઞાની પુરુષને ભેગા કરી આપે અને એમની કૃપાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય.

૫૯૦૬ જ્ઞાની પુરુષ એકનું શરણું લીધું એટલે આખી દુનિયાનો પછી માર ખાવો ના પડે, નહીં તો આખી દુનિયાનું શરણું લેવું પડે.

૫૯૦૭ જગત આખાયમાં માર ખાવાનો. આ એક જ જગ્યા એવી છે કે જ્યાં માર ખાવો ન પડે. હંડ્રેડ પરસન્ટ સેફસાઈડ !

૫૯૦૮ અહંકાર કાઢવાની દવા એટલે શરણાગતિ. પણ કોની શરણાગતિ ? જેનો અહંકાર ગયેલો હોય તેમની.

૫૯૦૯ જ્યાં સુધી 'હું કંઈક જાણું છું' હોય, ત્યાં સુધી શરણાગતિ ના મળે.

૫૯૧૦ અર્પણતા કોઈ દહાડો ગેરહાજરને ના હોય, હાજર હોય તેને અર્પણ કરી શકાય.

૫૯૧૧ પ્રત્યક્ષ કોને કહેવાય, કે જેને જોયેલા હોય, પરિચય હોય તેને કહેવાય.

૫૯૧૨ જ્ઞાની પુરુષ મળી જાય તો એમની પાસે જઈને આપણે અર્પણ કરી દઈએ તો આપણને બધું આપી દે. જે માગો એ આપી દે, કશું બાકી ના રાખે.

૫૯૧૩ અમારી મહીં પ્રગટ થયેલા છે ચૌદ લોકના નાથ. જે ટેન્ડર ભરે એ બધું જ મળે, ભરતા આવડવું જોઈએ. અને પરમ વિનય જોઈએ. આ બે ચીજ જોઈએ.

૫૯૧૪ લોકોએ માગ્યું શું ? છોકરાં, પૈસા, એવું તેવું બધું જે પ્રારબ્ધના આધીન છે તે માગ્યું. તે તો મૂઆ તારું છે, એમાં શું માગ માગ કરે છે ?

૫૯૧૫ 'બાય, બૉરો ઑર સ્ટીલ.' જો સીધી રીતે મળતું ના હોય તો છેવટે ચોરી કરીને પણ લે, એ પાંચમા આરાના લક્ષણ !

૫૯૧૬ પૈસો જેવો લેશો ને ખાશો એવી બુદ્ધિ થશે. બુદ્ધિ બધું પૈસા પર આધાર રાખે છે.

૫૯૧૭ લાંચ એટલે પેલો એનો પોતાનો એંઠવાડો આપણી ઉપર ચોપડી ગયો.

૫૯૧૮ જો આપણે સીધા હોઈશું તો ભવિષ્ય નહીં બગડે. આપણે વાંકા હોઈશું તો ભવિષ્ય બગડવાનું છે.

૫૯૧૯ આપણે સ્ટ્રેટ ફોરવર્ડ થવાની જરૂર છે. એની મેળે પૈસા આવ્યા જ કરે. વાંકા ફર્યા કે બગડે.

૫૯૨૦ ભ્રષ્ટાચાર જે જબરજસ્તીથી કરાવડાવે છે તે કાંકરા અને ભ્રષ્ટાચાર લોકોની જબરજસ્તીથી કરવો પડે છે તે ઘઉં. તે ઘઉં અને કાંકરા બે જુદા પડી જશે.

૫૯૨૧ ભ્રષ્ટાચાર કરાવડાવતો હોય અને જો અત્યારે આ પ્રતિક્રમણ કરીને પાંસરો ચાલ્યો અને ભ્રષ્ટાચાર પરાણે કરવો પડે એવી સ્થિતિમાં આવ્યો, તો કલ્યાણ થઈ જાય એનું !

૫૯૨૨ પરાણે કરવું પડે એ પાપ, પાપ ગણાતું નથી.

૫૯૨૩ વિકર્મ એટલે અવળું કરવું તે. લોકોને ના ગમે એવા કર્મ કરવા એ વિકર્મ કહેવાય.

૫૯૨૪ ખરાબ કર્મો હસતા હસતા બાંધશો તો રડતા રડતા ભોગવવા પડશે.

૫૯૨૫ ખરાબ કર્મ કર્યા હોય, તો શનિના, સૂર્યના, મંગળના સત્તામાં જાય અને સારું કર્મ હોય તો બુધના, ગુરુના, શુક્રના સત્તામાં આવે. એટલે પહેલું કર્મ, પછી સત્તા.

૫૯૨૬ ગ્રહો ને તમારે લેવાદેવા જ નથી ! ગ્રહો તો તમારા કર્મ હોય તો એમના મારફતે તમને ફળ મળે એટલું જ !

૫૯૨૭ આપણો ગુનો હોય તો પોલીસવાળો પકડે. એમ ગુનો હોય તો ગ્રહોના હાથમાં આવો, નહીં તો લેવાદેવા નહીં ને !

૫૯૨૮ ઉપરના ગ્રહોને આપણે ખોટા વગોવીએ છીએ. આપણે તો આપણા અંદરના ગ્રહોને વગોવવા જોઈએ.

૫૯૨૯ આગ્રહ, દુરાગ્રહ, મતાગ્રહ, કદાગ્રહ, હઠાગ્રહ એ બધા નવ ગ્રહો છે. જેનામાં એ નથી એને કોઈ ગ્રહ નડે નહીં.

૫૯૩૦ કર્મ તો અમારેય ભોગવવા પડે છે, પણ ગ્રહો અમને અસર ના કરે. અમે ગ્રહમુક્ત થયેલા.

૫૯૩૧ જેવું બ્રહ્માંડમાં છે એવું પિંડમાં છે. એ નવેય ગ્રહો મહીં છે અંદર. એ તમને હેરાન કરે છે.

૫૯૩૨ આગ્રહ એટલે ગ્રહાયેલો. સત્યનો આગ્રહ હોય, કે ગમે તે આગ્રહ, પણ ગ્રહાયેલો.

૫૯૩૩ કોઈ વસ્તુનો આગ્રહ કરવા જેવો છે નહીં. પોતાનું પકડ્યું એ આપણને બુદ્ધિનો માર ખવડાવશે, બુદ્ધિની કસરત છે એ.

૫૯૩૪ જેટલું આગ્રહોનું વેઈટ, તેટલું અહંકારનું વેઈટ. બૉડીનું વેઈટ નીકળે પણ અહંકારનું વેઈટ કાઢવું હોય તો આગ્રહનું વજન કરો.

૫૯૩૫ **मनुष्य कैसा होना चहिए ( चाहिए )? बाय रियल व्यू पॉइन्ट निराग्रही और बाय रिलेटिव व्यू पॉइन्ट, सत्याग्रही।**

૫૯૩૬ અવિનાશી પર પહોંચાડનારું જે છેલ્લું વિનાશી છે, છેલ્લું સ્ટેપ છે, એ સત્યાગ્રહ છે. એની આગળના

બધા આગ્રહો ખોટા છે.

૫૯૩૭ ભગવાન નિરાગ્રહ ને સત્યાગ્રહ એ બે જગ્યાએ છે.

૫૯૩૮ નિરાગ્રહ એ સત્‌નો આગ્રહ છે. સત્‌ એટલે અવિનાશીનો આગ્રહ છે અને સત્યાગ્રહ એટલે અવિનાશી તરફ લઈ જનાર વિનાશીનો આગ્રહ છે.

૫૯૩૯ બૈરી છોડી, છોકરાં છોડ્યા, પૈસા છોડ્યા, બધુંય છોડ્યું, પણ આ વાંધા-વચકાની પકડ રહી.

૫૯૪૦ વાંધા-વચકા અને અજ્ઞાન માન્યતાઓ જાય, ત્યારે સમ્યક્ત્વ થાય.

૫૯૪૧ વાંધો એ કૉઝ છે અને વચકો એ પરિણામ છે.

૫૯૪૨ સામાને નફો કરાવવાનીય સત્તા તમારી નથી, તેમ ખોટ કરાવવાનીય સત્તા નથી. સામો કહે કે મારે ખોટ ખાવી છે, તોય આવે નહીં ! એવું આ જગત છે.

૫૯૪૩ પોતે કરતો હોય તો 'નથી થતું' એમ બોલે નહીં. કરનાર તે કરે જ, એ 'નથી થતું' એવું કેમ કરીને બોલે ?

૫૯૪૪ આરોપિત ભાવે પોતે મુકામ કર્યો છે એટલે કર્તા થયો. પોતાના મૂળ સ્વરૂપમાં તો પોતે કર્તા હતો જ નહીં.

૫૯૪૫ શુદ્ધ સ્વભાવ થાય તો જ કર્તાપણું બંધ થાય.

૫૯૪૬ હું આમ કરી નાખું, હું તેમ કરી નાખું, તેના ફળરૂપે ભ્રાંતિ ઊભી રહી છે. એ કર્તા ન થાય, તો ભ્રાંતિ જતી રહે.

૫૯૪૭ 'હું કરું છું' અને 'હું ભોગવું છું' એ વિશેષ ભાન જ્યારે બંધ થઈ જાય, ત્યારે પોતે હતો તેનો તે થઈ જાય.

૫૯૪૮ આ સંજોગો કામ કરતા હોય ત્યાં તું નથી કરતો અને તું જે કરું છું ત્યાં આગળ સંજોગોની જરૂર નથી.

૫૯૪૯ પુરુષાર્થમાં કોઈ વસ્તુની જરૂર ના પડે. પ્રારબ્ધમાં બધી વસ્તુ ભેગી થાય તો કાર્ય થાય, નહીં તો થાય નહીં.

૫૯૫૦ મહીં જે ભાવ ઉત્પન્ન થાય છે, એમાં સંયોગની જરૂર નથી. સ્વાભાવિક રીતે ઉત્પન્ન થાય છે.

૫૯૫૧ પ્રારબ્ધ એટલે શું કે આપણા ધાર્યા પ્રમાણે એકલાથી ન થાય, બીજી બધી વસ્તુ ભેગી થાય તો થાય, એ પ્રારબ્ધ.

૫૯૫૨ આ તો જે પ્રકૃતિમાં થવાનું છે, એ આધારે નૈમિત્તિક વાણી નીકળે. એટલે પોતાના મનમાં એમ ઍડજસ્ટ થાય કે આમ હું કહું છું એ પ્રમાણે થાય છે.

૫૯૫૩ તારી સત્તા પરીક્ષા આપવામાં છે પણ રિઝલ્ટમાં તારી સત્તા નથી.

૫૯૫૪ યોજનામાં કર્તા છે, યોજનામાં એની સહી છે અને જ્યારે યોજનાનું ફળ આવે છે, ત્યાર પછી એને નેચર ફળ આપે છે. એટલે પરસત્તામાં ગયું.

૫૯૫૫ જે સત્તા પોતાના હાથમાં છે એ જાણે તો ઉકેલ આવી જાય. એ સત્તા વપરાય છે તો ખરી, પણ અણસમજણમાં વપરાય છે.

૫૯૫૬ વિસર્જનમાં જ એનું ચિત્ત રહ્યા કરે છે, એટલે પેણે (સર્જનમાં) ચિત્ત જઈ શકતું નથી. નહીં તો સર્જન શક્તિને ફેરફાર કરીને ધારે ત્યાં લઈ જઈ શકે.

૫૯૫૭ જ્યાં (સર્જનમાં) ચાલે છે ત્યાં સહીઓ થતી નથી તમારી. મારી સહીઓ જ્યાં ચાલે છે ત્યાં થાય છે. ક્યાં સહી કરવાની એ મને પૂછો. (વિસર્જનમાં) નથી ચાલતું ત્યાં માથાકૂટ કરીને શું કામ છે તે ?

૫૯૫૮ જે પોતાની શક્તિ છે, તે જાણતા નથી. જ્યાં પોતાની કશી શક્તિ નથી ત્યાં 'મેં કર્યું' એમ કહે છે, એ ભ્રાંતિ.

૫૯૫૯ ભાવસત્તા એકલી જ તમારા હાથમાં છે, ક્રિયાસત્તા તમારા હાથમાં નથી.

૫૯૬૦ ભાવનું ફળ છે ક્રિયા અને ક્રિયામાંથી નવા ભાવ ઉત્પન્ન થાય છે.

૫૯૬૧ ભાવ ઓળખાવો બહુ મુશ્કેલ છે. બહુ જાગૃતિ હોય તો જ ભાવ ઓળખાય, નહીં તો કર્મ કર્યા કરે અને ભાવ વહ્યા જ કરે જોડે, કર્મ બંધાયા જ કરે.

૫૯૬૨ જ્ઞાનના આધારે ભાવ થાય છે. આ ભવમાં જે જ્ઞાન મળ્યું ને, તે જ્ઞાનના આધારે આજે ભાવ થાય છે.

૫૯૬૩ ખરાબ વિચાર આવે છે તેય મૂળ ગત જ્ઞાનના આધારે, પણ આજનું જ્ઞાન એને એમ કહે છે કે

‘આ કરવા જેવું નથી’, તો ફેરવી શકે છે.

૫૯૬૪ આખું જગત ભાવકર્મમાં સપડાયું છે. બીજ રોપવું એનું નામ ભાવકર્મ અને લણવું એનું નામ દ્રવ્યકર્મ.

૫૯૬૫ ભાવકર્મ જો ટૂંકામાં ટૂંકું સમજવું હોય, શરૂઆત સમજવી હોય તો ‘હું ચંદુભાઈ છું’ એ જ ભાવકર્મ પહેલું.

૫૯૬૬ ‘હું ચંદુભાઈ ને મેં કર્યું’ એ ભાવકર્મ. ‘ચંદુભાઈ છું’ એવું વ્યવહારથી બોલવામાં વાંધો નથી, ‘મેં જ કર્યું’ બોલ્યો કે ભાવકર્મ થયું.

૫૯૬૭ ‘હું ચંદુભાઈ છું’ એ પહેલું ભાવકર્મ, જે દૃશ્ય ભાવકર્મ કહેવામાં આવે છે. અદૃશ્ય ભાવકર્મ તો બહુ ઝીણા છે, બહુ ઊંડા છે, પણ આ દૃશ્ય જતું રહે ને, તોય બહુ થઈ ગયું.

૫૯૬૮ ભાવ એ કલ્પના છે, વિકલ્પ છે.

૫૯૬૯ મનમાં વિચાર આવે ને એની મહીં અહંકાર ભળે તો વિકલ્પ કહેવાય. નહીં તો વિચાર આવે એ વિકલ્પ ના કહેવાય.

૫૯૭૦ વિકલ્પ એટલે અહંકાર અને અહંકાર ના હોય એ નિર્વિકલ્પ સ્થિતિ.

૫૯૭૧ 'હું ચંદુભાઈ છું' એ જેટલા ભાન સહિત બોલે છે, એટલા જ ભાન સહિત 'હું શુદ્ધાત્મા છું' એ બોલે તો નિર્વિકલ્પ.

૫૯૭૨ વિકલ્પ આખો સંપૂર્ણ નાશ થાય ત્યારે નિર્વિકલ્પ પદ પ્રાપ્ત થાય. પછી જે બધું રહ્યું તેય નિર્વિકલ્પ. સરપ્લસ રહ્યું તેય નિર્વિકલ્પ. શેષ વધી તેય નિર્વિકલ્પ.

૫૯૭૩ જેનો આધાર તૂટી ગયો, નિરાધાર થયું એ બધું નિર્વિકલ્પ. 'આ હું છું' અને 'આ મને જ થાય છે', ત્યાં સુધી આધાર છે. આધાર હોય ત્યાં સુધી વિકલ્પ.

૫૯૭૪ જ્યાં સુધી નિશ્ચયનો એક અંશ પ્રાપ્ત થયો નથી ત્યાં સુધી વ્યવહારને 'વ્યવહાર' બોલવો એ ભયંકર ગુનો છે.

૫૯૭૫ સંપૂર્ણ નિશ્ચય થઈ જાય, પછી એને વ્યવહારની જરૂર રહેતી નથી. પણ જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી વ્યવહારની જરૂર છે.

૫૯૭૬ નિશ્ચય નય અને આ અક્રમ માર્ગ એ બન્ને એક નથી. અક્રમ માર્ગ વ્યવહાર-નિશ્ચય સહિત છે, શુદ્ધ વ્યવહાર સહિતનો નિશ્ચય છે.

૫૯૭૭ વ્યવહાર કોનું નામ કહેવાય, કે જેમાં અંશ વીતરાગતાથી માંડીને સર્વાંશ વીતરાગતા હોય.

૫૯૭૮ જવાબ એ નિશ્ચય છે અને રીત એ વ્યવહાર છે. એ વ્યવહાર સિવાય નિશ્ચય શી રીતે આવ્યો ? વ્યવહાર ઉપર ઊભો રહ્યો છે નિશ્ચય તો.

૫૯૭૯ કોઈ પણ વસ્તુની રીત હોય તો હિસાબ બહુ મોટો હોય તોય જવાબ આવી જાય. રીત વગરનો હિસાબ નાનો હોય તોય જવાબ આવે નહીં. એટલે રીત જાણે તો કંઈ ઉકેલ આવે.

૫૯૮૦ વ્યવહારના સકંજામાં રહીને ધર્મ કરવાનો છે. વ્યવહારમાં ના રહે ત્યાં ધર્મેય નથી, તો આત્મધર્મ તો શી રીતે હોઈ શકે ?

૫૯૮૧ એકલો નિશ્ચય હોતો જ નથી કોઈ દહાડોય. એકલો વ્યવહારેય મિથ્યાત્વ છે અને એકલો નિશ્ચયેય મિથ્યાત્વ છે.

૫૯૮૨ વ્યવહાર-નિશ્ચય બેઉ સમતુલામાં હોય તો ભેદજ્ઞાન ઉત્પન્ન થાય, નહીં તો થાય નહીં.

૫૯૮૩ સંસાર અસાર છે છતાં ખોટો નથી. આ સંસાર રિલેટિવ કરેક્ટ છે અને મોક્ષ રિયલ કરેક્ટ છે.

૫૯૮૪ રિલેટિવ સત્ય રિલેટિવમાંથી જ ઉત્પન્ન થાય, એવો નિયમ છે.

૫૯૮૫ સાચું સામાયિક હોય તો મોક્ષ થાય. આત્મા પ્રાપ્ત થયો એનું નામ સાચું સામાયિક. આત્મા નિરંતર લક્ષમાં રહ્યો એનું નામ સાચું સામાયિક.

૫૯૮૬ સામાયિક તો સ્વાભાવિક છે. આત્મા જ સમ છે અને એ પોતે જ સામાયિક છે. આત્મા સ્વભાવમાં આવ્યો એ જ સામાયિક.

૫૯૮૭ નિશ્ચય સામાયિક આત્માથી થાય, વ્યવહાર સામાયિક મનથી થાય. મનને એકાગ્ર કરવું અને બહાર દોડધામ ન કરવા દેવું, એ વ્યવહાર સામાયિક.

૫૯૮૮ સહજ થતા પહેલાનું સામાયિક, મન-વચન-કાયાને

સ્થિર કરવા પડે અને સહજ થયા પછી મન-વચન-કાયા ગમે તેમ હોય તોય સામાયિક થયા કરે.

૫૯૮૯ દેહ હાલે-ચાલે એનો વાંધો નથી, પણ આત્મા સમ રહેતો હોય એ સાચું સામાયિક. આત્મા વિષમ ન થવો જોઈએ.

૫૯૯૦ કાઉસગ્ગ એટલે કાય-ઉત્સર્ગ. આ મન-વચન-કાયા એ હું નહીં, હું શુદ્ધાત્મા છું, એવું ધ્યાનમાં રહેવું એનું નામ કાઉસગ્ગ !

૫૯૯૧ પોતે જે ધ્યાનમાં રહે છે ને, તે ધ્યાન કહેવાય. આત્માનું ધ્યાન રહે છે તો આત્મધ્યાન કહેવાય.

૫૯૯૨ આત્મજ્ઞાન થયા પછી શુક્લધ્યાન હોય. શુક્લધ્યાન તે પહેલા હોઈ શકે નહીં.

૫૯૯૩ જ્યારે એક બાજુ કર્મ બંધાતા બંધ થઈ જાય, ત્યારે છે તે શુક્લધ્યાન હોય.

૫૯૯૪ નવા કર્મ બંધાતા બંધ થઈ જાય એટલે ખોટમાં આનંદ રહે, નફામાં એલિવેટ ના થાય. કારણ કે પોતે શુદ્ધ સ્વભાવમાં છે.

૫૯૯૫ પૈસા 'હોય' છતાં 'નથી' બોલે ને, તે 'નથી' આવીને ઊભું રહે. કુદરતને ઘેર નિયમ છે કે તું બોલું છું એવું જ થાવ.

૫૯૯૬ ચોખ્ખી દાનતવાળો નાદાર થઈ જાય ને, તોય ફરી સાદાર થવાનો, એટલે ભડકવા જેવું નથી. દાનત ચોખ્ખી રાખવાની જરૂર છે.

૫૯૯૭ ચોખ્ખી દાનત એટલે કોઈને ત્યાંથી પૈસા લેતા પહેલાથી જ નક્કી કરવું જોઈએ, કે મારે આ પાછા ક્યારે અપાશે ? એ નક્કી કર્યા પછી પૈસા લેવાય.

૫૯૯૮ જે દેવું કરાવડાવે છે ને, તે જ દેવું વાળે છે. કરાવ્યું કોણે ? એ જ વાળશે. તું તારી મેળે બેસી રહે ને, એક વાર. સ્થિરતા રાખ.

૫૯૯૯ પૈસો તો મનુષ્યનો અગિયારમો પ્રાણ કહ્યો છે. માટે કોઈનો પૈસો ન ખવાય એ મોટામાં મોટી વસ્તુ !

૬૦૦૦ આપે છે તેને ઘેર નાણું ખૂટતું નથી અને પેલા લેનારને ત્યાં ખલાસ થઈ જાય છે. કોઈ કાયદો છે કે આ ગેરકાયદેસર દુનિયા છે ?

૬૦૦૧ દુનિયા કંઈ ગેરકાયદેસર નથી. પોલંપોલ છે, પણ ગેરકાયદેસર નથી.

૬૦૦૨ આ જગત મૂળ દૃષ્ટિએ ન્યાય સ્વરૂપ છે અને વ્યવહાર દૃષ્ટિએ પોલંપોલ છે પાછું. એટલે ન્યાય સ્વરૂપ છે એને પકડી ના રાખીશ.

૬૦૦૩ ચિત્તની ઍબ્સન્ટમાં જમવું એ હાર્ટ ફેઈલની તૈયારી કરી પોતે.

૬૦૦૪ ચિત્ત ઍબ્સન્ટ (ગેરહાજર) છે ત્યાં સુધી કોઈ કાર્ય સફળ થાય નહીં.

૬૦૦૫ આંખ્યો મીંચીને ખાશો તો વાંધો નથી, કાનમાં પૂમડા ઘાલીને ખાશો તો વાંધો નથી, પણ ચિત્તને ઍબ્સન્ટ ના રખાય.

૬૦૦૬ જેવું આહાર એવું મન અને પાણી એવી વાણી !

૬૦૦૭ માંસાહાર તો અડાય જ નહીં, નહિતર જિંદગીય બગડે ને શરીરેય બગડે છે.

૬૦૦૮ માંસાહારથી નર્યા રોગ ઉત્પન્ન થાય છે, કારણ કે એ જાનવરો રોગિષ્ટ હોય છે.

૬૦૦૯ મહીં જે આંતરિક સૂઝ પડે છે, તે બધી માંસાહારથી ખલાસ થઈ જાય છે.

૬૦૧૦ ભગવાને બકરાં કાપનારનો દોષ ઓછો કહ્યો, ખાનારનો વધારે દોષ કહ્યો.

૬૦૧૧ ભવિષ્યમાં સુખ ન જોઈતું હોય અને દુઃખને જ ઈન્વાઈટ કરવું હોય, તો આ માંસાહાર એ દુઃખને ઈન્વાઈટ કરવાનું સાધન છે.

૬૦૧૨ વિશેષ અસન, જે બિનજરૂરિયાત અસન, એ બધું વ્યસન.

૬૦૧૩ વ્યસન તો વીતરાગ છે. તમે એને વળગો પછી એની ઈફેક્ટો થયા કરે. પછી ઈફેક્ટ છૂટે નહીં.

૬૦૧૪ લફરું એટલે શું ? પહેલું મીઠું લાગે અને પછી કડવું લાગે ત્યારે છોડીએ તોય ના છૂટે.

૬૦૧૫ આ 'લફરું છે' એવી ખબર પડે, એટલે લફરાનું આયુષ્ય તૂટવા માંડે. ના ખબર પડે ત્યાં સુધી આયુષ્ય વધ્યા કરે.

૬૦૧૬ સિગરેટનું કોઈ દહાડો ઉપરાણું ના લેવું, જો છોડવી હોય તો.

૬૦૧૭ એક્સેપ્ટ કરીએ તો જ નિર્બળતા જાય, નહીં તો જાય નહીં.

૬૦૧૮ હું કરીશ એવું ભોગવીશ, એનું નામ છે તે પુનર્જન્મ સમજ્યો કહેવાય. એમાં વચ્ચે બીજા કોઈની ડખલ છે નહીં.

૬૦૧૯ **Lord Krishna is not responsible for your पुन्य और पाप (merit karma and demerit karma). He is not responsible at all. Those who do, they are responsible.**

૬૦૨૦ ઈશ્વર ન્યાયી નથી, અન્યાયી નથી. ઈશ્વર દયાળુ નથી, નિર્દયી નથી. ઈશ્વર ઉપર ના ઢોળશો આ બધું. તમારા જ કર્મના ફળ ભોગવી રહ્યા છો.

૬૦૨૧ જેમ જેમ શરીર નાનું થાય એમ એમ કર્મો બહુ હોય. આ કીડીને તો એટલા બધા કર્મ હોય કે ન પૂછો વાત !

૬૦૨૨ મહીં બેઠેલા ભગવાન એકલા જ એવા છે કે આપણા કર્મોને ભસ્મીભૂત કરી નાખે, જો એની મહીં એકાગ્ર થઈએ તો, નહીં તો કર્મ છોડે નહીં.

૬૦૨૩ ભગવાને કહ્યું, કાં તો કર્મને આધીન રહે, કાં તો મારે આધીન થા તો હું તને છોડાવી આપું. નહીં તો કર્મને આધીન તો રહેવું જ પડશે.

૬૦૨૪ ઈન્ડિયન પઝલ ! કમાયો ત્યારે કહે, 'હું કમાયો' અને ખોટ ગઈ ત્યારે કહે, 'ભગવાને ઘાલી !'

૬૦૨૫ ભગવાન કુંભાર નથી કે કરે આ બધું ! ભગવાન સાયન્ટિસ્ટ છે. છેટો બેઠો બેઠો સાયન્સ, વિજ્ઞાન જોયા કરે.

૬૦૨૬ બધી વસ્તુઓ ભેગી થઈ અને કુદરતી રચના થવી એનું નામ 'સાયન્સ'.

૬૦૨૭ પ્રકૃતિમાં કરનાર જોઈએ અને કુદરતમાં કરનાર નહીં. કુદરત એ જ કુદરતી રચના છે.

૬૦૨૮ કુદરત પરિણામ પામી એ પ્રકૃતિ કહેવાય. '2H' અને 'O' બે જુદા હોય ત્યારે કુદરત કહેવાય, અને બે ભેગા થયા ને પાણી થઈ ગયું એ પ્રકૃતિ કહેવાય.

૬૦૨૯ પુરુષ એ ભગવાન છે અને પ્રકૃતિ ઉત્પન્ન થઈ છે,

એ વિજ્ઞાનથી ઊભી થઈ છે.

૬૦૩૦ જગતને ચલાવનાર સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ છે, પણ ચાલી રહ્યું છે સ્વભાવથી.

૬૦૩૧ સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ એટલે વૈજ્ઞાનિક સંયોગો, જે આપણને આંખે દેખી ના શકાય એવા સંયોગો-પુરાવા ભેગા થાય છે.

૬૦૩૨ આખું જગત જ, આત્મા સિવાય બીજું બધું સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ છે.

૬૦૩૩ આખું જગત 'વ્યવસ્થિત'ને જ 'ભગવાન' કહે છે. એ ભગવાન ચલાવે છે, કહે છે. એટલે મૂળ ભગવાન રહી જાય છે. એની તપાસ જ કરતા નથી.

૬૦૩૪ આ પ્રેરણા જે થાય છે ને, તે ભગવાન પ્રેરણા નથી કરતા. આ તમારા કર્મના ઉદયે 'વ્યવસ્થિત શક્તિ' પ્રેરણા કરે છે.

૬૦૩૫ મનના વિચારો, વાણી અને વર્તન તે કોઈ માણસના તાબામાં છે જ નહીં. જેટલું તાબામાં માનવામાં આવે છે એ જ ભ્રાંતિ છે.

૬૦૩૬ મનને કાઢવા ના ફરીશ. મન એ નાવડું છે, મોક્ષે જવા માટે અને સંસારમાં ભટકવા માટેય નાવડું છે. તારે નક્કી કરવું જોઈએ અને હોકાયંત્ર લાવીને મૂકવું જોઈએ.

૬૦૩૭ વિચાર વગર તો મોક્ષેય ના જવાય અને વિચાર વગર તો નર્કેય ના જવાય. એટલે ઍબ્સન્ટ માઈન્ડ કરવાની જરૂર નથી, સદ્‌વિચારની જરૂર છે.

૬૦૩૮ જ્યાં સુધી નિર્વિચાર દશા ના થાય, ત્યાં સુધી વિચાર કરવા જ પડે. આ જ્ઞાન મળે ત્યાર પછી વિચાર ના કરશો.

૬૦૩૯ જ્યારે નિર્વિચાર દશા ઊભી થઈ, તે પહેલા આ જગતમાં એવી કોઈ ચીજ નથી કે જે મારા વિચારવાના બહાર હોય. વિચારદશા અટકતી જ નહોતી.

૬૦૪૦ બધા જ ફેઝિઝનું જ્ઞાન મેં ખોળી કાઢેલું. દરેક ફેઝિઝમાંથી હું પસાર થયેલો છું અને દરેક ફેઝનો એન્ડ મેં લાવી નાખેલો છે. ત્યાર પછી આ જ્ઞાન થયેલું છે.

૬૦૪૧ આ પ્રતિષ્ઠિત આત્માનો સાક્ષીરૂપ ધર્મ છે અને મૂળ આત્માનો જાણવા-જોવાનો ધર્મ છે.

૬૦૪૨ જ્યાં અહંકાર હોય ત્યાં સાક્ષીભાવ હોય અને જ્યાં અહંકાર ના હોય ત્યાં જ્ઞાતાભાવ હોય.

૬૦૪૩ જ્યારે તમે દ્રષ્ટા થાવ અને ચંદુભાઈ દશ્ય થાય ત્યારે કામ થઈ જાય.

૬૦૪૪ આ જે જ્ઞેય અને દશ્ય છે એને જ્ઞાતા-દ્રષ્ટા માને છે, એ જ ભૂલને લઈને જિતેન્દ્રિય જિન ગણાતા નથી. એ ભૂલ ભાંગી એટલે જિતેન્દ્રિય જિન થઈ ગયો.

૬૦૪૫ જ્ઞેયને જ્ઞાતા માનવું એનું નામ ભ્રાંતિ અને જ્ઞાતાને જ્ઞાતા માનવું ને જ્ઞેયને જ્ઞેય માનવું એનું નામ જ્ઞાન.

૬૦૪૬ જ્ઞાતા જ્ઞેયને જોઈ શકે, જ્ઞેય જ્ઞાતાને ન જોઈ શકે.

૬૦૪૭ જે જણાય એ બધું જ્ઞેય અને દેખાય એ દશ્ય.

૬૦૪૮ જ્ઞાતા-દ્રષ્ટા એ સ્વપ્રકાશ કહેવાય.

૬૦૪૯ પૈસા જાય છે ત્યારે એને દુઃખ નથી હોતું પણ જશે એવી શંકા પડે ત્યારે જ દુઃખી હોય છે.

૬૦૫૦ વાગે છે તે દહાડે દુઃખી નથી થતો પણ મને વાગશે એવી શંકા પડે ત્યારે દુઃખી થાય છે.

૬૦૫૧ શંકા એ જ દુઃખ છે. છેવટે એ દુઃખમાં સબડવું તેના કરતાં શંકા જ ના કરવી એ શું ખોટું ?

૬૦૫૨ શંકા તો મૂળમાંથી, એ ઊગે ત્યાંથી જ બંધ કરી દેવી, બારી પાડી દેવી. નહીં તો ઝાડરૂપે થાય એ તો.

૬૦૫૩ જ્યારે કોઈ માણસનામાં કશું બરકત ના રહે, ત્યારે શંકાશીલ થઈ જાય, જેમાં ને તેમાં.

૬૦૫૪ 'ખરેખર હું ચંદુ છું ?' એટલી જ શંકા કર કર કર્યા કરવાની છે. આ શંકા છે તે હેલ્પ કરે, બીજી બધી શંકા આપઘાત કરાવડાવે.

૬૦૫૫ પોતાના નામ પર પોતાને શંકા પડે ને, એ મોટામાં મોટું જ્ઞાન છે.

૬૦૫૬ આ બધા આતાપ, સંતાપ, પરિતાપ, ઉતાપ, જેટલા બધા તાપ છે એ બધા શંકાથી ઊભા થયા છે.

૬૦૫૭ આ દુનિયામાં શંકાશીલ ને મરેલો બે સરખા. મરેલું જીવન જીવે એ !

૬૦૫૮ સર્વસ્વ નાશ કોનો થાય છે આ દુનિયામાં ? શંકાશીલનો. અનંત અવતારો બગડે ને બધું સર્વસ્વ નાશ થઈ જાય.

૬૦૫૯ વીતરાગ ને નિર્ભય થઈ ગયો કે થઈ રહ્યું ! જ્યાં સુધી રાગ-દ્વેષ છે, ત્યાં સુધી શંકાઓ જ છે.

૬૦૬૦ અહંકાર કોઈ દહાડો નિર્ભય થઈ શકે નહીં.

૬૦૬૧ મોક્ષમાં તો ભડકાટ વગરનો, નિર્ભય માણસ હોય, તેને પેસવા દે.

૬૦૬૨ ભડક શું હેલ્પ કરે છે ? મારી નાખે છે લોકોને, મરતા પહેલા ! નવ્વાણું ટકા તો ખોટા જ ભય છે બધા.

૬૦૬૩ માણસ મરે છે એક વખત અને સો વખત બોલે કે 'એય મરી ગયો, એય મરી ગયો.' મરવાનું આવે તોયે 'મરી ગયો' ના બોલીએ. કારણ કે આપણે તો અમર છીએ ! આપણે મરવાનું શાનું હોય તે ?

૬૦૬૪ આખું જગત છે તે ભવિષ્યકાળમાં વધારે ખોવાયેલું છે અને કેટલાક નબળા મનના છે તે ભૂતકાળને પણ રડે છે.

૬૦૬૫ ભૂતકાળ તો જતો રહ્યો, હવે એને ઉલેચવાનું કોઈ મૂર્ખેય ના કરે એવું. ગઈ તિથિ તો જોષીય ના વાંચે.

૬૦૬૬ જે આપણા હાથના ખેલ નથી તેની ચિંતા શી ?

૬૦૬૭ જેમ પરિગ્રહ ઓછા તેમ ચિંતા ઓછી.

૬૦૬૮ જેટલી ઉપાધિ વધારીએ એટલો ધર્મ ઓછો થશે આપણો, મોક્ષમાર્ગ ઓછો થશે. ઉપાધિ છે એનો નિકાલ કરવાનો છે, એય આવી પડેલી પાછી.

૬૦૬૯ આ ઘડિયાળ છે તે 'મારું ન્હોય, મારું ન્હોય' એમ સો વખત બોલીએ ને પછી ખોવાઈ જાય તો ચિંતા ના થાય કશી.

૬૦૭૦ જે આપણને યાદ આવે એ બધોય પરિગ્રહ.

૬૦૭૧ આ દેહ જ મોટામાં મોટો પરિગ્રહ. મૂળ આ કપડાં પરિગ્રહ નથી, દેહ જ પરિગ્રહ છે.

૬૦૭૨ જ્ઞાની પરિગ્રહ હોવા છતાં અપરિગ્રહી હોય છે અને આ જગત અપરિગ્રહી હોય છતાં પરિગ્રહી હોય છે.

૬૦૭૩ ગ્રહોથી જે બંધાઈ ગયેલો એનું નામ પરિગ્રહી કહેવાય.

૬૦૭૪ અંદર ક્રોધ-માન-માયા-લોભના પરમાણુ જેટલા ધારણ રહેલા છે, એય પરિગ્રહ છે. જે જે કાઢવાનું, એ બધુંય પરિગ્રહ કહેવાય.

૬૦૭૫ જેમાં ક્રોધ-માન-માયા-લોભનું પરમાણુ નથી રહેતું, એવો નિર્મળ અહંકાર થાય છે, ત્યારે શુદ્ધાત્મા ને એ એકાકાર થઈ જાય છે, હું 'હું'માં બેસી જાય છે.

૬૦૭૬ અહંકાર જાય તો એક બાજુ શુદ્ધ જ્ઞાન ઉત્પન્ન થાય. અગર તો અહંકાર હોય પણ એને શુદ્ધ કરવો પડે.

૬૦૭૭ **Don't be owner of 'My', then you are eternal.**

૬૦૭૮ **'My'**ને **'Mine'** કરવા જતા **'I'** ખોઈ નાખ્યો છે.

૬૦૭૯ **You are only 'I', not 'My'.**

૬૦૮૦ **(The One) who Sees and who Knows is 'I'.**

૬૦૮૧ 'I See and I Know' is the real part. The mixture of 'I know and I do' is the relative part.

૬૦૮૨ Where there is no 'My', there is 'You' ('I').

૬૦૮૩ 'હું' જ સમજાયું નથી, ત્યાં આગળ 'મારું' શી રીતે જુદું સમજાય તે ?

૬૦૮૪ 'My' is relative and 'I' is real.

૬૦૮૫ 'I' શું છે ? એ જ આત્મા છે. 'I'ને પછી ડિવિઝન થઈ શકે નહીં, 'My'નું ડિવિઝન થઈ શકે.

૬૦૮૬ બધા શાસ્ત્રોનો સાર અમે આ એક જ વાક્યમાં કહી દીધો, કે સેપરેટ 'I' ઍન્ડ 'My' વિથ જ્ઞાનીઝ સેપરેટર.

૬૦૮૭ જ્યાં કોઈ પણ પ્રકારનો ક્રમ બાકી નથી. ડિરેક્ટ લાઈન ઑફ ડિમાર્કેશન બિટ્વીન રિલેટિવ ઍન્ડ રિયલ, એનું નામ અક્રમ.

૬૦૮૮ કંઈ પણ કર્યા સિવાય મુક્તિ પ્રાપ્ત કરવી એનું નામ અક્રમ.

૬૦૮૯ વૉટ ઈઝ રિલેટિવ ઍન્ડ વૉટ ઈઝ રિયલ, એની ડિમાર્કેશન લાઈન જોઈએ. અને ત્યાર પછી નિશ્ચયનું આરાધન થાય.

૬૦૯૦ ધર્મમાં ક્રમ જોઈએ અને વિજ્ઞાન અક્રમ હોય.

૬૦૯૧ ધર્મ ને અધર્મ એ ઈગોઈઝમના થ્રૂ છે અને વિજ્ઞાન ઈગોઈઝમની પર છે.

૬૦૯૨ જ્ઞાનીનું જ્યોતિષ જોયેલું તદ્દન સાચું પડે. કારણ કે અહંકાર ડખલ ના કરે ને !

૬૦૯૩ જ્ઞાની હંમેશાં જીવતા મરી ગયેલા હોય. જીવતા મરી જાય એનું જ્યોતિષ જોઈ શકાય.

૬૦૯૪ મરી ગયા પછી તો બધું જગતેય મરી જાય છે, પણ જીવતા મરી જાય એ જ ખરો મરદ !

૬૦૯૫ જીવતા મરેલા એટલે જેનો અહંકાર મરી ગયો છે.

૬૦૯૬ વીતરાગ એટલે શું ? આ સંસારમાં એ ભૌતિકમાં બિલકુલ મરણ પામેલા છે. એકલા એમના ભૌતિકમાં નહીં, તમારા ભૌતિકમાંય એ મરણ પામેલા છે.

૬૦૯૭ અમે 'સસ્પૃહી-નિસ્પૃહી' કેવી રીતે ? તમારી ભૌતિક સંબંધી કોઈ ચીજ અમને ખપતી નથી, પણ તમારા આત્મા જોડે અમારે સસ્પૃહતા છે, કે તમારા આત્માનું કલ્યાણ થાય એટલી અમારી ઈચ્છા.

૬૦૯૮ દેહ માલિકી વગરનો, વાણી છે તે માલિકી વગરની ટેપરેકર્ડ, મનેય માલિકી વગરનું, એવું જ્યાં માલિકી વગરનું હોય ત્યાં કલ્યાણ થાય !

૬૦૯૯ આ વાણી છે તે ટેપરેકર્ડ છે. તેમાં સારી બોલે છે તેનો અમે નફો લેતા નથી અને ખોટી બોલે છે એનું અમે નુકસાન ભોગવતા નથી.

૬૧૦૦ આ અમારી ઑરિજિનલ ટેપરેકર્ડ વક્તા છે, તમે શ્રોતા છો ને હું જ્ઞાતા-દ્રષ્ટા છું. આપણે દેખાઈએ છીએ બે, પણ વ્યવહાર ત્રણનો છે.

૬૧૦૧ પોતાની વાણીને 'ટેપરેકર્ડ' પોતે 'પરમાત્મા' થયેલો હોય તે જ કહી શકે. બાકી 'મારી વાણી છે' એમ કહે સહુ કોઈ.

૬૧૦૨ 'હું બોલ્યો' ને 'મારી વાણી', ત્યાં સુધી ટેપરેકર્ડ ના કહેવાય. ટેપરેકર્ડ તો વાણી પર એનું માલિકીપણું

ના હોય.

૬૧૦૩ **टेपरेकर्ड है वो इफेक्ट है, कॉज़ीज़ नहीं है।**

૬૧૦૪ આત્માની વાણી ઉતારી શકાય નહીં ટેપરેકર્ડમાં, ટેપરેકર્ડની વાણી ટેપરેકર્ડમાં ઉતારી શકાય.

૬૧૦૫ ચેતન એક શબ્દેય બોલી શકે નહીં. આપણા લોકો કહે, 'મારા આત્માનો અવાજ', એ બધી ભ્રાંતિ છે.

૬૧૦૬ શબ્દ એ જડનો ગુણ છે, ચેતનનો ગુણ નથી.

૬૧૦૭ સાચું ચેતન તો જગતે જોયું નથી, કોઈ દહાડો સૂણ્યુંય નથી, શ્રદ્ધયુંય નથી. આ તો ચેતન જેને કહે છે ને, એ તો મિકેનિકલ ચેતનને ચેતન કહે છે.

૬૧૦૮ મોઢું બંધ કરી દે અને નાક દબાવી રાખે તો શું થાય ? 'મહીંવાળા' આખી રૂમ ખાલી કરીને જતા રહે પછી. એને ચેતન કેમ કહેવાય ? એ મિકેનિકલ ચેતન છે.

૬૧૦૯ સચરાચર જગત છે. એટલે એક સચર આત્મા છે એ મિકેનિકલ આત્મા છે અને બીજો મહીં અચળ આત્મા છે એ મૂળ આત્મા છે.

૬૧૧૦ આ પાંચ તત્ત્વ, પચ્ચીસ પ્રકૃતિ, ત્રણ ગુણ, મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકાર આ બધામાં જે આત્મા છે એ સચર આત્મા છે અને મૂળ આત્મા અચળ છે.

૬૧૧૧ અચળ પોતાનું સ્વરૂપ છે અને સચર એ વ્યવહાર આત્મા છે.

૬૧૧૨ સચરને આત્મા માની બેઠા તે સચર વિનાશી છે. એટલે પોતાનો સ્વભાવ વિનાશી લાગે છે પોતાને, કે હું મરી જઈશ.

૬૧૧૩ જ્યારે અચળનો પોતાને અનુભવ થાય ત્યારે એને ખાતરી થાય કે હવે હું મરવાનો નથી. 'મને કશું થવાનું નથી' એવું લાગે, એટલે એને દુઃખ ઉત્પન્ન થાય નહીં પછી.

૬૧૧૪ અચળને ઓળખવાનું છે ફક્ત. અચળ ઓળખે એટલે સચર સરસ થઈ જાય. આત્મજ્ઞાન, અચળનું જ્ઞાન કરવાનું છે.

૬૧૧૫ કશુંય કરે નહીં એનું નામ ચેતન અને કરે એ બધી મશિનરી.

૬૧૧૬ મિકેનિકલ આત્માને આત્મા કહે છે બધા અને તેને

જ સ્થિર કરે છે. અલ્યા મૂઆ, મિકેનિકલ સ્થિર ના થાય કોઈ દહાડોય. મિકેનિકલ સ્વભાવનું જ છે.

૬૧૧૭ મનને સ્થિર કરીને શું કામ છે ? તું સ્થિર થઈ જા ને ! તું સ્થિર થઈશ એટલે મન સ્થિર થશે જ.

૬૧૧૮ મન છે તે પાછલો પડઘો છે, એ થોડો વખત રહ્યા કરે, તે આપણે સ્થિર થઈને જોયા કરવાનું.

૬૧૧૯ મન મરેલું છે અને લોકો જીવતું જાણે છે. એટલે એ ભૂત વળગે છે.

૬૧૨૦ મન તો તદ્દન જડ છે. તે જડને ચેતન વળગે છે. એને ગમતી વાત આવે છે ત્યારે વળગે છે ને ના ગમતી વાત આવે ત્યારે છેટો રહે.

૬૧૨૧ ખરાબ વિચાર આવે છે ત્યારે કેવો મનથી છેટો રહે છે ! તો જો સારામાં છેટો રહે તો વીકનેસ ચાલી જાય, બસ.

૬૧૨૨ આ જગત એટલું સરસ ગોઠવાયેલું છે કે દરેક જીવને એના ટેન્ડર પ્રમાણે મળ્યા જ કરે છે ને મળવાનું છે. ફક્ત 'આ ક્યારે મળશે' એને માટે ઉતાવળ છે લોકોને.

૬૧૨૩ કોઈ પણ માણસની કે કોઈ વસ્તુની રાહ જોવી એના જેવી ફૂલિશનેસ નથી આ દુનિયામાં.

૬૧૨૪ આ તમને અત્યારે મળ્યું છે ને, તે તમારા બુદ્ધિના આશય પ્રમાણે, યોજના પ્રમાણે જ મળ્યું છે અને હવે છે તે ખોટી બૂમો પાડો છો !

૬૧૨૫ યોજના પ્રમાણે ચાલો ને નવી યોજના બાંધવાની નહીં, બસ. એનું નામ અક્રમ !

૬૧૨૬ આયોજન કરવું એટલે જ બંધાવું. આ બધી ક્રિયા જગત કરી રહ્યું છે એ બંધાવા માટે જ કરી રહ્યું છે. કુદરત એને છોડવા ફરે છે ને એ બંધાવા ફરે છે.

૬૧૨૭ કર્મ હંમેશાં મુક્તિ જ આપે, પણ નવા ન કરે તો. પણ નવા કર્મ કરીને પાછા ફરી બંધન ઊભા કરે છે.

૬૧૨૮ દેહાધ્યાસ ગયા પછી જે કર્મો આવે છે ને, તે મુક્તિ આપવા માટે આવે છે. એ કર્મો નિકાલી બાબત છે.

૬૧૨૯ બે જાતના કર્મ; કર્મ બંધાવડાવે છે એને ચાર્જ કર્મ કહેવાય અને કર્મથી છોડાવડાવે છે એ ડિસ્ચાર્જ કર્મ.

૬૧૩૦ જ્યાં અહંકારનો અભાવ હોય ત્યાં ડિસ્ચાર્જ હોય. અહંકાર નિર્જીવ થવો જોઈએ, સજીવ નહીં.

૬૧૩૧ જો બુદ્ધિનો આશય સમજી જાય ને, તો શાંતિમાં રહે, સંતોષમાં રહે. પણ એ સમજવું વાર લાગે એવું છે.

૬૧૩૨ તમારી ઈચ્છા પ્રમાણે જ બધું મળે છે આ. એક અનિચ્છિત ક્યાં હોય છે ? પાપના ઉદય વખતે અનિચ્છિત.

૬૧૩૩ ઉપચાર ઍડજસ્ટ (સવળો) ક્યારે થાય ? પુણ્ય જાગે ત્યારે અને પાપ હોય ત્યારે ઉપચાર અવળો પડે.

૬૧૩૪ રોગ છે એ કર્મના પરિણામ છે અને સંપૂર્ણ નિરોગી અવસ્થા એ કર્મરહિત પરિણામ છે.

૬૧૩૫ આ જાણીજોઈને તો કોઈ રોગ કરે જ નહીં ને ! એ મોજશોખનું ફળ છે.

૬૧૩૬ આ કુદરત શું કહે છે ? તારે જે ભોગવવું હોય એ ભોગવ, એનું રિપે કરવું પડશે.

૬૧૩૭ આ લોનવાળા સુખ લેવાનો અધિકાર કેટલો છે ? તમે માગો-કરો નહીં, ઍપ્લિકેશનેય ના કરો ને એમ ને એમ લોનવાળા સુખ આવે એટલો જ.

૬૧૩૮ આ લોકો સુખ ને દુઃખ જે કહે છે એ ખરેખર સુખ-દુઃખ નથી, એ શાતા વેદનીય ને અશાતા વેદનીય છે.

૬૧૩૯ સુખ-દુઃખને વેદના શાથી કહે છે ? ત્યારે કહે, જે વસ્તુથી સુખ થાય તેનું એબ્નૉર્મલ થાય ત્યારે એ દુઃખરૂપ થઈ પડે.

૬૧૪૦ શાતા વેદનીય એ પણ વેદના છે, સુખ નથી. સુખ તો નિરંતર હોય.

૬૧૪૧ જીવ જે સુખ ખોળે છે ને, તે શાતા વેદનીય ખોળે છે અને મળે છે અશાતા વેદનીય. કારણ કે શાતા વેદનીયનો માર્ગ જાણતો નથી.

૬૧૪૨ સુખ આપ્યાથી જ સુખ થાય. પહેલું આપો અને પછી એ લેવાની આશા રાખો.

૬૧૪૩ કંઈ રૂપિયાથી સુખ કોઈને અપાતું નથી, ભાવથી

અપાય છે.

૬૧૪૪ સુખની દુકાન કાઢવી. નક્કી કરવું કે સુખ જ આપવું છે એટલે સુખ જ અપાશે.

૬૧૪૫ મોક્ષમાં જવાને માટે જે જ્ઞાન જાણવું પડે, ત્યાં કાયદો ન હોવો જોઈએ અને બીજું ત્યાં આગળ એટિકેટ ના હોવો જોઈએ.

૬૧૪૬ લૉ (કાયદા) આવવાથી વિકલ્પો ઊભા થાય.

૬૧૪૭ વિકલ્પ છે ત્યાં કિંચિત્‌માત્ર સહજ છે જ નહીં.

૬૧૪૮ એટિકેટ એટલે શું ? બાહ્ય ડોળ, અંદર ગુણમાં કશુંય નહીં.

૬૧૪૯ લોક પૉમ્પ (ભપકો) ખોળે છે અને અહીં જરાય પૉમ્પ ના હોય. અહીં તો પુણ્યશાળી હોય તે કામ કાઢી જાય, નહીં તો રખડી મરે.

૬૧૫૦ હંમેશાં જેવું કપડું પહેરો એ પ્રમાણેનો જ આચાર થાય. એટિકેટના જેવું પહેરો તો આચાર તે પ્રમાણે થાય.

૬૧૫૧ એટિકેટ એટલે બીજા મને શું કહેશે ને શું ધારશે, એવું એના મનમાં ભૂત રહ્યા કરે, એનો ભય રહ્યા કરે.

૬૧૫૨ આખા જગતમાં જો સંસ્કારી ભાષા હોય તો એ સંસ્કૃત છે, તદ્દન સંસ્કારેલી ભાષા ! બીજી બધી પ્રાકૃત ભાષાઓ છે.

૬૧૫૩ આપણને સભ્યતા જોઈએ, એટિકેટ ના જોઈએ. પરમ વિનય જેવી બીજી કોઈ સભ્યતા નથી.

૬૧૫૪ સહજતા હોય તો જ સભ્યતા હોય, નહિતર એટિકેટમાં જાય.

૬૧૫૫ અક્રમ વિજ્ઞાનમાં આ થબોકા પાડવાનો લૉ જ નથી. આ તો થબોકા નહીં પાડવાનું એટિકેટ જેને છે, તેનો રોગ કાઢવા માટે છે.

૬૧૫૬ જે દર્શનથી સંસારનો નાશ થાય એ દર્શન સાચું !

૬૧૫૭ ચૌદ લોકનો નાથ જેની અંદર પ્રગટ થયેલો છે એવા જ્ઞાની પુરુષને એક ફેરો વંદન કર્યું હોય ને, તોય કેટલાય અવતાર કપાઈ ગયા !

૬૧૫૮ ચૌદ લોકનો નાથ અહીં પ્રગટ થયો છે ! આ સિવાય બીજે ક્યાંય નથી, એવું જો સમજીને દર્શન કરી જાય ને, તો કલ્યાણ થઈ જાય !

૬૧૫૯ જ્ઞાન ક્યારે થાય, કે પહેલા દર્શન કરે અને એના પાપો ભસ્મીભૂત થાય, હળવો થાય, તો અધિકારી થાય. અધિકારી થાય એટલે જ્ઞાનપ્રાપ્તિ કરે.

૬૧૬૦ લાખો અવતારોનું પુણ્ય ભેગું થયું હોય ત્યારે જ્ઞાનીના દર્શન થાય.

૬૧૬૧ વર્લ્ડમાં એવી કોઈ ચીજ નથી કે જે જ્ઞાની પુરુષના દર્શન કરવાથી ના મળે. પણ ભાવથી દર્શન હોવા જોઈએ, ઉપલક રાખીએ એ ચાલે નહીં.

૬૧૬૨ અહીં આંખ દર્શન કરતી હોય અને મન બીજી જગ્યાએ હોય તો પછી એ દર્શનેય પૂરા ના થાય. એ તો સમ્યક્ પ્રકારે દર્શન કરવામાં આવે તો કામ થાય.

૬૧૬૩ દર્શન જો સારી રીતે કરે ને, તો બહુ કામ કાઢી નાખે. સત્સંગમાં તો પાછું મહીં બુદ્ધિને હક્ક મળી જાય, પણ દર્શનમાં તો બુદ્ધિનેય હક્ક મળે નહીં.

૬૧૬૪ અહીં જે દર્શન કરે છે તે મારા દર્શન નથી કરતા, એમના પોતાના જ દર્શન કરે છે.

૬૧૬૫ તમે આ દાદા ભગવાનની જેટલી ભક્તિ કરો એટલા તમારા દાદા ભગવાન પ્રગટ થાય ! એની પાંદડી ખૂલતી જાય છે.

૬૧૬૬ નિયમ એવો છે કે જેને તમે નમસ્કાર કરો તેની શક્તિ તમને ડિરેક્ટ પ્રાપ્ત થાય.

૬૧૬૭ ભક્તિ તો બહુ ઉપાધિ જ્ઞાનીને ! પણ છતાંય જ્ઞાની શા હારુ એ ઉપાધિ વ્હોરે ? કે લોક કેમ કરીને મારા જેવું સુખ પામે !

૬૧૬૮ અહીં પોતે પોતાને ભજે છે ને પોતાનું વ્યક્તિત્વ વ્યક્ત કરે છે. મને કોઈ આ ભજતા નથી. હું તો આ બધાનો શિષ્ય છું.

૬૧૬૯ અમને ગુરુ થવાનું ગમતું નથી, ભગવાન થવાનું ગમતું નથી, મૉનિટર થવાનું ગમે છે.

૬૧૭૦ જે માર્ગે હું પામ્યો એ હું તમને આપી દઉં છું, સિલકમાં રાખ્યા વગર. કારણ કે સિલકમાં કોણ

રાખે ? જેને ગુરુ રહેવું હોય તે.

૬૧૭૧ ગુરુ એટલે ભારે. જો ગુરુકિલ્લી ના હોય તો એ પોતે ડૂબે અને એની ઉપર બેઠા હોય તેનેય ડૂબાડે, અને જો ગુરુકિલ્લી હોય તો એ પોતેય તરે અને લોકોનેય તારે.

૬૧૭૨ લઘુતમ રહીને ગુરુપણું કરજે, એ ગુરુકિલ્લી છે.

૬૧૭૩ ગુરુતમ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી લઘુતમ થઈ શકે નહીં ને ! પણ લઘુતમ થવાનો પ્રયત્ન હોવો જોઈએ.

૬૧૭૪ જ્ઞાની પુરુષ તો બધાને તારવા જ આવેલા હોય. એ લઘુતમ હોય, એ ગુરુ ના હોય.

૬૧૭૫ મારો શિષ્ય કોઈ નહીં. આ કંઈ ગાદી નથી. ગાદી હોય તો વારસદાર થાય ને ! અહીં તો જે બધાનો શિષ્ય થશે તેનું કામ થશે. અહીં તો લોકો જેને એક્સેપ્ટ કરશે તેનું ચાલશે.

૬૧૭૬ જ્યાં વાણી, વર્તન અને વિનય મનોહર હોય, એ મનનું હરણ કરે એવા હોય. મનનું હરણ થાય ત્યારે સાચી શ્રદ્ધા બેસે.

૬૧૭૭ મુક્ત પુરુષના વાણી, વર્તન અને વિનય અહંકાર રહિત હોવાથી મનોહર હોય.

૬૧૭૮ જ્યાં સુધી ભગવાન પ્રગટ ના થાય, ત્યાં સુધી શ્રદ્ધાની મૂર્તિ ના હોય.

૬૧૭૯ શ્રદ્ધાની મૂર્તિ થયા હોય, એ કહે કે અમારી પર શ્રદ્ધા ના રાખશો, તોય આપણને શ્રદ્ધા આવે.

૬૧૮૦ શ્રદ્ધા ચોંટેલી ખરે નહીં, એનું નામ શ્રદ્ધા.

૬૧૮૧ મૂર્તિનો સ્વભાવ કેવો ? મૂંગો હોય તેને મૂંગી, હસતો હોય તેને હસતી, એવી દેખાય. પણ મૂર્તિ પ્રતિષ્ઠિત હોવી જોઈએ.

૬૧૮૨ જેણે અમૂર્તના દર્શન કર્યા હોય, તે મૂર્તિમાં પ્રતિષ્ઠા કરી શકે.

૬૧૮૩ મૂર્તિ તો મૂર્તિ જ છે પણ પ્રતિષ્ઠા કરી ને, એટલે શ્રદ્ધા બેઠી એને. શ્રદ્ધા બેઠી એટલે ફળ મળે.

૬૧૮૪ મૂર્તિઓમાં કસ કેટલો છે ? જેટલી તમારી શ્રદ્ધા છે એટલો એમાં કસ છે. શ્રદ્ધા ઓછી તો કસ ઓછો.

૬૧૮૫ જેટલા દર્શન કરનારા વધારે એટલી મૂર્તિની પ્રતિષ્ઠા વધતી જાય, શક્તિ વધતી જાય.

૬૧૮૬ ભગવાનને હજુ ઓળખતા નથી, હવે એની જોડે શી રીતે ભક્તિ હોય ? ઓળખતા હોય તેની જોડે મિત્રાચારી હોય, એવી રીતે ભગવાનને ઓળખતા હોય તો એની જોડે ભક્તિ હોય.

૬૧૮૭ ઉપરવાળો આશરો આપે નહીં, કોઈનેય આપ્યો નથી. એ તો કહે છે, મને ઓળખ્યા પછી તને આશરો આપું.

૬૧૮૮ ઍટમ બૉમ્બ નાખો તોય ભગવાનને કશું અસર થાય નહીં, ઍટમ બૉમ્બને અસર થાય. કેવડો મોટો ભગવાન !

૬૧૮૯ ભગવાન એટલે છેલ્લું મૂળ શુદ્ધ ચેતન છે, મૌલિક શુદ્ધ ચેતન ! જે એના પોતાના ગુણધર્મો સહિત છે.

૬૧૯૦ પરમ પુરુષ (મૂળ આત્મા) એવો છે કે ગંધ બધી અડે તો એને ગંધ ચોંટે નહીં, સુગંધ અડે તોય ચોંટે નહીં. કોઈ વસ્તુ ચોંટે નહીં એવો પુરુષ છે એ.

૬૧૯૧ જગત તો બહુ જોવા જેવું છે. ઈગોઈઝમની પેલી પાર જાય ત્યારે જગત જોવા જેવું છે.

૬૧૯૨ આ બિલકુલ પૂર્ણ છે જગત. અધૂરાને અધૂરું દેખાય છે, પૂર્ણને પૂર્ણ દેખાય છે. એટલે તમારું અધૂરાપણું જશે ત્યારે તમને જેમ છે તેમ દેખાશે.

૬૧૯૩ સાચું સુખ ક્યારે ઉત્પન્ન થાય ? 'તમે કોણ છો' એનું રિયલાઈઝ થાય અને જગત જેમ છે તેમ જાણવામાં આવે ત્યારે.

૬૧૯૪ ભલે મોક્ષ મોડો થાય તેનો વાંધો નથી, પણ જેમ છે એમ જાણવાની જરૂર છે આ જગત.

૬૧૯૫ આ જગત બનાવવું પડ્યું નથી કોઈએ. જગત બની ગયેલું છે, ઈટસેલ્ફ ! સ્વયંભૂ છે આ જગત.

૬૧૯૬ ભગવાને આ જગત બનાવ્યું એમ કહો છો ને, એ મોટામાં મોટી ભ્રમણા છે.

૬૧૯૭ કોઈ પણ વસ્તુનો કોઈ બનાવનાર હોય, તો તેનોય બનાવનાર હોવો જોઈએ. એટલે આ જગત સ્વયંભૂ છે.

૬૧૯૮ વિશ્વ અનાદિ અનંત છે. પહેલેથી, અનંતકાળથી છે જ, અનંતકાળ રહેવાનું છે. કોઈએ બનાવ્યું નથી, બનાવવા જેવુંય નથી.

૬૧૯૯ ઈટર્નલ વસ્તુની આદિ ના હોય અને અંતેય ના હોય. ઈટર્નલ વસ્તુ જન્મી જ ના હોય, તો પછી એનું મરણ ક્યાંથી આવ્યું ?

૬૨૦૦ સૃષ્ટિનો નાશ થતો હશે ? આ પૃથ્વી અનાદિ અનંત અને શાશ્વત છે, ફક્ત આ અવસ્થાઓનો ફેરફાર થાય છે.

૬૨૦૧ પ્રલય એટલે નાશ નથી થતો, ફક્ત મનુષ્યો નીચી યોનિમાં જતા રહે છે. ફરી પાછા થોડા વખત પછી મનુષ્યો ઉપરની યોનિમાં આવી જાય છે.

૬૨૦૨ ભગવાનેય અનાદિ અનંત છે અને જગતેય અનાદિ અનંત છે.

૬૨૦૩ ‘2H’ અને ‘O’ બે ભેગા થઈ જાય તો શું થઈ જાય ? તેમાં કોઈ પાણીના મેકરની જરૂર છે ? એમ આ જગતના ક્રિએટરની કંઈ જરૂર નથી.

૬૨૦૪ આ દુનિયામાં કર્તા કોઈ પાક્યો જ નથી. બધા તત્ત્વો ભેગા થઈને આ એક નાટક રચાયેલું છે.

૬૨૦૫ લોકો જીવને અંશ સમજી બેઠા છે, પણ એવું નથી. એ સર્વાંશ છે. અને જો પ્રગટ થાય ને, તો એ શિવ જ છે.

૬૨૦૬ આત્મા અંશ સ્વરૂપ નથી, એનો પ્રકાશ અંશ સ્વરૂપ નીકળે છે. આત્મા તો સર્વાંશ જ છે બધામાં.

૬૨૦૭ આત્મા સર્વાંશ વસ્તુ છે એના ટુકડા જ ના થાય અને તે જ ભગવાન છે.

૬૨૦૮ આત્મા સંયોગી પદાર્થ નથી, આત્મા સ્વાભાવિક પદાર્થ છે. સંયોગી પદાર્થ હોય ને, ત્યાં ટુકડા થઈ શકે.

૬૨૦૯ જેને મોક્ષ થવાની તૈયારી થઈ ગઈ દેહમાં, ત્યારથી એને શિવ કહેવાય છે.

૬૨૧૦ શિવ થઈ ગયા એ શિવનારી વરેલા હતા. શિવનારી એટલે મોક્ષ.

૬૨૧૧ ૐ નમઃ શિવાય એ તો કલ્યાણ સ્વરૂપ થયેલા છે અને કલ્યાણનો માર્ગ બતાવે છે.

૬૨૧૨ નમો અરિહંતાણં અને નમો આયરિયાણં વચ્ચેનો ગાળો છે એ શિવસ્વરૂપ.

૬૨૧૩ આ સંસાર સમજણે કરીને ઓગાળવાનો છે, જ્ઞાને કરીને ઓગાળવાનો છે, અહંકારે કરીને નહીં.

૬૨૧૪ મોહનો સ્વભાવ કેવો છે ? જે ભાગે તેને ચોંટી પડે.

૬૨૧૫ ના ગમતું હોય તોય વળગે અને ગમતું હોય તોય વળગે.

૬૨૧૬ આસક્તિ પર ચિઢાવાનું નથી ને અનાસક્તિ પર રાગ કરવાનો નથી.

૬૨૧૭ ના ગમે એ દ્વેષ છે અને ગમે એ રાગ છે. 'ગમતા' ને 'ના ગમતા'માં આખું જગત પડેલું છે.

૬૨૧૮ સંસારને સમજણથી છોડે તો ભગવાન થાય.

૬૨૧૯ જેને ગ્રહણ-ત્યાગ જેવી વસ્તુ જ નથી, જે સહજભાવે આવે છે તે ખાય છે, પીવે છે, તો તેનો મોક્ષ છે.

૬૨૨૦ ગ્રહણ એ છૂપો રાગ છે અને ત્યાગ એ છૂપો તિરસ્કાર.

૬૨૨૧ કોઈ પણ વસ્તુનો ત્યાગ કરો એનો તિરસ્કાર વર્તે, એટલે એનો ભય લાગે આપણને.

૬૨૨૨ ત્યાગ કરવાનો નથી, ત્યાગ થઈ જાય એવા કારણો સેવવાના છે.

૬૨૨૩ ત્યાગ કરવો થઈ શકે એમ નથી. ભાવના કરેલી હશે, એટલે કે કારણો સેવ્યા હશે તો જ કાર્ય થશે.

૬૨૨૪ જેટલું સહજ થાય એનું નામ ત્યાગ કહેવાય અને કરાંજે એ ભગવાનનો ગુનેગાર થાય છે. અને જગત આખું કરાંજવામાં જ સુખ માની રહ્યું છે !

૬૨૨૫ કર્તાભાવ ત્યાં સહજ નહીં ને સહજ ત્યાં કર્તાભાવ નહીં.

૬૨૨૬ મોહનો ત્યાગ કરવાનો હતો એને બદલે ત્યાગનો મોહ કરી નાખ્યો !

૬૨૨૭ આખું જગત મોહનીયને જ ભજે છે. એક આ અક્રમ વિજ્ઞાન એકલું જ ભગવાનને ભજે છે.

૬૨૨૮ આ કર્તાપદ એ તો બંધનપદ છે અને નવ કલમોરૂપી ભાવ એ છે તે છોડાવનારું પદ છે.

૬૨૨૯ રકમ ને જવાબ તો મહીં લખેલા છે ચોપડીમાં, પણ એની રીત શિખવાડો ને !

૬૨૩૦ નવ કલમોરૂપી ભાવના ભાવીએ એ સહેલામાં સહેલી વસ્તુ, અહંકારનો કેફ ચઢે નહીં અને પેલું તો 'કરો' એટલે થઈ ગયો 'કર્તા'.

૬૨૩૧ આ નવ કલમો ભાવીએ ને, એમાં સંસારનો બધો સાર આવી જાય એવો છે. આટલી ભાવના કરે ને, તો ફરી મનુષ્યપણું જાય નહીં ને દેવગતિમાં જતો રહે અને ધીમે ધીમે મોક્ષે પણ જાય.

૬૨૩૨ ભાવના એનું નામ કહેવાય કે તે વખતે બીજામાં મન ના હોય. જેમ પૈસા ગણતી વખતે બીજામાં મન નથી હોતું, એવું રહેવું જોઈએ.

૬૨૩૩ ભાવના બોલતી વખતે જાણે ભીંત ઉપર લખેલું હોય ને તે શબ્દો આપણને વંચાય એવી એટલી જાગૃતિ જોઈએ.

૬૨૩૪ શાસ્ત્રની રીતે લાખ અવતારે છૂટે, એ અમારા શબ્દથી બે અવતારમાં છૂટી જાય.

૬૨૩૫ જ્ઞાની પુરુષના એક જ શબ્દથી મોક્ષ થાય અને બીજા લોકોના લાખ શબ્દો હોય તોય બંધન થાય ઊલટું.

૬૨૩૬ હું તમને કહું કે 'આ તમે છોડી દો' અને તમારાથી છૂટે નહીં એટલે જાણવું કે મારામાં દોષ હોય તેથી જ. કહેનારમાં દોષ હોવો જોઈએ.

૬૨૩૭ જે વાણીથી અંતરનો મેલ જાય, સંસારમળ નાશ થાય, એ વાણી સાંભળવાની જરૂર છે.

૬૨૩૮ જેણે વાણીના બધાય કાયદા સાચવ્યા હોય તેને વચનબળ હોય. તે અજ્ઞાનદશામાંય હોય.

૬૨૩૯ વચનબળ તો કોઈ માણસને દુઃખ ના થાય એવી વાણી હોય, દુશ્મનનેય દુઃખ ના થાય એવી વાણી હોય, ત્યારે ઉત્પન્ન થાય.

૬૨૪૦ વચનબળ રહ્યું જ નથી ને ! વચનનો દુરુપયોગ કર્યો, જેમતેમ બોલીને. હવે કહે છે, છોકરો મારું કહેલું માનતો નથી. શી રીતે માને તે ?

૬૨૪૧ બાપ પ્રભાવશાળી હોવો જોઈએ. બાપને છોકરા

જોડે ગુસ્સો ના થાય ને, તો છોકરો કહ્યા પ્રમાણે ચાલે જ.

૬૨૪૨ પ્રકૃતિને ઓળખીને આપણે સાચવીને કામ કાઢી લેવાનું એની પાસે, તો પ્રકૃતિ વશ થાય.

૬૨૪૩ નવી પેઢીમાંય અમુક સાચું હોય, જૂનીમાંય કંઈક સારું હોય. તે આપણે બેઉ ભેગું કરીને ગ્રહણ કરીએ તો શું ખોટું એમાં ?

૬૨૪૪ જૂની પેઢીવાળાએ નવી પેઢીને માન આપવું જોઈએ અને નવી પેઢીવાળાએ જૂની પેઢીવાળાને માન આપવું જોઈએ, તો કામ હેંડશે.

૬૨૪૫ પૂજ્ય ગણીએ એટલે પછી એમની ખોડો જોવાય જ નહીં. પૂજ્ય એટલે પૂજ્ય જ. પૂજ્યને પછી અપૂજ્ય કહો તો એ આપણી જ મૂર્ખાઈ ને !

૬૨૪૬ કોઈએ કરેલો એક આટલો ઉપકાર જો ભૂલે, તો તેને આર્ય સંસ્કારી ના કહેવાય.

૬૨૪૭ બુદ્ધિશાળી માણસ કોઈની ખોડ જોતો હશે ? એ તો શું સારું કર્યું છે ને શું સારું છે, એ જુએ.

૬૨૪૮ સંસારમાં લોકો 'શું ગયું' એનો વિચાર કર્યા કરે અને મહાવીર શું કરતા'તા ? 'શું રહ્યું' એનો વિચાર કરે એ.

૬૨૪૯ સામાનો વ્યૂ પૉઈન્ટ સમજી જાય કે આ શું કહેવા માગે છે, એનું નામ બુદ્ધિશાળી. એટલે એને મતભેદ ના હોય.

૬૨૫૦ મતભેદ એ જ પઝલ. મારે આ દુનિયામાં કોઈની જોડે મતભેદ નહીં એટલે મને પઝલ નહીં.

૬૨૫૧ આ દૃષ્ટિફેરની વઢવાડ છે. અમને થ્રી હંડ્રેડ ઍન્ડ સિક્સટી ડિગ્રીની દૃષ્ટિ હોય એટલે અમારે મતભેદ ના હોય કોઈની જોડે.

૬૨૫૨ દરેકનો વ્યૂ પૉઈન્ટ છે ને ! એને ખોટો કેમ કહેવાય ? એ એક્સેપ્ટ કરવો જોઈએ.

૬૨૫૩ મતભેદ ઘટાડવા માટે પ્રયત્ન કરો છો તેથી જ વધે છે. એ કયે રસ્તે જાય, એ જાણવું જોઈએ.

૬૨૫૪ બૈરી જોડે મતભેદ જાય તો જાણવું કે સદ્ગુરુ મળ્યા છે.

૬૨૫૫ જોતા જ આપણું માથું આમ નમી જાય, વંદન થઈ જાય, ત્યારે જાણવું કે આમને સદ્ગુરુ કરવા જેવા છે.

૬૨૫૬ ગુરુ કેવા હોવા જોઈએ ? મહીં દિલ ઠરે એવા અને આપણે પ્રશ્ન પૂછીએ તો આપણી મૂંઝામણ છૂટી જાય એવા.

૬૨૫૭ જો કદી વહુ ખોળી કાઢી શકે તો ગુરુ કેમ ના ખોળી શકાય ? ગુરુ એટલા જ સહેલા છે, વહુ જેટલા જ !

૬૨૫૮ જેને જોતાની સાથે આપણે જગત ભૂલી જઈએ, તો એને ગુરુ કરવા.

૬૨૫૯ જગત વિસ્મૃત રહે એનું નામ સામાયિક.

૬૨૬૦ અંદરનું દેખાય એનું નામ સામાયિક ને બહારનું દેખાય એનું નામ સંસાર.

૬૨૬૧ જગતની વિસ્મૃતિ થઈ ત્યાંથી કર્મો ઓછા લાગે.

૬૨૬૨ જ્યાં પ્રાઈવસી છે ત્યાં અહંકાર છે ને ત્યાં કર્મો છે.

૬૨૬૩ જગત આખું શામાં સપડાયેલું છે ? ગુપ્તમાં જ સપડાયેલું છે.

૬૨૬૪ ગમે એટલા છૂપા કર્મ કરો તોય ભગવાન તમારી સાથે છે, એ જાણે છે બધું જ. છૂપું કર્મ ભગવાનથી નથી હોતું.

૬૨૬૫ સિક્રેસીની જરૂરિયાત એ સંસાર કહેવાય. સિક્રેસી નથી અને એની જરૂરિયાતેય નથી ત્યાં સંસાર નથી.

૬૨૬૬ આ સિક્રેસીને લીધે બધું અટક્યું છે ને ! મોક્ષ એટલે ઓપન ટૂ સ્કાય ! એનો મોક્ષ માટે જલદી પાર આવે.

૬૨૬૭ તીર્થંકર સિવાય કોઈ સિક્રેસી રહિત હોય નહીં. તે આ અમારે કોઈ સિક્રેસી નહીં.

૬૨૬૮ જેને છૂપું રાખવાનું કંઈ છે જ નહીં, જ્યાં છૂપું છે જ નહીં, ત્યાં કલ્યાણ થઈ જાય. ત્યાં જ ભગવાન કાયમ રહેતા હોય.

૬૨૬૯ સિક્રેસી ગઈ એટલે ઓપન માઈન્ડ થઈ ગયું. જ્યાં સિક્રેસી છે, ત્યાં હજુ ઓપન માઈન્ડ છે નહીં.

૬૨૭૦ કોઈ પણ વાતની સિક્રેસી ના હોય ત્યારે બોલતું ઉપનિષદ થાય.

૬૨૭૧ શાસ્ત્રમાં લખ્યા પ્રમાણે કરવાનું નથી, એ જાણવાનું છે. પહેલું શ્રદ્ધવાનું છે અને પછી જાણવાનું છે.

૬૨૭૨ શાસ્ત્રજ્ઞાન એ થર્મોમિટર છે. એ કરવા જેવી ચીજ નહોય. કરવા ગયા એ બધા ફસાયેલા.

૬૨૭૩ શાસ્ત્રમાં જોઈને ઈચ્છા થાય કે આવું હોય તો સારું, તે એની ભાવના કરો, બસ. બીજું કશું શાસ્ત્ર કહેવા માગતા જ નથી.

૬૨૭૪ જ્ઞાન ગોખવા માટે નથી, જ્ઞાન સમજવા માટે છે.

૬૨૭૫ કોઈ પણ વસ્તુ ગોખ ગોખ કરો તો મનન શક્તિ ઘટી જાય.

૬૨૭૬ પુસ્તકો વાંચીને ચોપડી ના બની જશો. પુસ્તકો વાંચવાના તો ખરા, પણ ચોપડી બની જશો નહીં ગોખીને.

૬૨૭૭ જે જ્ઞાન વિજ્ઞાનરૂપે પરિણામ ના પામે, એ જ્ઞાન પુણ્યૈનો બંધ બાંધે.

૬૨૭૮ વિજ્ઞાન મોક્ષે લઈ જાય, જ્યારે જ્ઞાન છે તે ઊર્ધ્વગતિમાં લઈ જાય.

૬૨૭૯ રિલેટિવ જે જ્ઞાન છે બધા, એ ભૌતિક સુખો માટે છે અને એક રિયલ-રિલેટિવ જ્ઞાન છે, તે એકલું રિયલને પ્રાપ્ત કરાવનારું છે.

૬૨૮૦ આત્મદર્શન એ વિજ્ઞાન છે, એ જ્ઞાન નથી !

૬૨૮૧ જ્ઞાન જાણ્યું છે પણ વિજ્ઞાન જાણ્યું નથી. વિજ્ઞાન જાણ્યા સિવાય ભ્રાંતિ જાય નહીં.

૬૨૮૨ વિજ્ઞાન ક્રિયાકારી હોય. આપણે કશું મહીં ધ્યાન ના રાખીએ તોય મહીં ક્રિયા કર્યા કરે.

૬૨૮૩ જ્ઞાન છે તે આત્મજ્ઞાન થતા સુધીનું 'જ્ઞાન' કહેવાય છે અને પછી આગળ એનું એ 'વિજ્ઞાન' કહેવાય છે. એ ઍબ્સોલ્યૂટ !

૬૨૮૪ અક્રમ એટલે શું ? ઍબ્સોલ્યૂટ સાયન્સ ! ઍબ્સોલ્યૂટિઝમ ! પૂર્ણાહુતિ ! અક્રમનો અર્થ જ પૂર્ણાહુતિ.

૬૨૮૫ અમે થીયરી ઑફ ઍબ્સોલ્યૂટિઝમમાં નહીં, થિયરમ ઑફ ઍબ્સોલ્યૂટિઝમમાં છીએ. થિયરમ એટલે એના અનુભવમાં જ છીએ.

૬૨૮૬ સાચું જ્ઞાન કોને કહેવાય ? જે બુદ્ધિ હા પાડે,

અહંકાર હા પાડે, મન હા પાડે, એ બધા હા પાડે. કોઈ શંકા ઉઠાવે એ સાચું જ્ઞાન નહીં.

૬૨૮૭ આ જ્ઞાન સમજવાનું જ છે, એક્સેપ્ટ કરવાનું નથી. 'સમજ પડી ?' તો કહે, 'હા, પડી ગઈ.' અને સમજ પડી એટલે સમાયો.

૬૨૮૮ વિજ્ઞાન એટલે બધાને સરખું સમજમાં આવવું જ જોઈએ.

૬૨૮૯ જે વાત સમજમાં બેઠી એ કાયમને માટે રહે.

૬૨૯૦ જે અજીર્ણ ના થાય, પચી જાય એનું નામ જ્ઞાન કહેવાય.

૬૨૯૧ જ્ઞાન જાણ્યાનું અજીર્ણ શું ? એ એમ જ જાણે કે મારાથી ઉપરી કોઈ છે જ નહીં. 'હું જ છું' કહેશે. એ ખોટા અહંકારમાં જ રમ્યા કરે.

૬૨૯૨ તપશ્ચર્યાનું અજીર્ણ થાય એટલે જ્યાં ને ત્યાં બહુ ગુસ્સો કર કર કર્યા કરે.

૬૨૯૩ પંડિતાઈ, વિદ્વતાનું અજીર્ણ એટલે જ્યાં જાય ત્યાં વગર પૂછે રેડિયોની માફક બોલ બોલ કર્યા કરે.

૬૨૯૪ સત્તા ને અધિકારનું અજીર્ણ એટલે એનો દુરુપયોગ કરવો તે.

૬૨૯૫ સાધક-બાધક એટલે સાધના કરીને પાંચસો રૂપિયા કમાય અને પાછું બાધક એવું કાર્ય કરે તે સાતસો ખોઈ નાખે.

૬૨૯૬ સાધક હોય તે તો ભગવાનને થોડા વખતમાં જ મેળવી શકે.

૬૨૯૭ સાધક દશા હોય ત્યાં સુધી ઉદાસીનતા હોય અને સાધ્ય દશા પ્રાપ્ત થયા પછી વીતરાગતા હોય.

૬૨૯૮ બહુ સખત વૈરાગ વર્તતો હોય અને જ્યાં સુધી વીતરાગતા ઉત્પન્ન ના થઈ હોય, ત્યારે ઉદાસીન દશા હોય.

૬૨૯૯ ઉદાસીન દશા એટલે શું ? જ્યારે દેખે ત્યારે ગમે અને દેખે નહીં ત્યાં સુધી યાદ ના આવે. એ યાદ આવીને કૈડે નહીં.

૬૩૦૦ ઉદાસીનતા અહંકારી ગુણ છે અને વીતરાગતા એ અહંકારી ગુણ નથી, સ્વાભાવિક ગુણ છે એ.

૬૩૦૧ મારા શબ્દો એટલે વગર જુલાબે જુલાબ, પણ પેલો નહીં, માનસિક જુલાબ !

૬૩૦૨ આ જુલાબ કરનારી વાણી છે. જે બધો સંસારરોગ પેસી ગયો છે ને, તે હડહડાટ કાઢી નાખશે. આને ગોખ્યા કરવાની નથી, ખાલી સાંભળવાની જ છે બસ.

૬૩૦૩ હાથમાં ઝાલવાથી જુલાબ થાય છે એવી હરડે હોય છે ને, વગર પીધે, મોઢું બગાડ્યા વગર, એવી આ દાદાની વાણી છે. બધો જ કચરો હડહડાટ કાઢી નાખશે અને મહીં પોતે બેસી જશે, જગ્યા લઈ લેશે.

૬૩૦૪ ઘેન (કેફ) ઉતારવા માટે અમારા કડક શબ્દો હોય છે. આ કડકાઈમાં બીજું કશું નથી, આ ઘેન ઉતારવા માટેની દવા છે !

૬૩૦૫ અમારી શાંત સ્વભાવની વાણી નીકળે ત્યારે સ્યાદ્‌વાદ હોય અને કડક વાણી નીકળે ત્યારે કારુણ્યતા હોય.

૬૩૦૬ અમે જેવી વાણી બોલીએ એવી તમારાથી બોલાય નહીં. કારણ કે અમારે તો વાણીના બોલ ને પ્રતિક્રમણ સાથે હોય.

૬૩૦૭ અમારી વાણી અમારા સ્વાધીન નથી. એટલે સામો નિમિત્ત હોય ને, તેના આધીન નીકળે.

૬૩૦૮ વઢે ને જે શ્રદ્ધા બેસે એ શ્રદ્ધા ફરી તૂટતી નથી અને 'આવો શેઠ, આવો શેઠ' કરીને શ્રદ્ધા બેસાડેલી એ શ્રદ્ધા રહેતી નથી.

૬૩૦૯ જે આપણને ગાળો ભાંડે અને છતાંય એમની પર શ્રદ્ધા આવે, એ શ્રદ્ધા મોક્ષ પમાડે.

૬૩૧૦ લોક સુંવાળું બોલીને શ્રદ્ધા રખાવડાવે, એ કઠણ બોલવાથી જતી રહે. આ શ્રદ્ધા તો અહીં કોઈ દહાડો ખસે નહીં, સમ્યક્ દર્શનમાં જ પરિણામ પામે ને મુક્તિ આપે.

૬૩૧૧ પહેલો નિશ્ચય જોઈએ. આપણને એ વસ્તુ મેળવવાનો નિશ્ચય હોય તો શ્રદ્ધા આવે.

૬૩૧૨ આપણી શ્રદ્ધા અચળ જોઈએ, એટલે કામ થાય જ. શ્રદ્ધા ડગી કે બધું ડગ્યું.

૬૩૧૩ શ્રદ્ધા તો બેસવી જ જોઈએ. વાત ઉપરથી શ્રદ્ધા ના બેસે તો પછી કામનું શું ?

૬૩૧૪ મુમુક્ષુ એટલે મોક્ષની જ ઈચ્છાને માટે તૈયાર થયેલો, કિનારે આવેલો.

૬૩૧૫ 'આ અમારો મત છે.' 'મત' કહ્યું, એટલે પોતાને આવરણ આવે ને સાચી વાત ક્યારેય પણ સમજ પડે નહીં.

૬૩૧૬ મતમાં જરાક હોશિયાર થયો કે મતાંધ થઈ જાય.

૬૩૧૭ 'હું' પદ, એનું નામ જ સ્પર્ધા કહેવાય.

૬૩૧૮ મારામાં 'હું' નથી, એટલે મારી જાતને બધાથી નાનો જ માનું છું. પણ 'હું'વાળો તો નાનો માને નહીં ને પોતાને ! હોય નીચો પણ માને નહીં.

૬૩૧૯ આ બુદ્ધિના રેસકોર્સમાં ઊતરેલા લોક છે. મારી બુદ્ધિ વધારે ને પેલાની ઓછી ને એ બધું. એનાથી આખી માનવતાની મૂડી જતી રહે.

૬૩૨૦ આ વર્લ્ડમાં હું એકલો જ અબુધ છું. કારણ કે બધાય બુદ્ધિની રેસકોર્સમાં હોય. અમે તો અબુધ હોઈએ.

૬૩૨૧ હારવું અને જીતવું એ રિલેટિવમાં બધું, રિયલમાં કશું છે નહીં.

૬૩૨૨ શું આપણે ઘોડા છીએ, તે આ રેસકોર્સમાં દોડ દોડ કરીએ ?

૬૩૨૩ આપણે રેસકોર્સમાં દોડવું ખરું પણ તે કેવું ? આપણી જેટલી શક્તિ હોય એટલું દોડવું, ઈનામ ના આવ્યું તો કંઈ નહીં.

૬૩૨૪ સ્પર્ધા રાખીએ છીએ ને, એટલે તેજોદ્વેષ ઉત્પન્ન થાય છે.

૬૩૨૫ સામાને પાછું પાડવા માટે વ્યવસ્થા કરવી, એવા સાધનો સેવવા, એવા કારણો ઊભા કરવા, એ તેજોદ્વેષ કહેવાય.

૬૩૨૬ બહુ બુદ્ધિશાળીને તેજોદ્વેષ ઉત્પન્ન થાય. એ વધારે બુદ્ધિનું કારણ છે.

૬૩૨૭ બહુ બુદ્ધિશાળીને લાભ થાય ત્યારે નફોય બહુ અને ખોટ જાય ત્યારે ખોટેય બહુ.

૬૩૨૮ તમારી પ્રગતિને તમે ફાવે એટલી વધારો, તેનો વાંધો નથી. પણ કોઈની પ્રગતિને રૂંધીને તમે આગળ વધવા માગો એ ખોટું છે. ઈશ્વર ક્યારેય રાજી ના રહે.

૬૩૨૯ તેજોદ્વેષ કરવાને બદલે સામાને કહીએ, તું એડવાન્સ થા. તારે જોઈએ તે વસ્તુ મારી પાસેથી લઈ જા, પણ તું એડવાન્સ થા ને હુંય થઉં. એવા નોબલ વિચારો હોવા જોઈએ.

૬૩૩૦ કોઈનું તોડવા ના ફરશો, નવું ઊભું કરવા ફરજો. નવો પ્રોજેક્ટ કરજો, જૂનું તોડવા ના ફરશો.

૬૩૩૧ નવ કલમો બોલવાથી તેજોદ્વેષ થયેલા એ બધા ધોવાઈ જશે.

૬૩૩૨ ટીકા ખાસ કરીને ક્યાં થાય છે ? હરીફાઈમાં, રેસકોર્સમાં.

૬૩૩૩ માણસોની નિંદા કરવી એ પાપ જ છે. એ એમને માર માર્યા બરોબર જ છે.

૬૩૩૪ આ વાણી તો સરસ્વતી દેવી છે. જો એનો દુરુપયોગ કરે ને, તો લક્ષ્મીજી રિસાય. માટે નિંદા ના કરાય.

૬૩૩૫ અત્યારે મારી જોડે રૂબરૂમાં વઢો તો હું તમને સાચવી લઉં, તમને કશોય વાંધો ના આવે, ઊલટું ફાયદો થાય પણ જો પાછળ નિંદા ના કરો તો. પાછળ જો નિંદા હશે તો માર્યા જાવ.

૬૩૩૬ અપરાધ બીજે કરશો, આખી દુનિયાનો અપરાધ કરશો તો કલાકમાં છોડાવી આપીશ, પણ અહીં અપરાધ ના કરશો.

૬૩૩૭ આરાધનાય ના કરે, વિરાધનાય ના કરે ને અપરાધ કરે એ અપરાધી કહેવાય.

૬૩૩૮ અમને કોઈ ધોલો મારે ને, તોય અમે જાણીએ કે અમારા નિમિત્તે આ પડી જશે, એટલે અમે એની રક્ષા કરીએ. અમારી કારુણ્ય બુદ્ધિ હોય.

૬૩૩૯ હું મળ્યો ને જો મોક્ષ ન મળતો હોય એને, તો પછી મારું અસ્તિત્વ ખોટું ઠરે અને મોક્ષ ન મળે તો પડવો તો ન જ જોઈએ.

૬૩૪૦ કોઈ પડી જતો હોય ત્યાં અમે વધારે પ્રેમ રાખીએ, પડવા ના દેવા માટે.

૬૩૪૧ આત્મા ઉપર શુદ્ધ પ્રેમ રાખવો અને પુદ્ગલ ઉપર કરુણા રાખવી.

૬૩૪૨ અમારી સ્યાદ્વાદ વાણી હોય. અમારી કડક વાણી ના હોય. કારણ કે સામા જીવને પાડવા નથી આવ્યા, ચડાવવા આવ્યા છીએ.

૬૩૪૩ સ્યાદ્વાદ એટલે શું ? જેને કોઈની જોડે મતભેદ નથી. બધા ધર્મને એક્સેપ્ટ કરે છે, બધી ડિગ્રીને એક્સેપ્ટ કરે છે.

૬૩૪૪ मनुष्य में जीतना ( जीतने ) जीव हैं, इतनी डिग्री हैं। दूसरा जीव की यह वात ( बात ) नहीं है। जीधर ओपिनियन है, वहाँ डिग्री है।

૬૩૪૫ તમારુંય કરેક્ટ છે, આમનુંય કરેક્ટ છે, પોતાનુંય કરેક્ટ છે. અને કઈ દૃષ્ટિથી કરેક્ટ છે તે પાછું જાણે તો જ સ્યાદ્વાદ !

૬૩૪૬ કોઈ પણ માણસની શ્રદ્ધા ઉપર તરાપ મારવી એ સ્યાદ્વાદ વાણી નથી. જે દરેકની શ્રદ્ધાને એક્સેપ્ટ કરે તે વાણી, એ સ્યાદ્વાદ.

૬૩૪૭ ખુદ પરમાત્મા સિવાય કોઈ સ્યાદ્વાદ વાણી બોલી શકે નહીં.

૬૩૪૮ તીર્થંકરની વાણી સંપૂર્ણ સ્યાદ્વાદ હતી અને અમારી અંશ સ્યાદ્વાદ છે. ચાર અંશ ઓછી છે. છતાંય કોઈ ધર્મનું પ્રમાણ ન દુભાય એવી અમારી વાણી છે.

૬૩૪૯ વાદી-પ્રતિવાદી બન્નેય કબૂલ કરે એ વીતરાગી વાણી કહેવાય અને તેનું નામ જ સ્યાદ્વાદ !

૬૩૫૦ સ્યાદ્વાદ ના હોય તો સંવાદ હોય, સંવાદમાંથી વાદ આવે, વાદમાંથી વિવાદ આવે.

૬૩૫૧ બે ઈગોઈઝમ લઢે એનું નામ વાદ-વિવાદ.

૬૩૫૨ વાદ ઉપર વિવાદ નહીં એનું નામ જ્ઞાન અને વિવાદ ત્યાં બુદ્ધિ.

૬૩૫૩ આ જેટલું હું બોલું છું ને, એ તર્ક ને બુદ્ધિથી પરની વસ્તુ છે. પણ બુદ્ધિથી સમજાય ખરું આ.

૬૩૫૪ હું શાસ્ત્રોના શબ્દ બોલતો જ નથી. હું તો જોઈને બોલું છું બધું.

૬૩૫૫ અમે આ આંખેથી નહીં, અંદરની આંખેથી બધું જગત જોઈને કહીએ છીએ. જોઈને કહીએ એના જેવું તો એકુંય પુરાવાવાળું બીજું ના હોય ને !

૬૩૫૬ 'પરમ શ્રુત' તો શાસ્ત્રના કોઈ શબ્દ જ ના હોય, છતાં બધો ફોડ પાડી દેતા હોય. ઊંચામાં ઊંચી દવા હોય અને શાસ્ત્રમાં એ હોય નહીં !

૬૩૫૭ જે જ્ઞાની પુરુષ ડુંગર ઉપર રહીને ડુંગરનું વર્ણન કરે છે, તે જ્ઞાની પુરુષના બધા દાખલા તમને વ્યવહારમાં કામ લાગે અને તે દવા ફળ આપે.

૬૩૫૮ અમારો બોલેલો શબ્દ એક્ઝેક્ટ આત્માને પહોંચાડી દે. એને ક્યારેય ચેકો ના મારવો પડે. કારણ કે ત્રિકાળી સત્ય છે આ શબ્દો !

૬૩૫૯ ત્રિકાળી સત્ એ 'સત્' કહેવાય અને ક્ષણિક સત્‌ને 'સત્ય' કહેવાય.

૬૩૬૦ 'સત્ય' જુદી વસ્તુ છે અને 'સત્' જુદું છે. અહીં 'જ્ઞાન' આપવામાં આવે છે એ સત્ છે, એની પાછળ ભેદવિજ્ઞાન છે.

૬૩૬૧ આ જગતનું સત્ય છે એ રિલેટિવ સત્ય છે, વિનાશી સત્ય છે. તમને જે સત્ય ગણાતું હોય, બીજાને એ અસત્ય થઈ પડતું હોય.

૬૩૬૨ જગતનું જે સત્ય છે એ રિલેટિવ સત્ય છે અને સત્ એ રિયલ સત્ય છે. હવે બેની વચ્ચે પાછા બીજા સત્ય છે, તે એક 'રિયલ-રિલેટિવ' સત્ય છે અને એક 'રિલેટિવ-રિયલ' સત્ય છે.

૬૩૬૩ ઈફેક્ટ રિલેટિવ-રિલેટિવ છે અને કૉઝિઝ રિલેટિવ-રિયલ છે.

૬૩૬૪ એકલું રિયલ નહીં, પણ રિલેટિવ-રિયલ જેને કહેવામાં આવે છે, એય પુરુષાર્થ છે.

૬૩૬૫ કમ્પ્લીટ રિયાલિટીને જે વ્યક્ત કરે, એનું નામ રિલેટિવ-રિયલ.

૬૩૬૬ જ્યારે રિયલ-રિલેટિવનું જ્ઞાન એને કોઈ જગ્યાએ પ્રાપ્ત થઈ જાય, ત્યારે એ રિયાલિટીમાં આવે.

૬૩૬૭ સમ્યક્ શબ્દ એ 'રિયલ-રિલેટિવ'. એ છે રિલેટિવ પણ 'રિયલ'ને લાવનારું છે અને આ બીજા બધા રિલેટિવ 'રિયલ'ને લાવે નહીં.

૬૩૬૮ તદ્દન સાચું હોય છતાંય છોડી દે, તો એ મહાવીરનો સાચો ભક્ત ગણાય.

૬૩૬૯ 'હું જે બોલ્યો તે ખોટું છે' એમ જે સમજ્યો તે પરમાત્માનો માનીતો થયો. 'હું બોલ્યો એ જ સાચું', એ પરમાત્માના માનીતા નહોય.

૬૩૭૦ સત્યનું પૂંછડું પકડવું એનું નામ અસત્ય અને

અસત્યનું પૂંછડું પકડવું તેનું નામ ડબલ અસત્ય !

૬૩૭૧ સત્યનું પૂંછડું પકડીને માર ખાવો તેના કરતાં છોડી દેવું શું ખોટું છે ?

૬૩૭૨ જે પાણીએ મગ ચડે તે પાણીએ ચઢાવી દેવાના. દુરાગ્રહ નહીં સેવવાના.

૬૩૭૩ અસત્ય-સત્યની ભાંજગડ મૂકી દેવાની. આપણે તો અહીં દુઃખ ના થાય એ જોવાનું.

૬૩૭૪ કોઈ માણસને કિંચિત્‌માત્ર દુઃખદાયી થઈ પડે એ બધુંય જૂઠું કહેવાય.

૬૩૭૫ જેનાથી વાંધા-વચકા ઊભા ના થાય એવી વાણી બોલવી જોઈએ.

૬૩૭૬ સત્ય-પ્રિય-હિતકર અને મિત ચાર ગુણાકાર હોય તો સત્ય કહેવાય, નહીં તો બધું અસત્ય જ છે.

૬૩૭૭ સંસાર માટે જૂઠું બોલવું પડે એ જૂઠું કહેવાય છે અને આત્મા માટે જૂઠું બોલવું પડે તો એ જૂઠું કહેવાતું નથી.

૬૩૭૮ સમાજથી ડરે ને, એને ધર્મ પોસાય નહીં. ધર્મ તો પોતાની સત્યનિષ્ઠા પર છે. એવું હોય તો ઉપરથી દેવલોકો આવે તોય એનું નામ ના દે.

૬૩૭૯ સત્યનિષ્ઠામાં ગભરાવું ના જોઈએ. જે થવું હોય તે થાય. કારણ કે એની સાથે ધર્મ છે. એનું કોઈ નામ ન દઈ શકે.

૬૩૮૦ કોઈ દહાડો એકમત થયું જ નથી આ જગત તો. આટલા બધા મોક્ષે ગયા તોય પણ બે મત હતા જ જગતમાં. એટલે બે મતથી ડરવાનું નહીં, વિરોધ પક્ષો હોય જ.

૬૩૮૧ સાચું જ્ઞાન પ્રાપ્ત થયા પછી ભય શો ? અમર પદ પ્રાપ્ત થયા પછી ભય શો ?

૬૩૮૨ સાચા પ્રેમનો અર્થ બિલકુલેય કપટ નહીં.

૬૩૮૩ કોઈ પણ સંજોગોમાં પ્રેમ ઘટવધ ન થાય, તો એને 'ભગવાન' પદનું વિશેષણ આપવું.

૬૩૮૪ બ્રહ્મસંબંધ બાંધ્યા પછી ક્લેશ ના થાય, કંકાસ ના થાય, કોઈની જોડે વઢવાડ ના થાય, શુદ્ધ પ્રેમ રહે.

૬૩૮૫ બ્રહ્મ એટલે આત્મા પોતાનો, ચેતન. તે આત્મા જોડે સંબંધ બાંધવાનો, એની જોડે લગ્ન કરવાનું. પછી ભુલાય જ નહીં. રાત-દહાડો ભુલાય નહીં તો જાણવું કે લગન થયું છે, નહીં તો ડાયવોર્સ થઈ ગયો છે.

૬૩૮૬ બ્રહ્મસંબંધ લીધા પછી બ્રહ્મના જે ગુણધર્મ હોય તેમાં રહેવું એ જ આપણું કર્તવ્ય. એટલે કે જ્ઞાતા-દ્રષ્ટા-પરમાનંદી.

૬૩૮૭ આત્મા પામ્યા ક્યારે કહેવાય, કે એની મેળે હાજર થયા કરે તે. આપણે કરવું ના પડે. રાત્રે જાગીએ કે તરત 'હું શુદ્ધાત્મા છું' એ હાજર થઈ જાય.

૬૩૮૮ એની મેળે સહજ લક્ષમાં રહ્યા કરે, નિરંતર રહ્યા કરે, એક સેકન્ડ પણ ચૂક્યા સિવાય, એનું નામ આત્મ અનુભૂતિ.

૬૩૮૯ કલ્પિત સુખ એટલે શું ? જે સુખ આપણને ગમતું હોય, એ બીજાને ના ગમતું હોય.

૬૩૯૦ સાચું સુખ પ્રથમ હોવું જોઈએ. એના પરથી કલ્ચર્ડ સુખ ઉત્પન્ન થયું છે.

૬૩૯૧ સંસારનું 'સત્ય' ભ્રાંતિ છે અને સચ્ચિદાનંદ 'સત્'
એ ભ્રાંતિ નથી.

૬૩૯૨ ભ્રાંતિ શેની હોય ? વસ્તુ હોય, સત્ય હોય તેની સામે
ભ્રાંતિ ઊભી થાય. એટલે ભ્રાંતિ છે માટે સત્ય હોવું
જોઈએ, એ ડિસાઈડ થઈ શકે.

૬૩૯૩ નર્યું પોતાનું સુખ પોતાની પાસે જ છે. હું ઉઘાડી
આપીશ તને ચાવી આપીને.

૬૩૯૪ જ્ઞાન તો જેટલું મારામાં છે, એટલું બધું તમારામાં
છે. એમાં બીજો શો ફેર છે ? તમારું આવરણવાળું
છે ને મારે આવરણ તૂટી ગયેલું છે.

૬૩૯૫ રોંગ માન્યતારૂપી આવરણ છે એ તૂટી જાય, એટલે
આત્મા પ્રકાશિત થઈ ગયો.

૬૩૯૬ તમારું જ તમને આપીએ છીએ અમે. અમારું કશું
આપતા નથી.

૬૩૯૭ જ્ઞાન ઉત્પન્ન થતું નથી, જ્ઞાન છે જ. ફક્ત આ
ઉપરનું આવરણ તોડવાની જરૂર છે.

૬૩૯૮ જ્ઞાનવિધિમાં કૃપાથી મહીં આત્મા જાગે છે, શબ્દોથી

ના જાગે. શબ્દો પાપો ભસ્મીભૂત કરે અને પછી આત્મા પ્રાપ્ત થઈ જાય.

૬૩૯૯ પોતે શી રીતે પાપને નાશ કરી શકે ? પુણ્ય નવું બાંધી શકે ખરો, પણ જૂના પાપને નાશ ન કરી શકે. જ્ઞાની પુરુષનું જ્ઞાન એ જ પાપને નાશ કરી નાખે.

૬૪૦૦ બીજાના કર્મ નાશ કરી નાખે, એ જ્ઞાની પુરુષ એકલાને જ સત્તા.

૬૪૦૧ જ્ઞાની પુરુષ ચાહે સો કરે. કારણ કે પોતાની માલિકી વગરની સત્તા છે.

૬૪૦૨ કંઈ પણ છે તે ભગવાન પાસે લેવાનું ન રહે ત્યારે ભગવાન સરન્ડર (વશ) થાય.

૬૪૦૩ ભગવાન જ્ઞાનીને શા માટે વશ થાય છે ? કે ભગવાનને જે કામો કરાવવા છે કે લોકોનું કંઈક કલ્યાણ થાય, તે ભગવાન જાતે કરી શકે એમ નથી. એટલે જ્ઞાનીની મારફત કરાવડાવે તો થાય.

૬૪૦૪ જ્ઞાની એટલે પરમાત્માના પ્રતિનિધિ કહેવાય.

૬૪૦૫ આખા બ્રહ્માંડનો જે ભગવાન છે એ મને વશ થઈ ગયેલો છે અને તમનેય વશ થઈ જાય, તમે જો તમારા વિજ્ઞાનમાં હો તો. વિજ્ઞાન સમજે એને ભગવાન વશ થઈ જાય.

૬૪૦૬ જગત આખું સ્થિતઅજ્ઞ છે. સ્થિતઅજ્ઞ મોક્ષમાં જવા ના દે અને સ્થિતપ્રજ્ઞ મોક્ષમાં લઈ ગયા વગર છોડે નહીં.

૬૪૦૭ પ્રજ્ઞા તો આત્મા પ્રાપ્ત થયા પછી ઉત્પન્ન થાય અને સ્થિતપ્રજ્ઞ દશા એ આત્મા થતા પહેલા થાય.

૬૪૦૮ સ્થિતપ્રજ્ઞ એ તો હજુ પ્રજ્ઞામાં સ્થિર થાય છે, એટલે ભટકવાનું અટકી જાય છે. પણ હજુ તો આગળ ઘણું કામ કરવાનું રહ્યું.

૬૪૦૯ સ્થિતપ્રજ્ઞ એટલે ધીમે ધીમે તારણ કાઢતા કાઢતા સ્થિર થવાનું, અને આ તો હું જ્ઞાન આપું ને, એટલે પાપો ભસ્મીભૂત થાય એટલે સ્થિર જ થઈ જાય.

૬૪૧૦ આ વીતરાગોનો માર્ગ છે, આ મારો માર્ગ નથી. હું તો વચ્ચે નિમિત્ત છું.

૬૪૧૧ વીતરાગોનું ક્રમિક વિજ્ઞાન હતું અને આ અક્રમ વિજ્ઞાન એ એમનું જ છે. મને ઉદયમાં આવ્યું છે. આ કંઈ મેં પ્રાપ્ત કરેલું નથી.

૬૪૧૨ હું ક્રમમાં રહીને જ તૈયાર થયેલો હતો. આ તો અક્રમ મારા ઉદયમાં આવ્યું.

૬૪૧૩ આ અક્રમ એ અપવાદ માર્ગ છે. હંમેશાં કોઈ પણ નિયમમાં અપવાદ હોવો સંભવે. અપવાદ હોય તો જ એ નિયમ નિયમ ઠરે.

૬૪૧૪ મોક્ષે જવાનો ખરો ધોરીમાર્ગ ક્રમિક છે અને આ અક્રમ માર્ગ એ કો'ક ફેરો ઉદયમાં આવે છે, જ્યારે ક્રમિક ફ્રેક્ચર થઈ ગયેલો હોય છે.

૬૪૧૫ મનમાં હોય એવું વાણીમાં બોલે ને એવું વર્તનમાં રાખે તો જ ક્રમિક માર્ગ ચાલુ રહે, નહીં તો એ માર્ગ બંધ થઈ જાય. ક્રમિક માર્ગ ફ્રેક્ચર થઈ ગયો એટલે આ અક્રમ માર્ગ ઉદયમાં આવ્યો.

૬૪૧૬ તીર્થંકરો હતા તે કાળમાં અક્રમની જરૂર જ નહોતી. આ તો આવો ગોટાળિયો કાળ છે ત્યારે અક્રમની જરૂર છે. અત્યારે લિફ્ટ હોય છે કે નથી હોતી ?

૬૪૧૭ એક મકાન સવાસો માળનું છે, તે લિફ્ટ ગોઠવનારને બહુ વાર લાગે ને ? અને ચઢનારને ? તે આ ગોઠવતા મને બહુ વર્ષ ગયા. પણ ચઢનારને પછી શું વાર લાગે ?

૬૪૧૮ અક્રમ, નવી જાતનું વિજ્ઞાન ! જ્ઞાન તેનું તે જ, રીત જુદી આ ! આ જુદી રીતમાં લોકોનું કલ્યાણ થઈ જાય.

૬૪૧૯ અક્રમ એટલે પૂર્ણવિરામ. અક્રમ પામ્યા પછી કશું કરવાનું રહે નહીં. એ અક્રમ વિજ્ઞાન જ મોક્ષે લઈ જાય, એની મેળે.

૬૪૨૦ પ્રયત્ન કરે કેવળજ્ઞાન ના થાય. કેવળજ્ઞાન સહજ સ્વભાવી હોય !

૬૪૨૧ પુસ્તકમાં તો અમુક હદ સુધી સાચી વાત છે. બેહદની વાતો પુસ્તકમાં આવતી નથી. એટલે બેહદની વાતો અમારી પાસે હોય.

૬૪૨૨ ચાર વેદ 'ધીસ ઈઝ નૉટ ધેટ' કહે છે, તે અમે કહીએ છીએ કે 'ધીસ ઈઝ ધેટ.' શુદ્ધાત્મા એ 'ધીસ ઈઝ ધેટ.'

૬૪૨૩ પુસ્તકમાં હોતો હશે આત્મા ? આત્મા સૂક્ષ્મતમ વસ્તુ અને પુસ્તક જડ, શબ્દ એ સ્થૂલ બધું, સ્થૂલમાં સૂક્ષ્મતમ સમાય નહીં ને !

૬૪૨૪ જેટલી વાણી છે ને, એ બધી રિલેટિવ છે અને રિયલ વસ્તુ શબ્દાતીત છે, અવર્ણનીય છે, અવક્તવ્ય છે.

૬૪૨૫ સૂક્ષ્મતમ તત્ત્વ વાણીમાં ના આવે, પણ અમે સંજ્ઞાથી તમને પકડાવીએ.

૬૪૨૬ જે કહી ગયા તે જાણી શકતા નથી ને જે જાણે છે તે કહી શક્યા નથી. હું એક કહી શકું છું ને જાણી શકું છું.

૬૪૨૭ આ વર્લ્ડમાં કોઈ રિલેટિવ વગર વસ્તુ જ નથી દેખાતી અને તે ટેમ્પરરી ઍડજસ્ટમેન્ટ છે, આપણે પરમેનન્ટ છીએ.

૬૪૨૮ આ ટેમ્પરરીમાં મૂંઝાયા, એનું નામ માયા. પરમેનન્ટમાં મૂંઝાય એનું નામ ભગવાન.

૬૪૨૯ તન્મયાકાર થયો એટલે જીવાત્મા થયો. તન્મયાકાર ન થાય એટલે ભગવાન થયો.

૬૪૩૦ આખું જગત પારકા ખેતરની જ ચિંતા કરી રહ્યું છે. પોતાના ખેતરમાં તો કશું સળગે એવું છે જ નહીં ! આ તો ફૉરેનને હોમ માની બેઠા છે તેની ચિંતા છે.

૬૪૩૧ જ્યાં સુધી આપણું ખેતર પ્રાપ્ત ના થાય, ત્યાં સુધી પારકા ખેતરમાં ઉપલક ખેડ કરવાની.

૬૪૩૨ ઑલ ધીઝ રિલેટિવ્સ આર ટેમ્પરરી ઍડજસ્ટમેન્ટ્સ ઍન્ડ યૂ આર પરમેનન્ટ. 'પરમેનન્ટ' ટેમ્પરરીમાં અથડાયો છે અને પોતે ટેમ્પરરી થઈ ગયો.

૬૪૩૩ એક રકમ કાયમની અને એક રકમ ટેમ્પરરી, બેના ગુણાકાર અનંતકાળથી કર્યા કરે છે. તે ગુણાકાર કરવાની શરૂઆત કરે ત્યારહોરી પેલી ટેમ્પરરી રકમ ઊડી જાય છે. બન્ને પરમેનન્ટ જોઈએ.

૬૪૩૪ પોતે સ્વભાવે કરીને પરમેનન્ટ અને વિશેષભાવે કરીને ટેમ્પરરી. જ્યારે વિશેષભાવે કરીને 'હું પરમેનન્ટ છું' એવું સમજાય એને, એટલે બધો ઉકેલ આવી જાય.

- જય સચ્ચિદાનંદ

આ અમારા સત્સંગના એક-એક વાક્ય છે, એ જે અમારું એડજસ્ટમેન્ટ છે એ બહાર નીકળી જાય છે. એ જો પકડી રાખો ને, તો તો કામ નીકળી જાય ! જો મહીં ક્લિયરન્સ, એટલે સિન્સિયારિટી હોય તો અમારું એક વાક્ય આખી જિંદગી સુધી ના ભુલાય તેવું વચનબળવાળું હોય છે.

- દાદાશ્રી

દાદા ભગવાન પ્રરૂપિત

# આપ્તસૂત્ર



૯

દાદા ભગવાન પ્રરૂપિત

# આપ્તસૂત્ર

## (ભાગ ૯ - ક્રમાંક ૬૪૩૫ થી ૭૧૬૦)

સંકલન : દીપકભાઇ દેસાઇ

પ્રકાશક : શ્રી અજિત સી. પટેલ
દાદા ભગવાન વિજ્ઞાન ફાઉન્ડેશન,
૧, વરુણ એપાર્ટમેન્ટ, ૩૭, શ્રીમાળી સોસાયટી,
નવરંગપુરા પોલીસ સ્ટેશન સામે, નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦૦૦૯, ગુજરાત.
**ફોન :** +૯૧ ૭૯ ૩૫૦૦ ૨૧૦૦, +૯૧ ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭

કોપીરાઈટ : © Dada Bhagwan Foundation,
5, Mamta Park Society,
B/h. Navgujarat College, Usmanpura,
Ahmedabad - 380014, Gujarat, India.
Email : info@dadabhagwan.org
Tel. : +91 9328661166/77

**All Rights Reserved. No part of this publication may be shared, copied, translated or reproduced in any form (including electronic storage or audio recording) without written permission from the holder of the copyright. This publication is licensed for your personal use only.**

**પ્રથમ આવૃતિ :** ૬,૦૦૦ ડિસેમ્બર, ૨૦૨૫

**ભાવ મૂલ્ય :** **'પરમ વિનય' અને**
**'હું કંઈ જ જાણતો નથી', એ ભાવ !**

**દ્રવ્ય મૂલ્ય :** **૧૬૦ રૂપિયા (ભાગ ૬ થી ૧૦ - એક સેટના)**

**મુદ્રક :** અંબા મલ્ટિપ્રિન્ટ,
એચ.બી.કાપડીયા ન્યુ હાઈસ્કૂલની સામે, છત્રાલ - પ્રતાપપુરા રોડ,
છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯, ગુજરાત.
**ફોન :** +૯૧ ૭૯ ૩૫૦૦ ૨૧૪૨

**ISBN :** 978-81-992022-0-7

**Printed in India**

# આપ્તસૂત્ર

## (ભાગ ૯ - ક્રમાંક ૬૪૩૫ થી ૭૧૬૦)

૬૪૩૫ રસ-રોટલી ને એ બધું આ દેહનું વિટામિન અને પ્રતિકૂળતા આવે તે આત્માનું વિટામિન.

૬૪૩૬ લૌકિકમાં તો પ્રતિકૂળતા નહીં સારી, બહુ નુકસાન કરે. મોક્ષે જવું હોય તેને પ્રતિકૂળ બહુ હિતકારી.

૬૪૩૭ જીવનમાં અનુકૂળ ને પ્રતિકૂળ એ બે જ છે. અને પ્રતિકૂળ જીત્યો એટલે થઈ રહ્યું, જગત જીતી ગયો ! એ મોક્ષને પામી ગયો !

૬૪૩૮ પ્રતિકૂળ એ જો અનુકૂળ છે એમ સમજાઈ ગયું તો ખલાસ.

૬૪૩૯ પ્રતિકૂળતા મોટી આવે તો આત્મદશા તરત માપી આપે. ત્યારે જાણવું કે ઓહોહો ! આ વગર પૈસે છે તે થર્મોમિટર મળ્યું !

૬૪૪૦ સળી કરનારો આપણને જાગૃતિમાં રાખે ને ? અને 'આવો સાહેબ, આવો સાહેબ' કહેનારો તે ? ઊંઘમાં રાખે.

૬૪૪૧ સુખીને તો જાગૃતિ આપનાર કોઈ છે નહીં ને ! એને જ્ઞાન એકલું જાગૃતિ આપે, પણ પેલા દુઃખવાળાને તો દુઃખેય જાગૃતિ આપે ને જ્ઞાનેય જાગૃતિ આપે.

૬૪૪૨ પોતાથી વિરુદ્ધની વાત હસતે ભાવે સાંભળીએ, એ તો બધું ઐશ્વર્ય કહેવાય.

૬૪૪૩ સહનશીલતા રખાતી હશે ? સહનશીલતા તો અજ્ઞાની લોકો રાખે. સહનશીલતા એટલે તો દબાવેલી સ્પ્રિંગ.

૬૪૪૪ અહંકારને દબાવવો એ ગુનો છે. અહંકારને સમજણથી ઓગાળવાનો છે.

૬૪૪૫ હું સહન કરવાનું ના કહું છું. જે દહાડે સહન કરવાનું થાય ત્યારે વિચારીને પછી એનો ઉકેલ લાવવો જોઈએ.

૬૪૪૬ સહન તો આખું જગત કર્યા જ કરે છે ને, પણ ગાળો દઈ દઈને સહન કરે છે. એનો અર્થ શું ?

૬૪૪૭ જે તપ રાજીખુશીથી સહન કરવામાં આવે ત્યારે એ તપ અદીઠ તપ થાય.

૬૪૪૮ ના ગમતું હોતું જ નથી આ દુનિયામાં, એ તો તમારી

રોંગ બિલીફો છે બધી.

૬૪૪૯ જે જે નથી ગમતું ત્યાં તપ કરવાનું છે, બીજું કંઈ ભૂખે મરવાનું નથી.

૬૪૫૦ ઊભા કરેલા તપ શું કરવા કરો છો ? આવી પડેલા તપ કરો.

૬૪૫૧ આવી પડેલા તપ એ પ્રત્યક્ષ મોક્ષનું કારણ છે અને ઊભા કરેલા તપ એ સંસારનું કારણ છે.

૬૪૫૨ ના ગમતું હોય તો તપવું પડે અને એને આપણે જોઈએ તપેલાને, છતાં સ્થિરતા ન ગુમાવીએ, એ આંતરિક તપ કહેવાય.

૬૪૫૩ તપે છે તે પોતે નહીં, જોનારો નથી તપતો. એ તો પુદ્‌ગલ તપે છે, એટલે ચંદુનો અહંકાર તપે છે.

૬૪૫૪ આ જ્ઞાન પછીનું ડિપ્રેશન તપવાળું છે અને જ્ઞાન નહોતું તે દહાડે ડિપ્રેશન આવ્યું હોય, તે વેર બાંધનારું હોય.

૬૪૫૫ પ્રાપ્ત તપને ભોગવી લે એનું નામ સંવરપૂર્વક નિર્જરા અને આમ ધક્કો મારે તે બંધપૂર્વક નિર્જરા.

૬૪૫૬ આશ્રવની જ્ઞાનીને સંવરપૂર્વક નિર્જરા થાય, એટલે ચાર્જ થાય નહીં અને ડિસ્ચાર્જ થાય.

૬૪૫૭ આશ્રવ એટલે કર્મ ઝમવા. જે જૂના કર્મો છે, એ ફળ આપવા સન્મુખ થવું.

૬૪૫૮ ડિસ્ચાર્જ છે તે ચાર્જની અપેક્ષા રાખતું નથી. ચાર્જ છે તે ડિસ્ચાર્જની અપેક્ષા રાખે છે જ.

૬૪૫૯ જૂનો બંધ છૂટ્યો ને નવો બંધ પડવાનો નહીં એનું નામ આ અક્રમ વિજ્ઞાન !

૬૪૬૦ ડિસ્ચાર્જ એટલે આપણા કર્યા સિવાય થઈ જ જાય. ફક્ત આપણે મહીં નિમિત્ત તરીકે દેખાઈએ. કર્તાપણું ન હોય તોય એ બધું થાય.

૬૪૬૧ ડિસ્ચાર્જ અહંકાર એટલે શું ? માલિક વગરનો અહંકાર.

૬૪૬૨ આ તમને જ્ઞાન આપ્યા પછી જે અહંકાર છે ને, તે નિર્જીવ અહંકાર કહેવાય. એવો અહંકાર પ્રાણીઓમાં છે, નર્કગતિમાં છે ને દેવલોકોમાં છે.

૬૪૬૩ નિર્જીવ અહંકાર, જે નવા બીજ નાખે નહીં ને જૂનું છે તે ઉકેલ લાવે.

૬૪૬૪ આ જ્ઞાન પછી અહંકાર નિર્જીવ છે. જ્યાં સુધી જ્ઞાન નથી, ત્યાં સુધી એ સજીવ થાય છે. તન્મયાકાર થયો કે સજીવ થઈ ગયો.

૬૪૬૫ ગુસ્સો એ ડિસ્ચાર્જ છે અને ક્રોધ એ ચાર્જ છે.

૬૪૬૬ ગુસ્સો એ પુદ્ગલ છે અને ક્રોધ એ મિશ્ર ચેતન છે.

૬૪૬૭ વ્યવહાર આત્મા જ્યાં સુધી તન્મયાકાર થાય નહીં, ત્યાં સુધી ક્રોધ કહેવાય નહીં, ગુસ્સો કહેવાય.

૬૪૬૮ હિંસકભાવ એ ચાર્જ થતો ક્રોધ કહેવાય અને હિંસકભાવ ના હોય, તો એ છે તે ડિસ્ચાર્જ થતો ગુસ્સો કહેવાય.

૬૪૬૯ ચંદુ ગુસ્સો કરતો હોય ને તમને ગમે નહીં એટલે હિંસકભાવ ના થાય. એટલે ગુસ્સો થયો તો ઊડી જશે.

૬૪૭૦ જેમાં ઈચ્છા નથી આપણી અને તે કર્મ થાય ને, એ બધા ડિસ્ચાર્જ કર્મ.

૬૪૭૧ ચાર્જ તો કર્તા હોય ત્યાં સુધી જ, દ્રષ્ટા થાય એટલે ચાર્જ બંધ.

૬૪૭૨ ‘હું કરું છું’ એ ભાન ઊડી ગયું અને ‘વ્યવસ્થિત કર્તા છે’ એવું ખ્યાલ, લક્ષમાં આવી ગયું, એટલે કર્તાપદ ઊડી ગયું.

૬૪૭૩ કર્તા મીટ્યા પછી કર્મ રહ્યા તેને ‘દિવ્યકર્મ’ કહ્યા.

૬૪૭૪ જે કર્મ બીજ નાખ્યા વગરના જાય, તે બધા દિવ્યકર્મ. બીજ નાખીને જાય એ ભ્રાંતકર્મો કહેવાય.

૬૪૭૫ ચારિત્રમોહને ભગવાને ‘દિવ્યકર્મ’ કહ્યા છે.

૬૪૭૬ મોહના બે ભાગ; દર્શનમોહ અને ચારિત્રમોહ. દર્શનમોહથી બંધાયેલો છે, ચારિત્રમોહથી બંધાયેલો નથી.

૬૪૭૭ દર્શનમોહ બીજ નાખે. દર્શનમોહ આ જગતની અધિકરણ ક્રિયા છે અને ચારિત્રમોહ નિકાલી મોહ છે.

૬૪૭૮ ચારિત્રમોહ એટલે દેખાવમાં સંપૂર્ણ મોહ જ દેખાય, પણ એ શેકેલા બીજ છે.

૬૪૭૯ ચારિત્રમોહ એટલે કાગળનો વાઘ. ભડકવું હોય તો ભડકજો. અને બહુ જોરદાર હોય એને કાગળનો

વાઘ ના હોય તો પાંજરામાં પૂરેલો વાઘ હોય.

૬૪૮૦ દર્શનમોહ ઊડે તો જ ચારિત્રમોહ છે. એ ના ઊડે ત્યાં સુધી ચારિત્રમોહ ગણાતો નથી, મોહ જ ગણાય છે.

૬૪૮૧ મોહ તો હતો તેનો તે જ, ફક્ત દર્શનમોહ કાઢી લીધો કે બીજ પડતું અટકી જાય.

૬૪૮૨ ચારિત્રમોહ બધો જ્ઞાને કરીને ગાળવાનો છે. અજ્ઞાને કરીને ભરેલું તે જ્ઞાને કરીને ગાળવાનું છે.

૬૪૮૩ ચારિત્રમોહ ખપાવવા જતા પાર વગરનું તપ થાય મહીં. કારણ કે એ જ્ઞાને કરીને ખપાવવાનું છે.

૬૪૮૪ જે ચારિત્રમોહ કઠણ છે ત્યાં જાગૃતિ રહી શકે નહીં. તે એને ફરી પાછું ઍડજસ્ટ કરવાનું રહ્યું બીજા અવતારમાં.

૬૪૮૫ અમને ચારિત્રમોહ જ્ઞાને કરીને સ્વચ્છ કરતા આવડે. બીજાને ના આવડે. તેથી અમે પ્રતિક્રમણ કરવાનું બધાને કહીએ. પ્રતિક્રમણ કર્યું એટલે એનાથી છૂટો રહ્યો. એટલે સ્વચ્છ કર્યું કહેવાય.

૬૪૮૬ મિથ્યાભાસ એને ચારિત્રમોહ કહે છે.

૬૪૮૭ મિથ્યાભાસ એટલે શું ? જેમાં આપણે સુખ માનેલું હતું તે. આપણી દૃષ્ટિ ફરી ગઈ એટલે હવે એમાં સુખ દેખાતું નથી.

૬૪૮૮ જેમ જલેબી ખાવાથી ચા મોળી લાગે છે એવી રીતે આ સમ્યક્ત્વ પ્રાપ્ત થવાથી આ સંસારના બધા રસો મોળા લાગે.

૬૪૮૯ વૃત્તિઓ પોતાના ઘર ભણી વળે ને, તો જાણવું સમ્યક્ત્વ થયેલું છે !

૬૪૯૦ મનની વૃત્તિઓ કહેવાય નહીં, વૃત્તિઓ ચિત્તને લાગુ થાય.

૬૪૯૧ ચિત્ત અહીં ઘરમાં (શરીરમાં) હોય ત્યાં સુધી ચિત્ત કહેવાય અને બહાર ફરવા માંડ્યું એટલે વૃત્તિ કહેવાય, ચિત્તવૃત્તિ.

૬૪૯૨ ચિત્તવૃત્તિઓ જો પાછી ફરવા માંડી, ત્યારે મન શું કરે ? એક્ઝૉસ્ટ થયા કરે.

૬૪૯૩ ચિત્તવૃત્તિઓ બહાર જાય એને ઈન્દ્રિય અનુભવ

કહેવાય અને ચિત્તવૃત્તિઓ પાછી ફરે એ અતીન્દ્રિય અનુભવ કહેવાય.

૬૪૯૪ ‘હું શુદ્ધાત્મા છું’ એ ખાતરી થઈ ને, પ્રતીતિ બેઠી ને, એ જ પહેલો અતીન્દ્રિય અનુભવ છે.

૬૪૯૫ આ જ્ઞાનથી કલાકમાં દૃષ્ટિ ફરી જાય છે ને, એ જ અંતર્મુહૂર્તનો મોક્ષ.

૬૪૯૬ પાંચ આજ્ઞા છે તે આ જ્ઞાનને રક્ષણ કરનારી છે.

૬૪૯૭ આજ્ઞા ના પાળે એટલે જ્ઞાન જતું રહે બધું. હતો તેનો તે જ, કોરો કટ !

૬૪૯૮ જ્યાં સુધી દુશ્મનો મહીં અંદર પડ્યા છે, ત્યાં સુધી નોધારું કેમ થવાય ? એટલે આપણે આ પાંચ આજ્ઞારૂપી આધાર આપ્યો છે.

૬૪૯૯ અંદરના દુશ્મનોને પકડવાના છે. બહારના તો પોલીસવાળા પકડી આપે.

૬૫૦૦ જ્ઞાન લીધેલું કોને કહેવાય, કે જ્ઞાન લઈને આજ્ઞા પાળતો હોય તેને.

૬૫૦૧ જ્ઞાન લીધા પછી અમારી આજ્ઞામાં રહેશે તો મોક્ષ થશે. બધી શરતો પૂરી પાળવી જોઈશે. એમ ને એમ ચાલતું હશે ?

૬૫૦૨ પ્રત્યક્ષ પરમાત્માની આજ્ઞા એ જ આત્મા છે.

૬૫૦૩ આજ્ઞા એ જ જીવન હોવું જોઈએ, તો પોતાની સ્વચ્છંદતા જાય.

૬૫૦૪ જ્ઞાની પુરુષની સંજ્ઞા સિવાય જે જે કરવામાં આવે છે એ બંધન છે. પોતાના ડહાપણે જે કરવામાં આવે છે ને, એ બધું સ્વચ્છંદ છે.

૬૫૦૫ જ્યાં કંઈ પણ બુદ્ધિ વપરાય છે, એ બધો જ સ્વચ્છંદ છે અને જ્યાં હાર્ટ વપરાય છે, ત્યાં આ સાચી વાત છે, ત્યાં દાદાનો છંદ છે.

૬૫૦૬ દાદાનો છંદ એ ઠેઠ મોક્ષે લઈ જાય અને સ્વચ્છંદ ભટકાય ભટકાય કર્યા કરે.

૬૫૦૭ આત્માની બાબતમાં સ્વચ્છંદ તેને જ સ્વચ્છંદ કહેવાય. બીજા કોઈને સ્વચ્છંદ કહેવાતો નથી.

૬૫૦૮ પોતાનો મત જ ના રાખવો, સત્સંગમાં બધા કરે

એમ કરવું, નહીં તો સ્વચ્છંદ કહેવાય.

૬૫૦૯ જેટલો મોહ વધારે એટલા સત્સંગમાં વધારે ધક્કા ખાવા પડે.

૬૫૧૦ સત્સંગનો પરિચય ઓછો કરી નાખે છે, તેથી બધું બગડવા માંડે છે. કારણ કે આ કાળ વિચિત્ર છે ને, તે પરિચય વગર બધું ઊડી જાય.

૬૫૧૧ આ મેટ્રિક જેવી વસ્તુ ભણવામાં અગિયાર વરસ જાય છે, તો આ વર્લ્ડની કૉલેજ ભણવામાં કંઈ ટાઈમ-બાઈમ ના જોઈએ ?

૬૫૧૨ દેહ તો છેવટે છોડવાનો જ છે, તો આ દેહે જેટલા કલાક વધારે મળી જાય એટલું વધારે સત્સંગમાં રહેવું. ખેંચ રાખવી એની.

૬૫૧૩ સંગ બગડ્યો કે બધું બગડ્યું.

૬૫૧૪ કુસંગીના સંગ કરતાં સત્સંગીનો માર ખાવો સારો.

૬૫૧૫ અનુભવથી કુસંગ છૂટેલો સારો કહેવાય. અનુભવ જ ના થયો હોય તો ક્યારે કુસંગમાં સપડાય એ કહેવાય નહીં ને !

૬૫૧૬ કરોડો અવતારે જે માલ નીકળે એવો હોય, એ જ્ઞાનીની હાજરીમાં બધો નીકળી જાય હડહડાટ !

૬૫૧૭ સત્સંગ એટલે શું ? ભગવાનની જોડે હું બેઠેલો છું ને એની જોડે તમે બેઠેલા છો.

૬૫૧૮ સત્સંગ એટલે સત્‌ની જોડે બેસવું.

૬૫૧૯ વખતે અહીં બેઠા પછી ઊંઘ આવી ગઈ તોય હું કહું છું કે લાભ મળે. ઊંઘ્યો ઊંઘ્યો પણ કોની પાસે ? સત્‌ની પાસે. આ તો ગજબ કહેવાય !

૬૫૨૦ આ હિન્દુસ્તાનમાં મારી મિનિટના વખતે ચાર-આઠ આના ગણતા હોય, પણ જર્મનીમાં મારી મિનિટના એક કરોડ રૂપિયા આપે.

૬૫૨૧ વિજ્ઞાન કિંમતી કે વિજ્ઞાની કિંમતી ? વિજ્ઞાની છે તો વિજ્ઞાન છે ને !

૬૫૨૨ મોક્ષ અહીં થઈ જવો જોઈએ, કે સંસાર વ્યવહાર કરતા, બધી ક્રિયા કરતા, પોતે તેમાં લેપાયમાન ન થાય.

૬૫૨૩ પ્રત્યક્ષ સમજી લો, એવું સમજી લો, કે મોક્ષ અહીં જ થઈ જવો જોઈએ. જો અહીં ના થતો હોય તો

તમારી કંઈક ભૂલ રહી જાય છે.

૬૫૨૪ સૃષ્ટિ ના બદલાય તો દૃષ્ટિ બદલાયેલી જ કેમ કહેવાય ? નહીં તો જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ આવીને ઊભી રહે.

૬૫૨૫ અહીં મનુષ્ય દેહે જ મુક્તિનો અનુભવ થાય આપણને, તો દેહ છૂટ્યા પછી ત્યાં સિદ્ધક્ષેત્રે તો થાય જ.

૬૫૨૬ ભાવમોક્ષ એટલે ટેન્ડર ભર્યું અને દ્રવ્યમોક્ષ એટલે મંજૂર થયું.

૬૫૨૭ આ સંસાર કમાવાની કશી જરૂર નથી. આ સંસાર તો મોક્ષે જવાનો પ્રયત્ન-પુરુષાર્થ કરવામાં બાય પ્રૉડક્શન છે.

૬૫૨૮ સંસારનો ભાર મને સોંપી દેવો, જે હોય તે. દાદા, આ તમને સોંપ્યો. સંસારનો ભાર તમારા માથે અને તમારી આજ્ઞા અમારે માથે !

૬૫૨૯ ક્ષાયક સમકિત એનું નામ કે ચિંતા-બિંતા હોય જ નહીં ને ! તમને એવું ભાસે છે કે મને ચિંતા થઈ, બાકી એ તો સફોકેશન છે.

૬૫૩૦ આ જ્ઞાન પછી ચિંતા કરનારો જ ખલાસ થઈ ગયો. પછી ચિંતા શી રીતે કરે તે ?

૬૫૩૧ બાહ્ય ઉપાધિ છે અને અંદરથી આનંદ છે, એ ક્રમિક માર્ગનું સમ્યક્ત્વ કહેવાય અને અક્રમમાં બેઉ જગ્યાએ આનંદ હોય.

૬૫૩૨ ચિંતા નથી થતી એના જેવો સુખનો સ્વાદ કોઈ નથી.

૬૫૩૩ આ તો વ્યવસ્થિતના જ્ઞાનથી ભવિષ્યની ચિંતા ઊડી જાય છે અને ભૂતકાળની ચિંતા તો ગયેલી જ છે, એટલે વર્તમાનમાં રહી શકે છે.

૬૫૩૪ તમારું 'વ્યવસ્થિત' આ એક જિંદગી માટેનું જ છે. આ જિંદગીમાં જો પાછું તમે ઊંધું કરો તો પાછું તમારું 'વ્યવસ્થિત' ખરાબ થઈ જાય.

૬૫૩૫ પુરુષાર્થ પૂરો કરો અને પછી ના થાય એનું નામ 'વ્યવસ્થિત'.

૬૫૩૬ બની ગયા પછી કરેક્ટ. પણ 'બની ગયા પછી' એ તમારા માટે મેં કહેલું છે, મારા માટે તો પહેલેથી વ્યવસ્થિત છે.

૬૫૩૭ 'વ્યવસ્થિત' તો એવું છે, કે જેને જાગ્રત છે તેને કશું કરવાની શર્ત નથી. આ તો અજાગ્રતને મેં કહ્યું છે કે તું પ્રયત્ન કરજે, નહીં તો ઊંધું કામ કરશે.

૬૫૩૮ ભગવાન મહાવીર પ્રયત્ન કરતા જ નહોતા. એમ ને એમ પાણી જે બાજુ ખેંચી જાય એમ જતા'તા. બાથોડિયા નહોતા મારતા. અમેય પ્રયત્ન નથી કરતા.

૬૫૩૯ આ જગતનો નિયમ જ એવો છે, નિશ્ચય જ કરવાની જરૂર છે. પ્રયત્ન તો પછી એની મેળે સહેજે થઈ જ જાય, કરવા ના પડે.

૬૫૪૦ પ્રયત્ન નથી કરવો એ ભાવ એય ગુનો છે. પ્રયત્ન કરવો એ ભાવ એય ગુનો છે. જે બન્યું એ કરેક્ટ !

૬૫૪૧ વિચારવાનું નહીં, સહેજાસહેજ શું બને છે એ જ જોયા કરવાનું, એનું નામ 'વ્યવસ્થિત'.

૬૫૪૨ શું બને છે એ જુએ તો એની મેળે ગાડું ચાલે. પોતાને પાછું મનમાં એમ થાય કે આમ કરવું પડશે કે તેમ કરવું પડશે, એ ગૂંચાયો તેથી બગડ્યું.

૬૫૪૩ જો એક ભવ પાંસરો ચાલે તો બધું અનંત અવતારનું સુધરી જાય.

૬૫૪૪ લોકોને ધાર્યું કરાવવાની આદત પડેલી છે ને, તેથી વ્યવસ્થિત કડવું આવે છે.

૬૫૪૫ જો વ્યવસ્થિત શક્તિ ઉપર છોડી દ્યો, તો તમારું સહેજેય અહિત ના કરે. ઊલટું હિત જ કરે.

૬૫૪૬ તમે 'હા' કહેશો તોય વ્યવસ્થિત એ જગ્યાએ લઈ જવાનું છે, 'ના' કહેશો તોય વ્યવસ્થિત એ જગ્યાએ લઈ જવાનું છે, તો તમે શા હારુ 'ના' કહો છો તે ?

૬૫૪૭ 'ના' શબ્દ બોલશો કે ડખો ઊભો થશે, માટે 'હા' બોલો. 'હા'થી મુક્તિ અને 'ના'થી બંધન.

૬૫૪૮ આરંભ એટલે 'હું' અને પરિગ્રહ એટલે 'મારું'.

૬૫૪૯ પરિગ્રહ હોય ત્યાં આરંભ હોય પણ આરંભ હોય ને પરિગ્રહ ના પણ હોય. તોય જ્ઞાન પ્રગટે નહીં. આરંભ-પરિગ્રહ બેઉ જાય તો જ જ્ઞાન પ્રગટે.

૬૫૫૦ સમરંભ, સમારંભ ને આરંભ એ ત્રણેય બંધનકર્તા

છે પણ તે ક્યાં સુધી ? જ્યાં સુધી હું ચંદુભાઈ છું ત્યાં સુધી.

૬૫૫૧ સમરંભ એ માનસિક કર્મ કહેવાય, સમારંભ મન ને વચન બેનું કર્મ કહેવાય અને આરંભ મન-વચન-કાયા ત્રણનું.

૬૫૫૨ આજે સત્સંગમાં જવું છે એવો મનમાં વિચાર આવ્યો, એને ભગવાને સમરંભ કહ્યું. મારે સત્સંગમાં જવું છે કહે છે, એ સમારંભ કહેવાય. અને પછી હેંડવા માંડ્યું તે આરંભ કહેવાય.

૬૫૫૩ સમરંભેય કર્તાપદ, સમારંભેય કર્તાપદ, આરંભેય કર્તાપદ. તમે શુદ્ધાત્મા છો અને કર્તાપદ ગયું છે, એટલે બધું ડિસ્ચાર્જ નિકાલી રહ્યું.

૬૫૫૪ ક્રિયા બધી થાય ને કર્મ ના બંધાય એવી આ વીતરાગોની ફિલૉસોફી છે.

૬૫૫૫ મોક્ષે જવામાં ક્રિયાઓ જોવાની નથી, વીતરાગ છે કે નહીં એટલું જ જોવાનું છે. બધું નાટક હોય, પણ છે વીતરાગ ? ત્યારે કહે, 'હા.' તો એ મોક્ષે જાય.

૬૫૫૬ વીતરાગ થવાની જેને દૃષ્ટિ છે તે અંતરાત્મા.

૬૫૫૭ ઈન્ટ્રિમ ગવર્મેન્ટના બે કામ; ફાઈલ આવે તો ફાઈલનો નિકાલ કરવાનો અને ફાઈલ ના હોય ત્યારે શુદ્ધાત્માનું લક્ષ કર્યા કરવાનું.

૬૫૫૮ જે ફાઈલ આવી પડી છે એનો સમભાવે નિકાલ કરવો. આ ફાઈલ તમારા યોજનાપૂર્વકના ઍગ્રીમેન્ટની જ છે.

૬૫૫૯ જગતનો અર્થ જ વિરોધી સ્વભાવ ! અને એ વિરોધીનો નિકાલ નહીં કરીએ તો વિરોધ આવતે ભવ જોડે આવશે પાછો.

૬૫૬૦ ન્યાય-અન્યાય કશું જોવાનું નહીં, સમભાવે ફાઈલનો નિકાલ કરી નાખવાનો.

૬૫૬૧ જ્યાં 'નિશ્ચય' હોય ત્યાં 'ન્યાય' શબ્દ જ ના હોય. 'ન્યાય' 'વ્યવહાર' હોય ત્યાં સુધી હોય.

૬૫૬૨ ન્યાય તો કોઈ કરી શકે જ નહીં આ જગતમાં. કોઈનો ન્યાય સંતોષકારક થયેલો નહીં. ન્યાય તો કર્માધીન છે.

૬૫૬૩ ગજવું કપાયું તો 'વ્યવસ્થિત' કહ્યું એટલે એક જ

ખોટ, બે ખોટ નહીં. પેલો કકળાટ કર્યો તે બીજી ખોટ.

૬૫૬૪ 'વ્યવસ્થિત' એ એક્ઝેક્ટનેસ. જ્યાં સુધી એક સંજોગ ખૂટતો હોય, ત્યાં સુધી કાર્ય થાય નહીં.

૬૫૬૫ આ જગતમાં હિસાબ વગર કોઈ કશુંય કરવાનું નથી. એટલે નિરાંતે સૂઈ જવું, શુદ્ધાત્માનું રટણ કરતા કરતા.

૬૫૬૬ રાત્રે આ દાદાનું નિદિધ્યાસન દેખાય અને 'હું શુદ્ધાત્મા, શુદ્ધાત્મા' એમ કરતા કરતા એની મેળે જ ઊંઘ આવી જાય, એને જાગતા ઊંઘી ગયા કહેવાય.

૬૫૬૭ જેનું નિદિધ્યાસન આપણે કરીએ તો તેની શક્તિ ડિરેક્ટ પ્રાપ્ત થાય.

૬૫૬૮ 'દાદા' સાંભર્યા કરે એ આપણને 'દાદા' બનાવે. જે સાંભરે ને, તે રૂપ બનાવે.

૬૫૬૯ જે યાદ રહે એ નિદિધ્યાસન કહેવાય.

૬૫૭૦ જ્યાં ખોવાય ને, ત્યાં તે સ્વરૂપ થાય માણસ.

૬૫૭૧ આત્માનો ગુણ એવો છે કે જેવું ચિંતવે અગર જેવું પોતે ધ્યાન કરે તેવો થઈ જાય.

૬૫૭૨ રાત-દહાડો 'દાદા ભગવાન' સિવાય બીજું કશું યાદ ના આવે તો મુક્તિ થઈ જવાની નક્કી થઈ ગઈ !

૬૫૭૩ ક્રમિક માર્ગના જ્ઞાનીઓ યાદ રહે નહીં. યાદ ક્યારે રહે ? જ્યારે એ અહંકાર શૂન્ય થાય ત્યારે.

૬૫૭૪ ગોપીઓ નિરંતર કૃષ્ણને ભૂલતા નહોતા એ દશા અત્યારે થઈ છે. એક ક્ષણ વાર દાદાને ભૂલતા નથી લોકો. એ મોટી અજાયબી છે ને ! આ કાળમાં રાધે-કૃષ્ણ જેવો સંબંધ !

૬૫૭૫ રાધા એ કોઈ વ્યક્તિ નથી. રાધે-કૃષ્ણ એટલે કૃષ્ણની આરાધના છે. આ ગોપીઓ છે તે રાધે-કૃષ્ણ એટલે આરાધના હતી કૃષ્ણની.

૬૫૭૬ સુદર્શન ચક્ર હથિયાર નહોય એ, સુ-દર્શન ચક્ર. આ કુદર્શનથી સંસાર ઊભો થયો છે અને સુદર્શનથી સંસાર નાશ થાય.

૬૫૭૭ સમ્યક્ દર્શન એટલે આ બધું સત્ય નથી, પણ સત્ય આ અવિનાશી આત્મા જ છે. પણ એ આત્માની

પૂરેપૂરી બાઉન્ડ્રી જાણી શક્યો નથી. તે જ્યારે પૂરેપૂરી બાઉન્ડ્રી જાણે તો આત્મજ્ઞાન કહેવાય.

૬૫૭૮ સમ્યક્ દર્શન એ કેવળજ્ઞાનનું બિગિનિંગ છે, બિગિનિંગ પાર્ટ, અને એન્ડ પાર્ટને કેવળજ્ઞાન કહ્યું. વચ્ચે આત્મજ્ઞાન હોય છે.

૬૫૭૯ આત્મજ્ઞાન કંઈ જેવી તેવી વસ્તુ છે ? કેવળજ્ઞાનનો ભઈ છે એ તો ! થોડા વખત પછી ત્યાં આગળ કેવળજ્ઞાન છે.

૬૫૮૦ આત્મજ્ઞાન અને કેવળજ્ઞાનમાં ફેર શું ? ત્યારે કહે, કેવળજ્ઞાનમાં કોઈ આવરણ ના આવે અને આત્મજ્ઞાનમાં આવરણ આવે.

૬૫૮૧ 'આત્મજ્ઞાન' થયા પછી 'સમાધિમરણ' થાય.

૬૫૮૨ મરતી વખતે 'હું શુદ્ધાત્મા છું' એ ભાન રહ્યું એ સમાધિમરણ કહેવાય, પછી દેહને ગમે એટલી પીડા થતી હોય તેને જોવાનું નહીં.

૬૫૮૩ દરરોજ સમાધિ જ રહેતી હોય એને સમાધિમરણ ખોળવા જવાનું ન હોય.

૬૫૮૪ સમાધિમરણ થયું એટલે એક-બે અવતારમાં છુટકારો થઈ જવાનો.

૬૫૮૫ હિમાલયમાં જે સમાધિ ના રહે, એ આ ઘરમાં બેઠા સમાધિ રહે એવું આ વિજ્ઞાન છે !

૬૫૮૬ જો ઉપાધિમાં સમાધિ ના રહે તો પછી એવી સમાધિ કામની શું ? ચંદુભાઈ ઉપાધિમાં હોય તોય આપણને સમાધિ જાય નહીં !

૬૫૮૭ ઍટમ બૉમ્બ પડવાનો હોય ને પેટમાં પાણી ના હલે તો જાણવું કે વીતરાગનું વિજ્ઞાન આપણને પચ્યું.

૬૫૮૮ આધિ-વ્યાધિ-ઉપાધિ હોય છતાંય અડે નહીં એનું નામ સમાધિ.

૬૫૮૯ અક્રમ સિવાય એવો કોઈ માર્ગ નથી કે જ્યાં આધિ ગઈ હોય.

૬૫૯૦ વ્યવસ્થિત સમજાય ત્યાં આધિ જાય. જ્યાં સુધી કર્તા છો, ત્યાં સુધી આધિ કેમની જાય ?

૬૫૯૧ આધિ-વ્યાધિ ને ઉપાધિનો અભાવ એ ફર્સ્ટ સમાધિ અને આધિ-વ્યાધિ-ઉપાધિ હોય તોય ભાંજગડ નહીં

એ સેકન્ડ સમાધિ.

૬૫૯૨ ગાળો ખાતાય સમાધિ, માર ખાતાય સમાધિ રહે એવું હોમ ડિપાર્ટમેન્ટ છે. અને ત્યારે જ આત્મા પરમાત્મા થવા માંડે છે.

૬૫૯૩ પોતાનો એકનો એક છોકરો મરી જાય તોય ચિંતા ના થાય, એ સમકિત પ્રાપ્ત થયાની નિશાની.

૬૫૯૪ ક્ષાયક સમકિત વગર આત્મ અનુભવ થાય નહીં.

૬૫૯૫ ત્રણ પ્રકારના મોહ, તેમાં મિથ્યાત્વ મોહ અને મિશ્રમોહ જાય ત્યારે સમ્યક્ત્વ થાય અને સમ્યક્ત્વ મોહ જાય તો ક્ષાયક સમકિત થાય.

૬૫૯૬ સમ્યક્ત્વ મોહ ગયો, સાતેય પ્રકૃતિ ગઈ એનું નામ ક્ષાયક સમકિત.

૬૫૯૭ આ દુનિયામાં કોઈ મોહ બાકી ના રહ્યો હોય. એક ફક્ત આત્મા શું હશે ને કેવો હશે, એ જાણવાનો મોહ એ સમ્યક્ત્વ મોહ.

૬૫૯૮ સમ્યક્ત્વ મોહ રહ્યો છે, એની હાજરીમાં ઉપશમ સમકિત થાય.

૬૫૯૯ એક કલાક રહે ને પછી જતું રહે એનું નામ સ્વરૂપનું ભાન ના કહેવાય. એ ઉપશમ સમકિત કહેવાય.

૬૬૦૦ મોહ હોય ત્યાં સુધી જ્ઞેય-જ્ઞાતા સંબંધ જ ના હોય. સમ્યક્ત્વ મોહ હોય તોય પોતાના મોહને પોતે જોઈ શકે નહીં.

૬૬૦૧ આત્મા શું હશે ને કેવો હશે, એ શંકા જાય નહીં ત્યાં સુધી સમ્યક્ત્વ મોહ અને શંકા ગઈ એટલે ક્ષાયક સમકિત થયું.

૬૬૦૨ મૂળ આત્માને માનીને સમકિત થાય તો ક્ષાયક સમકિત થાય.

૬૬૦૩ આત્મામાં નિઃશંક થયો એ બીજી બધી બાબતમાં નિઃશંક થઈ ગયો. એને શંકા જ ઉત્પન્ન ના થાય.

૬૬૦૪ 'હું શુદ્ધાત્મા છું' એવું આ ક્રમિક માર્ગમાં 'ભાસે' અને આપણામાં (અક્રમમાં) 'જાણે'.

૬૬૦૫ દર્શન પરિણામ એટલે એક્ઝેક્ટ જોયું આપણે. ભાસ્યમાન એટલે ઝાંખું કશુંક દેખાય તે.

૬૬૦૬ 'હું શુદ્ધાત્મા જ છું' એ નિરંતરની બિલીફ થઈ એનું

નામ જ ક્ષાયક સમકિત.

૬૬૦૭ સમકિત થયું એટલે સિગ્નલ પડ્યું. એટલે ગાડી સ્ટેશને પહોંચવાની એ નક્કી થઈ ગયું.

૬૬૦૮ જગતના લોકો પતંગ ઉડાડે છે પણ દોરો એમના હાથમાં નથી. દોરો હાથમાં આવવો, એનું નામ સમ્યક્ત્વ.

૬૬૦૯ 'હું શુદ્ધાત્મા છું' એ પ્રતીતિ બેઠી છે, એ લક્ષ બેઠું છે, શુદ્ધાત્મા થઈ ગયા નથી. થઈ જાવ તો તો ભગવાન થઈ ગયા તમે !

૬૬૧૦ શુદ્ધાત્મા પદ પ્રાપ્ત કરે તે શબ્દ પરમાત્મા થયા. પછી આગળ છે તે નિરાલંબ સુધી પહોંચવું પડે.

૬૬૧૧ 'શુદ્ધાત્મા પદ' એટલે શું, કે મોક્ષના દરવાજામાં પેસી ગયો. એને કોઈ પાછો ન કાઢી મેલે, જો આજ્ઞામાં રહે તો.

૬૬૧૨ શુદ્ધાત્મા જે મેં આપ્યો છે એ બરોબર છે, એક્ઝેક્ટ છે. પણ એથી આગળ તો તમારે પોતે જ પુરુષાર્થથી જવું પડશે.

૬૬૧૩ ‘કારણ મોક્ષ’ની પાછળ જે હજુ બાકી રહ્યા કારણો, તે કાઢવાનું સાધન જ આ પાંચ આજ્ઞા છે. પાંચ આજ્ઞા પાળે એટલે ‘કાર્ય મોક્ષ’ શરૂ થઈ જાય.

૬૬૧૪ અમારી પાંચ આજ્ઞા પાળે એ નિરંતર સામાયિક છે.

૬૬૧૫ ક્રિયા ના કરવી, અમારી પેઠ સહજ સ્વાભાવિક રહેવું, એ નિશ્ચય સામાયિક અને સમભાવે નિકાલ કરવો એ વ્યવહાર સામાયિક.

૬૬૧૬ અંતરનું નિર્ગ્રંથ તો મેં કરી આપ્યું જ્ઞાન આપ્યું તેથી. આ બાહ્ય નિર્ગ્રંથ થવા માટે ફાઈલનો નિકાલ કરવો તે છે.

૬૬૧૭ બહારનો ત્યાગ કરવાથી નિર્ગ્રંથ થઈ જવાતું નથી. નિર્ગ્રંથ તો બહારની મૂર્છા જાય ત્યારે નિર્ગ્રંથ થયો કહેવાય.

૬૬૧૮ મોહ ક્ષય થઈ જાય ત્યાર પછી મૂર્છાની અસર ના થાય. ત્યાં સુધી મૂર્છાની અસર રહે, મૂર્છા ના રહે પણ અસર રહે.

૬૬૧૯ જેની મૂર્છા ગઈ તેનો ત્યાગ થઈ ગયો, પછી ત્યાગ કરો કે ના કરો.

૬૬૨૦ ભગવાને તો એમ જ કહ્યું, કે જેને મૂર્છાનો ત્યાગ થયો તે કરોડો રૂપિયાની સાહ્યબીમાં પડ્યો હોય તો પણ તેને તેનો ત્યાગ જ છે.

૬૬૨૧ મૂર્છાનો ત્યાગ એટલે ચીજો હોય તોય ઠીક ને ના હોય તોય ઠીક.

૬૬૨૨ વર્તનમાં મોહ દેખાય પણ પોતે મોહી ના હોય. એટલે નિકાલી મોહ કહેવાય, વર્તનમોહ.

૬૬૨૩ ચારિત્રમોહ એટલે વર્તનમોહ. મનનું વર્તન મોહવાળું હોય તે ઘડીએ, વાણીનું વર્તન મોહવાળું હોય, દેહનું વર્તન મોહવાળું હોય.

૬૬૨૪ પરિગ્રહ હોવા છતાં લઈ લે તો અસર ના થાય, એનું નામ અપરિગ્રહી.

૬૬૨૫ પારકી વસ્તુ પોતાની થાય નહીં કોઈ દહાડોય. હીરાનો વેપારી હોય તોય હીરા કંઈ એના પોતાના થાય ? હીરા રહેવાના અને એ જવાનો.

૬૬૨૬ એક જ્ઞાની પુરુષ એકલા જ તમારા થાય, બીજું કોઈ તમારું થાય નહીં.

૬૬૨૭ આ કંઈ બધું છોડી દેવાનું નથી, ભેલાડી દેવાનું નથી, પણ મહીંથી ભાવ કાઢી નાખવાનો છે. આ મારું ન્હોય, મારું જુદું છે. મારું મારા આત્માનું, આ તો બધું પરભાર્યું !

૬૬૨૮ પારકી વસ્તુને પોતાની માની એનું નામ રાગ.

૬૬૨૯ જેને પોતાનું ને પારકું નક્કી થયું છે, કે આ પુદ્‌ગલનું છે અને આ આત્માનું છે, એને બીજી કોઈ જગ્યાએ મમતા હોય જ નહીં ને !

૬૬૩૦ 'મારું, મારું' કરીને મમતા વધી. 'ન્હોય મારું' કરીને ઘટી જાય. એ સાઈકોલૉજિકલ ઈફેક્ટ જ છે, બીજું કશું નથી.

૬૬૩૧ આ તો મડદા (દેહ) જોડેનો વ્યવહાર છે, એમાં શું મમતા તે ?

૬૬૩૨ વ્યવહારમાં કહેવાય ખરું કે 'આ મારો મોટો ને આ નાનો છોકરો.' અને પછી મહીં અંદરખાને બોલવું 'ન્હોય મારા આ છોકરાં.' ત્યારે મોહ છૂટે.

૬૬૩૩ આ દેહનેય 'મારો, મારો' કહી બથાઈ પાડે છે. પણ જો કુદરત પાછી છેવટે મારી-ઠોકીને લઈ લે છે ને !

૬૬૩૪ સેવા એટલે શું ? પોતાની રાજીખુશીના સોદા. નોકરી એટલે પરવશતા.

૬૬૩૫ નહીં તોય આ દેહ સંસારમાં વપરાઈ જ જવાનો હતો ને ! એ જો અહીં સેવામાં વપરાઈ ગયો, તો આપણને વીતરાગ બનાવે અને પેલું રાગી-દ્વેષી બનાવે.

૬૬૩૬ આત્મા માટે જે કરવામાં આવે એ બધુંય સારું. સંસાર માટે કરવામાં આવે એ બધું ઈમોશનલ.

૬૬૩૭ ખ્યાતિ એટલે કહેતાકહેતીથી જ થયા કરે. પેલો એને કહે ને એ બીજાને કહે ને એમ પ્રસરે.

૬૬૩૮ 'આ' ખ્યાતિનો માર્ગ છે અને આ જગત પેપરોની મારફત ને એ બધું આપીને જે મેળવે છે, એ પ્રખ્યાતિ.

૬૬૩૯ ખ્યાતિ ઘણા કાળ સુધી રહે. પ્રખ્યાતિ અમુક કાળ હોય ને પછી ઊડી જાય.

૬૬૪૦ ખ્યાતિ પરમાનંદ આપે અને પ્રખ્યાતિ ઈમોશનલ બનાવીને પછી ટાઢું પાડી દે હડહડાટ.

૬૬૪૧ આત્મા તો પરમાનંદ સ્વભાવનો જ છે, પણ અબ્રહ્મચર્યને લઈને વાત સમજાતી નથી લોકોને.

૬૬૪૨ બ્રહ્મચર્ય પળાય તો એ સુખની તો મર્યાદા જ નથી, એટલું બધું સુખ છે ! અમર્યાદ સુખ છે ! એ મેં જોયેલું છે ને અનુભવેલું છે !

૬૬૪૩ વાતાવરણથી જ બ્રહ્મચર્ય પાળી શકાય છે અને અબ્રહ્મચર્યનું પણ મુખ્ય કારણ વાતાવરણ જ છે. બાકી આત્મા તેવો નથી, આ તો બધી વાતાવરણોની અસરો છે.

૬૬૪૪ બ્રહ્મચર્ય એ સાઈકૉલૉજિકલ ઈફેક્ટ છે અને અબ્રહ્મચર્ય એ પણ સાઈકૉલૉજિકલ ઈફેક્ટ છે.

૬૬૪૫ બ્રહ્મચર્ય સહજ રીતે રહી શકે નહીં. બ્રહ્મચર્ય એટલે તો અહંકારનો જ ગુણ છે. કારણ કે સહજ તો અધોગામી જ છે અને ઊર્ધ્વગામી એ આપણો પુરુષાર્થ છે.

૬૬૪૬ બ્રહ્મચર્યની ભાવના ગયે અવતારે કરી હોય તો આ અવતારમાં બ્રહ્મચર્ય ઉદયમાં આવે. પણ ઉદય આવ્યા પછીયે પાછો અહંકાર તો જોઈએ જ.

૬૬૪૭ અહીં જ્ઞાન આપ્યા પછી જેમને બ્રહ્મચર્યનો ઉદય છે એમાં અહંકાર ના હોય. એમાં સ્વપુરુષાર્થ અને સ્વપરાક્રમ હોય !

૬૬૪૮ 'ઘર'ના (આત્માના) સુખમાં સ્વતંત્ર થયો અને 'બહાર'નું (ભૌતિક સુખનું) કોઈ અવલંબન ના રહ્યું, તો થયો પરમાત્મા !

૬૬૪૯ નિરાલંબ થયો એટલે પરમાત્મા થયો. અવલંબન છે ત્યાં સુધી અંતરાત્મા અને વહુ-છોકરાં વગર ચેન નથી પડતું તે જીવાત્મા છે.

૬૬૫૦ અંતરાત્મા એ પરતંત્ર-સ્વતંત્ર થાય છે. અમુક અંશે સ્વતંત્ર થાય છે.

૬૬૫૧ સંપૂર્ણ સ્વતંત્ર હોય, નિરાલંબ હોય, કોઈ શબ્દનું અવલંબન ના હોય, કોઈ પણ પ્રકારનું અવલંબન ના હોય, ત્યારે એ 'મારો ઉપરી કોઈ નથી' એવું કહી શકે.

૬૬૫૨ કોઈ પૂછનાર ક્યાં સુધી ? જ્યાં સુધી પોતાને અવલંબન છે, હૂંફ છે ત્યાં સુધી. જે પોતાની હૂંફથી જ પોતે રહે છે, એને પૂછનાર કોણ ?

૬૬૫૩ તમને તો મારુંય અવલંબન છે પણ મારે તો એય અવલંબન નહીં. આ અમારું અવલંબન છે તે તમને નિરાલંબ બનાવનારું છે.

૬૬૫૪ જ્યાં સુધી પોતાના આત્માનું સ્પષ્ટ વેદન ના થાય, ત્યાં સુધી જ્ઞાની પુરુષ એ જ આપણો આત્મા છે એમ માનીને ચાલ્યા કરવું.

૬૬૫૫ વિષયની જ્યાં હયાતી હોય, ત્યાં સુધી સ્પષ્ટ વેદન થાય જ નહીં.

૬૬૫૬ સ્ત્રી પરિગ્રહરૂપે છે ત્યાં સુધી તમારે પાંચમું ગુંઠાણું છે અને સ્ત્રી અપરિગ્રહરૂપે થઈ તો દસમું.

૬૬૫૭ સ્ત્રી ભલે ને હોય, પણ વિષય બંધ થયો છે, બન્ને આત્માર્થી તરીકે કામ લે છે, તો વાંધો નથી.

૬૬૫૮ પોતે પુરુષ થયા પછી આત્માના જેવી પ્રકૃતિ કરવાની છે. એને ગુણસ્થાન કહ્યા છે. જેટલા જેટલા ગુણો ઉત્પન્ન થયા અને આત્મા જેવી પ્રકૃતિ ઉત્પન્ન થઈ, એટલા ગુંઠાણા એ પામ્યો.

૬૬૫૯ અક્રમમાં નિશ્ચય પ્રાપ્ત થઈ ગયો એટલે ચિંતા બંધ

થઈ ગઈ, ઉપાધિ બંધ થઈ ગઈ. હવે ગુંઠાણા પોતે ઊંચકી લેવાના.

૬૬૬૦ આપણે છે તે પુરુષ છીએ અને પુરુષ થયા પછી આત્માના જેવી પ્રકૃતિ બનાવી શકે, ત્યાં સુધી પ્રકૃતિ જેવો આત્મા થઈ જાય.

૬૬૬૧ પ્રકૃતિ ભગવાન સ્વરૂપ થશે ત્યારે આપણાથી છૂટાશે.

૬૬૬૨ કોઈ જીવને કિંચિત્‌માત્ર દુ:ખ ના થાય એવી વાણી બોલવાની ભાવના થાય એટલે એવી ટેપ તૈયાર થઈ જાય. આપણી ભાવના શું છે એ ઉપરથી કોડવર્ડ થાય.

૬૬૬૩ પોતાનો જે ભાવ છે એને પુદ્‌ગલ કોડવર્ડ તરીકે પકડી લે છે. એ કોડવર્ડનું પછી આગળ નેચર એને શૉર્ટહેન્ડ કરી નાખે છે અને પછી તે ટેપરેકર્ડ તૈયાર થાય. આ વાણી તૈયાર થવાનું સાધન.

૬૬૬૪ તમારા સ્વરૂપની અજ્ઞાનતા ત્યાં સુધી વાણીનું ઉત્પન્ન થવું.

૬૬૬૫ પોતાનું સ્વરૂપ પ્રાપ્ત થયા પછી અમે કહીએ તેમ આજ્ઞાપૂર્વક જો એને સાચવે, તો એને સંસાર મોળો લાગે.

૬૬૬૬ પોતાનું સુખ ચાખવાની જ ઈચ્છા, બીજા સુખની ઈચ્છા જ ના કરે, ભાવના જ ના કરે, તો પછી અટકણ છૂટે, તો અનંત સમાધિ થાય.

૬૬૬૭ આ કોઈ ચીજમાં સુખ નથી એવી બિલીફ બેઠા પછી છે તે આત્મામાં સુખ છે એવી ખાતરી થાય.

૬૬૬૮ મજા તો આનંદ ના હોય ત્યાં સુધી છે. પરમેનન્ટ આનંદ હોય, પછી એને મજા શું કરવી છે ?

૬૬૬૯ આ આત્માનો આનંદ નિરંતર જ છે, પણ આપણને હજુ આ બધા શોખ છે તે જતા નથી ત્યાં સુધી એ પૂરેપૂરો નિરંતર ના રહે.

૬૬૭૦ કોઈ પણ બહારની ભૌતિક વસ્તુ સિવાય અંદરથી આનંદ ઉત્પન્ન થયો, તો તું આત્મામાં છું, એ વાત ખાતરી થઈ ગઈ.

૬૬૭૧ જેને બહાર આનંદ હોય તેને અંદર આનંદ ના હોય અને અંદર આનંદવાળાને બહાર આનંદ ના હોય.

૬૬૭૨ જ્યારે પુદ્ગલમાંથી, કોઈ વસ્તુમાંથી આનંદ પ્રાપ્ત થતો હોય તોય પોતાને આનંદ ન લાગે ત્યારે આત્માનો આનંદ નિરંતર રહે.

૬૬૭૩ સુખનું બૅરોમીટર શું ? આ પંખો ચાલ્યો તોય શું ને ના ચાલ્યો તોય શું ? પંખાની જરૂર જ નહીં !

૬૬૭૪ સુખ અને દુઃખ દ્વંદ્વ છે, આનંદ એ દ્વંદ્વ નથી.

૬૬૭૫ મિશ્ર ચેતન કેવું ફળ આપે ? સુખના અને દુઃખના બેય પરિણામ વખતે મિશ્રફળ આપ્યા કરે. આત્મા મહીં પરમાનંદી રહે.

૬૬૭૬ મિશ્ર ચેતન કડવા-મીઠા ફળ આપીને પોતે શુદ્ધ પુદ્ગલ થઈ જાય. કડવા-મીઠા ફળ એ માન્યતાના ફળ છે.

૬૬૭૭ આ આત્માનો આનંદ આવે છે ને, તે કર્માધીન નથી અને પૌદ્ગલિક આનંદ કર્માધીન છે.

૬૬૭૮ આ રોગ શેનાથી થયેલા છે ? આ સંસારના વિષાદથી. અને આત્માના આનંદથી બધા રોગો મટી જાય.

૬૬૭૯ ભૂખની પ્રેરણા થઈ ને ભૂખ લાગે તો ખાઈએ, ઊંઘની પ્રેરણા થાય તો ઊંઘીએ. તે કુદરતની ઈચ્છા પ્રમાણે વર્તીએ તો રોગો ઉત્પન્ન ના થાય.

૬૬૮૦ આ શરીરને જે નુકસાન થાય છે, એ કુદરતના ગુનાના દંડ છે.

૬૬૮૧ જે દેહે જ્ઞાની પુરુષ ઓળખ્યા એ દેહને દવાઓ કરી, એને પલંગમાં સુવાડીને પણ સારો રાખવો.

૬૬૮૨ જે દેહે આત્મકલ્યાણ ના થયું એ બધું માર્કેટ મટિરિયલ થયું.

૬૬૮૩ દુઃખ એ રિલેટિવ છે અને તમે રિયલ છો. દુઃખ કેમ કરીને તમને અડે ?

૬૬૮૪ દુઃખના કર્મ ભોગવતાય દુઃખ ના પડે એ જ્ઞાનીકૃપા !

૬૬૮૫ કૃપાદૃષ્ટિ એટલે શું ? ગુરુના કહ્યા પ્રમાણે કરતો હોય એટલે એ રાજી રહે એનું નામ કૃપાદૃષ્ટિ.

૬૬૮૬ દેહની કૃપા ના હોય. દેહનો તો હિસાબ ગોઠવાયેલો છે તે ચૂકતે થઈ જાય. આત્માની કૃપા તો આ મોક્ષ સંબંધી હોય.

૬૬૮૭ આ પુદ્‌ગલ છે ને, ત્યાં સુધી વ્યવહારિક પક્ષપાત હોય જ. પણ અમને નિશ્ચયનો પક્ષપાત કોઈની ઉપર ના હોય. એમાં બધે સરખું જ હોય.

૬૬૮૮ આત્મા એ નિષ્પક્ષપાતી હોય, પણ પુદ્‌ગલ પક્ષપાત કરે.

૬૬૮૯ રાગ-દ્વેષ ન થાય એનું નામ સમભાવ. રાગેય ના થાય અને દ્વેષેય ના થાય.

૬૬૯૦ આપણે તો આપણી જાતનો સમભાવે નિકાલ કરવાનો છે. સામાનો સમભાવે નિકાલ કરવાની જરૂર નથી. સામો તો ફાવે એટલા રાગ-દ્વેષ રાખે. એ એની જોખમદારી છે.

૬૬૯૧ તમારે તો આજ્ઞા પાળવી જ છે એવું નક્કી રાખવાનું, બીજું તમારે કશું કરવાનું નહીં. પછી કરવાનું મારે.

૬૬૯૨ સમભાવે નિકાલ કરવો છે, એવો જો તમારો ભાવ હશે, તો સામાને પરિણામ પામીને એનું મન ફરી જશે.

૬૬૯૩ હું તો હરેક ટાઈમે 'સમભાવે નિકાલ કરવો છે', એ શબ્દ નક્કી રાખીને જ પછી કામ કરું છું.

૬૬૯૪ આ સારું, આ ખરાબ એવું ડ્રામેટિક બોલવામાં દોષ બેસતો નથી, રાગ-દ્વેષવાળું બોલવામાં દોષ બેસે છે.

૬૬૯૫ પોતાનો હું ચંદુભાઈ જ છું એ નિશ્ચય-નિર્ણય તૂટી જાય, ત્યારે નાટકીય બોલી શકે.

૬૬૯૬ 'એય આવું ના કરશો, આવું કેમ કરો છો ?' એવું બોલવાનું ખરું હોંકારીને, પણ રાગ-દ્વેષ નહીં એટલે મહીં દબાણ નહીં, આગ્રહ નહીં રાખવાનો.

૬૬૯૭ વધારાની બુદ્ધિ પજવે છે અને આગ્રહો પજવે છે. કંઈ પણ આગ્રહ ના હોવો જોઈએ.

૬૬૯૮ એક આત્મહેતુ માટેનો જ આગ્રહ રાખવાનો છે, બીજા બધા સ્થૂલ આગ્રહ કહેવાય.

૬૬૯૯ બુદ્ધિની લિમિટ હોવી જોઈએ. બાકી આઉટ ઑફ લિમિટ થયા એટલે બુદ્ધુ થઈ જાય.

૬૭૦૦ હું બહુ બુદ્ધિશાળી હતો એવો. તે હું બુદ્ધુ હઉ થયેલો, અનુભવ થયેલો મને. અને બુદ્ધુ થયા પછી અબુધ થયો.

૬૭૦૧ બુદ્ધિશાળી થયા પછી અબુધ થાય ને, એ તો પરમાત્મપદ છે !

૬૭૦૨ નિરિચ્છક એ તો બહુ મોટો શબ્દ કહેવાય. સર્વજ્ઞની નજીકનો શબ્દ, સર્વજ્ઞનો છેટેનો પિતરાઈ !

૬૭૦૩ બુદ્ધિ એ તમને સંસારની બહાર નીકળવા ના દે અને પ્રજ્ઞા તે સંસારની અંદર રહેવા ના દે.

૬૭૦૪ અજ્ઞાથી બુદ્ધિ ઉત્પન્ન થઈ ને પ્રજ્ઞાથી જ્ઞાનપ્રકાશ થાય છે.

૬૭૦૫ નિર્દોષ દૃષ્ટિ એ પ્રજ્ઞાનો ગુણ છે અને દોષિત દૃષ્ટિ એ મિશ્ર ચેતનનો ગુણ છે.

૬૭૦૬ રિયલવાળા પોતાના દોષ જુએ ને બીજાના દોષ ન જુએ, રિલેટિવવાળા પારકાના દોષ જુએ ને પોતાના ના જુએ.

૬૭૦૭ દોષ જોવાથી જો કદી આપણને ફાયદો થતો હોય તો વાત જુદી છે, એ નુકસાનનો વેપાર તો સમકિતી કરે નહીં.

૬૭૦૮ વ્યવહારમાં કોઈ ભૂલ કરે એના દોષ દેખાડીએ, એ વ્યવહાર તો નિકાલી બાબત છે. પણ આમ રસ્તે જતા આપણે લેવાદેવા ના હોય ને દોષ જોઈએ બધાના, તે ગ્રહણીય બાબત છે.

૬૭૦૯ ફક્ત દોષ શેનો છે ? આ કોઈના દોષ જોવાનો.

૬૭૧૦ કોઈ વાંકા હોય તોય તમને એનો દોષ ના દેખાવો જોઈએ. તમારો દોષ એમને દેખાય તેનો વાંધો નથી.

૬૭૧૧ મતભેદ પડે ને જો પોતાનો દોષ માનવામાં આવે તો જ મતભેદ જાય, નહીં તો જાય નહીં.

૬૭૧૨ કોઈ પણ સ્થિતિમાં મતભેદ પડે એ જ્ઞાન ખસી ગયું કહેવાય.

૬૭૧૩ મતભેદ શાનાથી પડે છે ? એક તો 'મારું સાચું છે' અને વ્યવસ્થિતનું જ્ઞાન હાજર ના રહે ત્યારે.

૬૭૧૪ આપણે 'વ્યવસ્થિત' કર્તા માન્યા પછી, બીજો કર્તા છે જ નહીં એવી દૃઢ માન્યતા રહેવી જોઈએ.

૬૭૧૫ સામાને કર્તા ઠરાવ્યો કે સાયન્ટિફિક રીતે પોતે જ

કર્તા ઠરે છે.

૬૭૧૬ ‘હું’, ‘તું’ ને ‘તે’, ત્રણેવ કર્તા નથી. કરોમિ, કરોસિ ને કરોતિ આપણા વિજ્ઞાનમાં છે નહીં.

૬૭૧૭ બીજાને જો કર્તા દેખે તો શુદ્ધ પરિણતિ ના કહેવાય. પોતે અકર્તા, સામોય અકર્તા.

૬૭૧૮ ‘આ દેહ હું ન્હોય, હું શુદ્ધાત્મા છું’ અને બીજા પણ ‘શુદ્ધાત્મા છે’ એવી પોતાને ખાતરી થઈ જવી જોઈએ ત્યારે શુદ્ધ પરિણતિ ઉત્પન્ન થાય.

૬૭૧૯ કો’ક આપણને ગાળ ભાંડે તો એ કર્તા નથી એવી રીતે દેખાવું જોઈએ. વ્યવસ્થિત કર્તા છે એવું ભાન રહેવું જોઈએ.

૬૭૨૦ સિદ્ધાંત જ એ છે કે આ પરસત્તા કામ કરી રહી છે. એટલે હું કર્તા નથી, બીજાય કર્તા નથી, એટલે ‘વ્યવસ્થિત શક્તિ’ કરે છે આ બધું.

૬૭૨૧ આત્મા જ્ઞાતા-દ્રષ્ટા રહે ને કર્તાભાવ ના રહે એટલે સ્વપરિણતિ અને કર્તાભાવ ઉત્પન્ન થાય તે પરપરિણતિ.

૬૭૨૨ તમે તમારી સ્વપરિણતિમાં છો અને પુદ્ગલ પુદ્ગલની પરિણતિમાં છે. બન્ને પોતપોતાના પરિણામને ભજે છે, એમાં જોયા કરવાનું છે.

૬૭૨૩ પરપરિણતિ એટલે શું, કે પુદ્ગલના પરિણામ પુદ્ગલ કરી રહ્યું છે તેને આપણે કહીએ છીએ, 'હું કરી રહ્યો છું.'

૬૭૨૪ મુખ્ય સમજવાનું શું છે ? આપણે કરીએ છીએ કે થઈ રહ્યું છે ?

૬૭૨૫ કરે છે કો'ક, એને તું જાણ કે કોણ કરે છે ! એટલે તું અહંકાર નહીં કરું પછી.

૬૭૨૬ સારું કામ થાય તેય વ્યવસ્થિતે કરાવ્યું, એટલે એની છાતી કાઢવાની નહીં. અને ખરાબ કામ થાય તો એની માફી માગી લેવી.

૬૭૨૭ આત્મામાં જ રહેવું છે એવું નક્કી થઈ જાય ને, તો આ તો બધું ચાલ્યા જ કરવાનું છે.

૬૭૨૮ ડેડ (નિર્જીવ) ઈગોઈઝમથી આ સંસાર ચાલે છે અને જીવંત ઈગોઈઝમથી આવતો ભવ સેટલ થાય

છે, ચાર્જ થાય છે.

૬૭૨૯ પરીક્ષા લખતી વખતે જીવવાળો અહંકાર જોઈએ અને પરીક્ષામાં પાસ થયા કે નાપાસ થયા એ છે તે નિર્જીવ અહંકારથી.

૬૭૩૦ સંસાર તમારે ચલાવવો પડતો નથી, ચાલ્યા જ કરે છે.

૬૭૩૧ આ જગત આપણા જન્મતા પહેલાય ચાલતું'તું ને મર્યા પછીયે ચાલશે. આ તો ખોટો ઈગોઈઝમ કરે છે.

૬૭૩૨ તમે તો આત્મા છો, સનાતન છો, તો પછી સનાતન તે વળી આ નાશવંત-તકલાદીની ચિંતા કરતો હશે ?

૬૭૩૩ આ તમારી માલિકીની ચીજ ને આ તમારી માલિકીની નહીં, એવો ભેદ પાડી નાખો, પછી 'તમારું' કશું જશે નહીં કોઈ દહાડોય અને તમારું નથી એ જશે.

૬૭૩૪ જો આપણને ચિંતા થતી હોય તો આપણો ઈગોઈઝમ એક્સ્ટ્રા ઑર્ડિનરી થયેલો છે. નૉર્માલિટી સુધી ઈગોઈઝમ રખાય.

૬૭૩૫ ચિંતા થઈ એટલે એ જાણે કે મારે લીધે જ ચાલે છે, એવું માની બેઠા છે.

૬૭૩૬ 'હું જ ચલાવું છું' એની પાછળ અહંકારની જે ખેંચ છે, તે ચિંતા કરાવે છે. નહીં તો 'હું ચલાવું છું' એવું ડ્રામેટિક બોલવામાં વાંધો નથી.

૬૭૩૭ ડિસ્ચાર્જ ચાલ્યા જ કરે એની મેળે. આ તો ચલાવવા જાય છે, એટલે પછી એના માલિક થયા, ને માલિક થયા એટલે માર ખાવ.

૬૭૩૮ તમે અમારી પાંચ આજ્ઞામાં રહો ને, તો આત્મા છૂટો રહેશે અને સંસાર ભજવાઈ જશે ડ્રામેટિકલી.

૬૭૩૯ આ નાટક ક્યારે થાય ? માલિકી વગરનો થાય ત્યારે.

૬૭૪૦ સંસારમાં રહીને અસંસારી રહેવાનું છે. વ્યવહારથી સંસારમાં અને નિશ્ચયથી પોતામાં.

૬૭૪૧ ડ્રામામાં દુઃખ ના થાય. અહીં દુઃખ થાય છે એટલે આપણે જાણીએ કે આ જાતે કર્તા થઈ બેઠો છે, ડ્રામા ભજવતો નથી.

૬૭૪૨ તમે કહ્યું કે 'વ્યવસ્થિત કર્તા છે, હું કર્તા નથી', એ ઉદયકર્મનો ગર્વ ગયો.

૬૭૪૩ 'મેં કેવું સરસ કર્યું, આમ કર્યું !' તે રસ એનો ચાખે, એ ગર્વરસ !

૬૭૪૪ ગર્વરસ એનું નામ કહેવાય, કે બીજાને કહે એટલે ગર્વરસ ઉત્પન્ન થાય ને મજા આવે. પેલો ઊંઘી ગયો હોય તો થોડી વાર પછી ઉઠાડીને પણ કહે, ત્યારે છોડે.

૬૭૪૫ ગર્વરસમાં તો આનંદ બહુ આવે છે અને તેના પ્રતિકારી રસો એને ભયંકર દુઃખેય આપે છે.

૬૭૪૬ અમને તો આ જ્ઞાન સિવાય કશું આવડતું નથી. કશું આવડતું નથી એનું નામ 'દાદા'.

૬૭૪૭ આ દુનિયામાં જેટલી ચીજો છે એ બધું શીખવા માટે હું આવ્યો નથી, હું તો આત્મા શીખવા માટે આવ્યો છું.

૬૭૪૮ નિયમ એવો છે કે તમારો અહંકાર ખલાસ થશે, એટલે તમારા હરેક કાર્ય બીજા લોકો કરશે.

૬૭૪૯ ગૌરવ લેવાનો વાંધો નથી, ગર્વ લેવાનો વાંધો છે.

૬૭૫૦ ગૌરવ એટલે શું ? પોતાનું જે છે તેને જેમ છે તેમ જાણવું અને પેલું જેમ છે એમ બીજાની હરીફમાં જાણવું એનું નામ ગર્વ.

૬૭૫૧ 'મારો છોકરો રૂપાળો છે' એ જાણવું એ ગૌરવ કહેવાય પણ કો'કને કહેવું કે 'મારો છોકરો રૂપાળો છે' એ ગર્વ કહેવાય.

૬૭૫૨ માન કષાય ઘટતો હોય તો જ સંયમ કહેવાય. આપણું આ જ્ઞાન એવું છે કે માન કષાય વધે નહીં એવો સંયમ છે.

૬૭૫૩ આપણું જ્ઞાન આંતરિક સંયમવાળું છે. નિરંતર આંતરિક સંયમ રહે. પાંચ આજ્ઞામાં રહે ને, એ આંતરિક સંયમ જ છે.

૬૭૫૪ જ્યારથી આપણે શુદ્ધાત્મા થયા અને ચંદુભાઈથી છૂટ્યા, ત્યારથી જ સંયમની શરૂઆત થઈ ગઈ.

૬૭૫૫ આપણે તો સંયમ પરિણામ વધતા જાય છે કે નહીં, એટલું જ જોવાનું હોય. સંયમ પરિણામ વધતા જાય

એનું નામ મોક્ષ ભણી ચાલી રહ્યા છો.

૬૭૫૬ સંસારી દુઃખનો અભાવ એ પહેલો મોક્ષ, સ્વાભાવિક સુખનો સદ્ભાવ એ બીજો મોક્ષ અને ત્રીજો મોક્ષ સંપૂર્ણ મોક્ષ.

૬૭૫૭ અમારી આજ્ઞા વિશેષ પાળશો ને, એટલે સ્વાભાવિક સુખનો સદ્ભાવ શરૂ થશે.

૬૭૫૮ જેટલા સંયમ પરિણામ, એટલો આનંદ.

૬૭૫૯ જ્ઞાન પછી અમુક ભાગનો અહંકાર ચાલ્યો ગયો. બીજો અહંકાર જેમ જેમ આત્માનો અનુભવ થતો જાય, તેમ તેમ મહીં વિલીન થતો જાય.

૬૭૬૦ જેટલો આત્માનો મહીં સ્વાદ આવે, આનંદ થાય તેટલો એની મહીં નિર્જીવ અહંકાર ભળતો જાય.

૬૭૬૧ અહંકારને જ્યારે લક્ષ રહ્યા કરે છે કે 'હું શુદ્ધાત્મા છું', પછી એમાં અહંકાર વિલય થયા કરે છે.

૬૭૬૨ જેટલો અહંકાર આત્મામાં વિલીન થઈ ગયો, એટલી આત્મ અનુભૂતિ થઈ. જ્યારે સંપૂર્ણ અહંકાર વિલીન થઈ જશે ત્યારે કેવળજ્ઞાન થશે.

૬૭૬૩ અજાગૃતિ એ જ અહંકાર છે ને જાગૃતિ એટલો અહંકાર ઓગળતો જાય. જાગૃતિ પૂર્ણ થઈ ગઈ એટલે અહંકાર ના હોય.

૬૭૬૪ 'કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન.' જ્ઞાન કોણ અખંડ નથી વર્તવા દેતું ? ત્યારે કહે, આ ફાઈલો.

૬૭૬૫ નિશ્ચય કરો કે મારે આજ્ઞામાં રહેવું છે, એટલે સ્વાભાવિક રીતે આજ્ઞામાં રહેવાશે જ. જ્યાં નિશ્ચય ત્યાં બધું છે તે પરાક્રમ પહોંચે.

૬૭૬૬ તમે 'આજ્ઞા પાળવી છે' એવું નક્કી કરો તો જાગૃતિ ઉત્પન્ન થશે. ઢીલું મૂકી દેશો તો બગડી જશે.

૬૭૬૭ 'સમભાવે નિકાલ કરવો છે' એ શબ્દ જ જાદુગર છે, તે એની મેળે બધો નિવેડો લાવી આપશે !

૬૭૬૮ દુઃખ અડે નહીં તો જાણવું કે સહજ પ્રકૃતિ થઈ ગઈ આ !

૬૭૬૯ આત્મા તો સહજ જ છે, આ પુદ્ગલને સહજ કરવાનું છે.

૬૭૭૦ દેહાધ્યાસ છૂટતો છૂટતો છૂટતો વાણીની સહજતા, મનની સહજતા, શરીરની સહજતા આવે, ત્યારે પૂર્ણાહુતિ કહેવાય.

૬૭૭૧ અમે સહજમાં હોઈએ. સહજ એટલે આત્મા આત્મામાં સહજ, દેહ દેહમાં સહજ.

૬૭૭૨ સહજ એટલે શું ? જેમ નેચર રાખે તેમ રહેવાનું.

૬૭૭૩ એની મેળે આવે એ સહજ. માગવું ન પડે એનું નામ સહજ.

૬૭૭૪ એકનો અનાદર નહીં ને એકનો આદર નહીં એ સહજ. આવી પડેલું એનું નામ સહજ.

૬૭૭૫ 'માય' ના રહે તો દરેક વસ્તુ સહજ પ્રાપ્ત થાય.

૬૭૭૬ જેટલો સહજ થાય એટલું ઐશ્વર્ય પ્રગટ થાય.

૬૭૭૭ જ્ઞાનીને ત્યાગાત્યાગ સંભવે નહીં. કારણ કે એ સહજભાવે હોય. ત્યાગાત્યાગ છે ત્યાં સુધી સહજભાવ કહેવાય નહીં.

૬૭૭૮ ઉદયાધીન વર્તવું એટલે સહજભાવ કહેવાય.

૬૭૭૯ ત્યાગ કરવાનો કહે ને, ત્યારે એનો જીવ ત્યાંનો ત્યાં જ રહે. અમે કહ્યું, આત્મામાં જ રહેજે. એટલે એનું મન આત્મામાં જ રહ્યા કરે.

૬૭૮૦ ત્યાગ કરાવો તો પછી એની વૃત્તિ તેમાં ને તેમાં રહ્યા કરે. એ વૃત્તિ સૅટિસ્ફાઈડ થઈ જવી જોઈએ ને નવી ઊગવી ના જોઈએ.

૬૭૮૧ અહંકાર ને મમતાનો ત્યાગ થઈ ગયો, એટલે આ મહીં વૅક્યૂમ રહ્યું તો તેની જગ્યાએ પોતાનું સ્વરૂપ ગ્રહણ થઈ ગયું.

૬૭૮૨ હવે ગ્રહણ-ત્યાગનો કડાકૂટો રહ્યો નહીં, સમભાવે નિકાલ કરવાનો રહ્યો !

૬૭૮૩ વીતરાગ વિજ્ઞાનનો સાર શું છે, કે ભાવે કરીને ત્યાગ કરી નાખો.

૬૭૮૪ જ્ઞાન આપ્યું ત્યારે તમે શુદ્ધાત્મા થયા. હવે છોડવાની, ગ્રહણ કરવાની ને ત્યાગવાની તમારે શક્તિ જ ના રહી.

૬૭૮૫ ત્યાગમાં અહંકાર અને ગ્રહણમાં અહંકાર, નિકાલમાં અહંકાર નહીં.

૬૭૮૬ વ્યવહાર ખરી પડવો જોઈએ, છોડવાનો નથી. જ્યારે એનો રસ ચુસાઈ જાય ને, એટલે છૂટું પડી જાય.

૬૭૮૭ સમભાવે નિકાલ કરે એટલે રસ ચુસાઈ જાય અને પ્રકૃતિ ખરી પડે.

૬૭૮૮ કડવો-મીઠો રસ આપી અને કર્મ ખરી પડવું એનું નામ 'નિર્જરા'.

૬૭૮૯ નિર્જરા તો કરવી પડતી નથી, થઈ જાય છે. કોઈ કહે કે 'હું નિર્જરા કરું છું', એ ખોટી વાત છે.

૬૭૯૦ પરમાણુએ પરમાણુના હિસાબ ચૂકવી દેવા પડશે. આ પરમાણુ બધા લોકોના લીધેલા છે, તે પરમાણુ લોકોને આપી દીધા, એટલે આપણે મુક્ત થયા !

૬૭૯૧ મનમાં કંઈ વિચાર નામના ગુણ હોતા જ નથી, એ તો વિચરે તો વિચાર. નહીં તો એ પરમાણુ એક્ઝૉસ્ટ થયા કરે છે.

૬૭૯૨ વિચારો આવે એ જોવા એનું નામ જ શુદ્ધાત્મા. વિચારો બંધ થાય નહીં.

૬૭૯૩ આ મીઠું મીઠાના સ્વભાવમાં હોય કે ના હોય ? એ ખારું લાગે કે ગળ્યું લાગે ? એવું આ મન એના સ્વભાવમાં જ છે. એને કંઈ હલાવવાની જરૂર નથી, એનો સ્વભાવ જોવાની જરૂર છે.

૬૭૯૪ મન તો વિચારોનું ગૂંચળું છે ખાલી. જો તમે એની દાદ-ફરિયાદ સાંભળો નહીં, તો એની મેળે બંધ થઈ જાય એ.

૬૭૯૫ ખરાબ વિચાર આવે તેને ગુનો નથી ગણાતો, ખરાબ વિચારમાં તન્મયાકાર થાય તો ગુનો છે.

૬૭૯૬ મનને જુએ નહીં ને, તો તન્મયાકાર થાય અને તન્મયાકાર થાય એટલે મન ઉછાળે ચડતું જાય.

૬૭૯૭ મનમાં વિચાર આવે એનો વાંધો નથી, એ તો આવે કે 'આ માણસ આવો છે.' પણ પછી 'આ માણસ આવો જ છે' એવું માની લે છે, તે અભિપ્રાય બંધાય છે.

૬૭૯૮ કોઈના માટે ખરાબ અભિપ્રાય બંધાયો હોય, તો આપણે કાઉન્ટર વેઈટ મૂકવું પડે. નહીં તો ઊથલી

પડે બધું. એટલે તરત કહેવું કે એવું નથી, એ તો ઉપકારી છે.

૬૭૯૯ આપણા અભિપ્રાયને લીધે સામાનું મોઢું ચઢે છે બિચારાનું.

૬૮૦૦ લાંબો તાંતો રહે એટલે આપણે જાણવું કે અભિપ્રાય છે જ અને અભિપ્રાય તૂટી ગયો કે તાંતો બંધ થઈ જાય.

૬૮૦૧ બીજા માટે અભિપ્રાય ના આપે એ એક પ્રકારનું ડેવલપમેન્ટ છે.

૬૮૦૨ સંસાર વ્યવહારમાં મિથ્યાત્વનો તાંતો હોય છે, નિરંતર તાંતો. એ તાંતો જ છે તે સંસારમાં બધું યાદ કરાવડાવે છે.

૬૮૦૩ જ્ઞાન મળ્યા પછી સમ્યક્ત્વનો તાંતો બેસે એટલે પછી મિથ્યાત્વ ઊડી ગયું. એટલે સંસારી વાત ભુલાતી જાય પછી.

૬૮૦૪ યાદગીરી શેના આધીન છે ? એ રાગ-દ્વેષના આધીન છે. જેમાં રાગ તે બહુ યાદ રહે, જેમાં દ્વેષ એ બહુ યાદ રહે.

૬૮૦૫ हमको इन्टरेस्ट क्या है? हम कौन है, ये कौन चलाता है, कैसा चल रहा है, ये सब ज्ञान में हमको इन्टरेस्ट है तो ये हमको याद रहेता है।

૬૮૦૬ સ્ત્રીઓને રાગ-દ્વેષ ઓછા હોય એટલે સ્મૃતિ ઓછી ને મોહ વધારે અને પુરુષોને મોહ ઓછો ને રાગ-દ્વેષ બહુ.

૬૮૦૭ રાગ-દ્વેષ અને મોહનો ડિફરન્સ એ છે, કે રાગ-દ્વેષ છે તે આંખ્યોવાળા છે અને મોહ આંધળો છે.

૬૮૦૮ મોહ હોય તો ભુલાડી દે અને રાગ હોય તો યાદ રહે.

૬૮૦૯ સ્ત્રીઓને લોભનો મોહ છે અને પુરુષોને માનનો મોહ છે.

૬૮૧૦ પુરુષોને બીજી મૂર્છા ના હોય, પણ માનની મૂર્છા બહુ હોય.

૬૮૧૧ લોભનું રક્ષણ કરવા માટે કપટ હોય છે. લોભ એટલે કંઈ પણ પ્રકારની ઈચ્છાઓ, એ પૂરી કરવા માટે કપટ હોય છે.

૬૮૧૨ આ દૃષ્ટિ બગડે ને, તેય લોભ કહેવાય.

૬૮૧૩ આ વિષયોને માટે ક્રોધ થાય છે ને, તેય લોભમાં જ જાય છે.

૬૮૧૪ લોભ હોય તો જ ક્રોધનો આવેશ આવે. માનનોય લોભ હોય ને, ત્યારે ક્રોધનો આવેશ આવે.

૬૮૧૫ ચાદર કકરી આવે તો ના ગમે ને સુંવાળી ગમે એય લોભ કહેવાય.

૬૮૧૬ બધી મૂર્છા માત્ર છે તે લોભ કહેવાય.

૬૮૧૭ લોભી એટલે અંધ ને માની જાગ્રત. માની અંધ કહેવાય પણ જાગ્રત અંધ. માનીને લ્હાય બળતી હોય અને લોભવાળાને તો અંદર ઠંડક હોય.

૬૮૧૮ લોભની તો ધણીને પોતાનેય ખબર પડે જ નહીં. એ જડે તો તો ભગવાન થાય.

૬૮૧૯ ચિત્તને ફસાવાનું મોટું સ્થળ કયું ? વિષય. બીજું સ્થળ કયું ? અનાવશ્યક ચીજો.

૬૮૨૦ આવશ્યક એ જરૂરિયાત વસ્તુ કહેવાય છે અને અનાવશ્યક, જેની કંઈ જરૂરિયાત નથી, એ બોજો કહેવાય છે.

૬૮૨૧ ચિત્ત ફસાયું એટલું ઐશ્વર્ય તૂટી ગયું. ઐશ્વર્ય તૂટ્યું એટલે જાનવર થયો.

૬૮૨૨ જ્ઞાન એટલે પ્રકાશ અને વિષય એ તો અંધારું છે. પ્રકાશ થયો એટલે બધું અંધારું ઊડી જાય.

૬૮૨૩ જ્ઞાન અવગાઢ થાય ત્યારે વિષયનો વિચાર જ ના આવે.

૬૮૨૪ પોતાના ઘરના (હક્કના) વિષયમાં નૉર્માલિટી રાખે તો મનુષ્યમાં દેવ કહેવાય.

૬૮૨૫ વિષય કરકસરથી ભોગવવા જોઈએ. કારણ કે એક વિષયમાં તો કરોડો જીવ મરી જાય છે. એય એક જોખમદારી તો ખરી ને !

૬૮૨૬ હક્કનો વિષય જગતને એક્સેપ્ટ (સ્વીકાર્ય) છે, જગત આમાં કશું નિંદા નથી કરતું. પણ એ અતિ હોય તો પાપ, નહીં તો પત્નીની ઈચ્છા ના હોય તો પાપ કહેવાય.

૬૮૨૭ આ વિષયને એક્ઝેક્ટ જેમ છે તેમ ન્યાયબુદ્ધિથી જુએ, તો ફરી વિષય કરવાનું મન જ ના થાય

માણસને.

૬૮૨૮ આ બધું જગતમાં જે ભટકણ છે ને, તે અટકણને લીધે છે.

૬૮૨૯ રુચિના આધારે અટકણ પડી ગઈ છે. જ્યાં જ્યાં અટકણ છે ત્યાં અરુચિ ઉત્પન્ન થાય, તો એ અટકણ તૂટે.

૬૮૩૦ આ શું હશે ને તે શું હશે, એની તપાસ કરવાનો પર્યાય એ ચિત્તનો.

૬૮૩૧ ચિત્ત બહાર જાય તો કૉઝિઝ ખોળી કાઢવાના, કે શી એવી અભિપ્સા (તીવ્ર ઈચ્છા) રહી ગઈ છે, તે આ ચિત્ત જાય છે ?

૬૮૩૨ તમારી ઈચ્છાઓ છે આ બધું ભોગવવાની. એ ભોગવવાની ઈચ્છા બંધ થઈ જાય એટલે ચિત્ત ભટકવાનું બંધ થઈ જાય.

૬૮૩૩ આ તમે સો રૂપિયા લઈને ગયા હોય, તમારે ના વાપરવા હોય તો ના વાપરો ને ? એવું ચિત્તવૃત્તિનું છે. મેં વાપરેલી જ નહીં ને !

૬૮૩૪ ઈન્ટરેસ્ટ હશે ત્યાં આગળ ચિત્તવૃત્તિ જશે, તેમ ડિસ્ઈન્ટરેસ્ટ હશે ત્યાંય ચિત્તવૃત્તિ જશે. માટે ડિસ્ઈન્ટરેસ્ટેય નહીં, ઈન્ટરેસ્ટેય નહીં.

૬૮૩૫ ચિત્તવૃત્તિ જેના ઘરમાંથી બહાર જતી જ નથી કોઈ જગ્યાએ એ પરમાત્મા !

૬૮૩૬ જ્યારે દુનિયાના સર્વ પઝલ સૉલ્વ થાય ત્યારે પરમાત્મા થયો કહેવાય, નહીં તો સમ્યક્ દર્શન કહેવાય. સમ્યક્ દર્શન થાય છે તે ઘડીએ અંતરાત્મા થાય છે.

૬૮૩૭ ગમે તે જગ્યાએ, ગમે તે પરિસ્થિતિમાં, ગમે તે ટાઈમે કોઈ પઝલ જ ઊભું ના થાય ત્યારે જાણવું કે આપણે હવે પૂર્ણાહુતિ થઈ ગઈ છે.

૬૮૩૮ તમને પઝલ ઊભા થવાના બંધ થઈ ગયા એટલે સેફસાઈડ થઈ ગઈ ! પછી બહાર ગમે એટલા ડિસ્ચાર્જ તમારે ભલે ને હોય !

૬૮૩૯ ગૂંચવાડો છે જ નહીં જગતમાં. જ્ઞાન ખસે ને બુદ્ધિનું જ્યાં આગળ શાસન આવ્યું, તે નર્યા ગૂંચવાડા ઊભા કરે.

૬૮૪૦ કોઈ પણ પ્રકારનો ગૂંચવાડો ઊભો ના થાય, એ એકાવતારી થઈ ગયો.

૬૮૪૧ આ સર્વ સમાધાની જ્ઞાન છે. ઍટ ઍની ટાઈમ, કોઈ પણ જગ્યાએ, કોઈ પણ સંજોગોમાં સમાધાન આપે જ.

૬૮૪૨ જગતનો સ્વભાવ જ આ ! જ્યાં જાય ને, તે વસ્તુ એને બાંધે. પછી ગૂંચાયા કરે.

૬૮૪૩ 'આ ઠીક છે, અહીંયા અનુકૂળ સારું આવ્યું', એ ક્ષેત્ર પ્રતિબદ્ધ કહેવાય.

૬૮૪૪ દ્રવ્યથી, ક્ષેત્રથી, ભાવથી, કાળથી કોઈ ચીજ આ જગતની અમને બાંધે નહીં. અપ્રતિબદ્ધ દશા ! અજાયબ દશા છે આ તો !

૬૮૪૫ જ્ઞાયકભાવ રહ્યો એટલે ભાવ પ્રતિબદ્ધતા, ક્ષેત્ર પ્રતિબદ્ધ, દ્રવ્ય પ્રતિબદ્ધ અને કાળ પ્રતિબદ્ધેય બંધ થઈ ગયું. એક જ ભાવમાં રહે તો બધા પ્રતિબદ્ધ બંધ.

૬૮૪૬ હંમેશાં જ્યાં સુધી જ્ઞાયક ના થાય, ત્યાં સુધી ચાર્જ હોય જ.

૬૮૪૭ કાળ પ્રતિબદ્ધ કોને કહેવાય ? સાડા સાત-આઠ વાગે ને, એટલે ચા સાંભરે.

૬૮૪૮ જે આપણને ટાઈમ થાય અને યાદ આવે એ બધાય લફરાં કહેવાય.

૬૮૪૯ રસમાં લુબ્ધપણું એટલે શું, કે શ્રીખંડ ખાધો હોય તો ફરી યાદ આવે કે શ્રીખંડ બહુ સરસ થયો હતો તે દહાડે.

૬૮૫૦ પુદ્ગલનું સુખ એ સુખ જ નહોય. અંતે દુઃખવાળું એને સુખ કહેવાય કેવી રીતે ?

૬૮૫૧ ખાવામાં જો સુખ ના લાગે તો પેલા દર્દમાં દુઃખ ના હોય. પણ જ્યાં સુધી સુખ લાગે છે, ત્યાં સુધી એ દુઃખ આવ્યા કરવાનું.

૬૮૫૨ જન્મ થાય તે ઘડીએ આનંદ બંધ કરી દો, તો મૃત્યુ થાય તે ઘડીએ શોક નહીં થાય. એ તો પેલું આનંદનું રિએક્શન છે.

૬૮૫૩ જે વસ્તુઓ યાદ આવે, એ બધી વસ્તુઓથી આપણે પરવશ થયા.

૬૮૫૪ પરવશતા ઊભી થઈ તો આત્મા ખોઈ નાખે.

પરવશતા તો જે હોય તે જવી જોઈશે.

૬૮૫૫ શોખ કરવાનો વાંધો નથી પણ શોખીન ના થઈ જશો. એ ગુનો છે. કારણ કે એબ્નૉર્મલ થઈ જાય છે એ. એબ્નૉર્મલ ઈઝ ધ પૉઈઝન.

૬૮૫૬ હિતાહિતનું ભાન ના હોય ત્યારે હેબિચ્યુએટેડ થાય.

૬૮૫૭ 'જગત ન્યાય સ્વરૂપ નથી, વ્યવહાર સ્વરૂપ છે' એ બહુ ઊંચું વાક્ય છે. તમારો જેવો વ્યવહાર હશે એવો જ ન્યાય થશે.

૬૮૫૮ ન્યાય તો એક થર્મોમિટર રાખી મેલવાનું કે ન્યાય થયો કે ના થયો, કેટલો ઓછો થયો ને કેટલો વધતો થયો, એ આપણા કર્મના હિસાબ જોવા માટેનું સાધન છે.

૬૮૫૯ આપણે હિસાબ ચૂકવવા માટે આવ્યા છીએ, નવો વધારવા માટે નથી આવ્યા.

૬૮૬૦ જેમ ટેબલ વાગે તો માણસ કચકચ ના કરે. કારણ કે ટેબલને એલિવેશન નથી, ડિપ્રેશન નથી. એવી રીતે જો માણસ પોતે વીતરાગ થઈ જાય, તો ત્યાંય સામો કચકચ ના કરે.

૬૮૬૧ ચંદુભાઈ રાગ-દ્વેષ કરતા હોય એ તમે જોયા કરો, તો એ રાગ-દ્વેષ નથી. જોનાર ભળે તો રાગ-દ્વેષ કહેવાય. નહીં તો ગત રાગ-દ્વેષ કહેવાય.

૬૮૬૨ જગતના લોકો, જેને જ્ઞાન નથી, તે રાગ-દ્વેષ ના કરે તોય રાગ-દ્વેષનો દોષ બંધાય. કારણ કે ભાવાભાવ છે ને, ભાવ ને અભાવ.

૬૮૬૩ રાગ-દ્વેષ હોય ત્યાં સુધી ફિલમ પડે અને વીતરાગતા હોય તો જુએ-જાણે પણ ફોટો ના પડે.

૬૮૬૪ નવું કર્મ તો બંધાય ક્યારે ? ફરી 'હું ચંદુ છું, બીજું કાંઈ જ નથી હવે', એવું નિશ્ચયપૂર્વક બોલે તો બંધાય.

૬૮૬૫ આ જ્ઞાન પછી કર્મ બંધાતા અટકી ગયા એટલે ભાવકર્મ ઊડી ગયા.

૬૮૬૬ ભાવ કરવા જાય તો આ જ્ઞાન જતું રહે. આમાં નિયાણુંય ના બંધાય. આમાં બીજું કશું જ થાય નહીં. જો આજ્ઞા પાળે તો મોક્ષે જ જવાનું.

૬૮૬૭ આ 'અક્રમ' સિદ્ધિમાં વિક્રમ ઉપર બેઠેલું છે. કારણ કે ભાવસત્તા આખી જ ઉડાડી મેલી હડહડાટ !

૬૮૬૮ અંદર ચેતવે છે એ ભાવની ગેરહાજરી સૂચવે છે અને ભાવ હોય ત્યારે ચેતવનાર ના હોય. આ બે સામસામી એનો હિસાબ છે.

૬૮૬૯ શુદ્ધ ચેતન, મિશ્ર ચેતન અને નિશ્ચેતન ચેતન; બહાર જગતને છે. તમારે શુદ્ધ ચેતન અને નિશ્ચેતન ચેતન બે જ છે અને વચલી જે ક્રિયાકારી ફાચર હતી તે ઊડી ગઈ છે.

૬૮૭૦ શુદ્ધાત્મા, પૂરણ-ગલન, ભોજનાલય ને શૌચાલય આ પાંચ વસ્તુ છે, બીજું કશું છે નહીં ને વગર કામનો ડખો કર્યો.

૬૮૭૧ આપણે ખપતી ચીજો હોય એ ભોજનાલયની, કાઢી નાખવાની એ શૌચાલયની. ભોજનાલય છે એ પૂરણ છે અને પેલું ગલન છે. પૂરણ-ગલન અને શુદ્ધાત્મા.

૬૮૭૨ જે ઈફેક્ટને જોતા નથી અને કૉઝિઝ સુધારે છે એનું કલ્યાણ છે. ઈફેક્ટ તો જેવી હોય તેવી ભલે હો, પણ નવેસરથી કૉઝિઝ સુધારો.

૬૮૭૩ કૉઝિઝમાં ગુનો હોય છે, ઈફેક્ટમાં ગુનો હોતો નથી.

૬૮૭૪ ઈફેક્ટ એ પરપરિણામ છે અને કૉઝિઝ એ આપણા પરિણામ છે.

૬૮૭૫ ભાવના ભાવવામાં ભાવસત્તા નથી હોતી. ભાવસત્તા એ ભાવક જોઈએ. ભાવક ઊડી ગયો છે પછી ભાવ રહ્યો જ નહીં ને !

૬૮૭૬ ભાવના ભાવવી એટલે એનો નિશ્ચય કરવાનો.

૬૮૭૭ અત્યારે શું નિશ્ચય વર્તે છે એ આપણા આજના જ્ઞાનનો પ્રતાપ.

૬૮૭૮ દરેક કામનો નિશ્ચય જોઈએ. નિશ્ચયને અહંકાર નથી ગણાતો. નિશ્ચય એટલે એક જાતનું ડિસિઝન છે.

૬૮૭૯ નિશ્ચય પહેલો જોઈએ કે 'મારે મુંબઈ જવું જ છે', તો તમને એવા સંજોગો મળી આવશે અને જો નિશ્ચય પોલો હશે તો સંજોગો તેવા મળશે.

૬૮૮૦ અનિશ્ચય એનું નામ જ અંતરાય.

૬૮૮૧ નિશ્ચય પોતે બુદ્ધિ સ્વરૂપ હોવાથી એ બુદ્ધિની મારફત આપણે નિશ્ચય લેવડાવીએ ને, એટલે બુદ્ધિ

શાંત રહે. ઊલટી મહીં ડખલ ના કરે.

૬૮૮૨ દુનિયાની કંઈ પુણ્યૈ ભારે હશે, નહીં તો આવું વિજ્ઞાન હોય જ નહીં ને ! અહંકાર ઊડી જાય એ કંઈ જેવું તેવું વિજ્ઞાન કહેવાય ?

૬૮૮૩ 'હું છું' એ અહંકાર નથી, 'હું ચંદુલાલ છું' એ અહંકાર છે.

૬૮૮૪ 'હું' 'ચંદુ' હતું તેને બદલે 'હું' 'શુદ્ધાત્મા'માં બેસી ગયું. એટલે મૂળ જગ્યાએ બેસી ગયું, એટલે બધો ડખો છૂટી ગયો.

૬૮૮૫ 'આઈ' જો ઊંધી જગ્યાએ વપરાય તો ઈગોઈઝમ છે, ચંદુભાઈ થાય તો. અને શુદ્ધાત્મા થાય તો ઈગોઈઝમ નથી.

૬૮૮૬ જ્યાં 'હું' પેઠું ત્યાં મમતા જોડે હોય જ. આ 'હું' અહીં બેઠું તો અહીં પોતાના સ્વરૂપની મમતા બેઠી. મમતા તો એની જોડે જ ફરતી હોય ને !

૬૮૮૭ 'હું' અવળી જગ્યાએ બેસે એટલે પુદ્ગલનો માલિકીભાવ થાય અને 'હું' સવળી જગ્યાએ બેસે તો પોતાના ગુણોનો માલિકીભાવ થાય.

૬૮૮૮ ખરેખર પોતાનું માલિકીપણું ક્યાં છે એ જાણે, તો પુદ્ગલનો માલિકીભાવ છૂટે. પોતાની બાઉન્ડ્રીનું માપ જોઈ આવ્યો હોય પછી પુદ્ગલની બાઉન્ડ્રીમાં હાથ ના ઘાલે.

૬૮૮૯ આખું જગત ફૉરેનમાં (રિલેટિવમાં) છે. ફૉરેનને હોમ (રિયલ) માને છે. તમે ફક્ત હોમને હોમ માનો છો અને ફૉરેનને ફૉરેન માનો છો, એનું નામ વિજ્ઞાન !

૬૮૯૦ હોમને હોમ માન્યું ને ફૉરેનને ફૉરેન માન્યું એટલે પોતાના દેશનું (રિયલનું) ભલું થયું અને પરદેશનુંય (રિલેટિવનુંય) ભલું થયું.

૬૮૯૧ 'હું શુદ્ધાત્મા છું' એ હોમ ડિપાર્ટમેન્ટ અને આ ચંદુભાઈ એ ફૉરેન ડિપાર્ટમેન્ટ.

૬૮૯૨ જરાક મોઢું કડવું લાગ્યું કે આ 'મારું સ્વરૂપ ન્હોય' કહેતા મીઠું થઈ જાય મોઢું, એટલું જ છે આ !

૬૮૯૩ પ્રજ્ઞાનું કામ એ છે કે બાઉન્ડ્રી બતાવી દે, કે આ 'મારું' ને પેલું 'ન્હોય મારું'.

૬૮૯૪ જ્ઞાતા-દ્રષ્ટા રહેવાની કેટલાકમાં શક્તિ નથી હોતી, તો એવું ના આવડે તો 'મારું ન્હોય' એમ કહી દીધું કે છૂટું.

૬૮૯૫ મન-વચન-કાયાના લેપાયમાન ભાવો છે, તે કૂદાકૂદ કરી મેલે. 'આ મારું ન્હોય' એમ કહ્યું કે એ બંધ થઈ જાય.

૬૮૯૬ ભગવાને શું કહ્યું ? અધ્યવસાન તને બાંધવા નથી આવ્યા, લેપાયમાન ભાવ બાંધવા નથી આવ્યા. તારે જો બંધાવું હોય તો જ બંધાઈશ.

૬૮૯૭ લેપાયમાન ભાવોએ જગત આખાને લેપાયમાન કર્યું છે. એ ખાલી પડઘા જ છે અને તે નિર્જીવ છે પાછા.

૬૮૯૮ આપણે 'ઉપકારી છે' બોલીએ ને, એટલે તે લેપાયમાન ભાવો ઉત્પન્ન થતા બંધ થઈ જાય અને આપણે 'ખરાબ છે' એમ કહીએ તો લેપાયમાન ભાવો જોશભેર ચાલુ થઈ જાય.

૬૮૯૯ સો-બસ્સો કૂતરાં હાથીની પાછળ ભસતા હોય તો હાથી જુએ પાછળ, કે કોણ કોણ ભસે છે ? એવું ભસે એવા પુદ્‌ગલ ભાવો છે.

૬૯૦૦ આ વિજ્ઞાનની પેઠ સમજી લેવાનું, કે જોવું-જાણવું, પરમાનંદમાં રહેવું, સમાધિમાં રહેવું, નિર્વિકલ્પ રહેવું એ ચેતન પરિણામ અને આ બીજા બધા જડ પરિણામ છે.

૬૯૦૧ 'વ્યવસ્થિત છે' કહ્યું, કે અધ્યવસાન બંધ થઈ જાય.

૬૯૦૨ કંઈ પણ પઝલ ઊભું થાય હજુ, તો જાણવું કે 'વ્યવસ્થિત' પૂરેપૂરું સમજાયું નથી.

૬૯૦૩ પઝલ ઊભું થયું એટલે તમે તમારામાં નથી અને પઝલ સૉલ્વ થઈ ગયું, તો તમે તમારામાં છો.

૬૯૦૪ પઝલ જ ઊભું ન થાય એટલે થઈ રહ્યું, દુનિયા તમારી ! દુનિયાના માલિક તમે !

૬૯૦૫ ધી વર્લ્ડ ઈઝ ધી પઝલ ઈટસેલ્ફ ! ધેર આર ટુ વ્યૂ પૉઈન્ટ્સ ટૂ સૉલ્વ ધીસ પઝલ; વન રિલેટિવ વ્યૂ પૉઈન્ટ, વન રિયલ વ્યૂ પૉઈન્ટ !

૬૯૦૬ પુદ્ગલની બધી સંયોગી ટપાલ હોય. સંયોગી ટપાલ આત્માની ના હોય. એટલે કોઈ પણ સંયોગ આવ્યો તે પુદ્ગલનો.

૬૯૦૭ સંસારભાવને લઈને સંયોગ ભેગા થાય છે. એ 'મારા ન્હોય' એમ કહી દેવું એટલે પોતે છૂટ્યો.

૬૯૦૮ કોઈ પણ સંયોગ આવ્યો એ આત્માનો નહોય, આત્મા અસંયોગી છે. અને સંયોગો બહારના છે તે ફિલમ છે, એ જોયા કરવાની આપણે.

૬૯૦૯ આ સંયોગોને 'જુઓ' કે કેવી રીતે સંયોગ થાય છે, વિયોગ થાય છે.

૬૯૧૦ સંયોગો વિયોગી સ્વભાવના છે. સંયોગોને ખસેડવા જશો તો તમેય ખસી જશો.

૬૯૧૧ સંયોગો કર્તાભાવથી થયા અને વિયોગો અકર્તાભાવથી. વિયોગો જો કર્તાભાવે હોય તો પછી કોઈનો ઉકેલ જ ના આવે.

૬૯૧૨ સંયોગો પોતે જ વિયોગી સ્વભાવના છે. એ જો વિયોગી સ્વભાવના ના હોત ને, તો આ જગતમાં કોઈનો મોક્ષ થાત જ નહીં !

૬૯૧૩ ભૂતકાળ ગયો તેય 'વ્યવસ્થિત', ભવિષ્યકાળેય 'વ્યવસ્થિત' છે. માટે વર્તમાનમાં રહો.

૬૯૧૪ વર્તમાન એટલે શું ? જે સંયોગ ભેગો થયો એ સંયોગ માત્ર ફાઈલ છે અને એ ફાઈલનો સમભાવે નિકાલ કરો.

૬૯૧૫ ભવિષ્યનું જો જોવા જઈએ તો વર્તમાન બગડે અને જેનું વર્તમાન બગડ્યું એનું ભવિષ્ય આખુંય બગડી ગયું.

૬૯૧૬ વ્યવસ્થિતની સમજણ સિવાય ભવિષ્યકાળની અગ્રશોચ જાય નહીં અને વર્તમાનમાં રહી શકે નહીં.

૬૯૧૭ 'જે થવાનું હશે એ થશે' એ ના બોલાય. જ્યાં ભય લાગે ત્યાં 'એ ડિસાઈડેડ છે', એવું બોલવું.

૬૯૧૮ વ્યવસ્થિત એટલું બધું સુંદર છે ! તમને જગત આખાથી નિર્ભય રાખે એવું છે.

૬૯૧૯ કાળના સ્વભાવમાં ભૂત, ભવિષ્ય ને વર્તમાન છે નહીં. જે અવસ્થાવાળા લોકો છે, તેને ભૂત, ભવિષ્ય ને વર્તમાનકાળ છે.

૬૯૨૦ ભૂતકાળમાં વર્તી ગયેલા પર્યાયોને જોવા, એ આપણું આ સામાયિક.

૬૯૨૧ સામાયિકમાં વિનાશી ભાવમાં વૃત્તિઓ ના જાય, અવિનાશી ભાવમાં જ આવી જાય.

૬૯૨૨ આપણે અહીંયા તો સામાયિક અને આત્મચારિત્ર બન્ને સાથે થાય છે. નિશ્ચયથી આત્મચારિત્ર અને વહેવારથી પોતાના દોષો દેખાય.

૬૯૨૩ તમને જે ઝીણા ઝીણા દોષ દેખાય છે, એ અહંકારનું ગજું નથી, બુદ્ધિનું ગજું નથી, ચિત્તનું ગજું નથી, કોઈનું ગજું જ નથી આત્મા સિવાય !

૬૯૨૪ અંદરના દોષ દેખાય એ અનુભવ પ્રમાણ.

૬૯૨૫ ભૂલ કોને દેખાય ? ભૂલ વગરનું ચારિત્ર શ્રદ્ધામાં છે પોતાને અને ભૂલવાળું વર્તન વર્તનમાં છે, એને ભૂલ દેખાય.

૬૯૨૬ ભૂલ વગરનું ચારિત્ર એની શ્રદ્ધામાં હોય, સંપૂર્ણ દર્શનમાં હોય અને ભૂલવાળું વર્તન એના વર્તનમાં હોય, તો એને અમે છૂટો થયેલો કહીએ છીએ.

૬૯૨૭ શ્રદ્ધા અને વર્તન બે જુદું હોય. આ વર્તન એ પહેલાના શ્રદ્ધા-જ્ઞાનનું ફળ છે. હવેના શ્રદ્ધા-જ્ઞાનનું ફળ એ વર્તન પછી આવશે.

૬૯૨૮ વર્તનમાં ભલે ના વર્તે પણ તમારી શ્રદ્ધામાં 'હું જુદો થઈ ગયો છું', એવું વર્તે જ છે. વર્તન પછી આવે છે.

૬૯૨૯ આચરણમાં ના આવ્યું તો ચાલે પણ એની બિલીફમાં આવવું જોઈએ. બિલીફમાં આવશે એટલે અમે જાણીએ કે આચરણમાં આવશે.

૬૯૩૦ વર્તનની નેસેસિટી (જરૂરિયાત) હોત તો અમારે બધાને વઢવું પડત, પણ અમે વર્તનને જોતા નથી, બિલીફને જોઈએ છીએ કે તમારી બિલીફ ક્યાં છે ?

૬૯૩૧ વર્તન એ શ્રદ્ધાનું ફળ છે.

૬૯૩૨ જે જાણ્યું એ પૂરેપૂરું શ્રદ્ધામાં હજુ આવ્યું નથી. શ્રદ્ધામાં પૂરેપૂરું આવે, ત્યાર પછી વર્તનમાં આવે. એટલે જેમ જેમ શ્રદ્ધામાં આવતું જશે, એમ વર્તનમાં આવતું જશે.

૬૯૩૩ આ તો સ્થૂળ જાણ્યું છે. હજુ તો એનું સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ થશે ત્યારે પ્રવર્તનમાં આવશે.

૬૯૩૪ જૂનો માલ લાવેલા તેની શ્રદ્ધા તૂટે નહીં અને નવા

જ્ઞાનની શ્રદ્ધા બેસી ગઈ હોય એટલે બેઉનું ઘર્ષણ થાય, એનું નામ જ સંસાર !

૬૯૩૫ રાત-દહાડો બિલીફ ક્યાં છે, એ બિલીફને ટેકા આપ આપ કરવા. આ વર્તન જોઈને ગભરાવાનું કોઈ કારણ નથી.

૬૯૩૬ અમારા વિજ્ઞાનમાં રહે તો એક જ અવતારમાં ચિત્તવૃત્તિ એકાગ્ર થઈ જ જવાની છે. ભલે વર્તનમાં ના હોય, પણ બિલીફમાં છે ને ! બિલીફમાં છે એ સત્ય.

૬૯૩૭ જેટલી ચિત્તવૃત્તિ વિખરાય એટલું ઐશ્વર્ય ઓછું થતું જાય અને જેટલી મૂળ જગ્યાએ સ્ટેબિલાઈઝ (સ્થિર) થઈ જાય કે ઐશ્વર્ય ઉત્પન્ન થયું, સંપૂર્ણ ઐશ્વર્ય !

૬૯૩૮ ચિત્તવૃત્તિ સાસરે (બહાર) રહેશે ત્યાં સુધી દુઃખ થશે. આપણે કહીએ, પિયર (અંદર) આવતી રહે, બા.

૬૯૩૯ જે ચિત્તવૃત્તિમાં 'દાદા' રમે, એમાં બીજું કશુંય આવે નહીં, માયા ઘૂસે જ નહીં ને !

૬૯૪૦ નિદિધ્યાસન ચિત્ત શુદ્ધિ કરવાનો પ્રયોગ છે.

૬૯૪૧ તમને દાદા લક્ષમાં આવે છે, તે ઘડીએ તમારી જેટલી જાત ભુલાય એટલું નિદિધ્યાસન ઊંચું થઈ ગયું.

૬૯૪૨ યાદ કરનારો ને યાદ કરવાની વસ્તુ બે જુદી ના હોય. આખી જાત ભુલાય એનું નામ નિદિધ્યાસન કહેવાય. તેથી દુઃખ-સુખ બંધ થાય ને !

૬૯૪૩ આખો દહાડો ભુલાય જ નહીં એનું નામ 'દાદા'.

૬૯૪૪ બેમાંથી એક યાદ હોય. 'જગત' યાદ હોય તો 'દાદા' યાદ ના હોય. 'દાદા' યાદ હોય તો 'જગત' વિસ્મૃત થાય.

૬૯૪૫ જ્ઞાની પાસે જગત વિસ્મૃત થાય. કારણ કે રુચિ ઉપર આધાર રાખે છે. જ્યાં સુરુચિ છે ત્યાં જગત વિસ્મૃત થાય.

૬૯૪૬ દાદા ભગવાન નિરંતર યાદ રહે, એ યાદ ના કહેવાય, એ દર્શન કહેવાય.

૬૯૪૭ આપણા જ્ઞાનની જે સ્મૃતિ છે, એ દર્શન છે. એ

સ્મૃતિ નથી.

૬૯૪૮ જ્યાં દાદા ભુલાય નહીં, ત્યાં આગળ દુનિયામાંય નામ દેનાર જ કોણ છે તે ? હું જ દાદા ભગવાનને ભૂલતો નથી તો મારું નામ દેનાર નથી, તો તમારું એ શી રીતે દે ?

૬૯૪૯ જ્ઞાની પુરુષ દેહધારીરૂપે હોવા છતાં પોતાનો આત્મા છે. એટલે 'દાદા' બોલે કે 'શુદ્ધાત્મા' બોલે, કે પોતાના આત્માની થઈ ગઈ જાગૃતિ.

૬૯૫૦ સ્ત્રીઓને 'દાદા' વધારે યાદ રહે અને પુરુષોને 'શુદ્ધાત્મા' વધારે યાદ રહે.

૬૯૫૧ આ 'વિજ્ઞાન' છે, 'જ્ઞાન' નહોય. એટલે તમે છે તે બીજી વાતમાં પડ્યા હોય ને, તોય અંદરથી બૂમ પાડ્યા કરે. તમને ચેતવ ચેતવ કરે.

૬૯૫૨ વિજ્ઞાન એટલે સચેતન છે. તમને મહીંથી ચેતવે, મારે ચેતવવા ના આવવું પડે.

૬૯૫૩ નિરંતર ચેતવે એ ભેદજ્ઞાન કહેવાય. એક ક્ષણ વાર ચેતવ્યું ને આ બંધ થાય તો એ ભેદજ્ઞાન જ ના કહેવાય.

૬૯૫૪ કોઈ દહાડો સાંભળ્યું છે, બોલતું વિજ્ઞાન ? મહીં બોલતું, આપણને ચેતવણી આપતું ? આ તો અક્રમ વિજ્ઞાન છે, અંદર ચેતવણી આપતું !

૬૯૫૫ જ્ઞાન જ કામ કરે, તમારે કશું કરવું નહીં પડે. કારણ કે તમે કર્તા રહ્યા નહીં, તો શી રીતે કરો હવે ?

૬૯૫૬ દાદાનું જ્ઞાન મળ્યા પછી કશું કરવાનું નહીં એનું નામ મોક્ષ. જોવું-જાણવું એ મોક્ષ. અક્રિયને કરવાનું ક્યાં હોય ?

૬૯૫૭ આત્મા અક્રિય જ છે, કાયમનો અક્રિય છે.

૬૯૫૮ અક્રિય શબ્દ તમને શ્રદ્ધામાં હોય એ તો પ્રતીતિ કહેવાય, પણ જ્યારે અક્રિય દેખાશે ત્યારે તમે ભગવાન થઈ ગયા હશો.

૬૯૫૯ તમે જ્યાં સુધી ઈગોઈઝમવાળા છો, ત્યાં સુધી આત્મા સક્રિય છે અને જ્યારે જ્ઞાનવાળા છો તો આત્મા અક્રિય છે.

૬૯૬૦ અક્રિયતાનો અનુભવ થાય એનું નામ અનુભૂતિ કહેવાય.

૬૯૬૧ જ્ઞાતાપદનું ભાન છે તો દુનિયા તમને અડે નહીં અને કર્તાપદનું ભાન છે તો દુનિયા તમને અડે.

૬૯૬૨ કર્તવ્ય એની મેળે 'થઈ જાય' આપણે 'કરવું પડે' નહીં. એની મેળે થઈ જાય તો જોયા કરવું.

૬૯૬૩ 'જાણું છુંય હું' અને 'કરું છુંય હું' એનું નામ ભ્રાંતિ. કેવળ જાણે એનું નામ મુક્તિ અને કેવળ કરે એ મિકેનિક.

૬૯૬૪ 'જાણે' તે ઘડીએ આનંદ હોય જ, ને 'કરે' તે ઘડીએ દુઃખ હોય.

૬૯૬૫ 'કશું કરતા હતા' તે ભાન હતું, તે પછી હવે 'નથી કરતા' એનું ભાન છે. પણ 'મૂળ વસ્તુ' બેથી પર છે.

૬૯૬૬ હજુ તો 'કશું નથી કરતા' એ ભાન છે એટલે થોડો આનંદ ઓછો થાય છે. જ્યારે સહજ થશે, ત્યારે આખો દહાડો આનંદ ઓર જ જાતનો થશે !

૬૯૬૭ નિરંતર નિરાકુળ આનંદ એ આપણું સ્વરૂપ છે. સચ્ચિદાનંદ, સત્-ચિત્ત-આનંદ !

૬૯૬૮ સત્-ચિત્ એટલે અવિનાશી જ્ઞાન-દર્શન ઊભું થયું, તેનું ફળ આનંદ હોય. માટે એ જ છેલ્લી દશા ! સચ્ચિદાનંદ રૂપ થયો એટલે પૂર્ણાહુતિ.

૬૯૬૯ આનંદ એ જ આત્મા છે. આનંદ ઉત્પન્ન થતો નથી, એ સ્વભાવ જ છે એનો.

૬૯૭૦ આત્મજ્ઞાન પછી જે આનંદ તમને પ્રાપ્ત થયો, એનું પૂર્ણ સ્વરૂપ એનું નામ ભગવાન !

૬૯૭૧ જ્ઞાન-દર્શનનો ભેગો શબ્દ એનું નામ ચિત્ત. તે આત્મા છે એ શુદ્ધ ચિત્ત છે.

૬૯૭૨ 'રોંગ બિલીફો' ને 'રોંગ જ્ઞાન' એ બે અશુદ્ધ ચિત્ત છે. 'આ હું છું' તેય અશુદ્ધ ચિત્ત, 'આ મારું છે' તેય અશુદ્ધ ચિત્ત.

૬૯૭૩ ચિત્ત અશુદ્ધ શાથી થયું ? વિશેષ જ્ઞાનમાં સપડાયો એટલે અશુદ્ધ થતું ગયું. અને જો સ્વાભાવિક જ્ઞાનમાં આવ્યો ત્યાં શુદ્ધ થતું ચાલ્યું.

૬૯૭૪ ચિત્તની શુદ્ધિ કરી આપીએ અમે, એટલે એ શુદ્ધ ચિત્ત આત્મામાં ભળી જાય એટલે ખલાસ થઈ ગયું. પ્રજ્ઞા ઊભી થાય તરત.

૬૯૭૫ અહીં સત્સંગમાં સમજાવે, તેને ગ્રહણ કરે છે એ પ્રજ્ઞાશક્તિ છે.

૬૯૭૬ જ્ઞાન થાય તો વર્તનમાં આવે. કયું જ્ઞાન ? સમજમાં આવેલું જ્ઞાન હોવું જોઈએ.

૬૯૭૭ પરિણામ પામેલી સમજને જ્ઞાન કહેવાય છે.

૬૯૭૮ પહેલું દર્શન થાય, પછી જ્ઞાન, પછી વર્તનમાં આવે. જે સમજ સમજ્યો એ ફિટ થાય પછી વર્તનમાં આવે.

૬૯૭૯ જ્ઞાન જાણવાથી જ્ઞાનના અનુભવ તરફ ના જાય, જ્ઞાન સમજમાં આવે તો જ્ઞાનના અનુભવ તરફ જાય.

૬૯૮૦ જ્ઞાનની સમજ અને જ્ઞાનનો અનુભવ એ બન્નેમાં ફરક શું ? સમજ આવે તો પછી અનુભવ થાય. એટલે પહેલું સ્ટેપ સમજ છે અને બીજું સ્ટેપ અનુભવ છે. બન્નેમાં જ્ઞાનની જરૂર છે અને બન્ને જ્ઞાનનું જ રૂપ છે.

૬૯૮૧ હજુ સમજ એક્ઝેક્ટ આવી ગઈ નથી. જો એક્ઝેક્ટ સમજ આવે એટલે વર્તન આવવું જ જોઈએ. વર્તન કરવાનું નહીં, વર્તન એ ફળ છે.

૬૯૮૨ આ સત્સંગ રિલેટિવ જ છે, પણ રિયલમાં સમાવેશ પામવા માટેનો. રિલેટિવમાં સમજવાનું છે અને રિયલમાં સમાઈ જવાનું છે.

૬૯૮૩ આ સત્સંગમાં તો નથી સંસારમાં, નથી મોક્ષમાં, વચલા કાળમાં છે, તે પાપો ભસ્મીભૂત થાય.

૬૯૮૪ ગમ્મત સાથેનું આ જ્ઞાન છે ને ! પરિણામ પામે અને પચીય જાય છે. ગમે એવું બોજારૂપ હોય ને, તોય.

૬૯૮૫ તત્ત્વજ્ઞાન રસિક જ હોવું જોઈએ. રસિક વગર (નિરસ) તો તત્ત્વજ્ઞાન કહેવાય જ કેમ કરીને ?

૬૯૮૬ જ્ઞાની પુરુષનો પરિચય રાખવાથી કૃપા વધતી જાય. કૃપા વધી કે પછી બધુંય જ્ઞાન પચી જાય, પોતાનું પદ સમજાય.

૬૯૮૭ જેટલો વધારે પરિચય એટલું મહીં આ જ્ઞાન પરિણામ પામી જાય.

૬૯૮૮ જ્ઞાની પુરુષની પાસે ખાલી બેસવાથી શક્તિઓ ચાર્જ થઈ જાય, પણ આ ચાર્જ કરતા આવડવું જોઈએ ને !

૬૯૮૯ મારી જોડે ખાલી બેસવાથી જ તમારી દશા ઓર થઈ જશે !

૬૯૯૦ ચરણવિધિથી (દાદાના ચરણે વિધિથી) જાગૃતિ વધી જાય એકદમ અને કામ કાઢી નાખે એ તો.

૬૯૯૧ ચરણવિધિથી તો ભગવાન જોડે મહીં તાર જૉઈન્ટ થાય છે.

૬૯૯૨ આ કાળ એવો વિચિત્ર છે કે જાગૃતિ મંદ થઈ જાય. માટે આ ચરણે વિધિ કરે તો આ બૅટરી ચાર્જ થઈ જાય, તો પાછી જાગૃતિ ચાલુ રહે.

૬૯૯૩ આપણે ત્યાં શક્તિપાત ના હોય. અનંત શક્તિના ધણીને આ શક્તિ શું કરવાની ? આ તો એની ઉપર જે આવરણ છે ને, તે તોડવા માટે આ વિધિ કરાવીએ છીએ.

૬૯૯૪ આ અમારો દેહ તો દેરાસર થઈ ગયો છે. અહીં આગળ વિધિ કરે ને, તે ઠેઠ મહીં ભગવાનને પહોંચે. મહીં ઘંટ વાગે અને તમારામાં પાછા ઘંટ વગાડે ! જુઓ ને, કેવી અજાયબી છે !

૬૯૯૫ જે 'જ્ઞાની પુરુષ' છે, જે દેહના માલિક નથી પોતે, એમનો દેહ મંદિર છે.

૬૯૯૬ જેમના દર્શનથી કલ્યાણ થાય એનું નામ તીર્થંકર ! અને અમારા દર્શનથી કલ્યાણ નહીં, અમને અડ્યાથી કલ્યાણ થાય.

૬૯૯૭ તીર્થંકરોના ચરણસ્પર્શ એવું કશું ના હોય, એમના દર્શને દર્શન મળી ગયું કે થઈ ગયો મોક્ષ !

૬૯૯૮ તીર્થંકરને જુઓ અને દર્શન કરો કે તે કક્ષા થઈ જાય. ઉપરની કક્ષાઓ ખાલી દર્શનથી જ ! એમની સ્થિરતા જુએ, એમનો પ્રેમ જુએ એટલે ઊભી થઈ જાય. તે કંઈ શાસ્ત્રની બનાવેલી બનતી નથી. આ તો જોવાથી જ થઈ જાય છે.

૬૯૯૯ નથી આ આચાર્ય દર્શન કે નથી આ તીર્થંકર દર્શન, વચગાળાનું દર્શન છે અમારું આ ! કામ કાઢી નાખે એવું છે !

૭૦૦૦ મેં જાતે પૂર્ણ ભગવાન, ચૌદ લોકનો નાથ જોયો ! એમની જોડે રહું છું, એમની જોડે વાતો કરું છું, એમને ભજું છું અને તમને ભજવાનું શિખવાડું છું.

૭૦૦૧ કામ કાઢી લેવા જેવું છે ! મેં જે દાદા ભગવાન પાસે કામ કાઢી લીધું છે, તે આ દાદા ભગવાન પાસે તમેય કામ કાઢી લો.

૭૦૦૨ આ કાળમાં ફુલ સ્ટેજના પુરુષ પાકવાના નહીં, એટલે જ્ઞાનીની કિંમત ! એટલે જ્ઞાનીને ફુલ સ્ટેજના કહ્યા.

૭૦૦૩ નિદિધ્યાસન જ્ઞાનીનું થાય, તીર્થંકર ભગવાનનું નિદિધ્યાસન ના થાય. એમના તરફ પ્રેમભાવ ને એકતારૂપ ભક્તિ જ હોય.

૭૦૦૪ નિદિધ્યાસન તો જેમને સંસારનો થોડો પ્રેમ છે કે થોડો રાગ છે ત્યાર સુધીનાનું થાય. પૂર્ણ વીતરાગનું નિદિધ્યાસન ના હોય.

૭૦૦૫ નિદિધ્યાસન તો અંશે શુદ્ધ થયેલા હોય તેમનું નિદિધ્યાસન ચાલુ થાય, તે સર્વાંશ શુદ્ધતા સુધીનાનું નિદિધ્યાસન હોય. પછી આગળ નિદિધ્યાસન હોય નહીં.

૭૦૦૬ જેને દાદાનું નિદિધ્યાસન નિરંતર રહે ને, એને અહીં બેઠા મોક્ષ છે !

૭૦૦૭ જો સંપૂર્ણ આજ્ઞા પાળે તો મહાવીર ભગવાનના જેવી સમાધિ રહે.

૭૦૦૮ મારું કહેલું એક્ઝેક્ટ પકડી લે અને પછી છોડે નહીં, એટલે હું જાણું કે આ પાકો છે અને આ આરપાર નીકળી જશે.

૭૦૦૯ પાકો એટલે શું ? સંસારમાં મૂંઝાય નહીં એનું નામ પાકો. લોકોને ઠગે એનું નામ પાકો નહીં. મૂંઝામણ પોતાને ન થાય એટલું બધું પરીક્ષણ હોય પોતાનું !

૭૦૧૦ આપણું જ્ઞાન સ્ત્રીઓને પણ મોક્ષે લઈ જાય એવું છે, પણ કહ્યા પ્રમાણે ચાલે તો. કારણ કે મોહ તોડાવનારું જ્ઞાન છે આ.

૭૦૧૧ સ્ત્રીમાં કપટ અને મોહ ઓછા થયા એટલે પુરુષ થઈ જાય. પુરુષમાં કપટ અને મોહ વધે તો સ્ત્રી થઈ જાય.

૭૦૧૨ આ જનરેશનમાં સ્ત્રીઓ જેટલો જ પુરુષોમાં મોહ હોય છે, પણ કપટ નામેય નથી હોતું.

૭૦૧૩ આ મોહનો દારૂ બહુ વસમો છે. ચઢ્યા પછી ઊતરે

જ નહીં અને બહુ માર ખવડાવે.

૭૦૧૪ મોહના પરિણામથી પોતાને ભાનેય નથી રહેતું ત્યારે કપટ કરે છે. કપટથી તો એનું ફળ સ્ત્રીપણું આવે.

૭૦૧૫ સ્ત્રીને એ વાત ખબર હોય તોય છે તે કપટ કરે, જૂઠું બોલે. પુરુષ ભૂલી જઈને જૂઠું બોલે, એ કપટ નથી, એ એક જાતની ઈનસિન્સિયારિટી છે. જાણીજોઈને જૂઠું બોલે છે એ ભારે, ડબલ ઈનસિન્સિયારિટી.

૭૦૧૬ સ્ત્રી જાણીને જૂઠું બોલે. એ તો એનું હાર્ટ જ મજબૂત એટલું. પુરુષથી તો ખમાય નહીં એ જાણીને જૂઠું બોલવાનું. પુરુષનું હૃદય ઢીલું.

૭૦૧૭ કોઈ દહાડોય ચોખ્ખું બોલે જ નહીં, એને વંચક પરિણામ કહેવાય છે.

૭૦૧૮ જેણે મનને વશ કરવું હોય, તેણે એકાંતમાં કોઈ વસ્તુ કરી હોય તે ખુલ્લી કરી દેવી.

૭૦૧૯ 'ખુલ્લું કરવું' એ છેલ્લું ડેવલપમેન્ટ છે. ત્યાં સુધી કયું ડેવલપમેન્ટ છે ? 'ખાનગી નહીં કરવું' એ.

૭૦૨૦ એક ફેરો અમારી જોડે મન ખુલ્લું કર્યું, એનું તો કલ્યાણ થઈ ગયું ! એનું નામ આલોચના કહેવાય.

૭૦૨૧ જ્ઞાનીને બધું કહેવાય. દોષો ખુલ્લા થયા એટલે તમારી જવાબદારી મટી ગઈ. તમે કહી દીધું કે 'સાહેબ, અમે તો આવા છીએ.' એટલે તમે છૂટ્યા.

૭૦૨૨ આ વર્લ્ડમાં જ્ઞાની પુરુષ એક જ જગ્યા એવી છે કે તમારા દોષ ખુલ્લા કર્યા પછી તમારા માટે કશું જ મનમાં ના રાખે.

૭૦૨૩ તમે ગમે તેવા બગડી ગયા હોય તોય અમે તમને છોડીએ નહીં, તમને હતા તેવા જ કરી નાખીએ.

૭૦૨૪ મારી પાસે બધી ચાવીઓ હોય. ફરી જો જિંદગીમાં ગુના ના કરવાનો હોય તો બધી રીતે ચોખ્ખો કરી આપું, ગમે તેવા ગુના લઈને આવ્યો હોય તોય.

૭૦૨૫ દરેક પ્રકારની ડિફેક્ટ પૂરવા માટે તો આપણે અહીં ભેગા થયા છીએ, ડિફેક્ટ કાઢવા માટે આ નથી.

૭૦૨૬ ભૂલ થયેલી હોય તો કહી દઈએ કે અમારી ભૂલ થાય છે. પ્રોટેક્શન શું કરવાનું ? આ તો પ્રોટેક્શન

કરીને ગુનો કરું છું.

૭૦૨૭ તમે દાદાની પાસે આવ્યા ત્યારથી દોષો નાસવા જ માંડ્યા છે. હવે ફક્ત એનો રસ્તો રોકવો નહીં આપણે.

૭૦૨૮ અહંકારનો સ્વભાવ છે કે કેમ કરીને પોતાનું રક્ષણ કરવું.

૭૦૨૯ કષાયનો સ્વભાવ એવો છે કે જો એને જમાડો નહીં તો ત્રણ વર્ષથી વધારે રહી શકે નહીં. બધા કષાય ચાલ્યા જાય.

૭૦૩૦ રોજ ક્રોધ-માન-માયા-લોભને જમાડીએ છીએ અને પછી કાઢવાય છે, બે સાથે બની શકે નહીં.

૭૦૩૧ તમે પોતે જ કબૂલ કરી લો કે આ ખોટું થયું છે. તે વખતે તમે ભૂલનો સ્વીકાર કરો, તો એ દોષ જમ્યો ના કહેવાય.

૭૦૩૨ પોતાની ભૂલો જે દેખાય છે એ ભૂલો ફરજિયાત છે, જોનાર મરજિયાત છે. મરજિયાત એટલે પુરુષાર્થ છે એ.

૭૦૩૩ તમે તમારા શુદ્ધાત્મામાં રહો અને અમારા પાંચ વાક્યોમાં રહો એ મરજિયાત છે, બીજું બધું ફરજિયાત છે.

૭૦૩૪ તમે મરજિયાતમાં આખો દહાડોય રહો છો ? તો ચિંતા-વરિઝ ના થાય, ઉપાધિ ના થાય.

૭૦૩૫ આપણે ત્યાં કાયદો જ નહીં ને ! આપણી આ પાંચ આજ્ઞા એ જ કાયદા સ્વરૂપ છે.

૭૦૩૬ પાંચ આજ્ઞા પાળે એટલે જાણવું કે અક્રમ લિફ્ટ ચાલુ છે. પાંચ આજ્ઞા એને વાંચવી પડતી જ નથી. અમારું વચનબળ જ એવું છે કે લક્ષમાં રહે જ.

૭૦૩૭ વચનબળ એટલે ભગવાનની કૃપા.

૭૦૩૮ અમારું વચનબળ એટલે વાણી બોલ્યા જ કરે મહીં. ટાઈમ થાય એટલે વચ્ચે વાણી આવીને હાજર જ થઈ જાય.

૭૦૩૯ **My words are completely effective. It will remain in memory every time.**

૭૦૪૦ આખા જગતની વાણી રિલેટિવ છે અને જ્ઞાનીની

વાણી રિયલ-રિલેટિવ છે.

૭૦૪૧ રિલેટિવ વાણી, જે સંપૂર્ણ ભ્રાંતિ હોય અને બીજી રિયલ-રિલેટિવ વાણી એ પાતળા પ્રકારની ભ્રાંતિ હોય, એ અભ્રાંત દશાને પ્રાપ્ત કરાવે એવી હોય.

૭૦૪૨ છેલ્લું રિલેટિવ, લાસ્ટ રિલેટિવ, એને રિયલ-રિલેટિવ કહેવાય છે. એ રિલેટિવ છે પણ રિયલ-રિલેટિવ છે.

૭૦૪૩ જે 'રિલેટિવ' 'રિયલ'ને લાવે એ 'રિલેટિવ' કરેક્ટ.

૭૦૪૪ સ્યાદ્વાદ ને અનેકાંતવાદ એ રિયલ-રિલેટિવ છે. એ રિલેટિવ ખરું પણ રિયલ-રિલેટિવ છે અને આ નયવાદ એ રિલેટિવ છે.

૭૦૪૫ રિયલ માર્ગને તો એકાંત ને અનેકાંત વસ્તુ જ નથી હોતી. રિયલ એટલે રિયલ, એમાં અનેકાંત ને એકાંત વિશેષણ હોય નહીં.

૭૦૪૬ સ્યાદ્વાદ વાણી એટલે શું ? આ ત્રણસો ને સાંઈઠ ડિગ્રી હોય છે ને, તે એવી વાણી બોલો કે કોઈ ડિગ્રીનું પ્રમાણ ના દુભાય.

૭૦૪૭ સ્યાદ્વાદ વાણી નિષ્પક્ષપાતી હોય, નિષ્પક્ષપાતી વાણી સ્યાદ્વાદ ના પણ હોય. એટલે સ્યાદ્વાદમાં નિષ્પક્ષપાતી સિવાયના ગુણોની પણ જરૂર છે.

૭૦૪૮ સ્યાદ્વાદ વાણી એને કહેવાય કે દરેક ધર્મવાળા ખુશ થઈને સાંભળે, બધાને ગમે.

૭૦૪૯ દુઃખનો આત્યંતિક અભાવ ક્યાં થાય ? સ્યાદ્વાદ વાણી એને સાંભળવાની મળે ત્યારે.

૭૦૫૦ કોઈ પણ ધર્મનું પ્રમાણ ન દુભાય એનું નામ સ્યાદ્વાદ વાણી ! અને તે વાણી મધુરી હોય. એ સાંભળવાથી પાપના પૂંજ ભસ્મીભૂત કરી નાખે.

૭૦૫૧ શબ્દથી તો ઊભું થયું છે જગત અને શબ્દથી આથમી જાય છે.

૭૦૫૨ જ્ઞાનીની વાણી આવરણભેદી હોવાથી ઠેઠ પહોંચે છે અને આત્માને જાગ્રત કરી દે. અનાદિકાળથી આત્મા જે સુષુપ્ત અવસ્થામાં હતો ને, તે જાગ્રત થઈ જાય.

૭૦૫૩ અમારી વાણી ચૈતન્ય જેટલું બળ આપે. ચેતન જેટલું બળ આપે ને, એટલું જ બળ આ વાણી

આપે. કારણ કે ચૈતન્ય વાણી છે !

૭૦૫૪ ચૈતન્યને સ્પર્શ કરીને આ વાણી નીકળે છે એટલે બધું ચૈતન્યમય લાગે. એટલે પુસ્તક વાંચે તો જોડે જોડે દાદા હઉ દેખાય એને. જાણે દાદા બોલે છે ને હું સાંભળું છું, એવું લાગ્યા કરે.

૭૦૫૫ આ આપ્તવાણી વાંચે કે ઠંડક થાય. બીજા પુસ્તકો વાંચે ઠંડક ના થાય. આપ્તવાણીમાં જીવતો રસ મૂકેલો છે. નર્યું સીધું અમૃત છે આ !

૭૦૫૬ પુસ્તક કોનું નામ કહેવાય ? જે ફરી ફરી વાંચવાનું મન થાય.

૭૦૫૭ દાદાજીની ભાષા કેવી હોય કે જેને ઈન્ટરેસ્ટ છે, તે ગમે તે ભાષામાં સમજી જાય. ઈન્ટરેસ્ટ નથી તેને ના સમજાય.

૭૦૫૮ એક-એક શબ્દોમાં બધા પ્રશ્નો સૉલ્વ થઈ જાય, એવું છે આ અક્રમ વિજ્ઞાન !

૭૦૫૯ જ્ઞાનીની હાજરીમાં આત્માનો આનંદ થાય, અગર તો જ્ઞાનીના પુસ્તક હોય, એ વાણી ટચ થાય (સ્પર્શે) ત્યારે મહીંથી એ આનંદ છૂટે.

૭૦૬૦ આત્માનો સ્વભાવ એવો છે કે જો એના સંબંધી જ ચોખ્ખી, પ્યોર વાત કરવામાં આવે, જેમાં પુદ્‌ગલનો કિંચિત્‌માત્ર ભાવ ન હોય, તો એને આનંદ ઉત્પન્ન થાય જ, સ્વાભાવિક થાય.

૭૦૬૧ અર્થ તો બહુ દહાડા જાણ્યો, હવે પરમાર્થ જાણ !

૭૦૬૨ પરમાર્થ એટલે છેલ્લી વાત ! અર્થનોય પરમ અર્થ એ પરમાર્થ !

૭૦૬૩ મૂળ અર્થને પામે તો પરમાર્થ પામે, નહીં તો ત્યાં સુધી સ્વાર્થ, પરાર્થ બધા જાતજાતના અર્થ પણ પરમાર્થ નહીં.

૭૦૬૪ પરમાર્થ સમકિત એટલે શું ? ક્ષાયક સમકિત.

૭૦૬૫ દર્શનમાં જે અવળું દેખાતું હતું, એ અવળું બિલકુલ બંધ થઈ ગયું ને યથાર્થ દર્શન શરૂ થઈ ગયું, એ ક્ષાયક સમકિત.

૭૦૬૬ ક્ષાયક સમકિતીને ચોથો અવતાર ના હોય. કોઈ લોભિયો હોય તો ત્રણ પૂરા કરે.

૭૦૬૭ સમકિત બહુ મજબૂત થયું હોય ત્યારે ગાઢ સમકિત

કહેવાય અને વીતરાગોનું અવગાઢ સમકિત કહેવાય.

૭૦૬૮ આ અક્રમ વિજ્ઞાનને લઈને ગાઢ સમ્યક્ત્વ થયેલું છે બધાને. તીર્થંકરો એકલાને જ અવગાઢ સમ્યક્ત્વ હોય છે.

૭૦૬૯ કુદરતનો નિયમ એવો છે કે જે ક્ષેત્રને લાયક જે જીવ થાય, તે ક્ષેત્રમાં ખેંચાઈને જતો રહે.

૭૦૭૦ આ પાંચમા આરાનો માણસ ચોથા આરાને લાયક થાય, તો જ એ મોક્ષે જાય.

૭૦૭૧ મોક્ષ બંધ નથી થયો. પેલું ચોથા આરામાં અહીંથી સીધો મોક્ષ થતો'તો અને આ પાંચમા આરામાં એક-બે અવતાર બાકી રહે, બીજા ક્ષેત્રમાં જઈને મોક્ષ થાય.

૭૦૭૨ આ પાંચમો આરો છે ત્યાં સુધી મહાવીર ભગવાનની આણ વર્તશે, ત્યાં સુધી અહીંથી ચોથા આરાનો થઈ શકે છે અને ત્યાં મહાવિદેહ ક્ષેત્રમાં જઈ શકે છે.

૭૦૭૩ આર્તધ્યાન-રૌદ્રધ્યાન બંધ થવાથી ચોથા આરાને લાયક થાય.

૭૦૭૪ શુક્લધ્યાન એ નિરહંકારી ધ્યાન અને રૌદ્રધ્યાન-આર્તધ્યાન ને ધર્મધ્યાન ત્રણેવ અહંકારી ધ્યાન.

૭૦૭૫ શુક્લધ્યાન એટલે પોતાના સ્વરૂપની રમણતા સિવાય બીજું કોઈ પણ ધ્યાન નહીં. પોતે પોતાના ધ્યાનમાં હોય એ શુક્લધ્યાન.

૭૦૭૬ જ્ઞાન-દર્શન-ચારિત્ર ને તપ ભેગું વર્તે, એટલે આત્મા સર્વાંશે થાય ત્યારે શુક્લધ્યાન થાય.

૭૦૭૭ શુક્લધ્યાનના ચાર પાયાઃ પહેલો પાયો - અસ્પષ્ટ વેદન, બીજો પાયો - સ્પષ્ટ વેદન, ત્રીજો પાયો - કેવળજ્ઞાન અને ચોથો પાયો - મોક્ષ.

૭૦૭૮ ટાંકીઓ (ભરેલો માલ) ખલાસ ના થાય ત્યાં સુધી સ્પષ્ટ વેદન ના થાય.

૭૦૭૯ મોક્ષ એટલે શું ? અત્યાર સુધી દુકાન જે ચાલતી'તી ધમધોકાર, પુદ્‌ગલ માલ લિયા-દિયા લિયા-દિયા... તે હવે એનો નિકાલ કરી નાખવાનો. દુકાન ખાલી કરી, કે તમે છૂટા જ છો, બસ !

૭૦૮૦ આપણું જ્ઞાન લીધા પછી જો કદી ચૌદ વર્ષ અમારી આજ્ઞામાં રહે, તો એની ટાંકી બધી ખલાસ થઈ

જાય. પછી એનું આદર્શ જીવન થઈ જાય.

૭૦૮૧ આ માર્ગ એવો છે કે તમારે ભરેલો માલ ખાલી કરવાનો નહીં રહે, અમારી આજ્ઞામાં રહો એટલે એની મેળે ખાલી થયા કરે.

૭૦૮૨ વ્યવહાર આદર્શ હોવો જોઈએ અને ન હોય તો આદર્શ વ્યવહારનો ધ્યેય હોવો જ જોઈએ !

૭૦૮૩ જેટલો વ્યવહાર આદર્શ એટલો નિશ્ચય પ્રગટ થવા માંડ્યો.

૭૦૮૪ તમે અમને ગાળો દો અને જો અમારું મન બગડે તો અમારો વ્યવહાર કાચો કહેવાય.

૭૦૮૫ જેમ 'ચૅરિટી બિગિન્સ ફ્રૉમ હોમ' એવો આદર્શ વ્યવહાર 'બિગિન્સ ફ્રૉમ હોમ' હોવો જોઈએ.

૭૦૮૬ પુદ્ગલ સહજ શી રીતે થાય ? જ્ઞાનીને જોવાથી, એમની સહજ ક્રિયાઓને જોવાથી સહજ થઈ જાય છે.

૭૦૮૭ જોઈને શીખે. જુએ એટલે શ્રદ્ધા બેસે. શ્રદ્ધા બેસે એટલે પછી એનું ફળ જ્ઞાનમાં આવે. પછી વર્તનમાં આવે.

૭૦૮૮ અમને કોઈ કંઈ અપમાન કરી દે કે ગાળો દે તો અમે જાણીએ કે આ ટપાલ આપણી ન્હોય. એટલે પાછી જાય એની પાસે, રિટર્ન વિથ થેંક્સ.

૭૦૮૯ કોઈ ગાળ ભાંડે તો અહંકાર હોય ત્યાં સુધી છે તે પ્રતિકાર કરે. પણ અહંકાર જ ના હોય તેને ? લઢવાનું રહ્યું જ નહીં ને !

૭૦૯૦ પુદ્ગલ એટલે પૂરણ થાય, ગલન થાય. પૂરણ થાય, ગલન થાય. આત્મામાં પૂરણ-ગલન ના હોય.

૭૦૯૧ અહંકારેય પૂરણ થાય છે ને પાછો ગલન થાય છે. અપમાન કરે તો ઊતરી જાય કે નહીં પાછો ?

૭૦૯૨ લોક સુખના પૂરણમાં રાજી થાય છે અને ગલનમાં નાખુશ થાય છે. દુઃખના પૂરણમાં એને દુઃખ થાય છે અને ગલનમાં સુખ થાય છે.

૭૦૯૩ આ બધું પુદ્ગલ જ છે. આની બહુ હાય હાય કર્યે પાલવે એવું નથી. એના કરતાં આપણે આપણા દેશમાં (સ્વરૂપમાં) જતું રહેવું સારું.

૭૦૯૪ જેમાં કોઈની ડખલ થાય ને, એ બધું પુદ્ગલ.

૭૦૯૫ પુદ્ગલ રમણતા એ પરઉપયોગ અને સ્વરમણતા

એ સ્વઉપયોગ, તે શુદ્ધ ઉપયોગ.

૭૦૯૬ આત્મબુદ્ધિ જ્યાં સુધી દેહમાં હતી, ત્યાં સુધી પરરમણતા હતી. હવે એ રમણતા તૂટી એટલે સ્વરમણતા ઉત્પન્ન થઈ.

૭૦૯૭ અનાદિકાળથી પરરમણતા જે કરતો'તો તેને બદલે નિજરમણતા થઈ ગઈ, પછી થઈ રહ્યું, ખલાસ ! એનું નામ અક્રમ વિજ્ઞાન.

૭૦૯૮ સ્વરમણતા એટલે બધામાં શુદ્ધાત્મા જ દેખાય અને 'હું શુદ્ધાત્મા છું' એવું રહે.

૭૦૯૯ અમારી પાંચ આજ્ઞામાં આત્માની રમણતા હોય.

૭૧૦૦ ચામડાની આંખથી આ 'ખોખું' દેખાય અને અંદરના દિવ્યચક્ષુથી 'વસ્તુ' (આત્મા) દેખાય. વસ્તુ દેખાય એટલે એ દેખવાની હોતી નથી, સમજવાની હોય છે.

૭૧૦૧ રિયલ વ્યૂ પૉઈન્ટ એ દિવ્યચક્ષુ છે.

૭૧૦૨ મનુષ્યના દેહમાં હોવા છતાં પોતાના અસ્તિત્વને જાહેર કરે અને પોતાના સ્વરૂપને પણ પ્રકાશમાન કરે, એનું નામ દિવ્યચક્ષુ.

૭૧૦૩ શું જોવા જેવું છે આ જગતમાં ? જોવા જેવો શુદ્ધાત્મા છે અને પ્રકૃતિ. અને પ્રકૃતિને એના સ્વભાવમાં જ રહેવા દેવી.

૭૧૦૪ દાદા 'શું છે' એને જુએ અને 'શું બને છે' એને જુએ, બન્નેને જુએ.

૭૧૦૫ આત્મા સિવાય બીજું બધુંય, જેને જગત 'હું' ને 'મારું' માને છે એ બધીય 'પ્રકૃતિ' છે.

૭૧૦૬ પ્રકૃતિ ને પ્રાણ સાથે જાય. વાત ખોટી નથી પણ જાડી વાત, ઝીણી વાત તરીકે એ બરોબર નથી. જો માણસને સંયમ આવે ને, તો પ્રકૃતિ બદલાય છે.

૭૧૦૭ પ્રકૃતિ બદલાય નહીં, પણ પોતાનું જ્ઞાન બદલાય ને ! અને જ્ઞાન બદલાવાથી મૂંઝામણ બંધ થઈ જાય છે.

૭૧૦૮ ચંદુભાઈ અત્યારે શું મૂંઝવણમાં છે, ચંદુભાઈને ટેન્શન કેટલું છે, એ બધું આપણે 'જોયા' કરીએ, એનું નામ છેલ્લો ઉપયોગ !

૭૧૦૯ જે ક્રિયા કરે એને જોવાનું એનું નામ 'ઉપયોગ'. ક્રિયામાં કંઈ ફેર થતો નથી. પેલું અજાગૃતિમાં જતું

રહે છે, એને બદલે જાગૃતિપૂર્વક જાય એ ઉપયોગ કહેવાય.

૭૧૧૦ ઉપયોગ પાછો વાળવો જોઈએ. અવળો જવો એનો સ્વભાવ છે.

૭૧૧૧ આત્માનો બીજી જગ્યાએ ઉપયોગ, પુદ્‌ગલમાં ઉપયોગ, એ આત્માનું વીર્ય બહાર નીકળ્યું.

૭૧૧૨ આખી દુનિયા ડૂબી જતી હોય તોય પણ અમે ઉપયોગ ના ચૂકીએ. શું કાઢવાનું છે આમાં ? આ તો મડદાલ જ છે ને !

૭૧૧૩ ઉપયોગ ના રહે એવી જગ્યાએ ઉપયોગ રહ્યો, એ મોટામાં મોટો ઉપયોગ કહેવાય.

૭૧૧૪ આખું જગત મડદાને જ ચૂંથી રહ્યું છે. આત્માનો ઉપયોગ આમાં ના દે તોય આ મડદું તો ચાલે એવું જ છે.

૭૧૧૫ આ જ્ઞાન મળ્યા પછી શેષ શું વધી ? ત્યારે કહે, મડદું. મડદું એટલે શું, કે જેને ચેતન જોડે બિલકુલ વ્યવહાર રહ્યો નથી એ.

૭૧૧૬ જે ડિસ્ચાર્જ થાય એ મડદું જ કહેવાય. જેમાં ચાર્જ ને ડિસ્ચાર્જ બન્ને સાથે હોય ત્યારે મિશ્ર ચેતન કહેવાય.

૭૧૧૭ આ ડિસ્ચાર્જ જો મડદું ના હોત, તો હું તમને આ ડિસ્ચાર્જનો નિકાલ કરવાનું ના કહેત.

૭૧૧૮ જ્ઞાન તો બહુ સરસ આપેલું છે. આ તો આની ઉપર વિચાર કર કર કરે ત્યારે યાદ રહે આ અને પછી કાયમ થઈ જાય. વિચાર ના કરે તો પાછું ગૂંચવાયેલું રહી જાય.

૭૧૧૯ 'વ્યવસ્થિત' કોને માટે છે ? જેને ડિસ્ચાર્જ કર્મ બાકી રહ્યું હોય તેને માટે 'વ્યવસ્થિત'.

૭૧૨૦ ડિસ્ચાર્જ એકલું જ 'વ્યવસ્થિત' છે, ચાર્જ 'વ્યવસ્થિત' નથી.

૭૧૨૧ ચાર્જ ઈચ્છાથી સંસાર ઊભો થાય અને ડિસ્ચાર્જ ઈચ્છાથી સંસાર આથમી જાય.

૭૧૨૨ ભાવ ને ઈચ્છામાં બહુ ફેર. ભાવ તો મૂળ ભાવ છે અને ઈચ્છાઓ તો ડિસ્ચાર્જ વસ્તુ છે.

૭૧૨૩ ભૌતિક સુખની ઈચ્છા ભલે હોય પણ લાલચ બંધ થઈ ગઈ ત્યારે તમે અંતરાત્મા થયા.

૭૧૨૪ જ્યારે વસ્તુ મળે તો ઈચ્છા ના હોય અને ઈચ્છા હોય તો વસ્તુ ના ભેગી થઈ હોય. બેનો એક કાળ હોતો નથી. એટલે જો તમે એને જોયા કરો તો જવાબદાર નથી.

૭૧૨૫ અનુભવ થાય એટલે ઈચ્છા છૂટી જાય. સિનેમાનો અનુભવ પૂરેપૂરો થઈ રહે એટલે ઈચ્છા એમાંથી છૂટી જાય પછી. પછી બીજી ઈચ્છા શરૂ થાય. અનુભવ થવા માટે ઈચ્છાઓ થાય છે.

૭૧૨૬ આખા જગતનો અનુભવ લેવા માટેની જ આ અનુભવશાળા છે આખું વર્લ્ડ.

૭૧૨૭ અનુભવ તો કોનું નામ કહેવાય, કે સરવૈયું કાઢે. બળ્યું સુખ છે કોઈ ખાતામાં ? સ્ત્રીના ખાતામાં, લક્ષ્મીના ખાતામાં, છોકરાના ખાતામાં, કોઈમાં સુખ છે ખરું ?

૭૧૨૮ મોહ ઊડી જાય ને, એટલે બધું એમ્પ્ટી (ખાલી) જ લાગે.

૭૧૨૯ કેવળજ્ઞાન એટલે તમામ પ્રકારના અનુભવનું સંગ્રહસ્થાન.

૭૧૩૦ રસ રહી ગયા છે એય ચારિત્રમોહ જ છે. એ બધા જાણો, કે આ રસ રહ્યા છે.

૭૧૩૧ પાંચ આજ્ઞામાં નથી એ બધો મોહ જ કહેવાય. પણ મોહ કયા પ્રકારનો ? ચારિત્રમોહ. ભરેલો મોહ ખાલી કરે છે.

૭૧૩૨ જ્ઞાતા-દ્રષ્ટા રહ્યો તે ચારિત્રમાં રહ્યો કહેવાય ને ના રહ્યો તે બધો ચારિત્રમોહ કહેવાય.

૭૧૩૩ ચારિત્રમોહ તો ભોગવે જ છૂટકો ! તો જ એ મોહ જશે, નહીં તો જાય નહીં ને !

૭૧૩૪ આ બધું ચારિત્રમોહનીય છે. એને ફક્ત એટલું જ કહો કે 'આ મારું ન્હોય' એટલે છૂટ્યું.

૭૧૩૫ જે મોહ માલિકી વગરનો હોય એ મોહ ચારિત્રમોહ કહેવાય.

૭૧૩૬ આપણે જ્ઞાન આપીએ છીએ તે પહેલા કલાકમાં એ જિતેન્દ્રિય જિન થાય છે, બધી ઈન્દ્રિયો જીતી ગયો.

૭૧૩૭ જ્ઞાન લેતી વખતે જિતેન્દ્રિય જિન હતું કલાક, પછી બીજી સ્ટેજમાં પેઠા તમે, જીતમોહ જિન. એ સ્ટેજ બહુ લાંબી, ઘણી લાંબી, આખી જિંદગીની.

૭૧૩૮ જીતમોહ જિન થતા થતા ચારિત્રમોહ જેટલો ખાલી કરે, ખર્ચી નાખે એટલો ક્ષીણમોહ થતો ગયો.

૭૧૩૯ અજ્ઞાને કરીને જે લાવ્યો છે, તે જ્ઞાને કરીને ઓગાળી રહ્યો છે, એ જીતમોહ જિન કહેવાય અને જે ઓગાળીને રહ્યો, તે ક્ષીણમોહ જિન કહેવાય.

૭૧૪૦ ચારિત્રમોહ સાવ થોડોક જ બાકી રહ્યો ત્યાંથી ક્ષીણમોહ કહેવાય એને. ક્ષીણમોહ આવ્યા પછી ભગવાન પદ થઈ ગયું.

૭૧૪૧ જોવા જેવા એક દાદા છે ફક્ત ! એમનું મુક્ત હાસ્ય એકલું જ જોવા જેવું છે, બાકી જગતમાં જોવા જેવી ચીજ જ ક્યાં છે ?

૭૧૪૨ મુક્ત હાસ્ય એ તો બહુ મોટી કમાણી છે. વર્લ્ડમાં કો'ક જ ફેરો હોય છે. ભગવાન મહાવીરને હતું ફક્ત. જ્ઞાનનું પરિણામ છે એ તો.

૭૧૪૩ મુક્ત હાસ્ય એટલે સામો માણસ એ હાસ્ય જુએ ને, તેની સાથે પોતાના બધા દુઃખ ભૂલી જાય, વિસારે પડી જાય.

૭૧૪૪ તમામ પ્રકારના ટેન્શન ખલાસ થઈ જાય એટલે મુક્ત હાસ્ય ઉત્પન્ન થાય. એ હાસ્ય ચોવીસેય કલાક હોય. ઉજાગરો થયો, ઊંઘ ના આવી હોય તોય પણ હાસ્ય તેનું તે.

૭૧૪૫ અમારું હાસ્ય ટેન્શન રહિત હોય તે બધાને ટેન્શન રહિત બનાવે છે. વધુ ટાઈમ દર્શન કરવામાં આવે તો બધા ટેન્શન નીકળી જાય.

૭૧૪૬ અમારું મન સેકન્ડનો કાંટો ફરે એવું ફર્યા કરે અને તમારું તો એ કલાકનો કાંટો ફરે છે ! અમારું મન કોઈ જગ્યાએ ઊભું જ નહીં રહેવાનું.

૭૧૪૭ મન તો અમનેય ઠેઠ સુધી રહેવાનું, પણ તે કેવું ? એની મેળે ચાલ્યા જ કરે, બસ. કોઈ વસ્તુ પકડે નહીં, જો કોઈ વસ્તુ પકડે તો અમારું હાસ્ય જતું રહે.

૭૧૪૮ ક્ષણવર્તી મન સમજાયું ? કશામાં ઈન્ટરેસ્ટ નહીં

એટલે પછી મન તો ચાલ્યા જ કરે. માખની પેઠ ક્યાંય ભમે નહીં.

૭૧૪૯ મન ખાલી કર્યું એટલે સાધારણ મન રહે પછી. એ અમુક હદ સુધી જ ખાલી થઈ શકે એમ છે. પછી સાધારણ મન રહે, તે ગૂંચવે નહીં.

૭૧૫૦ માખી જેમ ગોળની પાછળ ભમ્યા કરે ને, એમ તમને કોઈ પણ વિચાર આવે અને તેની પાછળ ભમ્યા કરો એ ગ્રંથિ કહેવાય, એ ગાંઠો કહેવાય.

૭૧૫૧ અંદરની બધી ગ્રંથિઓ ગઈ, બાહ્ય ગ્રંથિઓ રહી. એય પાછી છે તે ચંદુભાઈને રહી.

૭૧૫૨ અંદરની ગ્રંથિ ને બહારની ગ્રંથિ બન્ને જાય ને, તો નિર્ગ્રંથ થઈએ, તો છુટકારો થાય.

૭૧૫૩ તન્મય થવું ત્યાં કંઈ ગ્રંથિ છે, તે ગ્રંથિ છૂટવી જોઈશે.

૭૧૫૪ રઘવાટિયા થવા જેવું નથી અને આળસુય થવા જેવું નથી, મિડલ રસ્તો ખોળી કાઢવો આપણે.

૭૧૫૫ મોક્ષના માર્ગમાં ઉતાવળ કરવાની કહીએ ત્યારે બગવાઈ જાય. ધીમે રહીને ચાલો કહીએ, ત્યારે ટાઢો પડી જાય. એટલે 'ધીમે રહીને ઉતાવળ કરો', એનું નામ મોક્ષમાર્ગ.

૭૧૫૬ 'કામ કાઢી લો' કહીએ એટલે તમારે સમજી જવું કે આજ્ઞા વધારે પાળવાની કહે છે આપણને, આજ્ઞામાં જાગ્રત રહેવાનું કહે છે.

૭૧૫૭ જેટલી તમે પાંચ આજ્ઞા પાળો એટલી આત્મગુણોની વ્યક્તતા વધારે.

૭૧૫૮ જેટલો પાંચ આજ્ઞામાં રહ્યો એટલો અશરીરી ભાવ ઉત્પન્ન થયો. આ આજ્ઞા ન હોય ત્યાં શરીર ભાવમાં છે.

૭૧૫૯ તમે આજ્ઞામાં રહો ને, એ જ ચારિત્ર. જ્ઞાન-દર્શન-ચારિત્ર ને તપ ચારેય આવી ગયું આજ્ઞામાં.

૭૧૬૦ પાંચ આજ્ઞા એ સ્વભાવમાં ભળી જવા માટેનો જ રસ્તો છે આ. સંપૂર્ણ સ્વભાવમાં આવ્યો એનું નામ મોક્ષ. અહીં જીવતા જ મોક્ષ !

- જય સચ્ચિદાનંદ

આ અમારું એક-એક વાક્ય સમજે ને, તો અહીં ને અહીં કેવળજ્ઞાન થાય એવું છે. એવું નક્કી કર્યું કે દાદાના આ શબ્દથી કામ કાઢવું છે, તો એક જ શબ્દ ઠેઠ મોક્ષે લઈ જાય એવો છે.

- દાદાશ્રી

દાદા ભગવાન પ્રરૂપિત

# આપ્તસૂત્ર



૧૦

દાદા ભગવાન પ્રરૂપિત

# આપ્તસૂત્ર

## (ભાગ ૧૦ - ક્રમાંક ૭૧૬૧ થી ૭૮૮૫)

સંકલન : દીપકભાઇ દેસાઇ

પ્રકાશક : શ્રી અજિત સી. પટેલ
**દાદા ભગવાન વિજ્ઞાન ફાઉન્ડેશન,**
૧, વરુણ એપાર્ટમેન્ટ, ૩૭, શ્રીમાળી સોસાયટી,
નવરંગપુરા પોલીસ સ્ટેશન સામે, નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦૦૦૯, ગુજરાત.
**ફોન :** +૯૧ ૭૯ ૩૫૦૦ ૨૧૦૦, +૯૧ ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭

કોપીરાઈટ : © Dada Bhagwan Foundation,
5, Mamta Park Society,
B/h. Navgujarat College, Usmanpura,
Ahmedabad - 380014, Gujarat, India.
Email : info@dadabhagwan.org
Tel. : +91 9328661166/77

**All Rights Reserved. No part of this publication may be shared, copied, translated or reproduced in any form (including electronic storage or audio recording) without written permission from the holder of the copyright. This publication is licensed for your personal use only.**

**પ્રથમ આવૃતિ** : ૬,૦૦૦ ડિસેમ્બર, ૨૦૨૫

**ભાવ મૂલ્ય** : **'પરમ વિનય' અને**
**'હું કંઈ જ જાણતો નથી', એ ભાવ !**
**દ્રવ્ય મૂલ્ય** : **૧૬૦ રૂપિયા (ભાગ ૬ થી ૧૦ - એક સેટના)**

**મુદ્રક** : અંબા મલ્ટિપ્રિન્ટ,
એચ.બી.કાપડીયા ન્યુ હાઈસ્કૂલની સામે, છત્રાલ - પ્રતાપપુરા રોડ,
છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯, ગુજરાત.
**ફોન :** +૯૧ ૭૯ ૩૫૦૦ ૨૧૪૨

**ISBN** : 978-81-992022-0-7

**Printed in India**

# આપ્તસૂત્ર

## (ભાગ ૧૦ - ક્રમાંક ૭૧૬૧ થી ૭૮૮૫)

૭૧૬૧ જે 'ગુનેગાર કોણ છે' એ સમજે છે, એ કોઈના ઉપર ગુનો ઓઢાડતો નથી.

૭૧૬૨ વ્યવસ્થિતનો સહેજેય દોષ નથી, વ્યવસ્થિતને સમજનારનો દોષ છે.

૭૧૬૩ જે કારણો હતા તે કાર્યરૂપે દેખાડે એનું નામ 'વ્યવસ્થિત'.

૭૧૬૪ કર્મબંધ થતી વખતે અવસ્થિત થાય અને કર્મ ભોગવતી વખતે વ્યવસ્થિત થાય.

૭૧૬૫ વ્યવસ્થિત એટલે રિપે ઑફ ડ્રાફ્ટ. ઓવરડ્રાફ્ટ કઢાવ્યો હોય તો રિપે કરવો પડે ને ?

૭૧૬૬ તમે તો ટેન્ડર ભર્યું હતું બૈરી એકલીનું, અને એ તો સાળો, સાસુ, સસરો, માસીસાસુ, કાકીસાસુ, કેટલું બધું લફરું વળગાડે ! એનું નામ 'વ્યવસ્થિત'.

૭૧૬૭ એ એના કર્મના ઉદયે વહુ થઈ, આપણે આપણા કર્મના ઉદયે ધણી થયા. કોઈ ફેરો આપણે વહુ થવું પડે, કોઈ વાર એ થાય. એમાં નવું શું છે ?

૭૧૬૮ જે ધણી થઈ બેઠા છે તે સ્ત્રીની (વાઈફની) પણ સ્ત્રી (વાઈફ) છે.

૭૧૬૯ ધણીપણું બજાવો છો ને, તે તો રિલેટિવ છે. ફરી પાછું એ તમારી પર ધણીપણું બજાવશે. માટે પહેલેથી વિચારીને કરજો.

૭૧૭૦ આપણને સામા ઉપર ચલણ રાખવાનો વિચાર આવે ને, ત્યારથી એનું મન આપણાથી જુદું રહે. એવું ના હોવું જોઈએ.

૭૧૭૧ સાસુ થઈને સત્તા ન વાપરી, એટલે મોક્ષ તરફ જવા માંડ્યું. નહીં તો જગત સત્તા વાપર્યા વગર રહે નહીં.

૭૧૭૨ બોધકળા એ છે તે બુદ્ધિની કળા અને જ્ઞાનકળા એ જ્ઞાનની કળા. અમને બન્નેય કળા હોય.

૭૧૭૩ અમારા ઍડજસ્ટમેન્ટ બધા અલૌકિક હોય. લોકોએ સાંભળ્યા ના હોય, જાણ્યા ના હોય, વાંચ્યા ના હોય, એવા હોય. એને બોધકળા કહેવામાં આવે છે.

૭૧૭૪ જ્યાં સુધી સામા માટે કંઈ પણ અભિપ્રાય છે, ત્યાં સુધી મતભેદ છે.

૭૧૭૫ એક અવતાર મન જોડે અને બુદ્ધિ જોડે મતભેદ પાડે તો મુક્તિ થઈ જાય.

૭૧૭૬ દરેક અભિપ્રાય ઉપર આપણે મતભેદ પાડવો જોઈએ. ત્યારે લોક બૈરી જોડે, છોકરાં જોડે મતભેદ પાડે છે !

૭૧૭૭ જ્યાં મતભેદ ઊભા થતા હોય અને જ્યાં ભયવાળી જગ્યા હોય ત્યાં રહેવાય જ કેમ કરીને ? મતભેદ રહિત થઈ જવું ત્યારે સિક્યોરિટી થાય.

૭૧૭૮ મતભેદ પડે એવી જગ્યામાં આવીએ ને મતભેદ ના પડે તો સાચું. આ તો ખસી જઈએ એનો શો અર્થ છે ?

૭૧૭૯ મતભેદ ના હોય એનું નામ કૉમનસેન્સ કહેવાય.

૭૧૮૦ કૉમનસેન્સ નામની કૂંચી એવી હોય કે બધા તાળા ઉઘાડે.

૭૧૮૧ નઠારામાં નઠારા માણસનું તાળું આપણાથી ઊઘડે તો જાણવું કે આપણી પાસે કૉમનસેન્સ છે.

૭૧૮૨ કૉમનસેન્સ એટલે શું ? એવરીવ્હેર ઍપ્લિકેબલ, થીયરેટિકલ એઝ વેલ એઝ પ્રેક્ટિકલ !

૭૧૮૩ કૉમનસેન્સ જેની પાસે હોય તેના શિષ્ય થઈએ એટલે કૉમનસેન્સ પ્રાપ્ત થાય.

૭૧૮૪ જેને ભગવાન વશ થઈ ગયા હોય, ત્યાં કેટલી બધી સત્તા હોય તે ! એટલે બધા કટાયેલા તાળા ઊઘડી જાય.

૭૧૮૫ આપણા ક્ષેત્રના જે મનુષ્યો છે ને, તે સંખ્યાત મનુષ્યો છે અને મારી પાસે ચાવીઓ અસંખ્યાત છે !

૭૧૮૬ સંપૂર્ણ કૉમનસેન્સ એ તો કેવળજ્ઞાન સુધી પહોંચે.

૭૧૮૭ ઍડજસ્ટ એવરીવ્હેર બહુ જાગૃતિ માગે. એ જ જાગૃતિ કેવળજ્ઞાન આપે.

૭૧૮૮ આફ્ટર ઑલ વી આર ઈન્ડિયન્સ. બધું આવડે, આપણને ઍડજસ્ટ થતા વાર જ ન લાગે.

૭૧૮૯ ધણી-બૈરી રોજ ઝઘડતા હોય, પણ શાથી નભાવી લે છે હિન્દુસ્તાનના લોકો ? નરમ છે ? ગાંડા છે ? ઘનચક્કર છે ? ત્યારે કહે, 'ના, એવું તેવું કંઈ નહીં,

પણ પૂર્વે પ્રતિક્રમણ કરેલા છે.'

૭૧૯૦ જેટલું ડેવલપમેન્ટ એટલું તો નભાવી જ લે. ડેવલપમેન્ટ ના હોય તો તે ફાટી જાય ! 'મારે નહીં ફાવે, આપણે આ હેંડ્યા', કહેશે.

૭૧૯૧ આપણા એકલાના જ દોષો જોવાનો અધિકાર છે, બીજા કોઈના દોષ જોવાનો અધિકાર નથી.

૭૧૯૨ સમ્યક્ સમજણની છેલ્લામાં છેલ્લી દશા શું ? જગત નિર્દોષ દેખાય.

૭૧૯૩ કોઈ આપણને ગાળો ભાંડતો હોય, એ વ્યવહારથી નિર્દોષ છે અને નિશ્ચયથી શુદ્ધ છે. આટલી વાત સમજાઈ જાય તો બધા જ શાસ્ત્રો ભણી ગયા.

૭૧૯૪ રિયલી પોતે શુદ્ધાત્મા છે. અને બહારનો જે રિલેટિવ ભાગ છે, એ કર્માધીન હોવાથી નિર્દોષ છે.

૭૧૯૫ રિલેટિવને નિર્દોષ જોવાનું નહીં, નિર્દોષ નિહાળવાનું અને આ રિયલમાં શુદ્ધાત્મા જોવાનું. અમારી રીત ડહાપણવાળી હોય. એવી રીત તમે પકડી લો તો તમારું કામ થઈ જાય.

૭૧૯૬ જોવાનું આત્માથી હોવું જોઈએ. બુદ્ધિથી જે દેખાય છે એ તો નિહાળવાનું કહેવાય.

૭૧૯૭ પ્રકૃતિની લડાલડ છે, આત્માની લડાલડ નથી. આ તો પ્રકૃતિ લઢે છે. જેમ આ પૂતળા લડે ને, એવું છે.

૭૧૯૮ મારનારને કષાય થાય પણ માર ખાનારને કષાય ના થાય, એનું નામ અક્રમ !

૭૧૯૯ કષાયના ફોટા ના પડે એનું નામ અક્રમ અને કષાયના જ ફોટા પડે એનું નામ ક્રમ.

૭૨૦૦ દોષ દેખાયો કે પ્રતિક્રમણ કરો, એમ કરતા કરતા બંધ થઈ જાય. એમ ને એમ બંધ થાય નહીં ને, ટેવ પડેલી એ.

૭૨૦૧ દોષ દેખાય તો પ્રતિક્રમણ કરવું. તો એ ના દેખાયા બરોબર જ અમે એક્સેપ્ટ કરીએ છીએ.

૭૨૦૨ જ્ઞાન મળ્યા પછી તમે ખરેખર કોઈના દોષ નથી દેખતા, પણ તમારા ડિસ્ચાર્જમાં કોઈના દોષ દેખો છો. પણ એય ભૂલ કાઢી નાખવી પડશે.

૭૨૦૩ આ લોકોની જોડે જીતવું મહામુશ્કેલ વસ્તુ છે. એના કરતાં પ્રતિક્રમણ કર કર કર્યા કરવું, એટલે છૂટ્યા.

૭૨૦૪ જેમ જેમ પ્રતિક્રમણ થશે ને, તેમ તેમ બધું હલકું થતું જશે. તે માણસો જોડે સંબંધો બિલકુલ ક્લિયર થઈ જશે.

૭૨૦૫ આ પ્રતિક્રમણનું એટલું બધું બળ છે, ગમે એવી સામાવાળી શક્તિ હોય તો ઊડી જાય.

૭૨૦૬ પ્રતિક્રમણથી સામાનું વેરભાવવાળું મન ઓલવાઈ જાય.

૭૨૦૭ સામાનું સમાધાન થાય કે ન થાય એ આપણે જોવાનું નહીં. આપણે પ્રતિક્રમણ કર્યા કરવું.

૭૨૦૮ આપણે 'પ્રતિક્રમણ કરવા છે' એ નક્કી કરીએ એટલે પ્રતિક્રમણ થઈ જાય. 'નથી થતા' બોલીએ તો પછી ઊંધું થાય.

૭૨૦૯ એક - બ્રહ્મચર્ય અને બીજું - કોઈને કિંચિત્‌માત્ર દુઃખ નહીં દેવું, એ બેનો ગુણાકાર થાય ત્યારે ચારિત્રબળ ઉત્પન્ન થાય.

૭૨૧૦ આપણી સામે કોઈ પ્રપંચ કરતું હોય ને એના સામું તૈયારી કરીએ ને, તો આપણું ચારિત્રબળ તૂટી જાય. શીલવાનપણું તૂટી જાય.

૭૨૧૧ પ્રપંચી માણસની પર્સનાલિટી તૂટતી જાય.

૭૨૧૨ શીલવાનપણું તો ભગવાન આગળેય પોતાને ઈન્ફિરિયારિટી કૉમ્પ્લેક્સ ના લાગે, તો પછી આ મનુષ્યો આગળ તો ના જ લાગે ને !

૭૨૧૩ શીલ ક્યારે ઉત્પન્ન થાય ? જ્ઞાની પુરુષે જ્ઞાન આપ્યા પછી પોતાની નવરાશનો ઉપયોગ શીલમાં કરે તો.

૭૨૧૪ શીલ તો રક્ષા કરે બધી રીતે. દેવલોકોથી, આ સાપ-જીવડાં ને બધા જાનવરોથી, એ બધાથી રક્ષા કરે.

૭૨૧૫ તમને જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું, એટલે સમયનો સાર પ્રાપ્ત થઈ ગયો. સમયસાર ! નહીં તો સમયનો અસાર રહ્યો કહેવાય.

૭૨૧૬ પાંચ આજ્ઞામાં રહેવું એ સમયસાર કહેવાય.

૭૨૧૭ અહંકાર વગર કૉમ્પ્લેક્સ ના હોય. અહંકારના આધારે કૉમ્પ્લેક્સ હોય.

૭૨૧૮ ઘણાને ઈન્ફિરિયારિટી કૉમ્પ્લેક્સ અને ઘણાને સુપિરિયારિટી કૉમ્પ્લેક્સ હોય. બન્ને કૉમ્પ્લેક્સ દેહાધ્યાસના છે, એમાં આત્માને કશું લેવાદેવા નથી.

૭૨૧૯ જ્ઞાની પ્રભાવશાળી હોય. એમને સુપિરિયારિટી કૉમ્પ્લેક્સ ના હોય.

૭૨૨૦ ચારિત્ર વગર તો પ્રભાવ જ ના પડે. કંઈ પણ ચારિત્ર નથી ત્યાં પ્રભાવ જ નથી.

૭૨૨૧ પોતાનામાં ચારિત્રબળ હોય તો કોઈ માણસ ડરાવી શકે જ નહીં.

૭૨૨૨ જેટલા આ મોક્ષમાર્ગમાં જરૂરિયાત છે ને, એ બધા જ ગુણો ચારિત્ર શુદ્ધિથી ઉત્પન્ન થાય.

૭૨૨૩ ચારિત્રબળ વધે એટલે શ્રુતજ્ઞાન એ તરત જ મતિજ્ઞાનમાં પ્રગમી જાય.

૭૨૨૪ તમે સમભાવે નિકાલ કરવા માંડ્યો ત્યાંથી જ તપ થયું. એ અંદરના તપ થશે તે એટલો બધો મહીં પ્રભાવ ઉત્પન્ન થશે, કે પછી કોઈ કશું કરી શકે જ નહીં.

૭૨૨૫ સમભાવે નિકાલ કરે એટલે શક્તિ ગુણાકાર થાય. ફરીવારકે કરે તો એથી ડબલ ગુણા થાય.

૭૨૨૬ મહીં બરુ મારે તોય સમતા ના ખોવે અને લોક પગ દબાવે, માથું દબાવે કે ફૂલહાર ચડાવે તોય સમતા ના ખોવે એનું નામ 'તપ'.

૭૨૨૭ ફૉરેનની ગમે એટલી ફરિયાદ હોય, તોય પોતાના હોમની બહાર નીકળે નહીં, એ તપ કહેવાય.

૭૨૨૮ દરેક તપ એન્ડવાળું છે. કારણ કે એ સંયોગ છે ને ! એટલે દરેક સંયોગ એન્ડવાળો હોય, વિયોગી સ્વભાવનો.

૭૨૨૯ જો પોતાની સ્થિરતા હોય તો કશું થાય એવું નથી, પણ સ્થિરતા ડગે કે કર્મ પાછું ચોંટી પડે.

૭૨૩૦ 'હું ચંદુ છું' એ ઊડી ગયું એટલે હવે સંજોગો ભેગા ના કરે. 'હું ચંદુ હતો' ત્યાં સુધી સંજોગો ભેગા કરતો'તો.

૭૨૩૧ પોતે સહજમાં ગયો એટલે સંયોગ છૂટી ગયા. સંયોગમાંથી પોતે સહજમાં જઈ શકે અને સહજમાં

ગયા પછી સંયોગ છૂટી જાય (ખરી પડે).

૭૨૩૨ કર્મ સ્થિર હોય નહીં, અસ્થિર જ હોય. એટલે કર્મ નિરંતર ફર્યા જ કરે.

૭૨૩૩ અસ્થિર છે એ બધા જ્ઞેય છે અને સ્થિર છે એ જ્ઞાતા છે.

૭૨૩૪ 'જોનાર' તો હંમેશાં સ્થિર જ હોય. 'જોનાર' તણાય નહીં હંમેશાંય.

૭૨૩૫ જે 'સ્વ' શુદ્ધાત્મા છે, એ સિનેમાનો જોનારો છે અને આ 'પર' છે એ ચંચળ છે, સિનેમા છે, તેને આપણે જોયા કરવાનું. બધું ચંચળ એટલે આવે-જાય, આવે ને જાય, આપણે આવવા-જવાનું નથી હોતું.

૭૨૩૬ જ્ઞેય-જ્ઞાતાનો સંબંધ એટલે ખરાબ વિચાર આવે, સારા વિચાર આવે તો આપણે એના જાણકાર છીએ, નહીં કે એના આપણે કર્તા છીએ.

૭૨૩૭ 'વિચાર આવ્યો' એ છૂટ્યો, અને 'વિચાર કર્યો' એ બંધાયો. આવ્યો એટલે આપણી ઈચ્છા ના હોય તોય આવે.

૭૨૩૮ વિચાર આવે છે એટલા વિચાર કબૂલ છે, બીજા લાવવાની જરૂર નથી. લાવવા ગયા ત્યાં ઉપયોગ બગડશે.

૭૨૩૯ માઈન્ડ ઈઝ ફિલમ, એ જોવાની ફિલમ છે. તેના બદલે લોકો વિચાર કરે છે. મૂઆ, વિચાર કરવાના નહીં, માઈન્ડમાંથી શું શું વિચારો નીકળે છે એ જોયા કરવાના.

૭૨૪૦ મન જોડે તન્મયાકાર ના થવું. તન્મયાકાર થઈ ગયા હો, તો તેનેય જોવું. એક-બે ફેરો જોવાનો અભ્યાસ પડી ગયો એટલે પછી મન જોડે જુદું થઈ જાય.

૭૨૪૧ અભ્યાસથી જાગૃતિ ઉત્પન્ન થાય છે અને આ નબળાઈઓને લીધે જાગૃતિ પાછી ડલ થઈ જાય છે.

૭૨૪૨ મનની ફિલમ નિરંતર જોયા કરે અને તાદાત્મ્ય ના થાય, એ મુક્ત છે.

૭૨૪૩ બુદ્ધિ ઈમોશનલ હોય અને જ્ઞાન મોશનમાં હોય.

૭૨૪૪ ઈમોશનલ થઈ જાય છે એ જ મનુષ્યમાં નબળાઈ

છે ને ! નબળાઈમાં નબળાઈ હોય તો આ ઈમોશનલપણામાં.

૭૨૪૫ બુદ્ધિ હોય ત્યાં સુધી અહંકાર ઊભો રહે ને અહંકાર છે ત્યાં સુધી બુદ્ધિ ઊભી રહે. બેઉને સહિયારો વેપાર છે.

૭૨૪૬ જેવો અહંકાર એવી બુદ્ધિ. ગાંડો અહંકાર હોય તો બુદ્ધિ ગાંડી હોય.

૭૨૪૭ તારો જેટલો અહંકાર છે એટલી પાછળ બુદ્ધિ હોય જ. અહંકાર ઓછો થશે તેમ તેમ બુદ્ધિ ઓછી થશે.

૭૨૪૮ બુદ્ધિ હંમેશાં ઈમોશનલ જ કર્યા કરે. નફો આવે તોય ઈમોશનલ થઈ જાય અને ખોટ આવે તોય ઈમોશનલ થઈ જાય.

૭૨૪૯ બુદ્ધિ નફો-ખોટ દેખાડે. નફો-ખોટ એટલે દ્વંદ્વ જ દેખાડે. જંપીને બેસવા ના દે. તેથી અમે બુદ્ધિને વળાવી દીધી.

૭૨૫૦ જ્યારે ત્યારે અબુધ જ થવું પડશે. અમે અબુધ થયા તેનું તો આ ફળ મળ્યું અમને, અન્ઈમોશનલ !

૭૨૫૧ આ જગતમાં અન્ઈઝીપણું જેટલું હોય એટલી ખોટ. અન્ઈઝી હંમેશાં ખોટ જ લાવે.

૭૨૫૨ વ્યવહાર અન્ઈઝી થયો એ આપણી ભૂલ છે. ભૂલ થઈ માટે વ્યવહાર અન્ઈઝી થઈ ગયો.

૭૨૫૩ વ્યવહાર એટલે ફસામણની જગ્યા અને ફસામણમાંથી કેવી રીતે મુક્ત થવાય, મુક્ત થઈએ તો શું થાય, એ નિશ્ચય.

૭૨૫૪ પોતાના સ્વરૂપનું એ નિશ્ચય, બીજું બધું આ વ્યવહાર. ખાવું, પીવું, સંડાસ જવું, પૂરણ-ગલન એ બધું વ્યવહાર.

૭૨૫૫ આખો વ્યવહાર પરાશ્રિત છે અને પરભાર્યો છે. નિશ્ચય તમારો છે અને સ્વાશ્રિત છે.

૭૨૫૬ વ્યવહાર એટલે શું ? ઉપલક, સુપરફ્લુઅસ. એ છાતીએ વળગાડવાની ચીજ નહોય. અને નિશ્ચય એ છાતીએ વળગાડવાની ચીજ.

૭૨૫૭ આત્મા અવ્યાબાધ સ્વરૂપ છે. એના અવ્યાબાધને સહેજ પણ હરકત કરે એ બધું પરભાર્યું.

૭૨૫૮ પૂરણ-ગલન એટલે જે પૂર્વે ભર્યું છે, તે હવે ગલન

થાય, તું ભડકીશ નહીં. તેં ભરેલું છે, માટે તું ભડકીશ નહીં.

૭૨૫૯ તમને જ્ઞાન તો હમણે થયું, પણ પૂરણ કરતી વખતે અજ્ઞાન હતું. માટે ભૂલથી ભરેલું છે. પણ તે હવે જેવી રીતે આવ્યું'તું, એ રીતે જ જાય.

૭૨૬૦ આપણે ભર્યું'તું એવું જ નીકળ્યું, ભરેલો તે જ માલ ! અને એને માથે ઓઢી લઈએ એટલે અસર થાય. બાકી કોઈ વસ્તુ 'મારી ન્હોય' એમ બોલ્યું કે તરત છૂટું !

૭૨૬૧ આપણું વિજ્ઞાન તો સાવ ચોખ્ખો હિસાબ માગે. ભરતી વખતે સહી ને નીકળતી વખતેય સહી જોઈએ.

૭૨૬૨ જે પૂરેલું એ ગલન તો થયા વગર રહે જ નહીં ને, નહીં તો મુશ્કેલીમાં મુકાઈએ. એનો વાંધો નહીં રાખવાનો, તમારે જોયા કરવાનું.

૭૨૬૩ કો'કની ઉપર ક્રોધ થયો હોય, તે ગલન છે પણ 'આવું ન થવું જોઈએ' એમ જે કહે છે, એ ગલન શુદ્ધ થઈને ચાલ્યું ગયું.

૭૨૬૪ અજ્ઞાન ઊભું થાય એ ગુનો નથી પણ જ્ઞાનથી ધૂએ નહીં એ ગુનો છે.

૭૨૬૫ डिस्चार्ज में कोई वरीज़ करने की जरूर नहीं है चार्ज में वरीज़ करने की जरूर है।

૭૨૬૬ છોકરા જોડે બાપ ગુસ્સે થાય એ ક્રોધ ના કહેવાય. એ ક્રોધમાં અહંકાર ના ભળે. માટે એ ગુસ્સો કહેવાય.

૭૨૬૭ ક્રોધમાં મહીં અહંકાર બહુ ભરેલો હોય અને ગુસ્સામાં અહંકાર જૂજ હોય.

૭૨૬૮ ડિસ્ચાર્જમાં રાગ-દ્વેષ ના હોય. નવો માલ ભરવાનો હોય ત્યાં (ચાર્જમાં) રાગ-દ્વેષ હોય.

૭૨૬૯ જેને રાગ-દ્વેષ ના થાય ને એ બધા જ મોક્ષે જાય, પછી તે સ્ત્રી હોય કે પુરુષ હોય.

૭૨૭૦ સ્ત્રી કંઈ કાયમ સ્ત્રી હોતી નથી. સ્ત્રી એ તો પુદ્ગલનો ફેર છે, આત્માનો ફેર છે કંઈ ?

૭૨૭૧ કપટ એટલે પોતાની નબળાઈ ઉઘાડી થવા જ ના દે આખો દહાડો, અને પોતાનું શ્રેષ્ઠપણું ખાસ સ્થાપન

કર્યા કરે.

૭૨૭૨ ઓપન કર ને, એની મેળે કપટ પકડાઈ જશે. કપટને ઢાંક ઢાંક કરે એટલે કપટ પકડાય નહીં.

૭૨૭૩ એક અહંકાર કપટને ઢાંકે છે ને બીજો અહંકાર ઊભો થાય છે જ્ઞાને કરીને, તે એને ઉઘાડું કરી નાખે.

૭૨૭૪ 'ઓપન ટૂ સ્કાય', એને ગુનો કહેવાતો નથી, ગુપ્તને ગુનો કહેવાય છે. પોતાની જાતને પણ છેતરે છે એને ગુનો કહેવાય.

૭૨૭૫ આપણા પર કોઈને મોહ થયો, તો એ આપણો જ ગુનો છે !

૭૨૭૬ મોહી વધારે હોય તેમ વધારે પડતો ગોરો હોય. મોહ એટલે એની જોડે કપટ હોય જ.

૭૨૭૭ જેમ આ પંખા ફરે તો પાંખો દેખાય નહીં, તેમ મોહનું ચક્કર ફરે તેનાથી મોહનું સ્વરૂપ દેખાય નહીં. તે મોહ ઓછો થાય ત્યારે મોહનું સ્વરૂપ દેખાય.

૭૨૭૮ પોતે પોતાને જોઈ શકે જ નહીં એનું નામ મોહ.

૭૨૭૯ ‘હું ચંદુલાલ’ થયું એ મોહનો વિકલ્પ થયો, એનો આ સંસાર બધો ઊભો થઈ ગયો.

૭૨૮૦ શુદ્ધાત્મા એ કલ્પ કહેવાય અને ચંદુ વિકલ્પ કહેવાય. વિશેષ કલ્પના કરી. જે જરૂરિયાત નહીં, તેની કલ્પના કરી.

૭૨૮૧ ‘હું-મારું’ એ પોતાપણું કહેવાય.

૭૨૮૨ પોતાપણું છૂટી જાય તો એની મેળે ચાલ્યા કરે એવું છે. પણ તે છોડે નહીં ને ! કહેશે, ‘આમ થઈ જશે ને તેમ થઈ જશે.’

૭૨૮૩ ‘વ્યવસ્થિત’ એ પોતાપણું છોડવા માટે જ મેં આપેલું છે અને એક્ઝેક્ટ છે એ.

૭૨૮૪ આ પોતાપણું છે ત્યાં સુધી જ ભેદ છે અને ત્યાં સુધી ભગવાન છેટા છે. પોતાપણું છોડ્યું કે ભગવાન તમારી પાસે જ છે !

૭૨૮૫ રિયલ વ્યૂ પૉઈન્ટ સમજી ગયો ત્યારથી પોતે ‘હું હી’ દેખતો થયો ને ‘હું હી’ જ થઈ ગયો.

૭૨૮૬ ‘તું હી’ ત્યાં સુધી ભગવાન જુદા અને ‘હું હી’ ત્યાં

તો પોતે જ ભગવાન.

૭૨૮૭ આત્મા તો દ્વૈતાદ્વૈત છે. જ્યારે સાંસારિક કાર્યમાં હોય ત્યારે એ દ્વૈત છે અને પોતાનામાં હોય ત્યારે અદ્વૈત છે, એમ બન્ને રીતે છે, દેહધારી છે ત્યાં સુધી. અને સિદ્ધગતિમાં જાય છે ત્યારે સિદ્ધ એ દ્વૈતેય નથી ને અદ્વૈતેય નથી.

૭૨૮૮ દ્વૈત ને અદ્વૈત બેઉ દ્વંદ્વ ગુણ છે. એ દ્વંદ્વાતીત વસ્તુ નહોય. અને દ્વંદ્વાતીત થશે, ત્યાર પછી આત્યંતિક કલ્યાણ છે.

૭૨૮૯ દ્વૈતના આધારે અદ્વૈત છે. એટલે એ બન્ને રિલેટિવ છે. એટલે આ જો સમજવામાં આવે તો આત્મા જુદો છે, એવી સમજ પડે.

૭૨૯૦ અદ્વૈત એ શું છે ? છેલ્લો વિકલ્પ છે. પણ વિકલ્પ જ છે, નિર્વિકલ્પ નથી. દ્વૈતના વિકલ્પથી પર અને અદ્વૈતના વિકલ્પથીય પર એવા તમે નિર્વિકલ્પ શુદ્ધાત્મા થયા છો.

૭૨૯૧ અમે એક ક્ષણ વારેય દ્વંદ્વમાં ના હોઈએ. દ્વંદ્વાતીત એટલે અદ્વૈતનીય પર ગયેલા.

૭૨૯૨ જ્યારે હું થ્રી હંડ્રેડ સિક્સટી ડિગ્રીઝમાં હોઉં ત્યારે હું 'દાદા ભગવાન' તરીકે હોઉં છું અને જ્યારે ખાવા-પીવા બેસું ને આ બીજા કાર્ય કરવા બેસું, તે વખતે હું 'એ.એમ.પટેલ' તરીકે હોઉં. એટલે તે ઘડીએ ત્રણસો છપ્પન ડિગ્રી હોય.

૭૨૯૩ જ્ઞાન આપીએ તે ઘડીએ અમે પરમાત્મા સ્વરૂપ થઈ ગયા હોઈએ. તે વખતે બીજા કશા વ્યવહારમાં હોઈએ નહીં.

૭૨૯૪ તમારી પુણ્યૈએ મને આ પદ આપ્યું. પુણ્ય તમારા બધાના અને ડિગ્રી મને મળી !

૭૨૯૫ કેટલી ડિગ્રી સુધી પહોંચ્યો ? એ એની વાણી ઉપરથી ખબર પડે.

૭૨૯૬ જ્યારે સંપૂર્ણ અપરિગ્રહી થાય, ત્યારે માણસની છેલ્લામાં છેલ્લી વાણી નીકળે.

૭૨૯૭ સહજભાવે વાણી નીકળ્યા કરે. પોતે બોલે નહીં, આમ સહજભાવે નીકળ્યા જ કરે, એ દેશના કહેવાય.

૭૨૯૮ આત્મજ્ઞાન થયા પછી જ્ઞાનીઓ જે છે તેમની દેશના

હોય, ઉપદેશ ના હોય. ત્યાંથી તીર્થંકર સુધી દેશના.

૭૨૯૯ દેશના એટલે 'આ આમ કરો' એવું કોઈને કહે નહીં, 'આ ના કરો' એવું કોઈને કહે નહીં. દેશના નીકળ્યા કરે.

૭૩૦૦ દેશના એટલે જે વાણીનો કોઈ માલિક નહીં, એવી માલિકી વગરની વાણી ! એટલે અમે એને 'ટેપરેકર્ડ' કહીએ છીએ ને !

૭૩૦૧ વાણી સત્તામાં છે એવું ભાસે છે જગતને, આ તો બધી ટેપરેકર્ડ થયેલી છે.

૭૩૦૨ જો વાણી પોતાની સત્તામાં હોત ને, તો તો લોકો એવી વાણી ફેરવી નાખત, ખરેખરી. પણ આ તો ફેરવવી હોય તોય નથી ફરતી.

૭૩૦૩ ટેપરેકર્ડ બોલે છે એટલે તમારું ધારેલું બોલાય નહીં.

૭૩૦૪ તમને મનમાં ખાતરી થઈ ગઈ કે 'આ હું નથી બોલતો, ટેપરેકર્ડ જ છે' એટલે તમારો દેહાધ્યાસ સંપૂર્ણ ગયો.

૭૩૦૫ દેહાધ્યાસ ગયો નથી, ત્યાં સુધી એ લૌકિક ચારિત્ર છે અને દેહાધ્યાસ જાય ત્યાર પછી અલૌકિક ચારિત્ર ઉત્પન્ન થાય.

૭૩૦૬ ચારિત્ર એટલે આત્મચારિત્ર તરફ જતા ચારિત્રો બધા, એટલે સ્ટેપ બાય સ્ટેપ ચારિત્રો. સંસારમાંથી પાછા વળી અને આત્મા તરફના ચારિત્રો ઊભા થાય, ત્યાંથી એ ચારિત્ર ગણાય છે.

૭૩૦૭ ચારિત્રમાં કશું કરવું ના પડે. દર્શન-જ્ઞાનનું ફળ ચારિત્ર.

૭૩૦૮ એની એ જ વસ્તુ (મૂળ આત્મા) પોતાને પ્રતીતિમાં હોય ત્યાં સુધી દર્શન, એની એ વસ્તુ અનુભવમાં આવે એટલે જ્ઞાન અને એની એ વસ્તુ જોવામાં ને જાણવામાં આવે, દેખાયા જ કરે ત્યારે ચારિત્ર.

૭૩૦૯ ક્રમિકમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર હોય અને અક્રમમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય, પણ છેવટે પરિણામ શું આવવાનું ? તો કેવળજ્ઞાન ! કેવળજ્ઞાનનો પ્રકાશ એનો એ જ હોય.

૭૩૧૦ ઍબ્સૉલ્યૂટમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર જુદા નથી હોતા.

ઍબ્સૉલ્યૂટ થતા સુધી આ જુદું જુદું હોય છે. પછી ભેગું થઈ જાય, એક જ હોય.

૭૩૧૧ જ્ઞાન, દર્શન ને ચારિત્ર એક જ સ્વભાવમાં આવે, એટલે શુદ્ધ સમાધિ ત્યાં વર્ત્યા કરે.

૭૩૧૨ નિરંતર સહજ સુખ વર્ત્યા કરે અને નિરંતર સહજ સમાધિ રહે એનું નામ વીતરાગ માર્ગ.

૭૩૧૩ બધું સહજ હોવું જોઈએ. સહજ સુખ હોવું જોઈએ, સહજ આનંદ હોવો જોઈએ, સહજ મોક્ષ હોવો જોઈએ.

૭૩૧૪ 'વ્યવસ્થિત' તો બહુ ઊંચી વસ્તુ છે. 'વ્યવસ્થિત' સમજે ને, તો તેને આખો દહાડો સમાધિ જ રહે.

૭૩૧૫ શુદ્ધ વ્યવહાર એટલે એમાં કર્તાપણું જ નહીં, સહજ થયા કરે.

૭૩૧૬ તમારો વ્યવહાર શુદ્ધ વ્યવહાર કહેવાય. કર્તાપણું હોય ત્યાં સુધી સદ્વ્યવહાર. આ તો શુદ્ધ વ્યવહાર !

૭૩૧૭ જે વ્યવહાર થઈ રહ્યો છે એને જોયા કરીએ એનું નામ પૂર્ણ વ્યવહાર છે.

૭૩૧૮ સદ્‌વ્યવહાર કર્મ બંધાવે. શુદ્ધ વ્યવહાર કર્મ ના બંધાવે.

૭૩૧૯ આ અમારી પાંચ આજ્ઞા પાળે એ જ મોટામાં મોટી વ્યવહાર શુદ્ધિ.

૭૩૨૦ અંદર સંયમ એના જેવો કોઈ વ્યવહાર નહીં, એ જ સાચો શુદ્ધ વ્યવહાર.

૭૩૨૧ આંતરિક સંયમ રહે, એને મહાત્મા કહેવાય. બાહ્ય સંયમ તો હોય કે નાય હોય ! પોતે કષાય કરતો હોય ત્યાં સુધી મહાત્મા કહેવાય નહીં.

૭૩૨૨ અક્રમ વિજ્ઞાનમાં તો ક્રોધ-માન-માયા-લોભના સંયમને ચારિત્ર ગણ્યું છે.

૭૩૨૩ 'ચંદુભાઈ' ક્રોધ કરે પણ 'પોતે' મહીં અંદરથી ના પાડ્યા કરે. 'અરેરે, આ કેમ થાય છે ? આ ના થવું જોઈએ' એવું રહે એ આંતરિક સંયમ કહેવાય.

૭૩૨૪ આંતરિક ને બાહ્ય બેઉ સંયમ હોય તો તે અવતારમાં મોક્ષ થાય. અને એકલો આંતરિક સંયમ હોય ને બાહ્ય સંયમ ના હોય તો એક-બે અવતાર બાકી રહે.

૭૩૨૫ બ્રહ્મચર્યવ્રત સરકમસ્ટેન્શિયલ એવિડન્સ ભેગા થાય તો પાળી શકે. એમાં ભગવાનની કૃપાની જરૂર નથી. કૃપાથી તો મોક્ષ થાય.

૭૩૨૬ મોક્ષને ને પૈણવાને લેવાદેવા નથી. પૈણવું તો ભોગાવલી કર્મ બાકી હોય તો પૈણે અને ભોગાવલી કર્મ બાકી ના હોય તો ના પૈણે.

૭૩૨૭ લગ્ન કર્યા વગર ઈઝિલી મોક્ષ થાય અને લગ્ન કરેલાનો અન્ઈઝિલી મોક્ષ થાય. મોક્ષ તો બેઉનેય થવાનો.

૭૩૨૮ વિષય ડિસ્ચાર્જ સ્વરૂપે છે, પણ તે ડિસ્ચાર્જ એટલે શું ? નાછૂટકે, ના ગમતું કરવું પડે.

૭૩૨૯ પરણેલા સ્ત્રી-પુરુષ હોય એટલે એને વિષય ઈફેક્ટિવ હોય. ઈફેક્ટિવ એટલે પોતાની ઈચ્છા ન હોય છતાં કરવું પડે.

૭૩૩૦ હક્કનો વિષય હોય ને, એય ક્યાં સુધી ? તાવ ચઢ્યો હોય તો જ દવા પીજો. દવા તો મીઠી હોય, માટે પી પી કરવાની ?

૭૩૩૧ ડિસ્ચાર્જ સમજવાની ચીજ છે, બોલવાની ચીજ નહોય.

૭૩૩૨ વિષયમાં નીડરતા એટલે 'મને કશું અડે નહીં. મને તો જ્ઞાન મળી ગયું ને ! આ પરક્ષેત્રે છે, હવે શું વાંધો છે, આ તો ડિસ્ચાર્જ છે.' એ નીડરતા કહેવાય.

૭૩૩૩ 'આ વિષય તો ખરાબમાં ખરાબ વસ્તુ છે' એવો અભિપ્રાય નિરંતર રહે, પછી ખરાબ વિચાર આવે તોય તમારો આજનો ગુનો ચૌદ આની જેટલો માફ થાય. પણ જેને એવો અભિપ્રાય વર્તે છે કે આ વિષયમાં કશો વાંધો નથી, એ બિચારો માર્યો જ ગયો !

૭૩૩૪ જાગૃતિમાં જે થાય એ ડિસ્ચાર્જ છે. જાગૃતિ ના હોય એને ડિસ્ચાર્જ કહેવાય નહીં.

૭૩૩૫ હાસ્યનું પ્રમાણ વધી ગયું હોય ત્યારે જાગૃતિ ઊડી જાય. એવું દરેકનું પ્રમાણ વધી જાય તે ઘડીએ જાગૃતિ ઊડી જાય. નૉર્મલ હોય ત્યાં સુધી જાગૃતિમાં વાંધો ના આવે.

૭૩૩૬ ટેન્શન જ્યાં સુધી બિલો નૉર્મલ હોય ત્યાં સુધી જ્ઞાન

ખીલે. એબોવ નૉર્મલ ટેન્શન થયું, એટલે આત્મા જ ખોઈ નાખ્યો.

૭૩૩૭ કંઈ પણ લોકનિંદ્ય કાર્ય નહીં કરવું, એનું નામ ખાનદાન.

૭૩૩૮ 'હું લલવો' એનું નામ અહંકાર. અને 'હું લલ્લુભાઈ' એનું નામ માની.

૭૩૩૯ 'મારાપણું' બતાવવું એ અભિમાન અને 'હુંપણું' બતાવવું એ અહંકાર.

૭૩૪૦ પોતાની વસ્તુ સામાને પોતાના માન માટે દેખાડવી, એનું નામ અભિમાન.

૭૩૪૧ અહંકાર કરજો, પણ આ અભિમાન ના કરશો. અહંકાર તો છૂટકો જ નથી, નાછૂટકે વળગેલો જ છે.

૭૩૪૨ અભિમાની હોય ને, તે આખો દહાડો અરીસામાં જો જો કરે, કે કેવો રૂપાળો છું ! અને લોકોને કહે, અમારા બાપ-દાદા આમ ને તેમ ને કુળવાન !

૭૩૪૩ એવું બોલે કે 'આ બધા શામળા છે.' એ પોતે ગોરો હોય તો એ ગોરાપણાનું એને અભિમાન છે, માટે એ એવું બોલે છે.

૭૩૪૪ આ સાધુ-સંન્યાસીઓ, ત્યાગીઓને અભિમાન ના હોય, એમને ગર્વ હોય અને અભિમાન આ ગૃહસ્થીઓને હોય.

૭૩૪૫ કાળું હોય, ગોરું હોય, કદરૂપું હોય, રૂપાળું હોય, બધું એક જ વસ્તુ. એ ફેરફારવાળું, પરિવર્તનશીલ છે. અને જે પરિવર્તનશીલ હોય એને રૂપાળું કહેવાય કેવી રીતે ?

૭૩૪૬ અમે તત્ત્વદૃષ્ટિથી જોનારા, બીજી દૃષ્ટિ અમારે ના હોય. આ પુદ્ગલનો એંઠવાડો તો બધે છે જ, એમાં શું નવું છે ?

૭૩૪૭ ભગવાન શું જોતા'તા, કે આ સ્ત્રી, આ પુરુષ, આ છોકરો એવું બધું નહીં, એક જ પુદ્ગલ.

૭૩૪૮ અનંત પ્રકારની અવસ્થાઓ છે, પણ પુદ્ગલ એક જ છે.

૭૩૪૯ આ જાતજાતની સીનસીનેરી ને એ બધું જોવાનું ગમે છે, ત્યાં સુધી તો સ્ત્રી ગમવી-ના ગમવી બધું સરખું જ છે. જેને બહાર જોવાનું કશું ગમે જ નહીં, મહીં જ જોવાનું ગમે એ જ શુદ્ધાત્મા.

૭૩૫૦ ભોજનાલય ને શૌચાલય, પૂરણ-ગલન ને શુદ્ધાત્મા; આ પાંચ વસ્તુ છે. એમાં સ્ત્રીવેદ છે જ ક્યાં ?

૭૩૫૧ સ્ત્રી એ સ્ત્રી તરીકે દેખાય, તો આત્મા એટલો છેટો રહે.

૭૩૫૨ પહેલી ને બીજી આજ્ઞા અમારી એટલી બધી મજબૂત છે, કે માણસ જાય ક્યાં પછી, વીતરાગ થયા વગર ?

૭૩૫૩ રિલેટિવને જોતા આવડ્યું એ રિયલ આવી ગયું.

૭૩૫૪ આ આંખે પહેલું તો રિલેટિવ જ દેખાય ને ? એટલે રિલેટિવ પહેલું દેખાય, પછી રિયલ દેખાય. રિલેટિવ જુઓ કે મહીં રિયલ તરત જોઈ લો.

૭૩૫૫ મનથી છે તે આગળ જોતા જવાનું, ઠોકર ના વાગે તે અને ચિત્તથી આ રિલેટિવ ને રિયલ જોયા કરવાનું. તો તમારે પુણિયા શ્રાવક જેવું જ સામાયિક થાય.

૭૩૫૬ આત્મા એક્ઝેક્ટ દેખાય તો જ પ્રેમ ઉત્પન્ન થાય. દેખાયા વગર પ્રેમ ઉત્પન્ન ના થાય.

૭૩૫૭ આ મહાત્માઓ પર પ્રેમ રાખે ને જે ભજે, તે પોતે 'દાદા' થઈ જાય.

૭૩૫૮ આ મહાત્માઓને ભજે ને મને ના ભજે તો ચાલે. કારણ કે મહાત્માઓ તે જ હું છું.

૭૩૫૯ હું ય ભજું છું આ મહાત્માઓને ! કારણ કે હું આ બધાનો શિષ્ય છું.

૭૩૬૦ અમારા મહાત્માઓને ચા પાશે તેનો ઉપકાર અમારી પર રહેશે. મહાત્માને જમાડે એ અમને જમાડ્યા બરાબર છે.

૭૩૬૧ શાંતિવાળા કરતાં પ્રેમાળ એ બહુ ઊંચી વસ્તુ કહેવાય ! પ્રેમાળ તો ભગવાનના ભાઈ કહેવાય.

૭૩૬૨ કોઈ કહે કે બરફ દઝાયો દેવતા અડાડવાથી, તો એ ખોટી વાત છે. એવી રીતે આત્મા અનંત સુખનું ધામ, એને દુઃખ અડ્યું કોઈ કહે તો ખોટી વાત છે.

૭૩૬૩ આત્માનો અનુભવ કરવો હોય તેને માંદગીમાં બહુ સરસ અનુભવ થાય.

૭૩૬૪ આપણા મહાત્માઓને તો જ્યારે મરણકાળ આવે છે ને, ત્યારે સંસારમાં ઊભા જ નથી રહેતા, હોમ

ડિપાર્ટમેન્ટમાં જ પેસી જાય છે.

૭૩૬૫ દેહને 'છોડી દેવો' એય ગુનો છે, 'નથી છોડવો' તેય ગુનો છે. એટલે શું બન્યું એ જોયા કરવાનું.

૭૩૬૬ ગતિનો આધાર લેશ્યા. એ લેશ્યા ફરે તો સમાધિમરણેય થાય.

૭૩૬૭ જેને સમાધિમરણ થાય તેને પીત કે પદ્મ લેશ્યા હોય.

૭૩૬૮ દરેકના વિચાર અને એના ભાવ, ભવિતવ્યતા બધું ભેગું થઈને લેશ્યા ચીતરાય.

૭૩૬૯ શુક્લ લેશ્યા ભગવાનની હોય. પદ્મ લેશ્યા એ જ્ઞાનીની હોય અને જ્ઞાનીના ફૉલોઅર્સની પીત લેશ્યા હોય.

૭૩૭૦ જેમ છે એમ યથાર્થ ન દેખવા દે અને ભ્રાંતિ ઉત્પન્ન કરાવડાવે, એ ચશ્મા એ દ્રવ્યકર્મ.

૭૩૭૧ જે ઊંધા ચશ્મા એવું દેખાડે છે, કે આ મારા ફાધર થાય, આ મધર થાય, એ બધું દેખાડે છે એ બધું દ્રવ્યકર્મ.

૭૩૭૨ ભાવકર્મ એટલે શું, કે દ્રવ્યકર્મરૂપી ચશ્મા બદલાયેલા છે, એટલે એને એમ ભાવ ઉત્પન્ન થાય છે કે આ મારો દુશ્મન છે, આ મારો મિત્ર છે.

૭૩૭૩ દ્રવ્યકર્મરૂપી ચશ્માના આધારે અત્યારે ભાવ થાય છે અને એ ભાવ થાય છે એટલે પાછા નવા ચશ્મા ઊભા થાય છે, આવતા ભવ માટેના દ્રવ્યકર્મ.

૭૩૭૪ મૂળ દ્રવ્યકર્મ કયા ? ત્યારે કહે, જેમાંથી ભાવકર્મ ઉત્પન્ન થાય છે.

૭૩૭૫ ભાવકર્મ સિવાય બીજા જે કર્મ થાય છે, કર્મફળ તે બધા નોકર્મ છે.

૭૩૭૬ જે કર્મ આંખે દેખાય, કાને સંભળાય, જીભે ચખાય એ બધા કર્મ નોકર્મ. ઈન્દ્રિયગમ્ય એ બધા નોકર્મ.

૭૩૭૭ કર્યા વગર છૂટકો જ નથી એ બધા નોકર્મ.

૭૩૭૮ દ્રવ્યકર્મમાં સુખ-દુઃખ નથી હોતું, દેહ હોય છે. પછી એમાંથી ઉત્પન્ન થતું હોય સુખ-દુઃખ, એ નોકર્મમાં જાય.

૭૩૭૯ જો 'તું શુદ્ધાત્મા છું' તો તને અડશે નહીં અને 'તું

ચંદુલાલ છું' તો તને અડશે, બસ એનું નામ નોકર્મ.

૭૩૮૦ પ્રારબ્ધ એટલે ફળ આપવાને માટે તૈયાર થયા તે કર્મ, સંચિત એટલે હજુ ફળ આપવાના માટે લાયકાત નથી તે કર્મો અને ક્રિયમાણ એટલે કર્મફળ આવ્યા છે તે.

૭૩૮૧ આ કર્મ બધા શરીરમાં જ છે. બહાર કોઈ જગ્યાએ છે જ નહીં. જેમ જેમ ઉદય આવે ને, તેમ ફળ આપવા તૈયાર થઈ જાય.

૭૩૮૨ જેમ આ કાચી કેરીઓ એની મેળે પાકે છે ને, સાખ થાય છે ને, એવી રીતે આ કર્મ પાકે છે, એનો ટાઈમ આવે ને, ત્યારે.

૭૩૮૩ સંચિત છે તે કૉઝિઝમાં જાય અને જે આ પ્રારબ્ધ અને ક્રિયમાણ છે એ બે ઈફેક્ટમાં જાય.

૭૩૮૪ આ જ્ઞાન પછી સંચિત ઊડી ગયા બધા, હવે પ્રારબ્ધકર્મ એકલું જ રહ્યું.

૭૩૮૫ કર્મના ઉદયમાં આત્માની જરૂર ખરી, અસ્તમાં નહીં. ડિસ્ચાર્જ એ બધા અસ્ત કહેવાય અને ચાર્જ એને ઉદય કહેવાય.

૭૩૮૬ પ્રવૃત્તિમાં નિવૃત્તિ હોય એને પ્રારબ્ધનો અંત થાય.

૭૩૮૭ જગતને નિવૃત્તિમાંય પ્રવૃત્તિ હોય છે. પ્રવૃત્તિમાં નિવૃત્તિ એનું નામ મોક્ષમાર્ગ.

૭૩૮૮ નિવૃત્તિમાં પ્રવૃત્તિ એટલે રાતે સૂઈ ગયા હોય ને ઓઢીને, તોય પાસા ફેરવ્યા કરે અને મહીં ને મહીં યોજનાઓ ઘડે.

૭૩૮૯ માલિકી ના હોય તેને પ્રવૃત્તિ નિવૃત્તિમય છે અને માલિકીવાળાને તો નિવૃત્તિ હોય તોય પ્રવૃત્તિ.

૭૩૯૦ કર્મ કરીએ છતાં અકર્મ, એટલે પ્રવૃત્તિમાં નિવૃત્તિ.

૭૩૯૧ જ્ઞાન પહેલા તમે કર્મની રાહ જોતા'તા, હવે કર્મ તમારી રાહ જુએ.

૭૩૯૨ બોજો ના રહે એનું નામ કર્મ ખપી ગયા કહેવાય.

૭૩૯૩ શુદ્ધાત્મામાં રહીએ તો કર્મ જલદી ખપી જાય.

૭૩૯૪ જો ચીકણા કર્મમાં આપણે ના ચોંટીએ અને જોયા કરીએ તો એ જલદી ખપી જાય.

૭૩૯૫ ભાવકર્મ બધાને જ હોય, પણ બુદ્ધિના આશય તો

દરેકને જુદા જુદા હોય. આશય એટલે પોતાની ઈચ્છાઓ ને સંકલ્પો ને પોતાની યોજના.

૭૩૯૬ તમારી બુદ્ધિ એક્સેપ્ટ કરે, એવી અમે સમજ પાડીએ. બુદ્ધિ એક્સેપ્ટ કરે તો એને સમજ કહેવાય.

૭૩૯૭ અમે જે વાત કરીએ એની ઉપર એને સૂઝ પડે, કે આ કરેક્ટ વાત છે. એને ભગવાને 'દર્શન' કહ્યું.

૭૩૯૮ સમજ અને દર્શન એક જ. દર્શનવાળો દર્શનથી બોલે તે સામાને સમજાય એનું નામ સમજ.

૭૩૯૯ અનડિસાઈડેડ જ્ઞાન એ દર્શન અને ડિસાઈડેડ જ્ઞાન એ જ્ઞાન.

૭૪૦૦ અહીં સો માણસ બેઠું હોય તો ભેળું જોઈ નાખે, કે બધા બેઠા છે, તો એ દર્શનક્રિયા કહેવાય અને આ ચંદુભાઈ, મગનભાઈ, આ લલ્લુભાઈ, તે જ્ઞાનક્રિયા કહેવાય.

૭૪૦૧ અમે સામાન્યભાવે બધું જોઈએ. વિશેષભાવે ના જોઈએ, કે આ ડાહ્યા છે ને આ અક્કલ વગરના છે ને એ બધી ભાંજગડમાં અમે ક્યાં પડીએ ?

૭૪૦૨ રિયલ-રિલેટિવ જોવાનો જેટલો અભ્યાસ કરે ને, એટલે પછી વિશેષ પરિણામ ઊડી જાય. વિશેષ પરિણામથી અભિપ્રાય ઊભા થાય.

૭૪૦૩ તીર્થંકર થવાનું એટલે શું ? નિરંતર એક જગત કલ્યાણની જ ભાવના. એ ભાવના હોય તો જ પછી છે તે તેનું તીર્થંકર ગોત્ર બંધાય.

૭૪૦૪ તીર્થંકર તો આખા બ્રહ્માંડનું પુણ્ય, દેવલોકો ને એ બધાનું પુણ્ય એક જ માણસમાં ભેગું થયું હોય.

૭૪૦૫ લોકપૂજ્ય એટલે શું ? કે એ જતા હોય ને, તોય પાછળથી લોક આમ આમ જે' જે' કરે. ઓઢીને સૂઈ ગયા હોય ને, તોય લોકો દર્શન કરીને જાય.

૭૪૦૬ લોક પાછળથી પણ આમ જે' જે' કરે એ લોકપૂજ્ય કહેવાય. આ તો આવે ત્યારે બાપજીને જે' જે' કરે ને જાય ત્યારે કંઈ નહીં, તો એ લોકપૂજ્ય કહેવાય નહીં ને !

૭૪૦૭ લોક જે' જે' કરે, પગે લાગે, તે આપણે ક્યારે એક્સેપ્ટ કરાય, કે આપણને એ 'કામના' ના હોય

ત્યારે. અને જો કામના છે તો એ કામના વધતી જશે, તો બન્નેનું અહિત થશે.

૭૪૦૮ જો તમારા લોકનિંદ્ય કાર્ય બંધ થઈ જશે, તો તમે લોકપૂજ્યમાં આવી ગયા. ભલે લોક પૂજતા નથી, તોય લોકપૂજ્યમાં આવ્યા. કારણ કે આ કાળમાં પરીક્ષા કઠણ છે.

૭૪૦૯ ચોખ્ખા માણસો છે ને, તે આ જગતને બહુ ટેકારૂપ થઈ પડશે. ભલે ઓછું જાણતો હશે તેનો વાંધો નહીં, પણ ચોખ્ખો હોવો જોઈએ, પ્યૉર !

૭૪૧૦ જગતનું કલ્યાણ કરી શકે એવો હોય તો જ પોતાના આત્માનું કલ્યાણ થાય, નહીં તો થાય નહીં.

૭૪૧૧ કલ્યાણ કરવાની ભાવનાવાળો પોતાનો સ્વાર્થ ના જુએ, સામાનું હિત જુએ. પોતાનો સ્વાર્થ છોડી દે તો થઈ ગયો જગતને કલ્યાણકારી !

૭૪૧૨ કોઈ આપણાથી ડરે નહીં, ભડકે નહીં, બધાને પ્રેમ ઉત્પન્ન થાય, પૂજ્યતા ઉત્પન્ન થાય આપણા પર, એટલે જાણવું કે આપણે કલ્યાણ સ્વરૂપ થયા !

૭૪૧૩ કલ્યાણની ભાવના રાખવાની બધાને છૂટ જ હોય, પણ કરવા માટેનો એનો પ્રયોગ ના હોવો જોઈએ. પ્રયોગ તો બધાનો લીલો વાવટો ધરેલો હોય ત્યારે પ્રયોગ શરૂ થાય.

૭૪૧૪ હળુકર્મી હોય ત્યારે બ્રહ્મચર્ય વ્રત લઈ શકાય છે.

૭૪૧૫ પહેલું પોતાનું કલ્યાણ થઈ જાય, ત્યાર પછી તમને જોઈને જ કલ્યાણ થઈ જાય સામાનું. હું કંઈ કલ્યાણ કરતો નથી, મને જોઈને સામાનું કલ્યાણ થઈ જાય છે.

૭૪૧૬ પોતાનું દુઃખ મટે તો જ જગત કલ્યાણની ભાવના ઉત્પન્ન થાય.

૭૪૧૭ પરમાત્માનો મુખ્ય ગુણ પ્રેમ છે. પ્રેમસ્વરૂપ દેખાય તો જ જાણવું કે અહીં આગળ પરમાત્માપણું છે.

૭૪૧૮ અહંકાર ને શુદ્ધ પ્રેમ, બે સાથે રહી શકે નહીં.

૭૪૧૯ જગત જોડે પ્રેમસ્વરૂપે રહીશું તો જ વીતરાગ થવાય, નહીં તો થવાય નહીં ને ! પહેલું પ્રેમસ્વરૂપ થાય પછી વીતરાગ થાય.

૭૪૨૦ અમારામાં આ પ્રેમ પ્રગટ થયેલો છે. તે કેટલાય માણસ અમારા પ્રેમથી જ જીવે છે. નિરંતર દાદા, દાદા, દાદા ! ખાવાનું ના મળે તોયે કશો વાંધો નહીં.

૭૪૨૧ મારી પાસે તો પ્રેમ જ એકલો છે. જે દેવાનું છે એ તમારું જ છે અને લેવાનું છે નહીં ! એટલે આ પ્રેમની દૃષ્ટિથી લોકોનું કલ્યાણ થઈ જાય ને, નહીં તો થાય નહીં ને !

૭૪૨૨ અમારી વાણી ઓપન પ્રેમમય હોય. સહુ લોકને એમ લાગે કે 'દાદાને મારી પર વધારે પ્રેમ છે.'

૭૪૨૩ અમારા પ્રેમના ઘાટમાં આવેલો માણસ પછી બચે નહીં, પછી છૂટે નહીં એ.

૭૪૨૪ મારી જોડે સ્વાર્થ વગરનો પ્રેમ રાખશે, એ મૂરખ કહેવાશે. સ્વાર્થ સહિત પ્રેમ રાખો. દાદા પાસે જે છે એ બધું લૂંટી લેવાનો પ્રયત્ન કરો.

૭૪૨૫ લૂંટવા જેવા આ દાદા એકલા જ છે ! બીજા કોઈ લૂંટવા જેવા હોય નહીં ને !

૭૪૨૬ અમને તમારું કલ્યાણ થાય, મોક્ષ થાય એવી ભાવના હોય ને પૂર્ણ વીતરાગને એ ભાવના ના હોય. પૂર્ણ વીતરાગના તો તમે દર્શન કરો કે તમને કેવળજ્ઞાન થઈ જાય.

૭૪૨૭ અમે ખટપટિયા ને વીતરાગ છીએ, ખટપટિયા વીતરાગ ! મોક્ષનું દાન આપવા આવ્યા છીએ.

૭૪૨૮ જ્ઞાની પુરુષ મોક્ષદાતા છે, એટલે મોક્ષનું દાન આપવા આવ્યા છે. જેને જોઈતો હોય તેણે માગી લેવો. માગ્યા વગર તો માએ ના પીરસે.

૭૪૨૯ પેલા ભૌતિક દાનમાં તો લેતી વખતે હાથ નીચે રાખવો પડે છે. આ મુક્તિપણાના દાનમાં તમારે ઉપર હાથ રાખવાનો, અમારો હાથ નીચે.

૭૪૩૦ કોઈ રીતે અમે હાથ ધરાવડાવીએ એવા માણસ નથી. અમે હાથ ધરીએ પણ તમે ના ધરશો.

૭૪૩૧ મારે તમને કંઈ લાચાર નથી બનાવવા, તમને ભગવાન બનાવવા છે !

૭૪૩૨ હું તો નિમિત્ત છું, પણ તમારે નિમિત્ત ના માનવું જોઈએ. કારણ કે તમે નિમિત્ત માનો તો તમને પૂરો

લાભ નહીં મળે.

૭૪૩૩ સાચો પ્રેમ ઉત્પન્ન ક્યારે થાય ? સંપૂર્ણ મમતા જાય ત્યારે થાય.

૭૪૩૪ જ્ઞાની પુરુષનો પ્રેમ જોઈને બધા ખુશ થઈ જાય. સાચો પ્રેમ જુએ એટલે પછી એ સ્વપ્નામાં આવે.

૭૪૩૫ સાચો પ્રેમ હોય ને, ત્યારે સંબંધ કેવો થાય ? ગોપી અને કૃષ્ણનો સંબંધ હતો એવો સંબંધ થાય. નિરંતર સાંભર્યા કરે, ભુલાય જ નહીં.

૭૪૩૬ એટેચમેન્ટ હોતું જ નથી, સાચા પ્રેમમાં. સાચો પ્રેમ તો સાંભર્યા જ કરે. એટેચમેન્ટ તો પ્રેમનું વિકારી સ્વરૂપ છે.

૭૪૩૭ પ્રેમ અનુભૂતિ નથી, પ્રેમ તો સ્વભાવ છે. અનુભૂતિ હોય તો ઊડી જાય અને પ્રેમ કાયમને માટે રહે.

૭૪૩૮ સ્વાર્થ એ કપટ નહોય. સ્વાર્થ એ પુદ્ગલનો સ્વભાવ છે.

૭૪૩૯ સ્વાર્થીનો વાંધો નહીં, કપટનો જ વાંધો છે. કપટ એ પૉઈઝનસ છે અને સ્વાર્થ પૉઈઝનસ નથી.

૭૪૪૦ અપમાનના ભયથી જૂઠું બોલવું પડે, એ કંઈ ખાસ કપટ ના કહેવાય. કપટ તો બધી લાલચો પૂરી કરવા હોય છે.

૭૪૪૧ જે લાલચુ નથી એને કપટ ના હોય.

૭૪૪૨ જૂઠું ને કપટ બે જુદી વસ્તુ છે. જૂઠું તો પોતાને ખબર પડે કે આ હું જૂઠું બોલ્યો છું પણ કપટ ખબર ના પડે.

૭૪૪૩ પોતાનું ધાર્યું કરાવવા માટે પહેલું કપટ કરે ને કપટથી ના થાય તો ત્રાગુંયે કરે પણ ધાર્યું કરાવે ત્યારે છોડે.

૭૪૪૪ બે પ્રકારના ત્રાગાઃ એક આ રિસાઈ જવા જેવું, એટલે સામો દયામાં આવીને છોડી દે એવું અને એક ત્રાગું તો સામાને દબાઈ જવું પડે.

૭૪૪૫ ત્રાગાનું જોખમ શું ? તિર્યંચગતિ આખી ઓળંગી નાખે, એટલે સીધો જ નર્કમાં જાય.

૭૪૪૬ મન શરીરની બહાર નીકળે નહીં, ચિત્ત બહાર ભટકે.

૭૪૪૭ ચિત્ત હંમેશાં શરીરમાંય ભટકે અને બહારેય ભટકે.

૭૪૪૮ મનમાં જોવાની શક્તિ નથી અને ચિત્તમાં જ્ઞાન અને દર્શન બન્ને શક્તિઓ રહેલી છે.

૭૪૪૯ અમારી આજ્ઞામાં રહે એટલે ચિત્તના ફોટા પડતા બંધ થઈ જાય.

૭૪૫૦ આ અંતઃકરણ જે છે, એ જ્યારે વિચારવામાં પડે છે ત્યારે એ જ અંતઃકરણ મનરૂપે થાય છે અને જ્યારે બહાર ભટક ભટક કરે છે ત્યારે ચિત્તરૂપે થાય છે.

૭૪૫૧ રવિવારને દહાડે બેસવું અને એક કલાક ચિત્તને જોવું, તો ચિત્ત કોઈ જગ્યાએ આઘુંપાછું ના થાય. એવું જો કદી આખો દહાડો રહે ને એવું જો જિંદગીભર રહે, તો થઈ રહ્યું.

૭૪૫૨ આજ્ઞામાં ન રહેવાયું તે ઈફેક્ટ છે, પણ રહેવાની જેને ઈચ્છા ને સંપૂર્ણ સહમતી છે, એનું નામ આજ્ઞા પાળી કહેવાય.

૭૪૫૩ શું થઈ રહ્યું છે, એ જ જોયા કરવાનું છે. આજ્ઞા ન પળાતી હોય એને જો જાણે, તો એ આજ્ઞા પાળ્યા બરોબર છે. જ્ઞાતા-દ્રષ્ટા રહ્યો એટલે પાંચ આજ્ઞા પળાઈ ગઈ.

૭૪૫૪ આજ્ઞા તમારાથી જેટલી પળાય એટલી પાળવાની. પૂરેપૂરી પાળવાની કહું તો હું જોખમદાર કહેવાઉ. કારણ કે તમારાથી ન પળાય એટલે તમને ચિંતા થાય, વરિઝ થાય. એ તો ઊલટું મેં તમને દુઃખમાં નાખ્યા.

૭૪૫૫ પાંચ આજ્ઞા પાળવામાં કચાશ રહે ને, તો બે-ત્રણ અવતાર થાય અને પાંચ આજ્ઞા સારી રીતે પળાતી હોય સિત્તેર ટકા, તો એક અવતારી !

૭૪૫૬ આજ્ઞા કોઈ અઘરી પડે તો તમારે મને કહેવું, એનો વાંધો નહીં. હું અઘરું કરવા નથી આવ્યો, સહેલું કરવા આવ્યો છું.

૭૪૫૭ પાંચ આજ્ઞા જ આખા વર્લ્ડનો સાર છે, બધા શાસ્ત્રોનો સાર છે એની મહીં.

૭૪૫૮ આ ચૌદ આપ્તવાણીઓ છે, તે બધા આગમોના સારરૂપે છે. એટલે લોકોને આગમની જરૂર નહીં પડે.

૭૪૫૯ ચૌદ આપ્તવાણી ચૌદ ગુંઠાણાને ઉડાડી મેલનારી,

પાર કરાવે તેવી છે. એ સમજમાં બેસી ગઈ, ગેડમાં બેસી ગઈ, તો ઉકેલ આવી જાય.

૭૪૬૦ 'આપ્ત' એટલે સંસારમાં પણ વિશ્વાસ કરવા યોગ્ય ને ઠેઠ મોક્ષમાં જવા માટે પણ વિશ્વાસ કરવા યોગ્ય.

૭૪૬૧ 'આપ્તવાણી' એટલે જે પ્રત્યક્ષ વીતરાગોની વાણી 'આપ્ત' થ્રૂ નીકળે એ વીતરાગની વાણી કહેવાય.

૭૪૬૨ આપ્તવાણીથી દૃષ્ટિ બદલાય, બાકી શાસ્ત્રો દૃષ્ટિ બદલી આપે નહીં. આપ્તવાણી તો અનુભવ વાણી છે ને, એટલે દૃષ્ટિ બદલાય એવું છે. દૃષ્ટિ બદલાય તો મોક્ષ થઈ જાય.

૭૪૬૩ આ આપ્તવાણીઓ બહુ હેલ્પ કરશે, જેમ જેમ આગળ લોકોને હાથમાં આવશે તેમ તેમ. કારણ કે દરેક ખૂણાની સમજ એમાં મૂકેલી છે. એવો કોઈ ખૂણો નથી કે જેની સમજ મૂકવાની બાકી રહી હોય.

૭૪૬૪ જો મહીં ઊંડો ઊતરે તો મારા જેવું મગજ (વિચારક) કરી નાખે એવી આ આપ્તવાણી છે.

૭૪૬૫ સ્થૂળ દોષો ને સૂક્ષ્મ દોષો એ નુકસાનકારક હોય બીજાને, અને સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ દોષો કોઈને નુકસાનકારક ના હોય, પોતાને જ નુકસાન કરતા હોય.

૭૪૬૬ કોઈ કહે કે મારે દોષ થઈ રહ્યા, એટલે અધોગતિ નોતરી ઊલટી. એટલે સમજણ જ એની ખલાસ થઈ ગઈ.

૭૪૬૭ દોષ રહ્યો ના હોય એ સમર્થ પુરુષ કહેવાય. એટલે બીજાના દોષ હઉ તોડી નાખે એવું સામર્થ્ય હોય એમનામાં.

૭૪૬૮ દોષો થાય એનો વાંધો નથી પણ શાથી થાય છે, શી રીતે થઈ રહ્યા છે, અને કેમ જાય, એ બધું જાણવાની જરૂર છે.

૭૪૬૯ આત્મા છે તો દોષ દેખાય છે. પણ દોષો દોષ નથી, એ જ્ઞેય છે અને તમે જ્ઞાતા છો.

૭૪૭૦ જેટલા દોષ દેખાય એટલા દોષનીય મુક્તિ થઈ અને આપણીય મુક્તિ થઈ. એ દેખાય નહીં ત્યાં સુધી બંધન.

૭૪૭૧ દેખ્યું એનું નામ કહેવાય કે પ્રતિક્રમણ સહિત જ હોય.

૭૪૭૨ 'આમ હોવું ન ઘટે' એ પ્રતિક્રમણ જ છે. આપણો અભિપ્રાય ફર્યો ને ! જેમતેમ અભિપ્રાય ફેરવવાનો છે.

૭૪૭૩ પ્રતિક્રમણ કરો ને, એટલે તમારી જોખમદારીનો એન્ડ છે અને મારી જોખમદારીની બિગિનિંગ.

૭૪૭૪ પ્રતિક્રમણ કર્યું તો જાણવું કે આજે આપણો અભિપ્રાય નથી એમાં, પૂર્વ ફોર્સથી થયા કરે છે.

૭૪૭૫ આપણો અભિપ્રાય બદલ્યા પછી, કર્મ તો કેવું છે ? ત્રણ ફૂટથી એક દડો નાખ્યો, એ બીજી વખત રિઍક્શન અઢી ફૂટનું થાય, પછી બે ફૂટ થઈને એ બે-ચાર વખતમાં બંધ થઈ જાય.

૭૪૭૬ કેટલા બધા અભિપ્રાયો ઊભા કરી કરીને તો આ છીંડું જગતનું પહોળું કર્યું ! આપણે હવે અભિપ્રાયો બંધ કરી કરીને પાછા મૂળ જગ્યાએ જવાનું.

૭૪૭૭ દરેક કર્મો હલકા જ છે. આ તો તમે ભારે કર્યા છે. તમે ભારે થયા ને, તેમ કર્મો ભારે થતા ગયા.

૭૪૭૮ હળુકર્મી એટલે કોઈ મુશ્કેલીનું કર્મ જ એની પાસે ના આવે અને આખા દહાડામાં કર્મ જ બહુ ના હોય, નવરો ને નવરો જ હોય, આજુબાજુના સંજોગોય એને ઍડજસ્ટ થાય એવા હોય.

૭૪૭૯ ઘણોખરો કર્મનો બોજો હલકો થયો હોય અને હળુકર્મી થયેલો હોય, ત્યારે જ્ઞાની પુરુષ ભેગા થાય.

૭૪૮૦ જ્ઞાની પુરુષની પાસે પ્રશ્નો કરો, પણ ખુલાસા પૂરતા. પછી તો એમનું વીતરાગ વર્તન નિહાળો. તો તમને એ ગુણો ઉત્પન્ન થશે.

૭૪૮૧ જ્ઞાની પુરુષ મળ્યા પછી એ વાત કરતા હોય તો સાંભળવી, નહીં તો એમને જોયા જ કરવા. એમની વીતરાગતા જોવી.

૭૪૮૨ ગૂંચવાડાનું સમાધાન કરવા માટે પ્રશ્નો હોય, વિકલ્પોનું સમાધાન કરવા માટે પ્રશ્નો ના હોય.

૭૪૮૩ આપણને અડચણ પડે એટલું જ્ઞાની પુરુષને પૂછવું. અડચણ વગર પૂછ પૂછ કરીએ તો મન વિકલ્પે ચઢી જાય.

૭૪૮૪ પોતાની જે માતૃભાષા હોય તે મધર છે માઈન્ડની અને અભિપ્રાય એ ફાધર છે, એમાંથી આ માઈન્ડ ઊભું થયું છે.

૭૪૮૫ મનનો ફાધર અભિપ્રાય. જેના અભિપ્રાય ગયા, એના મનની મા રાંડેલી છે. એટલે છોકરો જ ના થાય. આ ઝીણી વાત છે બહુ.

૭૪૮૬ 'આ કેરી ખરાબ છે', એવું હું 'ખરાબ' બોલું, કે તરત ફેરવી નાખું કે 'આ મારે શા હારુ ખરાબ ને ખોટું ?' એ અભિપ્રાય ઊડી ગયો.

૭૪૮૭ મારું મન કેમ વશ વર્તે છે ? કારણ કે હું અભિપ્રાય જ નથી આપતો.

૭૪૮૮ મને વર્લ્ડમાં કોઈ માણસને માટે કશો અભિપ્રાય નથી. મને નાલાયક કહે તેને માટે ખરાબ અભિપ્રાય નથી અને ફૂલો ચઢાવે તેને માટે સારો અભિપ્રાય નથી.

૭૪૮૯ કશો અભિપ્રાય આપશો નહીં, તો તમારું મન છે તે ઘૈડું થઈ જશે, પાંચ વરસમાં તો બિલકુલ લૂઝ. તમારા કહ્યા પ્રમાણે એ ચાલશે.

૭૪૯૦ જ્ઞાની પુરુષ તો અજાયબી કહેવાય વર્લ્ડની ! ભગવાનના ઉપરી કહેવાય, ભગવાન એમને વશ થયા છે માટે !

૭૪૯૧ અમે કેવળજ્ઞાનની પરીક્ષામાં નાપાસ થયા, તેથી તો આ તમારે ભાગે આવ્યા. નહીં તો ક્યાંથી તમારે ભાગે આવે ?

૭૪૯૨ આપણે મોક્ષ ખોળવા જવાનો નથી, સામો આવી રહ્યો છે.

૭૪૯૩ આ એક વૈજ્ઞાનિક જ્ઞાન એવું છે કે તારે જો મોક્ષે ન જવું હોય તો આ જ્ઞાન પ્રાપ્ત ન કરીશ અને કરું તો આજ્ઞા પાળવાની છોડી દેજે (!)

૭૪૯૪ જો ખોદી નહીં નાખો તો આ જ્ઞાન જ તમને મોક્ષે લઈ જશે. તમારે એની ચિંતાય કરવાની જરૂર નથી, ઈચ્છાય કરવાની જરૂર નથી.

૭૪૯૫ મારી જોડે એક કલાક મતભેદ કરે ને, તો જ્ઞાન બધું આખુંય જતું રહે. એ ઊંધું કર્યું કહેવાય.

૭૪૯૬ જ્ઞાની પુરુષ કહે કે, 'ઊંધે પગે ચાલ', તો ઊંધે પગે

ચાલે એનું નામ ફૉલોઅર્સ કહેવાય.

૭૪૯૭ દાદાની ભૂલ થાય જ નહીં, પણ એમની ભૂલ જુએ તો પડી જાય એ. ખલાસ થઈ ગયો એ પોતે.

૭૪૯૮ અમારી વાત ના સમજાય તો એને બાજુએ મૂકી રાખવી. એક દહાડો સમજાશે, વહેલી-મોડી.

૭૪૯૯ અહંકાર સ્વભાવે આંધળો છે, એટલે હિતાહિત સમજી શકે નહીં.

૭૫૦૦ રિસાય કોણ ? બહુ ચોખ્ખો હોય તે રિસાય. ચોખ્ખો ભલે રહ્યો પણ એ રિસાવાનું કાઢી નાખવું.

૭૫૦૧ આ દુનિયામાં રિસાય એનું બધું જ જાય.

૭૫૦૨ જ્ઞાની પુરુષની પાસે એક્સપ્લેનેશન ના ખોળે તો હું જાણું કે આ મોટામાં મોટો વિનય છે.

૭૫૦૩ જે એક્સપ્લેનેશન માગે એ ગુનેગાર છે, એવો અમારે અહીં કાયદો છે.

૭૫૦૪ વ્યવસ્થિતનો ખુલાસો માગવો એનું નામ અવ્યવસ્થિત.

૭૫૦૫ એક્ઝેક્ટ વ્યવસ્થિત છે ! 'વ્યવસ્થિત' ઉપર જે શંકા કરે તે આત્માની પર શંકા કર્યા બરાબર છે !

૭૫૦૬ વ્યવસ્થિતમાં એક વાળ જેટલી પણ શંકા એ જ દુઃખ.

૭૫૦૭ પરમ વિનય એટલે ટકોરવું જ ના પડે. આપણે આખી જિંદગી ભેગા રહીએ પણ ટકોરવું ના પડે.

૭૫૦૮ તમે બધા અવિનય નથી કરતા એ વિનય છે અને સહેજ વિનય કરો છો એ પરમ વિનય છે. કારણ કે તમારું ગજું નહીં વિનય કરવાનું.

૭૫૦૯ પરમ વિનય એટલે 'આત્મવત્ સર્વ ભૂતેષુ' થાય. ઝાડ-પાન બધામાં ભગવાન જ દેખાય, ત્યારે પરમ વિનય ઉત્પન્ન થાય.

૭૫૧૦ હોમનું ફૉરેનમાં ના પેસી જાય ને ફૉરેનનું હોમમાં ના પેસી જાય, એવું હોમ ને ફૉરેન વચ્ચે પોતાની જાગૃતિ રાખવાની. એને જ પરમ વિનય કહ્યો. પછી તેનું ફળ અભેદતા છે.

૭૫૧૧ જ્ઞાન પછી દહાડે દહાડે અભેદતા વધતી જાય. આ

રૂમમાં જે બધા બેઠા છે તેની જોડે અભેદતા વર્તે. પછી આખા ગામ જોડે, પછી આ હિન્દુસ્તાન જોડે, પછી આખી દુનિયા જોડે અભેદતા વર્તે.

૭૫૧૨ પરમ વિનયવાળાનું નામકર્મ બહુ મોટું હોય. એનો હાથ અડે તોય કો'કનું કલ્યાણ થઈ જાય.

૭૫૧૩ યશ નામકર્મ એટલે લોકોનું કેમ કલ્યાણ થાય એ જ ભાવના ! પોતાના દુશ્મનનુંય કેમ કલ્યાણ થાય એ જ ભાવના !

૭૫૧૪ અમારી ક્રિયામાં કોઈએ પડવું ના જોઈએ. અમારું દર્શન કે અમારી સૂઝ એમાં પડવા જેવું છે.

૭૫૧૫ હું કહું છું, કે આ મારી પાસે આવીને જોઈને શીખો ને ! આમ ચોપડીઓથી નહીં આવડે બધું. છતાંય ના ફાવે તો આ પાંચ આજ્ઞા છે.

૭૫૧૬ જ્ઞાન શીખવું ના પડે, અજ્ઞાન શીખવું પડે અને જ્ઞાન તો જોવાથી જ આવડી જાય. એ પરિચયમાં રહ્યા ને એ પરિચય વધે એટલે ઑલ રાઈટ થઈ જાય, એક્ઝેક્ટનેસ આવી જાય.

૭૫૧૭ આ સ્ત્રીઓને નિદિધ્યાસન એક્ઝેક્ટનેસમાં દેખાય. કારણ કે એની બુદ્ધિ બહુ કૂદાકૂદ ના કરે ને ! અને પુરુષોને તો બુદ્ધિ બહુ કૂદાકૂદ કરે, એટલે એક્ઝેક્ટનેસમાં ના રહે.

૭૫૧૮ દાદાનો વિરહો રહે, એ વિરહાગ્નિ તો મોટામાં મોટું નિદિધ્યાસન છે.

૭૫૧૯ વિરહનું તો બહુ મોટું ફળ મળે. કારણ કે વિરહવાળો બહાર ના હોય કોઈ જગ્યાએ, અંદર જ હોય.

૭૫૨૦ વિરહો એક પ્રકારની ભટ્ટી છે, એ શુદ્ધતા લાવે.

૭૫૨૧ હું ભેગો ના થઉં, ત્યારે તમારે શું કરવું ? તો આજ્ઞા પાળો એટલે હું ભેગો થયા બરાબર.

૭૫૨૨ આ 'દાદા' એ ફર્સ્ટ પ્રત્યક્ષ છે અને આ આજ્ઞા એ સેકન્ડ પ્રત્યક્ષ છે.

૭૫૨૩ આ પાંચ આજ્ઞા છે, એ જ દાદા છે. એ પાંચ આજ્ઞાની જોડે તમે સંગ રાખો એ દાદાનો સંગ છે.

૭૫૨૪ આજ્ઞા એ જ ધર્મ ને આજ્ઞા એ જ તપ છે અને આજ્ઞા એ જ દાદા છે !

૭૫૨૫ જ્યાં સુધી આપણી પરિપૂર્ણ દશા થાય નહીં, ત્યાં સુધી જ્ઞાની પર છે તે વિરહ વેદના રહેવી જોઈએ.

૭૫૨૬ બહાર ગમે એટલા લોકો સળીઓ કરે, તોફાન કરે પણ મહીં સ્થિરતા ડગે નહીં, ત્યારે જાણવું કે આ પરિપૂર્ણ દશા થઈ છે.

૭૫૨૭ ખુદને જાણીને ખુદમાં સ્થિર રહે ને ખુદાના જવાબ જે આપી શકે, પરિપ્રશ્નેન થાય, તો ખુદા કહેવાય.

૭૫૨૮ ખુદને જોઈને ખુદમાં મુકામ છે જેનો કાયમને માટે, તે ખુદા કહેવાય. આ ખુદને જાણે માટે ખુદા થઈ ગયા નથી.

૭૫૨૯ અમને આ કશું યાદ રહેતું નથી. ત્યારે કહે છે, 'તમે શા આધારે બોલો છો, યાદ વગર ?' ત્યારે મેં કહ્યું, આમ વાત આવે ને, ત્યારે તરત અમને એ દર્શન દેખાય.

૭૫૩૦ સ્મૃતિ હોય ત્યાં સુધી દર્શન આવરાય.

૭૫૩૧ તમે પૂછો એટલે અમને એ જગ્યાનું દર્શન દેખાય, દર્શન એટલે જેવું બન્યું'તું તેવું દેખાય આમ !

૭૫૩૨ જે પ્રશ્નનો જવાબ સહેજ પણ વિચારીને આપવામાં આવે તો એકુંય સાચો પડે નહીં. કારણ કે વિચારીને આપવામાં આવે એટલે બુદ્ધિપૂર્વક થયું.

૭૫૩૩ સહજ એટલે વિચારેલું નહીં, વિચાર્યા વગરનું. અવિચાર દશા, નિર્વિચાર દશા !

૭૫૩૪ આપણું આ આખું વિજ્ઞાન જ સહજ રીતે નીકળેલું છે.

૭૫૩૫ નિર્વિકલ્પ થયા પછી નિર્વિચાર થાય.

૭૫૩૬ અમારી નિર્વિચાર દશા હોય. વિચાર નામેય ના હોય. ધર્મ સંબંધીય વિચાર ના હોય અને સંસાર સંબંધીય વિચાર ના હોય.

૭૫૩૭ અમારી નિર્વિચાર, નિર્વિકલ્પ, નિરિચ્છક દશા છે. એ દશાનેય ધન્ય છે ને એને અમે નમસ્કાર કરીએ છીએ !

૭૫૩૮ અમારું મન બધું ખલાસ થઈ ગયેલું, વિખરાઈ ગયેલું. એમાં રસ ના રહે એટલે એ વિખરાઈ જાય ઝપાટાબંધ.

૭૫૩૯ નીતિને કોઈ ઈનામ નથી આપતું અને અનીતિને

કોઈ માર નથી આપતું, એવું આપણું વિજ્ઞાન છે.

૭૫૪૦ અનીતિ માર આપીને જ જાય ને નીતિ સુખ આપીને જાય. પણ એ સુખ અને માર બે છે તે ખરેખર પદ્ધતસરનું નથી, એ તો કલ્પિત છે.

૭૫૪૧ અહીં પુણ્યશાળીને ઈનામ આપવાના નથી ને પાપીને ધક્કો મારવાના નથી.

૭૫૪૨ આ જગતના લોકો પાપીને સંઘરે નહીં. અમે તો તરત 'આવ બા, તારું જ છે ઘર.' કહીએ.

૭૫૪૩ જેને કોઈ ના સંઘરે તેને અમારે સંઘરવાના !

૭૫૪૪ 'આ વાંકો ને આ સીધો, આ નાલાયક ને આ લાયક' એ બધો દ્વંદ્વવાળો સમાજ છે. ભગવાનને ત્યાં એક જ વસ્તુ છે, બધા જ્ઞેય જ છે.

૭૫૪૫ જાણીબૂઝીને છેતરાવું તે તો જ્ઞાન ના હોય ને, ત્યારે એવું છેતરાવાનું. આ જ્ઞાન થયા પછી તો સમભાવે નિકાલ જ કરી નાખવાનો.

૭૫૪૬ જે છેતરનારા છે એ છેતરવાના અને જે છેતરાતા હોય ને, તે છેતરાયા જ કરવાના. છતાંય બેઉ મોક્ષે જશે, એ અક્રમની જાહોજલાલી છે !

૭૫૪૭ યોજનારૂપે ઑન પેપર થઈ ગયું છે, તે ડ્રૉઈંગ અત્યારે રૂપકમાં આવી રહ્યું છે. એમાં કશું ફેરફાર થાય એવું નથી.

૭૫૪૮ ચારિત્રમોહમાં ન્યાય-અન્યાય ના જોવાના હોય કે ગુનો કે ના ગુનો એ કશું જોવાનું ના હોય, નિકાલ જ કરવાનો.

૭૫૪૯ શુભ ને અશુભ બન્ને વ્યવહાર નિકાલી છે. નિકાલી એટલે શું ? સારા-ખોટા બન્ને સરખા જ થઈ ગયા.

૭૫૫૦ ચારિત્રમોહમાં ખરાબ વાણી હોય તો ડિસ્કરેજ ના થઈ જશો અને સારી વાણી હોય તો બહુ એલિવેટ ના થઈ જશો. એવી રીતે ખપાવો.

૭૫૫૧ ડિસ્ચાર્જ એટલે અમુક સારા જ કર્મો એવું નહીં, જેવા હોય એવા. એ તો હતા એના એ જ, બીજા હવે કંઈ બદલી નખાય નહીં ને !

૭૫૫૨ કોઈ પણ પૌદ્‌ગલિક ક્રિયા સારી હોય કે ખરાબ હોય, પણ બન્નેયને તમે જુઓ તો એ તમારો શુદ્ધ ઉપયોગ છે.

૭૫૫૩ પરિગ્રહ વધારવો તેય ડિસ્ચાર્જ અને પરિગ્રહની

મર્યાદા કરવી તેય ડિસ્ચાર્જ અને અપરિગ્રહી રહેવું તેય ડિસ્ચાર્જ.

૭૫૫૪ ડિસ્ચાર્જ થતી વખતે આપણો માલ નથી. ચાર્જ થતી વખતે આપણો માલ કહેવાય.

૭૫૫૫ વર્તનની ભૂલ ના કાઢે તો ચારિત્રમોહ જશે અને વર્તનની ભૂલ કાઢશે તો ચારિત્રમોહ નહીં જાય.

૭૫૫૬ જ્યાં સુધી આત્મચારિત્રમાં ના આવે, ત્યાં સુધી ચારિત્રમોહ છે.

૭૫૫૭ આત્મચારિત્ર એટલે મહીં અંદર શું થઈ રહ્યું છે, એ બધું નિરંતર જોવું ને જાણવું, એ સિવાય બીજું કંઈ નહીં.

૭૫૫૮ જોવું-જાણવું અને જાગૃતિ બે જુદી વસ્તુ છે. જોવું-જાણવું એ તો કરેક્ટનેસ છે અને જાગૃતિ તો વધઘટ થાય. એ આવરણના આધીન છે.

૭૫૫૯ પ્રેમ હોતો હશે જગતમાં ? આ તો આસક્તિ છે.

૭૫૬૦ જેની આસક્તિ થાય તેનું આકર્ષણ થાય અને ઘડી પછી વિકર્ષણ થાય. આકર્ષણ-વિકર્ષણ ચાલ્યા જ કરે.

૭૫૬૧ સરખા પરમાણુને લીધે આકર્ષણ છે બધું. તે જરા પરમાણુ ચેન્જ થાય કે વિકર્ષણ થાય.

૭૫૬૨ જ્યાં ગમો ત્યાં અણગમો થાય. વધારે ગમો હોય ત્યાં વધારે અણગમો થાય. આપણે શું કહીએ છીએ ? વીતરાગ રહો.

૭૫૬૩ આસક્તિ અથડામણથી જ થયેલી છે. જે ઘરમાં સ્ત્રી-પુરુષને અથડામણ ઓછી થાય ત્યાં આસક્તિ ઓછી છે એવું માની લેવું.

૭૫૬૪ રાગ હોય ત્યાં દ્વેષ હોય જ. રાગ ના આવે અને દ્વેષ ના આવે તો જાણવું કે અહીં સાચો પ્રેમ છે.

૭૫૬૫ ડ્રામેટિક નથી રહેતો એ નુકસાન કરે છે સંસારને. એ જાણે કે હું બહુ પ્રેમ રાખું છું એમની જોડે. એ પ્રેમ ના કહેવાય, આસક્તિ કહેવાય.

૭૫૬૬ 'બ્લડ રિલેશન છે' એવું કહે, પણ એ વ્યવહારથી રિલેશન છે. એક્ઝેક્ટલી રિલેશન કશું નથી.

૭૫૬૭ આ દુનિયાનો આકર્ષણનો નિયમ એવો છે કે સરખા ગુણવાળા કુદરતી રીતે ભેગા થઈ જાય.

૭૫૬૮ સરખી પ્રકૃતિના માણસો ફરી છે તે બીજા અવતારમાં

ભેગા થઈને નજીકમાં જન્મે છે.

૭૫૬૯ સારા છોકરાં પાકે છે તેય તમારો ફોટો અને રાશી પાકે છે તેય તમારો ફોટો.

૭૫૭૦ પ્રેમસ્વરૂપ થાવ તો આ જગત તમારું જ છે.

૭૫૭૧ પ્રેમસ્વરૂપ એટલે શું ? બધું અભેદભાવે જોવું, અભેદભાવે વર્તન કરવું, અભેદભાવે ચાલવું, અભેદભાવ જ માનવો.

૭૫૭૨ 'હું આવો છું' તો કોઈ બોલે નહીં, પણ 'તું આવો છું' કહ્યું તેની સાથે 'હું આવો છું' એમ નક્કી થઈ ગયું, જુદો પડ્યો, ભેદ પડ્યો.

૭૫૭૩ બુદ્ધિથી 'હું' ને 'તું' ભેદ પડી ગયા. જ્ઞાનથી એક જ છે બધું.

૭૫૭૪ અમે તો આ દુનિયાથી એક ક્ષણ વાર જુદાઈ રાખી નથી. નાનામાં નાના જીવથી માંડીને કોઈની જોડે જુદાઈ નથી અમને.

૭૫૭૫ અમને બાય રિયલ વ્યૂ પૉઈન્ટ પરમાત્મા દેખાય છે. બાય રિલેટિવ વ્યૂ પૉઈન્ટ બધા નિર્દોષ દેખાય છે.

૭૫૭૬ શુદ્ધાત્મા બધે ખ્યાલમાં રહે એ જ 'અભેદભાવ'. એને જ ભેદનો ભેદ જાણ્યો કહેવાય.

૭૫૭૭ ભેદનો ભેદ એટલે અભેદ સ્થિતિ, કોઈની જોડે જુદાઈ નહીં.

૭૫૭૮ જ્યારે ભેદબુદ્ધિ ના હોય ને, ત્યારે પાર વગરનું સુખ છે ! જે બુદ્ધિ ભેદ પડાવે, એનાથી નર્યું દુઃખ જ વધતું જાય.

૭૫૭૯ બુદ્ધિ વગરના જ્ઞાની પાસે જ્યારે અર્પણતા થાય, સમર્પણ બુદ્ધિ થાય, ત્યારે પોતાની બુદ્ધિ ધીમે ધીમે જવા માંડે. નહીં તો બુદ્ધિ જાય નહીં.

૭૫૮૦ તમારી બુદ્ધિને અમે વળાવી દઈએ છીએ, પણ તમે ખેંચી લાવો છો પાછી, કે 'તારા વગર નહીં ચાલે.'

૭૫૮૧ 'મારે હવે બુદ્ધિની જરૂર નથી' એવો ભાવ રાખવાથી, એ દહાડે દહાડે ઘટતી જાય અને 'બુદ્ધિની જરૂર છે' એવો ભાવ હોય ત્યાં સુધી બુદ્ધિ વધતી જાય.

૭૫૮૨ અહંકારે કરીને સમર્પણ જોઈએ. જ્ઞાને કરીને હોય નહીં ને ! જ્ઞાન તો પોતે જ પરમાત્મા છે, એ કોને

અર્પણ કરે ? છૂટવું હોય એ સમર્પણ કરે, કે આમાં હું ફસાયો છું, આમાંથી છોડાવડાવો.

૭૫૮૩ અર્પણ કર્યું ત્યાંથી સુખ ઉત્પન્ન થયું અને લઈ લીધું કે દુઃખ ઉત્પન્ન થયું. આ તો સમર્પણ કહેવાય ને !

૭૫૮૪ આખા જગતના મોહને સર્વનાશ કરનારો, પ્રશસ્તમોહ.

૭૫૮૫ પ્રશસ્તમોહ ચારિત્રમોહમાં આવતો નથી. ચારિત્રમોહ ડિસ્ચાર્જ રૂપે હોય અને આ પ્રશસ્તમોહ ચાર્જ રૂપે હોય.

૭૫૮૬ કોઈ પણ જાતનો રાગ હોય તે બંધ આપનારો જ છે, પણ પ્રશસ્ત રાગનો બંધ એને મોક્ષ ભણી લઈ જાય એવો છે.

૭૫૮૭ દુઃખનું કારણ થઈ પડે એ રાગ પ્રશસ્ત કહેવાય નહીં. એ તો નિરંતર સુખનું જ કારણ હોય. ભેળવાળો રાગ હોય ત્યારે દુઃખનું કારણ થઈ પડે.

૭૫૮૮ આ નજીક રહેલાને પ્રશસ્ત રાગ ચોખ્ખો ના હોય. નજીકવાળાને આસક્તિવાળો જ થાય.

૭૫૮૯ આ પ્રશસ્ત રાગેય જ્યારે ખલાસ થશે, ત્યારે વીતરાગ થશે.

૭૫૯૦ અહીં જ્ઞાન આપીએ છીએ ને, તે દહાડે જ વીતદ્વેષ થઈ જાય છે. હવે વીતરાગ થવાનું બાકી રહ્યું.

૭૫૯૧ અહીં અક્રમમાં વીતદ્વેષ તરત જ થઈ જાય છે. કોઈને દુઃખ દેવાની ઈચ્છાઓ બધી ખલાસ જ થઈ જાય છે.

૭૫૯૨ આ જ્ઞાન પછી 'મીઠું' ચાખે તેમાં કો'કમાં રાગ હોય સહેજ, પણ 'કડવા'માં દ્વેષ હોય નહીં. એટલે એક અવતારી, બે અવતારીના લક્ષણ એ.

૭૫૯૩ આપણા મહાત્માઓ 'આસન્નભવ્ય' કહેવાય. થોડા કાળમાં મોક્ષે જવાના.

૭૫૯૪ આ ચંદુભાઈ કોઈની જોડે અકળાયા, તો તમારા અંદરના પરિણામ શું થાય, કે 'આવું ન હોવું જોઈએ', એ તમને દ્વેષનો અભાવ થયો.

૭૫૯૫ 'હવે કંઈ વાંધો નથી આનો' એ ગાંઠ પડી હડહડાટ. અને એમ કહે કે 'આ ના કરવું જોઈએ', તો

પહેલાની ગાંઠ હોય તેય તૂટીને ખલાસ થઈ જાય.

૭૫૯૬ ‘આ ભાવો મારા નથી’, એટલું દેખાડવા માટે જ આપણે પ્રતિક્રમણ કરવા માગીએ છીએ.

૭૫૯૭ ગાળ ભાંડી તેનો વાંધો નથી પણ ગાળ ભાંડવાના અમે વિરોધી છીએ, એવું તો હોવું જ જોઈએ ને આપણે ?

૭૫૯૮ ‘જેણે’ અતિક્રમણ કર્યું’તું, ‘તેને’ જ પાછા પ્રતિક્રમણ કરાવીએ છીએ. સાયન્ટિફિકલી એમાં જરૂર નથી રહેતી પણ ટેકનિકલી જરૂર છે.

૭૫૯૯ પ્રતિક્રમણ એટલે લીધેલું પાછું આપી દેવું. એટલે ચોપડા ચોખ્ખા !

૭૬૦૦ અથડાવે તે અહંકાર.

૭૬૦૧ આખો દહાડો ‘તેં આમ કર્યું, તેં આમ કર્યું’ કહ્યા કરે. તે એમાં વાણી બધી બગડી જાય છે. એ અહંકાર છે એની પાછળ.

૭૬૦૨ ગમે એવી સાચી સલાહ આપવાની હોય તોય એને ભાવતી (ગમતી) ના હોય તો આપવી ના જોઈએ.

૭૬૦૩ કુદરત શું કહે છે, કે દરેક માણસ પોતાની સૂઝ લઈને જ આવેલો છે. એ પૂછે તો જવાબ આપો.

૭૬૦૪ કશું ના આવડતું હોય પણ મૌનવાળો હોય તે શોભે અને બહુ આવડતું હોય પણ બોલ બોલ કરે એટલે એ કેન્સલ.

૭૬૦૫ બુદ્ધિ અને અહંકાર બે ભેગા થઈને વાણી બોલાય બોલાય કરે છે અને મૌન થશો ત્યારે પછી પાછું ફરશે એ બધું.

૭૬૦૬ શુદ્ધાત્મા થયા પછી ઓછું બોલે એની બહુ કિંમત.

૭૬૦૭ પોતે અહંકાર ભૂખ્યો હોય તો સામાને પોષે નહીં અને તો કામ થાય નહીં, ઊલટા તણખા ઝરે.

૭૬૦૮ અહમ્ પોષવાનો અર્થ એટલો જ છે, કે એને જ્યાં લ્હાય બળતી હોય ત્યાં પટ્ટી મારી આપવી.

૭૬૦૯ તારો અહંકાર લઈને તને જ ભગવાન બનાવી દીધો. એનું નામ વિરાટ પુરુષ કહેવાય.

૭૬૧૦ 'હું ચંદુભાઈ છું' એવું નિશ્ચયે બોલવું, એનું નામ અહંકાર અને વ્યવહારથી 'હું ચંદુભાઈ છું' બોલવું

તેનું નામ નિરહંકાર. 'હું શુદ્ધાત્મા છું' બોલવું નિશ્ચયથી, એ નિરહંકાર થઈ ગયો.

૭૬૧૧ લઘુતમનો અહંકાર હોય, ને બધાથી લઘુ થતો થતો થતો થતો લઘુતમ થઈ જાય એ પરમાત્મા થઈ જાય.

૭૬૧૨ ગુરુતમ અહંકારથી આ સંસાર ઊભો કર્યો અને લઘુતમ અહંકારથી પોતે ઘેર જતો રહે.

૭૬૧૩ લઘુતમ અહંકાર એટલે હું તો આ બધાથી નાનો છું, એવી માન્યતા અને ગુરુતમ અહંકાર એટલે મોટા થવાની ભાવનાઓ, હું તો આ બધાથી મોટો છું, એવી માન્યતા.

૭૬૧૪ લોક કહેશે, અહંકાર ખરાબ છે. પણ અહંકાર ખરાબ હોતો હશે દુનિયામાં ? અહંકાર ખોટો નથી. તમે એને દિશા ફેર કરી આપો તો લઘુતમ અહંકારથી મોક્ષે જાય.

૭૬૧૫ જગતના લક્ષમાં જ નથી લઘુતમ અહંકાર. ગુરુતમ અહંકાર જ જગતના લક્ષમાં છે. એ બાજુ જ દોડ દોડ કરે છે બધા.

૭૬૧૬ સર્વેસર્વા એવા જ્ઞાની પુરુષ, તે એમ કહે છે, 'અમે લઘુતમ છીએ' અને આ લોકોને ગુરુતમ થવું છે.

૭૬૧૭ રિલેટિવમાં ગુરુતમ થવું એ બે પગને બદલે ચાર પગ થવાને માટે લાયકાત થાય છે.

૭૬૧૮ રિલેટિવમાં લઘુતમ એ રિયલમાં ગુરુતમ એક્ઝેક્ટ એની મેળે જ થઈ જાય. કંઈ કરવાનું ના હોય ગુરુતમ થવા માટે. આ તો મોટા થવા માટે પ્રયત્ન કરે છે, મૂઆ !

૭૬૧૯ આપણે આ જ્ઞાન પછી લઘુતમ અહંકારમાં પેઠા. લઘુતમ અહંકાર, કે મારે મોટા થવું નથી, મારે તો મોક્ષે જવું છે.

૭૬૨૦ પારકાના દોષ કોણ જુએ ? જેને ગુરુતમ બનવું હોય તે. 'આ નાલાયક છે ને હું સારો છું.'

૭૬૨૧ લઘુતમમાં રહેવું એટલે પછી કોઈને દુઃખ ના થાય આપણાથી, કોઈને ભેદ ના પડી જાય.

૭૬૨૨ ભગવાન પોતે કહે છે કે દરેક જીવ કર્મના આધીન જ ફરે છે, તેમાં તું અભિપ્રાય આપનારો ક્યાંથી આવ્યો ?

૭૬૨૩ નિર્દોષનો શો અભિપ્રાય ? દોષિતનો અભિપ્રાય હોય.

૭૬૨૪ કર્યા પછી એને પસ્તાવો થાય તો એ કરનાર નહોતો એ તો ખાતરી થાય ને આપણને ? નથી આ કરનારા બધા.

૭૬૨૫ વર્તનના દોષનો વાંધો નથી પણ દૃષ્ટિનો દોષ ના રહેવો જોઈએ.

૭૬૨૬ 'તેં મને કેમ નુકસાન કર્યું' કહે, ત્યાંથી આપણે જાણીએ કે આનામાં હજુ દૃષ્ટિદોષ ગયો નથી. એને પાછો તું કહું કે, 'તું આવું કેમ બોલ્યો ?' એટલે તારો દૃષ્ટિદોષ ગયો નથી.

૭૬૨૭ કોઈનો દોષ દેખાય નહીં એટલા સ્ટેપ સુધી આવો, એટલે જાણવું કે રિયાલિટીમાં આવ્યા તમે.

૭૬૨૮ જ્યાં ડિસ્ચાર્જ છે, ત્યાં નિર્દોષ જ હોય ને ! અંદર ભગવાન ને વ્યવહારથી નિર્દોષ !

૭૬૨૯ 'સારો-ખોટો' શબ્દ જ અમારામાં ના હોય. અમારે એક જ શબ્દ હોય, 'નિર્દોષ' !

૭૬૩૦ પ્રિજ્યુડિસ તો મલ્ટિપ્લિકેશન (ગુણાકાર) થયેલો અભિપ્રાય કહેવાય.

૭૬૩૧ આજે જે કોઈ પણ કાર્ય કરે છે, તે કાલે શું કરશે એ કહેવાય નહીં. માટે તમે એના માટે પ્રિજ્યુડિસ રાખી શકો નહીં અને રાખશો તો જોખમદાર બનશો.

૭૬૩૨ શંકા ઉપરથી અભિપ્રાય આપો એ પ્રિજ્યુડિસ કહેવાય.

૭૬૩૩ અહંકાર એકલો હોય તો અભિપ્રાય આપે એવું કંઈ નક્કી નથી, પણ અહંકાર અને બુદ્ધિ ભેગા થાય ત્યારે અભિપ્રાય આપે.

૭૬૩૪ જ્ઞાની (મહાત્મા) શંકા રાખે તો ના જ્ઞાનમાંય રહ્યો ને ના અજ્ઞાનમાંય રહ્યો. કાં તો આ કિનારે રહેવું જોઈએ, કાં તો પેલા કિનારે.

૭૬૩૫ સંસાર એટલે દગો ને ફટકો બે જ. સંસાર એ ક્યાં સુધી સારો ? ત્યારે કહે, જ્યાં સુધી ચોથો આરો હોય ત્યાં સુધી, પછી દગા-ફટકા.

૭૬૩૬ સંસાર એટલે દગો ! નર્યો દગો જ છે, પછી શંકા કરવાની રહી ક્યાં ?

૭૬૩૭ શંકા કોની પર કરવાની ? જે કો'ક દહાડો ભૂલ પડી હોય તેની પર. આ કાયમની ભૂલો પડે એમાં શંકા શું કરવાની ?

૭૬૩૮ વિશ્વાસેય નહીં કરવાનો ને શંકાય નહીં કરવાની. વધારે પડતો વિશ્વાસ કરવાથી શંકા થાય છે.

૭૬૩૯ આંખે દેખેલી વસ્તુ પરેય શંકા ના કરશો. એ પણ ખોટી નીકળે છે.

૭૬૪૦ જોવાથી જ જો શંકા પડી છે, તો નથી જોયું એમ કરીને 'કરેક્ટ' કરી નાખ ને !

૭૬૪૧ બને છે ત્યાં એને શંકાની ખબર જ નથી અને નથી બનતું ત્યાં શંકા પાર વગરની છે.

૭૬૪૨ એક જ દહાડો શંકા કરી, એનું નામ શંકા અને વારેઘડીએ શંકા કરીએ, એનું નામ આશંકા.

૭૬૪૩ આ દુનિયામાં કશું નવું બનતું જ નથી. એક ફેરો રિહર્સલ થઈ ગયેલી વસ્તુ છે આ.

૭૬૪૪ ઈટ હેપન્સમાં તો શંકા શબ્દ જ ના હોય.

૭૬૪૫ મનના વિચારમાં તન્મયાકાર થવું એટલે યોનિમાં બીજ નાખવું.

૭૬૪૬ મનના વિચારોમાં પોતે ભળ્યો, એટલે અવસ્થિત થયો અને અવસ્થિત એ સમષ્ટિના કોમ્પ્યુટરમાં જાય છે અને કોમ્પ્યુટરમાંથી વ્યવસ્થિત થઈને પાછું આવે છે.

૭૬૪૭ સમષ્ટિ એટલે એક જગ્યાએ બધાના ભાવોનું એકત્રીકરણ થવું. ત્યાંથી પરિણામો બધા છૂટે. એ કોમ્પ્યુટર જેવું છે.

૭૬૪૮ અવસ્થિત બંધ થઈ જાય, તો પછી વ્યવસ્થિત ના થાય. આત્મા મનમાં તન્મયાકાર ના થાય એટલે વ્યવસ્થિત ના થાય.

૭૬૪૯ આ અવ્યવસ્થિતના આધારે વ્યવસ્થિત છે. અવ્યવસ્થિત ના હોત આધાર, તો વ્યવસ્થિત હોત જ નહીં.

૭૬૫૦ મનમાં જ તન્મયાકાર થાય છે એનું નામ જગત અને મનને જુએ એનું નામ જ્ઞાની.

૭૬૫૧ આપણને જ્ઞાન મળ્યું છે એટલે મનથી જુદા રહી

શકીએ, એટલે બીજ શેકાઈ જાય. એટલે મનનો રાજા થયો ! એ જ દુનિયાનો રાજા થયો !

૭૬૫૨ મનને પહેલા આપણું માન્યું'તું, તેથી આપણને પજવે છે. પણ હવે આપણું ના માનીએ એટલે એ મૂઉં ઓગળી જાય એની મેળે.

૭૬૫૩ મનનો સ્વભાવ જ વિરોધાભાસી છે. ઘડીમાં જે માણસનું સારું બોલતા હોય, તે બે કલાક પછી પાછા એ જ ખરાબ બોલે.

૭૬૫૪ વિચાર પરિણામ છે, અભિપ્રાય કૉઝિઝ છે.

૭૬૫૫ સારો ને ખોટો બેઉ અભિપ્રાય ના હોવા જોઈએ, રિયલમાં શુદ્ધાત્મા અને રિલેટિવને સચ્ચિદાનંદ.

૭૬૫૬ કુદરત જ એની મેળે ફળ આપનારી છે. કુદરત ફળ આપતી હોય તો આપણે શા માટે બંધાવું એની જોડે અભિપ્રાય આપીને ?

૭૬૫૭ મહાત્માઓનો અભિપ્રાય એ ડિસ્ચાર્જ અભિપ્રાય છે. એટલે આવરણ નવું ના લાવે, પણ એને શુદ્ધ થઈને કાઢવો તો પડે જ ને !

૭૬૫૮ હવે ફક્ત અભિપ્રાય એટલો રહ્યો કે 'દાદાની આજ્ઞા પાળવી છે.' એટલો જ અભિપ્રાય રહ્યો, તો એટલું છે તે એક અવતારી મન બંધાશે.

૭૬૫૯ આ જાગૃતિ કેમ જતી રહે છે ? આપણે દોષિતને દોષિત કહીએ છીએ માટે. દોષિતને નિર્દોષ જોશો તો જાગૃતિ વધશે.

૭૬૬૦ નિર્દોષ જોશો કે તરત જ મહીં શાંતિ થઈ જશે. આ અનુભવનો પ્રયોગ ના કર્યો હોય તો કરી જોજો.

૭૬૬૧ બીજાના દોષ દેખાતા બંધ થયા, એટલે પોતાના દોષ દેખાવાની શરૂઆત થાય. એટલે સુખ જબરજસ્ત વર્તે.

૭૬૬૨ નિરાકુળતા એ સિદ્ધનો આઠમા ભાગનો (૧/૮) ગુણ છે.

૭૬૬૩ સંજોગો બદલાયા કરે પણ સુખ જાય નહીં, એનું નામ સાચું સુખ. અને જો એવું સુખ પ્રાપ્ત થઈ ગયું, તો એનો કોઈ ઉપરી આ દુનિયામાં છે નહીં.

૭૬૬૪ તમારી ભૂલ તમને દેખાડે એ તમારો ઉપરી અને જેને પોતાને કોઈ ભૂલ દેખાડનારો રહ્યો નહીં તે

જ્ઞાની કહેવાય.

૭૬૬૫ મારાથી કોઈ ઉપરી નહીં, એવોય હું છું અને મારાથી કોઈ નાનોય નહીં, એવોય હું છું.

૭૬૬૬ અમે જ્ઞાની તરીકે લઘુતમ છીએ અને દાદા ભગવાન તરીકે ગુરુતમ છીએ.

૭૬૬૭ પાંચ ઈન્દ્રિય અને બુદ્ધિથી જેટલું સમજણ પડે છે એમાં હું લઘુતમ છું અને બુદ્ધિથી ના સમજણ પડે એ જ બાબતમાં હું ગુરુતમ છું.

૭૬૬૮ તારે કંઈક મારી પર રોફ કરવો હોય તો હું લઘુતમ છું અને તારે મારો રોફ રાખવો હોય તો હું ગુરુતમ છું.

૭૬૬૯ તમે જ્ઞાનદૃષ્ટિથી બેસો ત્યારે તમે બ્રહ્માંડના સ્વામી કહેવાઓ અને સાંસારિક દૃષ્ટિથી બેસો ત્યારે સંડાસ જવાની શક્તિ ના હોય. એટલે દૃષ્ટિ પર આધાર રાખે છે.

૭૬૭૦ દૃષ્ટિ ફરી ગયા પછી હવે તમારે શું કરવાનું ? ત્યારે કહે, શુદ્ધ ઉપયોગ ! જો શુદ્ધ ઉપયોગ નથી રહેતો, તો કષાય અને વિષયથી રહિત ઉપયોગ રાખ.

૭૬૭૧ આપણા પદો જે ગાય છે એ વિષય-કષાય રહિત કહેવાય. પછી આપણી આ ચરણવિધિ બોલે છે ને, એય વિષય-કષાય રહિત. એમાં ઉપયોગ રાખો.

૭૬૭૨ ચરણવિધિ વખતે કશા વિચાર ઉત્પન્ન ન થાય, બીજું કશું દેખાય નહીં, ત્યારે એ છે તે ઉપયોગ કહેવાય.

૭૬૭૩ આ ચરણવિધિ એ તો વ્યવહાર સિદ્ધ સ્તવન છે. આપણને સિદ્ધ સ્થિતિમાં લઈ જનારો વ્યવહાર આ ! એટલા માટે આપેલી છે ને !

૭૬૭૪ અક્રમમાં તો આ અવશ્ય કરવા જેવું શું ? એક આ ચરણવિધિ વાંચવાની એક ફેરો, પછી આ રાતનું (શુદ્ધાત્માનું) ધ્યાન કરવાનું અને પાંચ આજ્ઞામાં રહેવાનું.

૭૬૭૫ આ ચરણવિધિમાં આખી દુનિયાનું ઝવેરાત મૂકેલું છે.

૭૬૭૬ આપ્તવાણી પુસ્તક વાંચવું જ એવો આગ્રહ ના હોવો જોઈએ અને પેલી ચરણવિધિનો આગ્રહ છે.

૭૬૭૭ ચરણવિધિ જેટલું વંચાશે એટલું સ્વરૂપ વ્યક્ત થશે

ને કચરો નીકળતો જશે ઝપાટાબંધ.

૭૬૭૮ ચરણવિધિ એ ચાર્જ કહેવાય. જેને 'કરવી પડે' એમ કહીએ ને, એ ચાર્જ. અને તેય આજ્ઞાપૂર્વકની છે વસ્તુ.

૭૬૭૯ અમે આજ્ઞા આપીએ, અમે કરાવડાવીએ એ બધું ચાર્જ રૂપે. બીજું બધું તમારે ડિસ્ચાર્જ.

૭૬૮૦ પાંચ આજ્ઞા તે નિરંતર ધર્મધ્યાનમાં રાખે અને જ્ઞાન એ શુક્લધ્યાનમાં રાખે.

૭૬૮૧ ધર્મધ્યાનમાં કરવું પડે, આજ્ઞા પાળવી પડે અને શુક્લધ્યાન સહેજે રહે.

૭૬૮૨ આજ્ઞા પાળવી એટલે કર્તાભાવ. એટલે આ કર્તાભાવનું ફળ છે તે તમને આવતા ભવમાં સમ્યક્ પુણ્ય મળશે.

૭૬૮૩ સમ્યક્ પુણ્ય એટલે સહેજેય મુશ્કેલી સિવાય બધી જ વસ્તુ પાસે આવી પડે, અને એમ કરતા કરતા મોક્ષે જવાનું. તીર્થંકરના દર્શન થાય ને તીર્થંકરની પાસે પડી રહેવાનો વખત મળે !

૭૬૮૪ ધર્મધ્યાન ના હોય, એકલું શુક્લધ્યાન હોય ત્યારે મોક્ષ થાય.

૭૬૮૫ આર્તધ્યાન-રૌદ્રધ્યાન બંધ થાય એટલે ધર્મધ્યાન ને શુક્લધ્યાન બે જ છે તે રહે.

૭૬૮૬ એક આ ભાવનાઓ (નવ કલમો) અને અમારી પાંચ આજ્ઞા એ સિલક છે. એ ખાલી ના થાય.

૭૬૮૭ એવી ભાવના રહ્યા કરે કે 'ક્યારે આ સત્સંગ જામે', એ પાંચમી આજ્ઞા.

૭૬૮૮ આ 'ચંદુલાલ' માટે જે બધું કરો, એ નામનો ચોપડો કહેવાય અને આત્મા માટે જે કરો, એ બધો શુદ્ધાત્માનો ચોપડો.

૭૬૮૯ આ રિલેટિવ ચોપડો આપણો નથી હવે. એ વ્યવસ્થિતને તાબે ગયો. હવે આપણો રિયલ ચોપડો, એ રિયલ ચોપડાનું ધ્યાન રાખજો.

૭૬૯૦ વ્યવસ્થિત સમજમાં બેસી જાય ને જોડે જોડે આજ્ઞા પાળો ને, તો સહજભાવે બધું ઊકલ્યા કરે !

૭૬૯૧ પાંચમી આજ્ઞા એ શુદ્ધાત્માનો ચોપડો. એટલે

આ સત્સંગ હોય ને, તો એ લાભ છોડવો નહીં. સત્સંગમાં ના આવે તો શુદ્ધાત્માના ચોપડે ખોટ ગઈ.

૭૬૯૨ સત્સંગની દરેક ક્રિયા બધી ઉલ્લાસમય હોવી જોઈએ.

૭૬૯૩ આપણા સત્સંગમાં બીજા બધા જે કરે, એ પ્રમાણે પોતાની જાતને જૉઈન્ટ કરી દે, તો ઊંચામાં ઊંચું રહે આ જ્ઞાન.

૭૬૯૪ આ અક્રમ એટલે શું ? જે તૈયાર થયેલા હોય તેને આ પ્રસાદી છે.

૭૬૯૫ ક્રમે ક્રમે ચડીને પછી પડેલા એને માટે અક્રમ છે.

૭૬૯૬ સમ્યક્ત્વની નજીક પહોંચેલા હોય, અગર સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછીય પડેલા હોય, એ બધા માટેનું આ અક્રમ વિજ્ઞાન છે.

૭૬૯૭ આ જ્ઞાનનો કોઈ આશિક હોય ને, તે આ બૂટ આગળ બેસાડે ને, તો બેસી રહે ને બહુ ખુશ થાય. પોતાની જાતને ધન્ય માને કે ઓહોહો ! અહીં પણ બેસવાની જગ્યા મળી !

૭૬૯૮ બીજી બહુ ચીજોના આશિક થયા, છેવટે માર ખાધા બધે. આ જ્ઞાનનો આશિક થયેલો ભગવાન થાય !

૭૬૯૯ આવી જ્ઞાન પ્રાપ્તિ થઈ ને પોતાની જાતને જો ધન્ય ના માનવામાં આવે તો એ પ્રાપ્તિ ફુલ સ્ટેજ પ્રકાશે નહીં.

૭૭૦૦ જેમાં ક્રોધ-માન-માયા-લોભ એક અંશ પણ થતા નથી, એનું નામ 'અક્રમ વિજ્ઞાન' ! સંજ્વલનેય નહીં. સોળેય પ્રકારના ક્રોધ-માન-માયા-લોભ ગયા છે.

૭૭૦૧ આ જ્ઞાન પછી ક્રોધ-માન-માયા-લોભ સંપૂર્ણ ગયા છે. મારી પાસે સાયન્ટિફિક રીતે એ પૂરું સમજી લે, તો એક સેન્ટેય નથી. આત્મા તદ્દન જુદો જ વર્તે છે. પૂરું સમજી લેવાની જરૂર છે.

૭૭૦૨ અત્યારે તમને (મહાત્માઓને) પરપરિણતિ જ નથી, તો પછી ક્રોધ-માન-માયા-લોભ આવે ક્યાંથી ?

૭૭૦૩ આત્માનો અનુભવ એટલો બધો વર્તે છે કે એ અનુભવને જ જો જો કરીએ ને તોયે બહુ થઈ ગયું ! દેહાધ્યાસનો અનુભવ ગયો તે જ આત્માનો અનુભવ.

૭૭૦૪ અહંકાર ગયો એ પહેલામાં પહેલો અનુભવ. શુદ્ધાત્મા થઈ ગયા એ બીજો અનુભવ. હું શુદ્ધાત્મા છું એવું ધ્યાનમાં રહે છે એ શુક્લધ્યાન, એ ત્રીજો અનુભવ. બીજાનામાં શુદ્ધાત્મા દેખાય છે, એ ચોથો અનુભવ. આ જ્ઞાન પછી આ બધા પાર વગરના અનુભવ થયા કરે છે.

૭૭૦૫ આખો દહાડો આત્માનો અનુભવ વર્તે છે, જેને આજ્ઞા પાળે છે તેને.

૭૭૦૬ આજ્ઞામાં ઢીલું મેલ્યું છે ને, તેને તો બધું ચવાઈ જાય પછી, દહાડે દહાડે. એ બીજ ઊગ્યું હોય તોય પછી સુકાઈ જાય છેવટે.

૭૭૦૭ અમે જે જ્ઞાન આપ્યું છે, પોતાના સ્વરૂપનું લક્ષ અને આ પાંચ વાક્યો, એમાં ચૂક ના આવે તો બહુ થઈ ગયું.

૭૭૦૮ વસ્તુત્વ જે થયો એ પૂર્ણત્વ થયા વગર રહે નહીં, જો પોતે મહીં બગાડે નહીં તો. સુધારનારો-બગાડનારો પોતે જ છે પાછો.

૭૭૦૯ વસ્તુત્વનું ભાન થયું કે 'હું શુદ્ધાત્મા છું', તેને પૂર્ણત્વ સહેજે થયા કરે છે. પણ તે ક્રમિક માર્ગમાં સહેજે થાય, પણ અહીં અક્રમમાં છે તે આજ્ઞા પાળવી પડે.

૭૭૧૦ 'હું'પણું દેહાધ્યાસમાં હતું તે હવે આત્મામાં રહે એટલે પછી બધી બાબતમાં નિરંતર આત્માનો અનુભવ વર્ત્યા કરે.

૭૭૧૧ જે કર્તા છે એને કર્તા રહેવા દો અને જ્ઞાતા છે એને જ્ઞાતા થવા દો. આટલું જ કરવાનું છે, આ જ્ઞાનના સરવૈયામાં.

૭૭૧૨ 'આ મેં કર્યું' અને 'આ મેં જાણ્યું', એ બે ભેગું થાય એટલે પૉઈઝન થઈ ગયું. જાણે એ કરી શકે નહીં ને કરે એ જાણી શકે નહીં.

૭૭૧૩ ચંદુભાઈ કર્તા છે ને તમે જ્ઞાતા-દ્રષ્ટા છો. તે કર્તાને બધું એનું કામ સોંપી દેવું જોઈએ. આપણે ડખો નહીં કરવો જોઈએ.

૭૭૧૪ 'ડખોડખલ નહીં કરું', એ અભિપ્રાય છે. ડખો કરે પછી એ અભિપ્રાય બોલવાનો તો ખરો, પણ

ડખોડખલ કરે છે એ જુઓ પાછા. ડખોડખલ કરનારી જે ઈફેક્ટ છે, તેય જુઓ.

૭૭૧૫ પુરુષાર્થ એનું નામ કહેવાય કે આ ભમરડો કેવો ફરે છે, કેવો નહીં, એને જોયા કરવું.

૭૭૧૬ 'આ કરશો ને આ ના કરશો', એ તો કર્તા હોય ત્યાં સુધી હોય. કર્તા જ નથી ત્યાં પછી રહ્યું શું તે ?

૭૭૧૭ જગતને વ્યવસ્થિત શક્તિ નિરંતર વ્યવસ્થિત જ રાખે છે. અવ્યવસ્થિત થતું હોય તેને વ્યવસ્થિત જ કરી નાખે છે.

૭૭૧૮ વ્યવસ્થિત શક્તિ સપ્લાય કરે છે અને તોડફાડેય એની જ છે. બેઉ એનું છે. સપ્લાય અને તોડફાડ બેઉ વ્યવસ્થિત !

૭૭૧૯ આ જગતને ચલાવે છે જડશક્તિ, વિસર્જન કરે છેય જડશક્તિ.

૭૭૨૦ કુદરતી નિયમ એવો છે કે જો આવતો ભવ કરવો હોય તો તું આ 'મેં કર્યું' એવું બોલ. આવતો ભવ ના કરવો હોય તો 'મેં કર્યું' એવું ના બોલીશ.

૭૭૨૧ 'મેં કર્યું' બોલવાનું છે તે ભાષા તરીકે બોલવાનું છે, ઈગોઈઝમ સાથે નહીં.

૭૭૨૨ પોતે શુદ્ધ જ છે. ચંદુભાઈના હાથે કોઈ જીવ મરી ગયો તો પણ પોતાની શુદ્ધતા ન ચૂકે, એનું નામ જ્ઞાન કહેવાય.

૭૭૨૩ આપણે 'અહિંસા રાખવી છે' એટલો જ ભાવ રાખવાનો, પછી જે બન્યું એ ખરું.

૭૭૨૪ પાંચ આજ્ઞામાં રહેવાથી બધા દોષો તૂટી જાય.

૭૭૨૫ અમે એ સ્વરૂપમાં છીએ કે આખા જગતના આ હિંસાના સાગરમાં અમે અહિંસક છીએ.

૭૭૨૬ શુદ્ધાત્મા એટલે શું ? પોતે અશુદ્ધ હતો જ નહીં, એ માન્યતામાં અશુદ્ધ હતો, એ માન્યતા જ્ઞાન મળતા નીકળી ગઈ.

૭૭૨૭ તું શુદ્ધાત્મા અને આ પવિત્ર પાંચ રક્ષણ કરનારા વાક્યો, એ તારી શ્રદ્ધામાં ન બદલાવું જોઈએ. 'હું અશુદ્ધ થઈ ગયો' એવું ના માનવું જોઈએ.

૭૭૨૮ આચાર તો હું તમને માફ કરાવી આપીશ. એ મારી

પાસે બધી સત્તા છે, પણ શ્રદ્ધા માફ કરાવવાની સત્તા નથી.

૭૭૨૯ સંસારીની ખુમારી સંસારને લાવે અને મોક્ષની ખુમારી મોક્ષને લાવે !

૭૭૩૦ જ્ઞાની પુરુષની સેવા એટલે ખુદ પરમાત્માની સેવા ! એ જોગ જ ક્યાંથી બેસે ? એક દહાડો જોડા ઊંચક્યા હોય ને, તોય આખી જિંદગી એની ખુમારી રહે !

૭૭૩૧ ज्ञानी पुरुष की दृष्टि मिली, तो इनका फल क्या मिलता है? आनुषंगिक फल मोक्षफल मिलता है और सेवा फल से संसार का अभ्युदय होता है।

૭૭૩૨ જ્ઞાનીની સેવાનું ફળ તો કંઈ એની બાઉન્ડ્રી જ નથી ને ! ભૌતિક ફળની ઈચ્છા ના હોય તો તે રૂપ બનાવે, થોડા ટાઈમમાં જ્ઞાની બનાવી દે !

૭૭૩૩ ખાલી જ્ઞાની પુરુષનો રાજીપો મેળવી લે ને, તો બધી વસ્તુ થઈ જાય એવું છે. રાજીપો મેળવે તેણે કશુંય કરવું ના પડે.

૭૭૩૪ આ રાજા હોય છે, એ રાજી થાય તો મહેનત કર્યા વગર બે હજાર ના આપે ? એવું આ જ્ઞાની પુરુષ રાજી થાય તો શું ના આપે !

૭૭૩૫ મને રાજી કરવા માટે એક જ રસ્તો છે, કે તમે તમારા સાચે માર્ગે ચાલો.

૭૭૩૬ રાજીપો આવી જ જાય, પાંચ આજ્ઞા પાળે તો. નહીં તો સેવા કરો તો રાજીપો મળે.

૭૭૩૭ આજ્ઞા એકુંય ના પાળતો હોય પણ સેવા કરવાથી શક્તિ એવી ઊંચી થાય, આવરણ બધા તૂટી જાય ને પછી બધું જ્ઞાન એકદમ જ ભભૂકે.

૭૭૩૮ આજ્ઞામાં રહે એટલે અમને તરત જ એના અંદરના મનના પર્યાય બધા દેખાય, એટલે રાજીપો ઊતરે.

૭૭૩૯ કૃપાથી બધું પ્રાપ્ત થાય, કાં તો આજ્ઞાથી બધું પ્રાપ્ત થાય.

૭૭૪૦ અમે કૃપાદૃષ્ટિ રાખીએ જ, એ અમારો માલ પાછો મોકલે નહીં ત્યાં સુધી. એ રિટર્ન વિથ થેંક્સ કરે ત્યારે અમે પાછી લઈ લઈએ. પણ ત્યાં સુધી કૃપાદૃષ્ટિ અમે રાખીએ જ.

૭૭૪૧ જ્ઞાની પુરુષની પાસે બેઠા, જ્ઞાની પુરુષની કૃપા ઊતરી, પછી દુઃખ કેમ હોય ? કાયમને માટે, પરમેનન્ટ દુઃખ ચાલ્યું જાય ને દુઃખમાં સુખ લાગે.

૭૭૪૨ અમારી હાજરીમાં જ બેસી રહે ને, તેને સુખ જ વર્ત્યા કરે. કારણ કે અમારામાં તો નર્યું સુખ જ ઊભરાય બધું, તે બધે જ્યાં ને ત્યાં ફેલાય.

૭૭૪૩ દાદાની હાજરી અને પ્રાપ્તિ કરનારની સન્મુખતા, એ બધું જ કામ કાઢી નાખે. સન્મુખતા એટલે બીજી કોઈ જગ્યાએ દૃષ્ટિ નહીં, એકમાં જ દૃષ્ટિ.

૭૭૪૪ આ સ્થૂળ ભાષામાં સન્મુખ એ તમે મને જુઓ તે. અને સૂક્ષ્મતમ ભાષામાં આત્મા તરફ સન્મુખતા હોવી જોઈએ.

૭૭૪૫ અમારું સૂક્ષ્મ શરીર જ્યાં જ્યાં પ્રેમ દેખે ને, જ્યાં આધીનતા દેખે ને, ત્યાં ફરે બધે.

૭૭૪૬ અમે તમારી સાથે પ્રેમથી બંધાયેલા છીએ. તમારો સંસાર પ્રતિ પ્રેમ વળી ગયો તો છૂટા થઈ જશો અને આત્મા પ્રતિ પ્રેમ રહ્યો તો અમે બંધાયેલા છીએ.

૭૭૪૭ આશીર્વાદ એટલે શું ? સામાના નસીબમાં છે એને પોતાની વાણીથી ઉઘાડું કરવું તે. આશીર્વાદ એટલે કૂંચી આપી દે, કે આ લે ભઈ, તારું લઈ લેજે.

૭૭૪૮ આશીર્વાદ એ તો એનું જો એવું બનવાનું હોય ને, તો જ નીકળે. તો જ એને આશીર્વાદ લેવા આવવાની ભાવના થાય. નિમિત્ત હોય છે આ વસ્તુ.

૭૭૪૯ તમે કહો કે, 'આ દાદાનું જ્ઞાન તો આવું સરસ છે ને તેવું છે !' એ કઈ ભક્તિ કહેવાય જાણો છો ? કીર્તનભક્તિ. કીર્તનભક્તિ જેવી કોઈ ભક્તિ નથી.

૭૭૫૦ સખાભક્તિ, દાસભક્તિ એ બધા કરતાં સારી ભક્તિ કીર્તનભક્તિ. જેટલા કીર્તન કરો, જેટલા વખાણ કરો, એટલી તમારી શક્તિ વધતી જાય.

૭૭૫૧ જે વખાણ્યું તે રૂપ થવાય. વખાણવું એટલે કીર્તન. દાદાની કીર્તનભક્તિ કરી કે તે રૂપ થવાય.

૭૭૫૨ આ જ્ઞાનીની ભક્તિ કરનારાનેય છેવટે તો જ્ઞાનની જ ભક્તિ કરવી પડશે.

૭૭૫૩ જ્ઞાનની ભક્તિ કરે તો જ્ઞાન પરિણામ પામે.

૭૭૫૪ પાંચ આજ્ઞા પાળે ને, એટલે પ્રજ્ઞાશક્તિ એની મેળે વધતી જાય.

૭૭૫૫ ભોગવટારૂપી અસરો બંધ થતી જશે ને, તેમ તેમ આત્માનો ઉઘાડ થતો જશે.

૭૭૫૬ અમારી પાંચ આજ્ઞા પાળો ને, એટલે તમારી ભક્તિ થઈ ગઈ. અને જ્ઞાન તો મેં તમને આપ્યું છે તે જ.

૭૭૫૭ પાંચ આજ્ઞા આપેલી છે ને, એ જ જ્ઞાતા-દ્રષ્ટામાં રાખે એવી છે. એનું પરિણામ જ જ્ઞાતા-દ્રષ્ટા.

૭૭૫૮ જેટલો જ્ઞાતા-દ્રષ્ટા રહ્યો, એટલી નિરાકુળતા વધી.

૭૭૫૯ આ જ્ઞાન આપેલું છે, એ આત્મા હરેક ક્ષણ ભાનમાં હોય છે જ, પણ પોતાને એ ભાન નથી રહેતું, એટલે પોતે ગૂંચાઈ જાય છે મહીં.

૭૭૬૦ તમારા પૂર્વકર્મના ઉદયને લીધે ધક્કો વાગે છે તેનાથી આવરણ થાય છે, આવરણથી તમને એમ લાગે છે કે આ ગૂંચો પડે છે. એ ગૂંચ છે જ નહીં.

૭૭૬૧ ગૂંચ છે જ નહીં, તમને ભાસ થાય છે. આ ભાસ્યમાન ગૂંચો છે. ભાસ્યમાન એટલે નથી છતાં આ ભાસે છે.

૭૭૬૨ તન્મયાકાર તો ડિસ્ચાર્જ સ્વરૂપ થાય છે, એને પોતે જોવું જોઈએ. પોતે ભાનમાં રહે, કે આમ થઈ રહ્યું છે, આમ થઈ રહ્યું છે.

૭૭૬૩ ભોગવનારે તન્મયાકાર પરિણામ ભોગવ્યું અને જાણનારે જાણ્યું, તો એ જાણનાર કેવો જબરો હશે !

૭૭૬૪ જાણે છે છતાંય કહે છે કે હું ભોગવું છું, એ જ માયા. જાણનાર તો ભોક્તા શું ભોગવી રહ્યો છે, તેનેય પણ જાણે.

૭૭૬૫ 'પોતે' જો હોળી જોવા જાય ત્યારે તન્મયાકાર થાય તો 'પોતે' દઝાય, અને આંખ હોળી જુએ તો આંખ દઝાય નહીં. આંખ તન્મયાકાર થયા સિવાય જુએ છે.

૭૭૬૬ પુદ્ગલને નિરંતર જોયા જ કરવું જોઈએ. પહેલી ફરજ એ જ છે, જાણવાની ફરજ પછી છે.

૭૭૬૭ ચંદુભાઈ આખો દહાડો શું કરે છે, એ મને દેખાય એટલું જ તમને દેખાવું જોઈએ, એ જોયું કહેવાય.

૭૭૬૮ આપણો મોક્ષ થઈ ગયો છે. ચંદુભાઈ શું કરે છે એ જોયા કરવું એટલે ચંદુભાઈનો મોક્ષ થવા માંડ્યો.

૭૭૬૯ જગત આખું ભ્રાંતિવાળું છે, એટલે પોતે પોતાને જોઈ શકે નહીં. જ્ઞાનથી જ જોઈ શકે આ બધું, અને તેનું નામ જ સમ્યક્ ચારિત્ર.

૭૭૭૦ બે વસ્તુ રાખવી; કાં તો વર્તમાનમાં વર્તવું, કાં તો પોતાના પુદ્ગલને પોતે જોવું.

૭૭૭૧ એક પુદ્ગલને જોયા કરવું તો આત્મપુષ્ટિ થયા કરે.

૭૭૭૨ ભગવાન મહાવીર એક પુદ્ગલને જ જોયા કરતા'તા. દેહની ક્રિયાઓ, આંખની ક્રિયાઓ, કાનની ક્રિયાઓ, મનના ભાવો, બુદ્ધિના ભાવો, બીજું બધું મહીં શું થયા કરે છે, તે જોયા જ કરતા'તા.

૭૭૭૩ વર્તમાનમાં વર્તે એટલે બધું ઉપયોગમાં જ આવી જાય.

૭૭૭૪ નિશ્ચય કરીએ એ બહુ કામ કરે. 'થાય તો ઠીક છે, નહીં તો કંઈ નહીં', તો કામ થાય નહીં અને 'કરવું જ છે' એવું નક્કી થયું તો બાર આનીયે થશે.

૭૭૭૫ આપણે નક્કી કરીએ તો અઘરું બધું સહેલું થઈ જાય છે. આત્માની અનંત શક્તિ છે. નિશ્ચય કરીએ તો એનું તરત જ ફળ મળવા માંડે છે.

૭૭૭૬ મોટો અંતરાય હોય તે તો આપણને નિશ્ચય થવા ના દે. નિશ્ચય કરીએ તોય અનિશ્ચય થઈ જાય.

૭૭૭૭ અંતરાયકર્મ સાચો કયો ? નિશ્ચય કરતા જે બાકી રહે તે સાચો અંતરાય. બાકી આ અંતરાય તો ભાસિત અંતરાય છે.

૭૭૭૮ જ્ઞાની મળ્યા પછી બધા અંતરાય તૂટી ગયા જ્ઞાન સંબંધી.

૭૭૭૯ મેં તમને બધા અંતરાય તૂટવાનો રસ્તો કરી આપ્યો છે. આ પાંચ આજ્ઞા બધી આપી છે ને, તેનાથી બધા અંતરાય તૂટી જાય.

૭૭૮૦ આજ્ઞા પાળવી એ તો પ્રજ્ઞાશક્તિનો પુરુષાર્થ છે. એ ચારિત્રમોહમાં ના જાય. ચારિત્રમોહ તો મહીં પળાવા ના દે, એવું બને.

૭૭૮૧ જ્યાં સુધી અહીં સંસારના કર્મ છે, ત્યાં સુધી પ્રજ્ઞા છે. કર્મ પૂરા થઈ ગયા કે પ્રજ્ઞા બંધ થઈ ગઈ.

૭૭૮૨ પ્રજ્ઞા એ વિશેષ પરિણામ નથી, એ શુદ્ધાત્માનો, એની હાજરીથી પ્રત્યક્ષ ઊભો થતો પોતાનો ગુણ છે.

૭૭૮૩ અજ્ઞા એ વિશેષ પરિણામ છે અને પ્રજ્ઞા એ પોતાનું પરિણામ છે.

૭૭૮૪ જ્યાં સુધી પુદ્ગલની થોડીઘણી રમણતા છે, ત્યાં સુધી કેવળજ્ઞાન થયું નથી પણ કેવળદર્શન હોઈ શકે.

૭૭૮૫ કેવળજ્ઞાન તો કોઈ પણ જાતની પુદ્ગલ રમણતા નહીં. નિરંતર પોતાના સ્વભાવની રમણતા, આત્માની જ રમણતા.

૭૭૮૬ કેવળજ્ઞાન એટલે કેવળ આત્મા જ, બીજી કોઈ ચીજમાં હુંપણું નહીં. નિરંતર હુંપણું શામાં ? આત્મામાં જ. આત્મા એ જ્ઞાનસ્વરૂપ છે અને જ્ઞાનમાં જ હુંપણું.

૭૭૮૭ જે પોતાના ગુણધર્મ, પોતાનો સ્વભાવ છે, એનું અખંડ જ્ઞાન વર્ત્યા કરે, એ કેવળજ્ઞાન છે.

૭૭૮૮ કેવળજ્ઞાન થયા પછી એકલું કેવળ જાણે જ, વેદે નહીં અને કેવળજ્ઞાન ના થયું હોય પણ કેવળદર્શન થયું હોય તે મનથી વેદે નહીં, ઈન્દ્રિયોથી વેદે નહીં, પણ શરીરથી વેદના વેદે.

૭૭૮૯ ‘મને થયું’ કહે તો રિપેરિંગ કોણ કરે પછી ? અને ‘હું’ મુક્ત થાય ને આમાંથી, તો એની મેળે શરીર રિપેર થઈ જાય એવું જ છે. કુદરતનો નિયમ છે એવો.

૭૭૯૦ સાઈકૉલૉજિકલ ઈફેક્ટ એવી છે કે આત્મા જેવો કલ્પે એવો થઈ જાય. ‘મને દુખ્યું’ કહ્યું, કે દુખવા માંડે હડહડાટ ! તમે એટલું કહો કે ‘ચંદુભાઈને દુખે છે’, તો વાંધો ના રહે.

૭૭૯૧ આત્મા જેવો કલ્પે એવો થાય, એટલે કયો આત્મા કલ્પે ? ત્યારે કહે, જે વ્યવહાર આત્મા છે તે કલ્પે છે, નિશ્ચય આત્મા ના કલ્પે.

૭૭૯૨ વ્યવહાર આત્મા એટલે આ વ્યવહારમાં વૃત્તિઓ પરોવેલી એવો આત્મા.

૭૭૯૩ તમે માનો છો કે આ ખાય છે, પીએ છે, ઊંઘે છે, તે ‘હું છું’, પણ એ ‘વ્યવહાર આત્મા’ છે. ‘ખરો આત્મા’ આ સંસારની બાબતમાં પડતો જ નથી. ‘ખરો આત્મા’ આ બધું ‘જાણ્યા’ જ કરે છે.

૭૭૯૪ ભોગવનારને દુઃખ છે. જે ભોગવનારને જાણે છે,

એ જાણનારને દુઃખ નથી.

૭૭૯૫ બિમારીયે પુદ્‌ગલની છે. પુદ્‌ગલને જુઓ, પુદ્‌ગલમય ના થાવ.

૭૭૯૬ દર્દ 'આવવું' એ હકીકત છે. એને 'પકડી રાખવું' એ આપણી નબળાઈ ઉપર છે.

૭૭૯૭ શરીર છે ત્યાં સુધી લાચાર થયા વગર છૂટકો નથી, પણ 'પોતાને' લાચારી તો ન જ હોવી જોઈએ.

૭૭૯૮ કષ્ટને આપણે કંપાવવાના હોય. લોકોને કષ્ટ કંપાવે છે, આપણે તો કષ્ટને કંપાવવાના.

૭૭૯૯ શરીર માંદું થયું તો આપણે કંઈ આત્મા તરીકે માંદા થઈ જવું ? દેહ ભલે ને માંદો થાય, આત્મા તો તેવો ને તેવો જ રહે છે કાયમ.

૭૮૦૦ આ જગતમાં મૂળ તત્ત્વ અજર હોય અને અવસ્થાઓ જર હોય. મૂળ તત્ત્વ ઘૈડું ના થાય, એને જરા (ઘડપણ) ના લાગે.

૭૮૦૧ આખું જગતેય જે મુસાફરીનો થાક ભોગવી રહ્યું છે, તે તો 'હું જઉં છું' એનો જ.

૭૮૦૨ થાકીને લોથ થઈ જવું અગર ફ્રેશ રહેવું એ ચેતનનો ગુણ નથી, એ તો બીજી વસ્તુનો (પુદ્‌ગલનો) ગુણ છે.

૭૮૦૩ મૂળ તત્ત્વ સિવાય દરેક વસ્તુ વધઘટને પામે, ગુરુ-લઘુ હોય અને મૂળ તત્ત્વ અગુરુ-લઘુ હોય.

૭૮૦૪ તત્ત્વ કોનું નામ કહેવાય ? જે સત્ હોય. સત્ એટલે અવિનાશી હોય.

૭૮૦૫ 'સત્' હંમેશાં પૂરણ-ગલન ના હોય, અગુરુ-લઘુ હોય.

૭૮૦૬ પરમાણુ ને પુદ્‌ગલમાં બહુ ફેર. પુદ્‌ગલ તે ગુરુ-લઘુ છે, પરમાણુ અગુરુ-લઘુ છે.

૭૮૦૭ આ જગતમાં એક પરમાણુ વધઘટ થતું નથી. ગમે એટલા બાળે, નુકસાન કરે, ગમે તે કરે પણ એક પરમાણુ વધઘટ થતું નથી.

૭૮૦૮ જે મૂળ વસ્તુ છે ને, એનો વિનાશ ના હોય. ચેતનનો વિનાશ થાય નહીં, જડનો વિનાશ થાય નહીં. આ તો એની અવસ્થાઓનો વિનાશ થાય છે.

૭૮૦૯ અવસ્થાઓનું નામ પડે એટલે નામનો વિનાશ, પણ પોતાના સ્વરૂપનો વિનાશ નહીં.

૭૮૧૦ તત્ત્વો આ ઈન્દ્રિયોથી દેખાય નહીં. તો ઈન્દ્રિયોથી શું દેખાય ? ત્યારે કહે, અવસ્થાઓ.

૭૮૧૧ છ સનાતન તત્ત્વો નિરંતર પરિવર્તન થયા કરે છે, તેને લઈને આ અવસ્થાઓ ઊભી થાય છે. ફેઝિઝ ! અને ફેઝિઝથી આ જગત દેખાય છે. બીજું કશું છે જ નહીં આ જગતમાં !

૭૮૧૨ અવસ્થાઓ માત્ર વિનાશી છે. જગત આખું અવસ્થાઓના જ દર્શન કરે છે અને અવસ્થાઓને અવિનાશી કરવા ફરે છે.

૭૮૧૩ 'હું જ ચંદુલાલ છું' એમ માની લે છે, તે પોતે અવસ્થારૂપ થયો ને અવસ્થા થઈ એટલે વિનાશ થઈ જ જવાનો. 'હું શુદ્ધાત્મા છું' તો વિનાશ થતો નથી.

૭૮૧૪ મનમાં મૃત્યુનો વિચાર આવે ને, તોય આપણે જાણવાનો જ. અનુભવવાનો નહોય આ.

૭૮૧૫ જે આત્મા આપ્યો છે 'શુદ્ધાત્મા', તે ઈફેક્ટનો જ્ઞાતા-દ્રષ્ટા છે, ઈફેક્ટનો અનુભવનાર નથી.

૭૮૧૬ આ જ્ઞાન આપ્યા પછી કૉઝ બધા જ બળીને સાફસૂફ થઈ જાય છે. ફક્ત આ બે જ ક્લિયર રહે છે; ઈફેક્ટ ક્લિયર રહે છે ને ઈફેક્ટનો જોનારો ક્લિયર રહે છે.

૭૮૧૭ વસ્તુ એ સ્થિર છે, અવસ્થા એ પરિવર્તનવાળી છે. તું અવસ્થા જોઉં તો ભડકું અને વસ્તુ જોઉં તો સ્થિરતા ઉત્પન્ન થાય.

૭૮૧૮ અસર થાય છે મડદાને (મિકેનિકલ ચેતનને) અને 'પોતે' સ્વીકારી લે એટલે પછી અવળું જ થઈ જાય ને, મહીં ! જ્ઞાન-દર્શન ઉપર આવરણ ફરી વળે.

૭૮૧૯ તપ ના હોય તો તો જ્ઞાન-દર્શન ચોખ્ખું જ ના થાય.

૭૮૨૦ ઠેઠ સુધી તપ્યા જ કરવાનું, સોનું સંપૂર્ણ શુદ્ધ ન થાય ત્યાં સુધી. એ તપ છે. અને તપને જ તમે ઉખાડી મેલો તો શું થાય ? એ તો છાશિયું રહેશે.

૭૮૨૧ જ્ઞાન-દર્શન-ચારિત્ર ને તપ, ચારની સમતુલા સિવાય કોઈ મોક્ષે ગયેલો નહીં.

૭૮૨૨ દર્શન તો કમ્પ્લીટ થયું છે, જ્ઞાનમાં જરાક ડિફરન્સ છે અને આ તપમાં ડિફરન્સ છે. આ જ્ઞાન અને તપનો ડિફરન્સ પૂરો થાય, પછી ચારિત્ર ઉત્પન્ન થાય.

૭૮૨૩ તપ ક્યાં સુધી રહે ? જ્યાં સુધી ચારિત્ર સંપૂર્ણ દશાએ આવ્યું નથી, ત્યાં સુધી તપ રહે.

૭૮૨૪ ચારિત્ર અસ્થિર થઈ ગયું તે ઘડીએ સ્થિર રાખવા માટે તપ કરવું પડે, એને તપ કર્યું કહેવાય.

૭૮૨૫ ચારિત્ર એટલે જ્ઞાયક સ્વભાવ. ચારિત્ર એ શું, જ્ઞાતા-દ્રષ્ટા બે જ હોય.

૭૮૨૬ નિરંતર ચારિત્ર એનું નામ કેવળજ્ઞાન.

૭૮૨૭ કેવળજ્ઞાન એટલે શું ? કશું જ વિચારવાનું નહીં, કશું ચિંતવવાનુંય નહીં. પોતાના સ્વરૂપમાં જ મગ્ન અને તે યથાર્થ ચારિત્ર.

૭૮૨૮ આ આંખથી દેખાય એ તો ઈન્દ્રિય જ્ઞાન કહેવાય. આત્માનું જ્ઞાતા-દ્રષ્ટાપણું એટલે તો અતીન્દ્રિય જ્ઞાન કહેવાય.

૭૮૨૯ આંખમાંથી જે જુએ છે, એ આત્મા જોતો નથી. એ શેના જેવું છે ? ફિલમ પાડતી વખતે, કૉઝિઝ વખતે આત્મા હતો, તે ફિલમ ચાલતી વખતે, ઈફેક્ટ વખતે તે ના હોય. એટલે આ આંખ-કાન બધું સાધન જેવું જ છે.

૭૮૩૦ આ બધુંય ઈન્દ્રિય જ્ઞાન આ 'પટેલ' જાણે, પણ પટેલને 'હું' જાણું છું.

૭૮૩૧ એટૅચમેન્ટ વગરનું હોય તો એ જ્ઞાતા-દ્રષ્ટા કહેવાય અને એટૅચમેન્ટ સહિત હોય તો ઈન્દ્રિયજ્ઞાન કહેવાય.

૭૮૩૨ હોમ ડિપાર્ટમેન્ટનો જ ઈન્ટરેસ્ટ રાખવાનો અને ફૉરેનનો બધો નિકાલ કરવાનો.

૭૮૩૩ સકામ નિર્જરા એટલે પોતે કર્તા થયા વગર નિર્જરા. મોક્ષને માટે જે નિર્જરા થાય છે, એ સકામ નિર્જરા.

૭૮૩૪ ફૉરેન ડિપાર્ટમેન્ટમાં નિર્જરા થયા કરે અને હોમ ડિપાર્ટમેન્ટ છે તે પોતાના સ્વરૂપમાં રહે. એવી બે ધારા છે.

૭૮૩૫ સ્વપુરુષાર્થ ઉત્પન્ન થાય એટલે પછી જે જે ક્રિયા

કરે, એ ક્રિયાથી મુક્તિ થાય છે. એ જ્ઞાન-દર્શન ક્રિયા, આ દેખીતી ક્રિયા નહીં.

૭૮૩૬ ક્રિયાનો કરનાર જો અજ્ઞાની, તો બધી અજ્ઞાનક્રિયા અને ક્રિયાનો કરનાર જો જ્ઞાની, તો બધી જ્ઞાનક્રિયા.

૭૮૩૭ કર્તા-ભોક્તા પોતાના સ્વરૂપનો થયો, પરરૂપનો નહીં. આ પરરૂપનો હતો ત્યાં સુધી ભ્રાંતિ હતી અને સ્વરૂપનો કર્તા એટલે જ્ઞાનક્રિયા ને દર્શનક્રિયા.

૭૮૩૮ જ્ઞાનક્રિયા એટલે જાણવા-જોવાનું એટલું જ નહીં, જ્ઞાનીની આજ્ઞામાં રહેવું તેય જ્ઞાનક્રિયા કહેવાય.

૭૮૩૯ વસ્તુસ્થિતિમાં પરક્ષેત્રને પોતાનું ક્ષેત્ર માનવામાં આવ્યું અને પરક્રિયાને, પરસત્તાને પોતાની સત્તા માનવામાં આવી, એનું નામ સંસાર.

૭૮૪૦ દરેકને પોતાના કર્મફળ આપવા માટે તૈયાર થયેલી જે સત્તા, તે પરસત્તા કહેવામાં આવે છે.

૭૮૪૧ અનંતી શક્તિ વ્યક્ત કરી શકો એવી શક્તિ છે પોતાની સ્વસત્તામાં. આ પરસત્તામાં ક્યાં હાથ ઘાલ્યો ?

૭૮૪૨ તમારા હાથમાં તમારી સ્વસત્તા, જ્ઞાતા-દ્રષ્ટા રહેવું તે.

૭૮૪૩ આપણે આપણી બાઉન્ડ્રીમાં, તો પુદ્ગલની સત્તા બહાર ગઈ. આપણી બાઉન્ડ્રીની બહાર નીકળીએ ફૉરેનમાં, એ બધી પુદ્ગલની સત્તા. ત્યાં પકડે એ, 'કેમ અમારી હદમાં આવ્યા ?'

૭૮૪૪ ફૉરેનમાં છે સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ, હોમમાં નથી કશું. હોમ તો જાયજેન્ટિક છે.

૭૮૪૫ સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ શેને લાગુ થાય ? અવસ્થાને, તત્ત્વને લાગુ થતું નથી.

૭૮૪૬ શુદ્ધાત્મા તમારું સ્વરૂપ છે. એ વ્યવસ્થિતના હાથમાં નથી.

૭૮૪૭ ભમરડો ભમરડાના રાહમાં છે, આપણે આપણા રાહમાં છીએ. ભમરડો ફર્યા કરે છે ને જાણનાર જાણ્યા કરે છે !

૭૮૪૮ પોતાની શક્તિથી ચાલે એ પુરુષ અને જે પારકી

શક્તિથી ચાલે એ બધા ભમરડા.

૭૮૪૯ જેના તરફ પુરુષાર્થ મંડાયો ને, એ એક-બે અવતારમાં પૂરું કર્યા વગર રહે જ નહીં ને ! એ પુરુષાર્થ પૂર્ણતાએ લઈ જાય. એનું નામ પુરુષ કહેવાય !

૭૮૫૦ પુરુષ થયો એટલે પુરુષાર્થ ધર્મ હોવો જ જોઈએ. જ્ઞાતા-દ્રષ્ટા રહેવું એનું નામ પુરુષાર્થ ધર્મ.

૭૮૫૧ પોતે પુરુષ થયા પછી પ્રકૃતિને નિહાળે અને જગતને નિહાળે, જગતની પ્રકૃતિને નિહાળે, એ ખરો પુરુષાર્થ. એક અવતારમાં મોક્ષે જાય, જો આવું નિહાળવાનું આવડી ગયું તો !

૭૮૫૨ પોતાની પ્રકૃતિ જુએ એ છેલ્લામાં છેલ્લી સ્ટેજ, અને એથી આગળ થોડુંક બાકી રહે છે.

૭૮૫૩ આ જગતમાં કોઈ ચીજમાં તમને બંધન નથી, કોઈ ક્રિયામાંય બંધન નથી, જુઓ-જાણો તો.

૭૮૫૪ ખોટ ના ખાવી એ પુરુષાર્થ ને નફો કમાવો એ પરાક્રમ.

૭૮૫૫ જ્ઞાન મળ્યા પછી ચાર-પાંચ વરસો પુરુષાર્થ કરવાના, હવે પરાક્રમ કરવાનું. મહાપરાણે જ્ઞાન સાચવેલું, શુદ્ધ કરેલું, તેને પાછું બગાડે નહીં, એટલા માટે પરાક્રમ કરવાનું.

૭૮૫૬ હલકા પ્રકારની અટકણ હોય તો પુરુષાર્થથી ઊડી જાય અને બહુ ભારે અટકણ હોય ને, તે અટકણમય થઈ જાય પાછો, પણ એ પરાક્રમ થાય તો તૂટે.

૭૮૫૭ પાંચ આજ્ઞામાં રહેવું એ તો પુરુષાર્થ કહેવાય. પરાક્રમ એટલે બધું સેફસાઈડ કરી નાખવું. આજ્ઞા તો અમુક જ હદ સુધી કામ કરે છે, બીજું પરાક્રમ કામ કરે છે.

૭૮૫૮ આ પાંચ આજ્ઞા પાળતો હોય, એ જરાક કાચું પડે, એનું નામ પુરુષાર્થ કહેવાય અને આજ્ઞા બહુ સુંદર રીતે સંપૂર્ણ પાળે એનું નામ પરાક્રમ કહેવાય.

૭૮૫૯ આ પાંચ આજ્ઞા પૂરેપૂરી પાળે ને, એટલે એનો પ્રતાપ પડે. એ પરાક્રમનું ફળ આવ્યું.

૭૮૬૦ પુરુષાર્થ સંપૂર્ણ થાય એટલે પરાક્રમ ઊભું થાય. એ સંપૂર્ણ ના થયું હોય, તોય પરાક્રમી પુરુષ તો અડધા

પુરુષાર્થેય પરાક્રમ કરી નાખે.

૭૮૬૧ પુરુષાર્થ કરે, પણ મહીં મનમાં ને બધે અસર થયા કરે. મન તપ્યા કરે, હાર્ટ તપ્યા કરે, બીજું બધું તપ્યા કરે. હવે એની અસર ના થાય એ પરાક્રમ કહેવાય. બહુ ઊંચી સ્ટેજ થાય ત્યારે પરાક્રમ ઉત્પન્ન થાય.

૭૮૬૨ આ પુરુષાર્થવાળો તો તપ જુએ ખરું, પણ તપ ગમે નહીં પછી. અને પેલું તો એની પાર ગયેલા હોય, એ પરાક્રમ ! તપેય ગમે.

૭૮૬૩ પરાક્રમ એટલે અસર જ ના થાય કોઈ જાતની. એક બાજુ આ થયા કરે ને એક બાજુ એને જોયા કરે, જાણે પારકે ઘેર થતું હોય ને !

૭૮૬૪ જાણકાર જાણે એનું નામ પરાક્રમ અને પ્રતિક્રમણ કરે એનું નામ પુરુષાર્થ.

૭૮૬૫ આક્રમણની સામે પ્રતિક્રમણ એ પુરુષાર્થ છે. પરાક્રમ તો ક્રમ-અક્રમ બન્નેથી પર.

૭૮૬૬ પરાક્રમ તો આત્મવીર્ય છે અને આ પુરુષાર્થ એ છે તે જ્ઞાનથી છે.

૭૮૬૭ હું ઈચ્છા કરું છું પણ ધારેલું થતું નથી તે શાથી, કે વીર્યાંતરાય છે.

૭૮૬૮ એ તો મહાન જબરજસ્ત આવ્યો હોય હિસાબ અને તે વખતે આપણને એકદમ મુક્ત રાખે ત્યારે જાણવું કે પરાક્રમ થઈ ગયું આપણું. આપણે પરાક્રમની ઉતાવળ ના કરવી.

૭૮૬૯ છેલ્લા થોડાંઘણાં મહીં ડિસ્ચાર્જ બાકી હોય ત્યારે પરાક્રમ થાય.

૭૮૭૦ પરાક્રમ તો બહુ છેટે, એ તો બહુ ઊંચું પદ કહેવાય ! એ તો ભગવાન પદ જ કહેવાય !

૭૮૭૧ કાયમ પરાક્રમ તો તીર્થંકર ભગવાન એકલાને જ હોય ! અને તેય થોડો કાળ જ રહે. વધતું વધતું વધતું સદંતર ખલાસ થઈ જાય.

૭૮૭૨ જ્ઞાન પુદ્ગલનું (વ્યવહાર આત્માનું) છે. મૂળ આત્મા જ્ઞાની જ છે ને ! જેટલું પુદ્ગલનું આવરણ ખસે છે એટલું જ્ઞાન પ્રગટ થાય છે, બસ !

૭૮૭૩ આત્માનું જ્ઞાન તો કામ લાગે જ નહીં ને પુદ્ગલમાં. કારણ કે પુદ્ગલમાં તો બધા ગૂંચાળા કાઢવાના

હોય. તે પુદ્ગલના જ્ઞાનથી જ જાય.

૭૮૭૪ આત્મામાં પઝલ હોય નહીં, પઝલ પુદ્ગલમાં, વ્યવહાર આત્માને હોય. તે પઝલ છે તો જ્ઞાનથી સૉલ્યુશન થાય.

૭૮૭૫ આત્માનું તો છે જ પૂર્ણ જ્ઞાન, પણ છેવટે પુદ્ગલનું જ્ઞાન પૂર્ણ થશે ત્યારે પોતે મોક્ષે જશે. કારણ કે એને સરખેસરખું કરી નાખવાનું. ભાવના કરી કરીને તે રૂપ જ કરવાનું. જ્યારે 'એના' જેવો 'પોતે' થઈ જશે, એટલે છૂટું થઈ ગયું. પછી પૂર્ણાહુતિ થઈ.

૭૮૭૬ આ પુદ્ગલને ભગવાન બનાવવાનું છે. જ્ઞાની થયા એટલે હજુ તો થોડુંક બાકી રહ્યું, કાચું રહ્યું. જ્ઞાની એ આત્મા ના કહેવાય, પુદ્ગલ કહેવાય.

૭૮૭૭ કેવળજ્ઞાન થયા પછી પુદ્ગલ ભગવાન સ્વરૂપ થાય.

૭૮૭૮ કેવળ, ઍબ્સોલ્યૂટ જ્ઞાન એ જ આત્મા.

૭૮૭૯ કેવળજ્ઞાન એટલે પ્રકાશ જ છે ખાલી અને જગત અંધારું છે. તે આ પ્રકાશથી જગતમાં અંધારાનો પ્રકાશ થાય છે.

૭૮૮૦ સમજવાનું સંપૂર્ણ સમજી લીધું એનું નામ કેવળદર્શન અને સંપૂર્ણ જાણી લીધું એનું નામ કેવળજ્ઞાન.

૭૮૮૧ 'હું કરતો નથી' એ નિરંતર ખ્યાલ રહે એ કેવળદર્શન અને થોડી વખત રહે ને થોડી વખત ના રહે, તો એ કેવળદર્શનના અંશ.

૭૮૮૨ કેવળજ્ઞાન એટલે સંપૂર્ણ જાગૃતિ, કોઈ ખૂણાની અજાગૃતિ નહીં.

૭૮૮૩ સંપૂર્ણ જાગૃતિ એ જ નિરાલંબ કહેવાય.

૭૮૮૪ આખા જગતમાં કોઈ ચીજ એવી નથી કે નિરાલંબને સ્પર્શ કરી શકે. ચોગરદમ ઍટમ બૉમ્બ સળગતા હોય એની વચ્ચે એ હોય પણ સ્પર્શ ના કરી શકે નિરાલંબને.

૭૮૮૫ આ માર્ગ જ ક્રિયાનો નથી, આ સમજનો માર્ગ છે. સમજવાનું જ છે, કેવળજ્ઞાન સમજી લેવાનું છે. એમાંથી પરિણામ પામે કેટલું ? ક્ષાયક સમકિત સુધી.

- જય સચ્ચિદાનંદ

# દાદા ભગવાન પ્રરુપિત આધ્યાત્મિક પ્રકાશનો


૧. આત્મસાક્ષાત્કાર (પરિચય પુસ્તિકા)
૨. ભોગવે તેની ભૂલ
૩. બન્યું તે જ ન્યાય
૪. એડજસ્ટ એવરીવ્હેર
૫. અથડામણ ટાળો
૬. ચિંતા
૭. ક્રોધ
૮. માનવધર્મ
૯. સેવા-પરોપકાર
૧૦. હું કોણ છું ?
૧૧. દાદા ભગવાન ?
૧૨. ત્રિમંત્ર
૧૩. દાન
૧૪. મૃત્યુ સમયે, પહેલાં અને પછી
૧૫. ભાવના સુધારે ભવોભવ
૧૬. વર્તમાન તીર્થંકર શ્રી સીમંધર...
૧૭. કર્મનું વિજ્ઞાન
૧૮. પાપ-પુણ્ય
૧૯. સત્ય-અસત્યના રહસ્યો
૨૦. અહિંસા
૨૧. પ્રેમ
૨૨. ચમત્કાર
૨૩. વાણી, વ્યવહારમાં...
૨૪. નિજદોષ દર્શનથી, નિર્દોષ
૨૫. ગુરુ-શિષ્ય
૨૬. ક્લેશ વિનાનું જીવન
૨૭. સહજતા
૨૮-૨૯. પ્રતિક્રમણ (સં., ગ્રં.)
૩૦-૩૧. પતિ-પત્નીનો દિવ્ય વ્યવહાર (સં., ગ્રં.)
૩૨-૩૩. મા-બાપ છોકરાંનો વ્યવહાર (સં., ગ્રં.)
૩૪-૩૫. પૈસાનો વ્યવહાર (સં., ગ્રં.)
૩૬-૩૮. સમજથી પ્રાપ્ત બ્રહ્મચર્ય (સં., ગ્રં.-પૂ.,ઉ.)
૩૯. વાણીનો સિદ્ધાંત
૪૦. આપ્તસૂત્ર (ભાગ ૧ થી ૧૦)
૪૧. આપ્તવાણી-૧
૪૨. આપ્તવાણી-૨
૪૩. આપ્તવાણી-૩
૪૪. આપ્તવાણી-૪
૪૫. આપ્તવાણી-૫-૬
૪૬. આપ્તવાણી-૭
૪૭. આપ્તવાણી-૮
૪૮. આપ્તવાણી-૯
૪૯-૫૦. આપ્તવાણી-૧૦ (પૂ., ઉ.)
૫૧-૫૨. આપ્તવાણી-૧૧ (પૂ., ઉ.)
૫૩-૫૪. આપ્તવાણી-૧૨ (પૂ., ઉ.)
૫૫-૫૬. આપ્તવાણી-૧૩ (પૂ., ઉ.)
૫૭-૬૧. આપ્તવાણી-૧૪ (ભાગ ૧ થી ૫)
૬૨-૬૭. જ્ઞાની પુરુષ (ભાગ ૧ થી ૬)
૬૮-૬૯. વ્યસન મુક્તિ... (સં., ગ્રં.)
૭૦. ઓળખીએ અંતઃકરણને

## સંપર્ક સૂત્ર - દાદા ભગવાન ફાઉન્ડેશન


| | | |
|---|---|---|
| **અડાલજ** (મુખ્ય કેન્દ્ર) | : | **ત્રિમંદિર,** સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઈવે, અડાલજ-૩૮૨૪૨૧, જિ. ગાંધીનગર. **ફોન :** ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭ |
| **અમદાવાદ** | : | **દાદા દર્શન,** ઉસ્માનપુરા, અમદાવાદ-૧૪. **ફોન :** ૯૫૭૪૦૦૧૪૪૫ |
| **વડોદરા** | : | (૧) **ત્રિમંદિર,** વડોદરા-સુરત હાઈવે, વડોદરા. **ફોન :** ૯૫૭૪૦૦૧૫૫૭ |
| | | (૨) **દાદામંદિર,** મામાની પોળ, વડોદરા. **ફોન :** ૯૯૨૪૩૪૩૩૩૫ |
| **ભાદરણ** | : | **ત્રિમંદિર,** સ્ટેશન રોડ. **ફોન :** ૯૯૨૪૩૪૩૭૨૯ |
| **રાજકોટ** | : | **ત્રિમંદિર,** તરઘડીયા ચોકડી પાસે, રાજકોટ. **ફોન :** ૯૯૨૪૩૪૩૪૭૮ |
| **સુરત** | : | **દાદા દર્શન,** મમતાપાર્ક સોસાયટી, સુરત. **ફોન :** ૯૫૭૪૦૦૮૦૦૭ |
| **ગોધરા** | : | **ત્રિમંદિર,** ભામૈયા ગામ, ગોધરા. **ફોન :** ૯૭૨૩૭૦૭૭૩૮ |
| **સુરેન્દ્રનગર** | : | **ત્રિમંદિર,** સુરેન્દ્રનગર. **ફોન :** ૯૭૩૭૦૪૮૩૨૨ |
| **મોરબી** | : | **ત્રિમંદિર,** પો. જેપુર, નવલખી રોડ, જિ. મોરબી. **ફોન :** ૯૯૨૪૩૪૧૧૮૮ |
| **ભુજ** | : | **ત્રિમંદિર,** હિલ ગાર્ડનની પાછળ, ભુજ (કચ્છ). **ફોન :** ૯૯૨૪૩૪૫૫૮૮ |
| **અંજાર** | : | **ત્રિમંદિર,** અંજાર-મુન્દ્રા રોડ, સીનોગ્રા ગામ. **ફોન :** ૯૯૨૪૩૪૬૬૨૨ |
| **જામનગર** | : | **ત્રિમંદિર,** જામનગર. **ફોન :** ૯૯૨૪૩૪૩૬૮૭ |
| **અમરેલી** | : | **ત્રિમંદિર,** લીલીયા રોડ બાયપાસ ચોકડી, ખારાવાડી. **ફોન :** ૯૯૨૪૩૪૪૪૬૦ |
| **મુંબઈ** | : | **ત્રિમંદિર,** બોરીવલી (ઈસ્ટ), મુંબઈ. **ફોન :** ૯૩૨૩૫૨૮૯૦૧ |
| **જૂનાગઢ** | : | **ત્રિમંદિર,** ખામધ્રોલ ચોકડી, જૂનાગઢ બાયપાસ રોડ. **ફોન :** ૯૯૨૪૩૪૪૪૮૯ |
| **ધ્રાંગધ્રા** | : | **ત્રિમંદિર,** હળવદ રોડ, ધ્રાંગધ્રા. **ફોન :** ૯૪૨૭૬૬૪૮૫૪ |
| **ભાવનગર** | : | **ત્રિમંદિર,** ભાવનગર-રાજકોટ હાઈવે, વરતેજ. **ફોન :** ૯૩૭૪૪૧૪૪૩૨ |
| **પુણે** | : | **ત્રિમંદિર,** પુણે-બેંગ્લોર હાઈવે, વરવે બીકે, પુણે. **ફોન :** ૯૩૨૫૪૧૨૧૦૭ |

| | | | |
|---|---|---|---|
| **દિલ્હી** | : ૯૮૧૦૦ ૯૮૫૬૪ | **બેંગ્લોર** | : ૯૫૯૦૯ ૭૯૦૯૯ |
| **ચેન્નઈ** | : ૭૨૦૦૭ ૪૦૦૦૦ | **કોલકતા** | : ૯૮૩૦૦ ૯૩૨૩૦ |

| | | | |
|---|---|---|---|
| **U.S.A.** | : +1 877-505-DADA (3232) | **Singapore** | : +65 91457800 |
| **U.K.** | : +44 330-111-DADA (3232) | **Australia** | : +61 402179706 |
| **Kenya** | : +254 795-92-DADA (3232) | **New Zealand** | : +64 21 0376434 |
| **UAE** | : +971 557316937 | | |

**વેબસાઈટ : www.dadabhagwan.org**

હું બુદ્ધિથી સમજાવતો નથી, રિયલ પ્રકાશથી સમજ આપું છું. જે પ્રકાશ દુનિયાએ કોઈ દહાડો જોયો નથી, એ પ્રકાશ આપી રહ્યો છું. ગમે તે જગ્યાએ, ગમે તે ટાઈમે સમાધાન આપે જ એવો પ્રકાશ આપીએ છીએ. એ પ્રકાશ બુદ્ધિનો નથી, એ જ્ઞાનનો પ્રકાશ છે.

- દાદાશ્રી